ઉત્પાદક સેવાઓ કે જે બીજી વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં મદદ કરે છે. તે વપરાશ કરનારની માંગ પર આધારિત છે. બીજા શબ્દોમાં ઉત્પાદક સેવા અને માનવ જરૂરિયાતોને આડકતરી રીતે સંતોષે છે. દા.ત. દરજી કોઈ રેડીમેઈડ વસ્ત્રોની દુકાન માટે શર્ટ બનાવે, કોઈ ઈલેકટ્રીશયન પોતાના યુનિટ માટે ખરાબી શોધી તેને રીપેર કરે આ ઉપરાંત ટૂકં માં કાચામાલની ફેકટરી સુધીની આવન — જાવન વગેરે.

5. એક જ વપરાશની વસ્તુઓ અને ટકાઉ વસ્તુઓ :

બધા જ પ્રકારની ઉપભોક્તા વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુ ઓના વગીર્કરણ ને વધારે સમજવા માટે તેને એકજ વપરાશની વસ્તુઓ અને ટકાઉ વસ્તુમાં વહેંચશું. એક જ વપરાશની વસ્તુઓનો ઉપયોગ માત્ર એકજ વખત કરવામાં આવે છે. દા.ત. બ્રેડ,બટર,ઈંડા,દૂધ વગેરે આ એક જ વપરાશની વસ્તુઓનો વપરાશ જલદી કરવો પડે છે.તેવી જ રીતે ઉત્પાદનમાં પણ એક જ વખત ઉપયોગ માં લેવાથી વસ્તુઓ જેવી કે કોલસો, કાચોમાલ ,બિયારણ,ખાતર વગેરે આ બાબતને વધારે સમજવા માટે આપણે શેરડીનું ઉદાહરણ લઈએ. અહીયા શેરડીનો કાચોમાલ માત્ર એકજ વખતે ઉપયોગમાં લઈ શકાય છે.

ટકાઉ વસ્તુઓ એવી વસ્તુઓ છે કે જેનો વારંવાર અને લાંબો વખત ઉપયોગ કરી શકાય છે. તે ઉપભોક્તા અને ઉત્પાદક બન્ને માટે ટકાઉ છે. ટકાઉ વસ્તુઓ કપડાં, ફર્નિચર, ટીવી, સ્કુટર વગેરે કે જેનો ઉપયોગ વપરાશ કરનાર વારંવાર કરે છે. ટકાઉ વસ્તુઓનો ઉત્પાદક પણ

વારંવાર ઉપયોગ કરે છે. દા.ત મશીન, ટુલ્સ, ટ્રેક્ટર અને સાધનો વગેરે આનો અથ એવો નથી કે તેનો ઉપયોગ ક્યા જ કરીએ. વાસ્તવમાં તેના સતત ઉપયોગથી તે વસ્તુ ઓની કિંમત ઘટે છે.

6. ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ

વસ્તુઓનું વગીર્કરણ માલિકી હકકના પાયા પર કરી શકાય છે. બધી જ વસ્તુઓ ખાનગી રીતે રાખી શકાય અને અલગ રીતે વ્યકિતગત માણી શકાય છે. તેને ખાનગી વસ્તુઓ કહેવામાં આવે છે. દા.ત માલિકીહકકની બધીજ વસ્તુઓ તમારી ખાનગી વસ્તુઓ છે. તેમાં તમારી ઘડીયાળ, પેન, સ્કુટર, ચોપડીઓ, ટેબલ, ખુરશી, પલંગ, કપડાં વગેરે. ધારોકે તમારી ફેકટરી છે તેમાં તેનું બિલ્ડીગ, મશીનરી, ટુલ્સ વગેરે તમારી ખાનગી વસ્તુઓ છે.

સાવર્જનિક વસ્તુ, એવી વસ્તુ છે કે જેની માલિકી પૂરા સમાજની છે સમાજ તેને વાપરી શકે છે. દા.ત પુલ, રસ્તાઓ, બગીચા, ટાઉન હોલ વગેરે. બધા તેનો સમૂહ માં ઉપયોગ કરી શકે છે. તે સમાજના દરેક સભ્ય ને મળી શકે છે કોઈ પણ જાતના નિયંત્રણો વગેર, સાવર્જનિક વસ્તુના વપરાશ માં કોઈની પણ રોક–ટોક નથી. સરકાર અને ખાનગી સાહસિકો બન્ને સાવર્જનિક વસ્તુનું ઉત્પાદન કરે છે.

## પ્રશ્નોત્તરી ૩.૨

નીચેના માંથી કયું સાચું છે ?

૧. આથિર્ક વસ્તુઓ
   (a) એ કે જેની અછત છે
   (b) એ કે જેની કિંમત છે.
   (c) એ કે જેની અછત છે અને કિંમત પણ છે

૨. ઉપભોક્તા વસ્તુ તે વસ્તુ છે કે :
   (a) કે જેની મદદથી વધુ ઉત્પાદન કરી શકાય.
   (b) કે જે માનવ જરૂરિયાતોને સીધી જ સંતોષે છે
   (c) એક પણ નહીં

૩. ઉત્પાદક વસ્તુના ઉદાહરણ
   (a) મશીનરી
   (b) ટ્રેક્ટર
   (c) બ્રેડ
   (d) કાચોમાલ



નોંધ

૪. નીચેના માંથી કયું વિધાન સાચું છે ?

(a) મુક્ત વસ્તુ એવી વસ્તુ છે કે જેનો પુરવઠો તેના માંગ કરતા વધુ છે

(b) એક જ વપરાશની વસ્તુ એવી વસ્તુ છે કે જેનો એકજ વખત ઉપયોગ થાય છે.

(c) ટકાઉ વસ્તુના ઉપયોગ વારંવાર કરી શકાય છે

(d) સાવર્જનિક વસ્તુ એવી વસ્તુ છે કે જેનો સમૂહ માં ઉપયોગ થાય છે.

## (૩.૪) વસ્તુઓ અને સેવાઓનું અથર્તંત્ર માં કાય ર્અને મહત્વ :

અથર્તંત્ર વસ્તુઓ અને સેવાઓનો ત્યાગ ઘણોજ બહુપરિમાણ વિસ્તાર ધરાવે છે. તેનો ભાગ શેનાથી સંબધિત છે.

**૧. માનવ જરૂરિયાતો :**

તમે શીખી ગયા કે માનવ જરૂરિયાતો અમયાર્દિત છે અને તેમાં વધારો થતો રહે છે. તેનો મતલબ એ છે કે વસ્તુઓ અને સેવાઓ જેવી કે કપડાં, જૂતાં, ફનિર્ચર, વાસણો, ટી.વી, સ્કુટર, ફળો, શાકભાજી, અનાજ અને સેવાઓમાં ડોકટરની સેવા, પ્લમ્બર, ઈલેક્ટ્રીશ્યન વગેરે માં વધારો થયો છે. તે માનવજરૂરિયાત જે વધારે સંતોષે છે.

**૨. ઉત્પાદન :**

આપણી જરૂરિયાતો ઉપભોક્તા વસ્તુઓ અને સેવાઓથી સંતોષવાનો છે. પરંતુ ઉપભોક્તા વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદક વસ્તુ પર આધારિત છે. આપણે વધારે ઉત્પાદન કરી શકીએ જો આપણે પાસે વધુ અને સારા પ્રમાણમાં મશીનરી, કાચોમાલ,ટ્રેકટર,બિયારણ,ખાતર વગેરે હોય તો. તેવી જ રીતે આપણે ટ્રાન્સપોટેર્શનની સેવાઓ બેકિંગ અને વીમાની સેવાની જરૂર પડશે. તેથી જ ઉત્પાદક વસ્તુની ગુણવતા અને જથ્થો તે વપરાશી વસ્તુ અને સેવાઓની બજાર માં પ્રાપ્યતા પર પરીક્ષણ કરે છે.

**3. રોકાણ :**

વસ્તુ અને સેવા ઓના ઉત્પાદન માં વધારો તે રોકાણ પર આધાર રાખે છે. વસ્તુ અને સેવાનો જથ્થો આપવામાં આવે છે, તેમાંથી વપરાશ થાય છે. તે માંથી માનવ જરૂરીયાતો સંપોષાય છે. જો વધારે ઉત્પાદનનો વપરાશ થતો ના હોય તો તેના પરિણામે અથર્તંત્ર માં મૂડી પર અસર થાય છે. જો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માં વધારો થાય , તેથી વપરાશ વધે છે અને મૂડીરોકાણ માં પણ વધારો થાય છે. વધારે પ્રમાણમાં વધારો થાય છે આ વધારો તે અથર્તંત્ર ની ઉત્પાદન ક્ષમતા છે.

## પ્રશ્નોતરી 3.3

નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે દશાવી

1. વસ્તુઓ અને સેવાના વપરાશથી માનવજરૂરિયાત સંતોષાય છે.
2. વસ્તુ ઓ અને સેવાઓની પ્રાપ્યતા તે ઉત્પાદક વસ્તુની પ્રાપ્યતા પર આધાર રાખે છે.
3. વધારે ઉત્પાદનના પરિણામે વધારે વપરાશ અને વધારે મૂડીરોકાણ થાય છે.

## તમે શું શીખ્યા :

- માનવ જરૂરિયાતો અમયાર્દિત છે. વસ્તુઓ અને સેવા ઓ તેને સંતોષી શકાય છે.
- મુકત વસ્તુઓ એવી વસ્તુ છે કે જે અમયાર્દિત જથ્થામાં મળી શકે છે તેનો બજારભાવ પયાર્પ્ત નથી
- આથિર્ક વસ્તુઓ એવી વસ્તુ છે કે જે માંગ અને પુરવઠા સાથે સંબંધિત છે. તેનો બજારભાવ થી પ્રભાવ છે.
- મુકત સેવાઓ પ્રેમ અને લાગણી વગેરેથી પ્રાપ્ત થાય છે. તેને બજારમાંથી ખરીદી શકાતી નથી.
- આથિર્ક સેવા એવી સેવાઓ છે કે બજાર માંથી ખરીદી શકાય છે.
- ઉપભોકતા વસ્તુ એવી વસ્તુ છે કે જે વપરાશ કરનાર જરૂરિયાતને સીધી જ સંતોષે છે.
- વપરાશી વસ્તુ અને ઉત્પાદક વસ્તુના વધારે અભ્યાસ માટે તેનું વગીર્કરણ એક જ વપરાશી વસ્તુ અને ટકાઉ વપરાશી વસ્તુનો ઉપયોગ કેટલી વખત થાય છે તેના પર આધાર રાખે છે. જો વસ્તુ નો ઉપયોગ એકજ વખત થાય તો તે એકજ વપરાશી વસ્તુ અને ઉપયોગ વારંવાર થાય તો તે ટકાઉ વપરાશી વસ્તુ.
- ઉપભોકતા (વપરાશી) સેવા સીધી જ વાપરનાર જે સંતોષ આપે છે.જયારે ઉત્પાદક સેવા વસ્તુ અને સેવાના ઉત્પાદન માં મદદ કરે છે.
- વસ્તુઓ અને સેવાઓનો જથ્થો ઉત્પાદન, મૂડી રોકાણ, વપરાશ અને માનવજરૂરિયાતના સંતોષ પર નિધારીત છે.

## સત્રાંત કસોટી :–

1. વસ્તુ ઓ અને સેવાઓ વચ્ચે નો તફાવત.
2. આથિર્ક વસ્તુઓ અને મુકત વસ્તુઓ વચ્ચે નો તફાવત.
3. ઉપભોકતા વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓ વચ્ચે નો તફાવત.
4. એક જ વપરાશી વસ્તુઓ અને ટકાઉ વસ્તુઓ વચ્ચેનો તફાવત.
5. અથર્તંત્ર માં વસ્તુઓ અને સેવાઓનું શું કાય ર્અને મહત્વ છે ?

## પ્રશ્નોત્તરીના જવાબો

**પ્રશ્નોત્તરી 3.1**

1. a . b  2. a  3. b  4. c

**પ્રશ્નોત્તરી 3.2**

1. c  2. b  3. a.b.d  4. a.b.c.d

**પ્રશ્નોત્તરી 3.3**

1. સાચુ  2. સાચુ  3. સાચુ

# મોડ્યુલ – ૨
# અર્થશાસ્ત્ર વિષે

4. અર્થતંત્ર – અર્થ અને પ્રકારો

5. અર્થતંત્રની મુખ્ય સમસ્યાઓ

6. પાયાની આર્થિક પ્રવૃત્તિઓ

નોંધ

# 4

# અથર્તંત્ર – તેનો અથ અને પ્રકારો

<u>અથર્તંત્ર – તેનો અથ અને પ્રકારો</u> :–

દરેક અથર્તંત્ર નો હેતુ મયાર્દિત અને અછતવાળા સાધનો ના ઉપયોગથી માનવ જરૂરિયાત સંતોષવાનો છે. આ જરૂરિયાતો વસ્તુઓ અને સાધનોના ઉત્પાદન અને વપરાશથી સંતોષી શકાય છે. ઉત્પાદન માટે,ઉત્પાદન ના સાધનો જુદી જુદી પ્રવૃતિઓમાં રોકાયેલ છે. આ આથિર્ક પ્રવૃતિમાંથી જે આવક મળે છે કાં તો તેનો વપરાશ થાય છે.અથવા બચત અને રોકાણ થાય છે. આમ આથિર્ક પ્રવૃતિના વધારાથી અને પરિણામે વધારે આવક એકઠી થવાથી, ઘણા દેશો ઝડપથી વિકાસ કરે છે. જ્યારે બીજા દેશો ઝડપથી વિકાસ કરી શકતા નથી. તેના પરિણામે ઘણા દેશો વિકસીત દેશો છે જ્યારે બીજા અલ્પવિકસીત અથવા વિકાસશીલ દેશો કહેવામાં આવે છે.આ ઉપરાતં તે ધનિક અને ગરીબ અથર્તંત્ર ઓળખવામાં આવે છે. આપણે જોઈ શકાય છે અથર્તંત્ર તે સાધનોની માલિકી પર આધારિત છે. તેથી જ જુદી જુદી રીતે અથર્તંત્ર અને તેનો વિકાસ ના માપ પર જોઈએ છીએ. આ સ્વાધ્યાય માં આપણે બધી જ શરતોને સાદી અને સરળ ભાષામાં તેના અથ અને જુદા જુદા પ્રકારો વિષે સમજીશું.

## ઉદ્દેશો

આ સ્વાધ્યાય પૂણ થતાં, તમે જોઈ શકો છો કે :

- અથર્તંત્ર નો અથ તેની સમજૂતી
- જુદી જુદી આથિર્ક સંસ્થાઓની માલિકી બાબત માં તફાવત અને સાધનોનું નિયંત્રણ આ ઉપરાંત વિકાસ ના સ્તર નો પાયો.
- આથિર્ક વિકાસ અને આથિર્કવૃધ્ધિ નો અથ અને સમજૂતી
- આથિર્ક વિકાસ અને આથિર્ક વૃધ્ધિ વચ્ચેનો તફાવત.
- આથિર્ક વિકાસ માટે નિણાર્યક બાબતો વિષે સમજૂતી

નોંધ



## 4.1 અર્થતંત્ર નો અર્થ :–

અર્થતંત્ર તે માનવસર્જીત સંસ્થા છે જે માનવજરૂરિયાત સંતોષવા માટે છે. એ.જે. બ્રાઉન ના મતે ''અર્થતંત્ર એક એવી વ્યવસ્થા છે કે જેના વડે માણસ જીવી રહયા છે '' આમ સારી રીતે જીવવા માટે પ્રયત્ન કરે છે. પહેલાના સમયમાં ''જીવવાની રીત'' સરળ અને સાદી હતી પરંતુ વિકાસ થવાની સાથે વધારે અટપટી બની છે. અહીંયા તે અગત્યનું છે કે તેણી તેની જીંદગી કાયદેસર અને ન્યાયી રીતે જીવે. ગેરકાયદેસર અને અન્યાયી નો અર્થ ચોરી, લૂટફાટ, દાણચોરી થી તે પૈસા કમાઈ શકે છે. પરંતુ તેની ગણતરી આર્થિક પ્રવૃતિ માં થતી નથી. તેથી જ એમ કહેવું બરાબર છે કે અર્થતંત્ર એક એવું આધારભૂત માળખુ છે કે જેમાં દરેક આર્થિક પ્રવૃતિ ને ખેંચી લાવે છે.

અર્થતંત્ર ના થોડાં લક્ષણો નીચે મુજબ છે.

1. આર્થિક સંસ્થા તે માનવસર્જીત છે. અર્થતંત્ર કે જે આપણે બનાવેલ છે.
2. આર્થિક સંસ્થા કે જેને સ્થાપી શકાય છે તેનો નાશ કરી શકાય છે. બદલી શકાય છે.દા.ત.મૂડીવાદ તે 1917માં યુ.એસ.એસ.આર માં સામ્યવાદમાંથી બદલાઈ આવ્યો .અને સામ્યવાદ નો 1989 નાશ થયો. જ્યારે ભારતમાં 1947 માં સ્વતંત્રતા મળી તે પછી આર્થિક અને સામાજીક સુધારા થતાં જમીનદારી પ્રથા નાબૂદ કરી અને ઘણા જમીનસુધારા ના કાયદા નો અમલ થયો.
3. આર્થિક પ્રવૃતિ નું સ્તર બદલી શકાય છે.
4. ઉત્પાદક અને ઉપભોકતા બન્ને એક જ વ્યકિત છે. તે બેવડું પાત્ર ભજવે છે. એક ઉત્પાદક તરીકે તે કાર્ય કરે. અને ચોકકસ વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરે છે. અને તેનો વપરાશ એક ગ્રાહક તરીકે પણ કરે છે.
5. ઉત્પાદન,વપરાશ અને મૂડીરોકાણ તે અર્થતંત્ર માં મહત્વની ઘટના છે.
6. આધુનિક અટપટા અર્થતંત્ર માં પૈસા નો માધ્યમ તરીકે અને લેવડ દેવડ માં ઉપયોગ થાય છે.

## 4.2 અર્થતંત્ર ના પ્રકારો :–

તમે જાણો છો કે અર્થતંત્ર માનવ – સર્જીત સંસ્થા છે. તેની સ્થાપના થઈ શકે નાશ પણ કરી શકાય છે, અને તેને બદલી પણ શકાય છે. સમાજની જરૂરિયાત અનુસાર આપણે અર્થતંત્ર ના જુદા જુદા પ્રકારો તેના ગુણો પ્રમાણે જોઈશું.

### 4.2.1 માલિકી હકક અને ઉત્પાદનના સાધનો પર નિયંત્રણ :–

ઉત્પાદનના સાધનો નો ઉપયોગ ખાનગી માલિકીના ધોરણે તથા વ્યકિતગત સ્વાતંત્ર્ય કે જેનો હેતુ નફાનો છે અથવા તેની સામૂહિક માલિકી હોય અને સરકારનું નિયંત્રણ હોય તેનો ઉપયોગ સામૂહિક કલ્યાણનો હોય.જેનો પાયો નફાનો હેતુ અને વ્યકિતગત સ્વતંત્રતા જેનો ગુણ છે. તે અર્થતંત્ર નીચે મુજબ વણવી શકાય.

(A) મૂડીવાદ અથર્તંત્ર અથવા મુક્ત સાહસિક અથર્તંત્ર

(B) સમાજવાદ અથવા કેન્દ્રવતી યોજનાનું અથર્તંત્ર

(C) મિશ્ર અથર્તંત્ર

(A) મૂડીવાદી અથર્તંત્ર :–

મૂડીવાદી અથવા મુક્ત સાહસિક અથર્તંત્ર તેઅથર્તંત્ર નું જૂનુ સ્વરૂપ છે. પહેલાં ના અથર્શાસ્ત્રી ઓ 'મુક્ત–જીવન' ની નીતિ આધાર આપતાં હતા. તેમના મતે આથિર્ક પ્રવૃતિ માં સરકારની ઓછા માં ઓછી દખલગીરી હોવી જોઈએ. મૂડીવાદી અથર્તંત્ર ના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

(i) ખાનગી મિલકત : મૂડીવાદી અથર્તંત્રમાં દરેક વ્યકિત તે મિલકત રાખવાનો અધિકાર છે. કોઈ વ્યકિત તેનો ઉપયોગ તેના કુટુંબ માટે કરી શકે છે. જમીન,મશીનરી,ખાણો અને નફો કમાવવા માટે અને સંપત્તિ એકઠી કરવા માટે કોઈ જાતનું નિયંત્રણ ન હતું. માણસ ના મૃત્યુ પછી તેની મિલકત તેના કાયદેસર વારસદાર ને મળી શકતી. તેવી જ ખાનગી મિલકત ની સંસ્થા વારસાદારના હકકને ટકાવી રાખે છે.

(ii) સાહસિકોની સ્વતંત્રતા :–

મૂડીવાદી અથર્તંત્રમાં સરકારની કોઈ પણ ઉત્પાદકના નિણર્યમાં દખલગીરી નથી. વ્યકિત પોતાનો ધંધો પસંદ કરી શકે છે. મુકત સાહસિક એટલે કોઈપણ વેપારી પેઢી ઉત્પાદનના સાધનો નો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માં મુકતપણે કરી શકે છે. પેઢી વસ્તુના વેચાણ માટે પણ મુકત છે. કામદાર પોતાના માલિકની પસંદગી કરી શકે છે.નાની વેપારી પેઢ ી પોતાના જોખમે ઉત્પાદન કરે છે. અને નફો કે ખોટ મેળવે છે. પરંતુ આધુનિક શેર હોલ્ડર પોતાના જોખમે નાંણાં રોકે છે. તેવી જ વ્યકિત પોતાની મૂડી ને સાચવે છે. સરકાર અથવા કોઈ એજન્સી નું નિયંત્રણ નથી વ્યકિત અથવા કામદાર કોઈ ઉદ્યોગ અથવા પેઢીમાં પ્રવેશી શકે છે. અને છોડી પણ શકે છે. જ્યાં પોતાની આવક વધારેમાં વધારે થાય ત્યાં કામદાર પોતાનો ધંધો પસંદ કરે છે.

(iii) ગ્રાહક ની સવોર્પરીતા :–

મૂડીવાદી અથ વ્યવસ્થામાં ગ્રાહક રાજા છે. ગ્રાહકે પોતાની આવક કેવી વસ્તુઓ અને સેવાઓ પાછળ ખચવી કે જેમાંથી તેમને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય તેવી સ્વતંત્રતા રહેલી છે. મૂડીવાદી વ્યવસ્થામાં ગ્રાહકની પસંદગી તે ઉત્પાદનમાં માગર્દશર્ન આપે છે. આ ગ્રાહકની સ્વતંત્રતાને ગ્રાહકની સવોર્પરીતા કહેવામાં આવે છે.

(iv) નફાનો હેતુ :–

મૂડીવાદી અથર્વ્યવસ્થામાં નિયોજક ઉત્પાદનના સાધનો ને તેની ચૂકવણી કરતાં બાકી રહે તે તેનો નફો કે ખોટ છે. તેથી જ તે હંમેશા તે વધારેમાં વધારે નફો મેળવવા માટે માં ઓછા ખચે તે વધુ માં વધુ આવક મેળવવા પ્રયત્ન કરે છે. આજ બાબત મૂડીવાદી અથર્વ્યવસ્થાને કાયર્ક્ષમ અને સ્વનિયંત્રણ વાળી બનાવે છે.

(v) હરિફાઈ :–

મૂડીવાદી વ્યવસ્થામાં કોઈપણ પેઢી બજારમાં પ્રવેશી શકે છે.અને નીકળી પણ શકે છે. તેના પર કોઈ નિયંત્રણ નથી ચોકકસ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારે ઉત્યાદકો રોકાયેલા છે.તેથી જ સામાન્ય નફાથી વધારે નફો મેળવવો શકય નથી. હરિફાઈ તે મૂડીવાદી અથર્વ્યવસ્થાનું પાયાનું લક્ષણ છે. તેમ છતાં પણ મોટા પ્રમાણમાં અને ઉત્પાદક ગુણ તફાવતથી ઈજારાશાહી તરીકે ઉભુ થાય છે. આમ છતાં હરિફાઈ મોટા પ્રમાણમાં પેઢી ઓ વચ્ચે જોવા મળે છે.

(vi) બજાર અને ભાવ નું મહત્વ :–

મૂડીવાદનું અગત્યનું લક્ષણ ખાનગી મિલકત,મુકત પસંદગી,નફાનો હેતુ અને હરિફાઈ તે કિંમત નિધાર્રણનું અગત્યનું કાય કરે છે. મૂડીવાદ માં જરૂરી બજાર વ્યવસ્થા છે અને દરેક વસ્તુની કિંમત છે.માંગ અને પુરવઠા ધ્વારા કિંમત નકકી થાય છે. આપેલી કિંમતે પેઢી સામાન્ય નફો મેળવે છે અને જો તેમાં નિષ્ફળ જાય તો તે ઉદ્યોગ છોડી દે છે. ઉત્પાદક તે જ વસ્તુ નું ઉત્પાદન કરે છે જેમાંથી તેને વધુ નફો મળે છે.

(vii) સરકારી નિયંત્રણ નો અભાવ :–

મૂડીવાદી અથર્તંત્ર ભાવો અગત્યનો ભાગ ભજવે છે તે એક એજન્ટની કામગીરી બજાવે છે સરકારી દરમિયાનગીરી કે આધારની કોઈ જરૂર નથી. સરકારનું કાય તે મુકત અને કાયર્ક્ષય બજાર વ્યવસ્થાનું છે.

આજના વિશ્વમાં મૂડીવાદ :–

શુધ્ધ મૂડીવાદ આજના સમયમાં વિશ્વમાં જોવા મળતો નથી.યુ.એસ.એ., યુ.કે , ફ્રાન્સ,નેધરલેન્ડ,સ્પેન, પોટુંર્ગલ , ઓસ્ટ્રેલિયા વગેરે મૂડીવાદી દેશો છે સાથે સરકાર આથિર્ક વિકાસ માટે પ્રયત્નશીલ છે.

(B) સમાજવાદી અથર્તંત્ર :–

સમાજવાદી અથવા કેન્દ્રવતી આયોજીત અથર્તંત્રમાં ઉત્પાદનના બધા જ સાધનોની જવાબદારી અને નિયંત્રણ સરકારનો છે. કેન્દ્રવતી અયોજન સત્તા બધા જ નિણર્યો લે છે. સમાજવાદી અથર્વ્યવસ્થાની લાક્ષણિકતા નીચે મુજબ છે.

(i) ઉત્પાદના સાધનોની સામૂહિક માલિકી :

સમાજવાદી અથર્વ્યવસ્થામાં ઉત્પાદન શ્રમ ને બદલે સરકાર ધ્વારા થાય છે. આ સંસ્થામાં ખાનગી મિલકત નો અધિકાર નથી વ્યકિત ને સંપત્તિ એકઠી કરવી અને વારસામાં આપવી તે શકય નથી તેમ છતાં પ્રજા પોતાના ઉપયોગ ની ટકાઉ વપરાશી વસ્તુ બનાવી શકે છે.

(ii) સમાજ કલ્યાણ નો ઉદ્દેશ :–

સરકારનો હેતુ સમગ્રલક્ષી સામાજીક કલ્યાણ નો રહેલો છે. નહીં કે વ્યકિતગત નફાનો. માંગ અને પુરવઠાનો જથ્થો નિણાર્યક નથી. દરેક નિણર્ય નો ઉદ્દેશ સામાજીક કલ્યાણનો છે.





(iii) કેન્દ્રવતી આયોજન :

આથિર્ક આયોજન એ સમાજવાદી અથર્વ્યવસ્થાની મહત્વની લાક્ષણિકતા છે. કેન્દ્રવતી આયોજન સમિતિ રાષ્ટ્રીય ધોરણે ઉત્પાદનના સાધનોની ફાળવણી કરે છે. સરકાર દરેક આથિર્ક નિણયી જેવા કે ઉત્પાદન,વપરાશ અને રોકાણ તે વતર્માન અને ભવિષ્યની જરૂરિયાત અનુસાર કરે છે. આયોજન સમિતિ જુદા જુદા વિભાગો માટે ચોકકસ ધ્યેય નકકી કરે છે અને તે માટે સાધનોનો કાયર્ક્ષમ ઉપયોગ થાય તે ધ્યાન માં રાખે છે.

(iv) અસમાનતા ઘટાડવી :–

ખાનગી મિલકતની સંસ્થા અને વારસાપ્રથા તે મૂડીવાદી અથર્વ્યવસ્થાના મૂળ છે.સમાજવાદી અથર્વ્યવસ્થામાં આ બન્ને સંસ્થાનો નાશ થાય છે. અને આવકની અસમાનતા ઘટાડવાનો પ્રયત્ન થાય છે. એ અગત્યની નોંધ છે કે સંપૂણ આવક અને સંપત્તિની સમાનતા શકય નથી.

(v) વગર્વિગ્રહ – નથી :

મૂડીવાદી અથર્વ્યવસ્થામાં કામદારો અને સંચાલકો બન્ને અલગ છે બન્ને ને વધારે નફો અથવા વધુ કમાવવાની ઈચ્છા હોય છે. તેના પરિણામે મૂડીવાદી અથર્વ્યવસ્થાના બે વગો વચ્ચે વિરોધ થાય છે. જયારે સમાજવાદમાં વગો વચ્ચે હરીફાઈ નથી. દરેક માણસ કામદાર છે તેથી વગર્વિગ્રહ નથી બધા જ સરકારી કામદારો છે.

આજ ના વિશ્વનો સમાજવાદ :–

રશિયા,ચીન અને ઘણા ,પૂવ યુરોપના સમાજવાદી દેશો ગણાય છે. પરંતુ અત્યારે બદલાવ થયો છે.આથિર્ક વિકાસ માટે સ્વતંત્રતા આપી છે.

(C) મિશ્ર અથર્તંત્ર :

મિશ્ર અથર્તંત્ર તે મૂડીવાદ અને સમાજવાદનું મિશ્રણ છે. મિશ્ર અથર્વ્યવસ્થામાં બન્ને જોવા મળે છે. મુકત સાહસિક વગ અને આ ઉપરાંત સરકારનું નિયંત્રણ જેવું કે સમાજવાદી અથર્વ્યવસ્થા. ખાનગી અને સાવર્જનિક વિભાગો મિશ્ર અથર્વ્યવસ્થા માંજોવા મળે છે.મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

(i) ખાનગી અને જાહેર વિભાગનું સહ અસિતત્વ હોવું

ખાનગી વિભાગ પોતાનું ઉત્પાદન ખાનગી રીતે કરે છે.તેના કામનો હેતુ નફાનો છે. જયારે જાહેર વિભાગમાં ઉત્પાદન સરકારી રીતે થાય છે. તેનો હેતુ સામાજીક કલ્યાણનો છે.દરેક આથિર્ક પ્રવૃત્તિની સીમા દરેક વિભાગ માટે બાંધેલી છે. સરકાર તેની વિવિધ નીતિઓ દા.ત. પરવાના પધ્ધતિ,વેરા નીતિ,ભાવનીતિ,નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ ધ્વારા ખાનગી વિભાગ ને નિયંત્રણમાં રાખે છે.

(ii) વ્યકિતગત સ્વતંત્રતા :–

વ્યકિત આથિર્ક પ્રવૃતિમાંથી વ્યકિતગત આવક મેળવે છે. તે કોઈપણ ધંધો કરવા માટે મુકત છે અને પોતાની પસંદગી પ્રમાણે વપરાશ કરે છે. પરંતુ ઉત્પાદકને ગ્રાહક અને કામદારોનો લાભ ઉઠાવવાનો અધિકાર નથી.સરકાર ધ્વારા અમુક નિયંત્રણ લગાવવામાં આવે છે.દા.ત. સરકાર અમુક નુકશાનકારક વસ્તુના ઉત્પાદન અને વપરાશ પર નિયંત્રણ રાખે છે. પરંતુ સરકાર ધ્વારા

નીતિ નિયમો સાથે ખાનગી વિભાગ પર જકાત વેરો નાખે છે પ્રજાના કલ્યાણ માટે તે સિવાય તે સંપૂણ સ્વતંત્ર છે.

(iii) આથિર્ક આયોજન :–

અથર્તંત્રના વિકાસ માટે સરકાર ખાનગી અને જાહેર વિભાગ માટે લાંબાગાળાની યોજના તૈયાર કરે છે. સરકારનું ખાનગી વિભાગ પર સીધું જ નિયંત્રણ છે. ખાનગી વિભાગ ને પ્રોત્સાહન આપવા અને સહકાર આપવા માટે સબસીડી સરકાર ધ્વારા આપવામાં આવે છે.

(iv) ભાવ પ્રક્રિયા :–

ભાવો તે અથર્પૂણ ભાગ ભજવે છે. અમુક વિભાગો માં ભાવનીતિ સ્વીકાય હોય છે. સરકાર ધ્વારા ભાવોના લક્ષ્યાંકો ને સિધ્ધ કરવા માટે સબસીડી આપવામાં આવે છે. સરકારનું ધ્યેય કલ્યાણ નું છે. કે જે લોકો બજારભાવે વસ્તુ ખરીદી શકે તેમ નથી તેના માટે સરકાર ધ્વારા મફતમાં અથવા બજારભાગ કરતાં ઓછા ભાવે વસ્તુ મળી રહે તેવી વ્યવસ્થા છે.

આમ, મિશ્ર અથર્તંત્રમાં લોકો વ્યકિતગત સ્વતંત્રતા મેળવે છે અને સરકાર નબળા વિભાગો ને આધાર આપે છે. ભારતીય અથર્તંત્ર એ મિશ્ર અથર્તંત્ર છે ત્યાં અમુક વિભાગો સરકારી અને ખાનગીમાં વહેંચાયેલ છે. આ ઉપરાંત યુ.એસ.એ,યુ.કે વગેરે દેશો કે જે મૂડીવાદી દેશો તરીકે જાણીતા છે આ ઉપરાંત તે મિશ્ર અથર્તંત્ર ધરાવે છે કારણ કે દેશના આથિર્ક વિકાસ માટે સરકાર પ્રયત્નશીલ છે.

## પ્રશ્નોત્તરી 4.1 :–

(1) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે દશાવી ?

1. સાધનોની માલિકી ના સંદભર્માં અથર્તંત્ર ને ''ધનિક અથર્તંત્ર '' અને ''ગરીબ અથર્તંત્ર'' માં વહેંચી શકાય છે.
2. સમાજવાદી અથર્તંત્ર નો હેતુ વધુમાં વધુ સમાજીક કલ્યાણનો છે.
3. મુકત પસંદગી,નફો મેળવવો અને ખાનગી મિલકત તે સમાજવાદી અથર્વ્યવસ્થા નું લક્ષણ છે.
4. મિશ્ર અથર્તંત્રમાં ખાનગી અને જાહેર વિભાગ સાથે જોવા મળે છે.

(2) ખાલી જગ્યા પૂરો :–

(i) ભાવપ્રક્રિયા તે __________ મૂડીવાદી અથર્વ્યવસ્થા અથવા મુકત બજાર અથર્તંત્રમાં. ( જરૂરી છે, ઓછા પ્રમાણમાં )

(ii) મૂડીવાદી અથર્વ્યવસ્થામાં મુકત પસંદગી ને __________ (ગ્રાહકની સવોર્પરીતા,ગ્રાહકમાં વધારો) કહેવામાં આવે છે.

(iii) સમાજવાદી અથર્તંત્રને __________ અથર્તંત્ર કહેવામાં આવે છે. (કેન્દ્રવતી આયોજન ,બિન રાજકીય )



નોંધ

(iv) __________ અથર્તંત્રમાં પ્રજા પોતાની સંપત્તિ એકઠી કરી શકે છે અને કાયદેસર વારસો આપી શકે છે. ( મૂડીવાદ / સમાજવાદ )

(v) ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર મિશ્ર અથર્તંત્રમાં __________ (સાથે હોઈ છે, સાથે નથી)

(3) જુદાજુદા અથર્તંત્રની લાક્ષણિકતા પ્રમાણે વગીર્કરણ કરો.

( નફા નો હેતુ,કેન્દ્રવતી આયોજન,ગ્રાહકની સવોર્પરીતા ખાનગી અને સાવર્જનિક વિભાગ, વારસા હકક, સામાજીક કલ્યાણ, સરકારી નિયંત્રણ, સબસીડી, હરિફાઈ, કિંમત–નિધાર્રણ, અસમાનતા, વગર્ વિગ્રહ નથી, આથિર્ક આયોજન, મુકત પસંદગી)

| મૂડીવાદી અથર્તંત્ર | સમાજવાદી અથર્તંત્ર | મિશ્ર અથર્તંત્ર |
|---|---|---|

## 4.2.2 વિકાસ ના સ્તર પર અથર્શાસ્ત્રના પ્રકારો :–

વિકાસ ના સ્તર પર અથર્તંત્ર ના પ્રકારોમાં બે પ્રકારે વગીર્કરણ થાય છે.

(i) વિકસિત અથર્તંત્ર

(ii) વિકાસશીલ અથર્તંત્ર

કોઈપણ દેશ વિકસિત અથવા ધનિક અને વિકાસશીલ અથવા ગરીબ તે ત્યાંની પ્રજાની રાષ્ટ્રીય આવક,માથાદીઠ આવક,અને જીવન ધોરણ પરથી થાય છે. વિકસિત દેશો ની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક ઉંચી છે. મૂડી સજર્ન ની પ્રક્રિયા તેમજ બચત અને રોકાણ પર ઉંચા પ્રમાણમાં જોવા મળે છે. શિક્ષિત માનવસંસાધન,સારી નગર સુવિધા,સ્વાસ્થ્ય,નીચો જન્મ દર,નીચો મરણદર,બાળ મરણદર,વિકસિત ઉદ્યોગો અને સમાજીક માળખું, મજબૂત રોકાણ અને મુડીબજાર વગેરે વિકસિત દેશોમાં જોવા મળે છે .ટૂંકમાં , વિકસીત દેશોમાં જીવનધોરણ નું પ્રમાણ ઉંચું જોવામળે છે.

વિકાસમાન દેશો વિકાસની સીડી ચડી રહયાં છે. આવા દેશોને અલ્પવિકસિત,પછાત અથવા ગરીબ દેશો તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ અથર્શાસ્ત્રીઓ તેને વિકાસશીલ દેશો કહે છે કારણ કે ગતિશીલતાની તરફ છે. રાષ્ટ્રીય અને માથાદીઠ આવક આવા દેશોમાં ઘણી નીચી છે. આવા દેશોમાં પછાત ખેતી,પછાત ઉદ્યોગ માળખું સાથે ઓછી બચત,મૂડીરોકાણ અને મૂડી પ્રક્રિયા જોવા મળે છે. આમ છતાં , આવા દેશો નિકાસ કરી કમાણી કરી શકે છે.પરંતુ તે નિકાસ સામાન્ય રીતે પ્રાથમિક ખેત વિષયક વસ્તુઓની હોય છે. ટૂંકમાં , તેઓ નીચું જીવનધોરણ અને ખરાબ સ્વાસ્થ્ય,ઉંચુ બાળમરણ,ઉંચો જન્મદર,ઉંચો મરણદર અને પછાત સમાજીક માળખું જોવા મળે છે. આથિર્ક વિકાસ ઘણી બાબતો સાથે સંકળાયેલ છે. તમે તે જાણી ચૂકયાં છો ફરથી આપણે આથિર્ક વિકાસની ચચાર્ કરીશું. તે આથિર્ક વૃધ્ધિ અને આથિર્ક વિકાસના તફાવતના નિધાર્રણમાં ઉપયોગી છે.

## 4.3 આથિર્ક વિકાસનો અથ :–

આથિર્ક વૃધ્ધિ એ આથિર્ક વિકાસ થી અલગ છે ? તે રાષ્ટ્રીય આવક ના વધારા સાથે સંકળાયેલ છે. વસ્તી ને પણ ઘ્યાનમાં લેવામાં આવે છે. અને તે માથાદીઠ આવક સાથે પણ સંકળાયેલ છે. (રાષ્ટ્રીય આવક + કુલ વસ્તી)

આમ છતાં રાષ્ટ્રીય આવકમાં વર્ષે વર્ષે ફેરફાર થતાં હોય અથવા ટૂંકાગાળામાં ફેરફારો થતાં હોય અને આ વધારો લાંબાગાળા સુધી ચાલુ રહે તો તે આથિર્ક વૃધ્ધિ તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે બીજી તરફ આથિર્ક વિકાસમાં માત્ર આથિર્ક વૃધ્ધિ જ નહી પરંતુ પ્રજાના જીવનધોરણ ની ગુણવતામાં શું વધારો થયો છે. તેનો સમાવેશ થાય છે. આથિર્ક વૃધ્ધિ સાથે દેશમાં ગરીબીમાં ઘટાડો, સાક્ષરતાના દરમાં વધારો, સ્વાસ્થ્ય અને આરોગ્યમાં સુધારો, વસ્તીઘટાડો, પયાર્વરણીય સુવિધા માં વધારો, જીવનધોરણમાં સુધારો તે આથિર્ક વિકાસ માટે જરૂરી છે. આમ છતાં, આથિર્ક વૃધ્ધિ થવાથી પ્રજાના જીવનધોરણમાં સુધારો થતો નથી. આથિર્ક વૃધ્ધિમાં, ધનિક વધુ ધનિક અને ગરીબ વધુ ગરીબ થઈ શકે છે. જો વૃધ્ધિ ના ફળ માત્ર ધનિક જ ઝૂંટવી લે. વાસ્તવમાં, ^ આથિર્ક વિકાસ નો ખ્યાલ વધુ વિશાળ છે [આથિર્ક વૃધ્ધિની સરખામણીમાં] તેમાં માત્ર આથિર્ક વૃધ્ધિ જ નહી પરંતુ જુદા જુદા આથિર્ક બદલાવ ને પણ ઘ્યાનમાં લેવામાં આવે છે. તેમાં જીવન ની ગુણવતા ને પણ ઘ્યાનમાં લેવામાં આવે છે.

## ૪.૪ આથિર્ક વિકાસ નું સ્વરૂપઃ–

આથિર્ક વિકાસ ની પ્રકિયા માં આથિર્ક ઉપરાંત બિન આથિર્ક ઘટકો પણ અસર કરે છે.

અથર્તંત્રના અગત્યના ઘટકો નીચે પ્રમાણે છે.

(i) કુદરતી સપત્તિ : કુદરતી સંપત્તિની પ્રાપ્યતા તે આથિર્ક વૃધ્ધિ અને આથિર્ક વિકાસ ને વેગ આપે છે એવી માન્યતા છે કે કુદરતી સંસાધનોની ગુણવતા તે વૃધ્ધિદર ને અસર કરે છે.

(ii) માનવ મૂડી :– માનવ મૂડીની ગુણવત્તા અને સંખ્યા તે આથિર્ક વિકાસ નું અગત્યનું સ્વરૂપ છે બીજી બધી વસ્તુ યથાવત્ હોય તો પણ શિક્ષિત અને ટેક્નોલોજી જાણકારી ધરાવનાર માણસો તે ઉંચા વૃધ્ધિદર માટે ઉપયોગી છે. જ્યારે બીજી બાજુ અશિક્ષિત અને બિનઅનુભવી વસ્તી આથિર્ક વિકાસ ની ગતિ ધીમી પાડે છે.

(iii) મૂડી માળખું :– મૂડી નો જથ્થો તે ઝડપી આથિર્ક વૃધ્ધિ માટે નિણાર્યક છે. જો મૂડી નો જથ્થો વધે તો બચત નો દર પણ વધે છે. બચતોનું મૂડી રોકાણ થાય છે. બચતદર તેમજ મૂડીરોકાણ નો વૃધ્ધિદર તે મૂડી ગુણોત્તર ના પ્રમાણ પર આધારિત છે. અલ્પવિકસિત દેશોમાં માત્ર ઘરેલુ બચત પૂરતી નથી તેથી સરકારને મૂડીસર્જન માટે અન્ય મદદનીશ ની જરૂર પડે છે.

(iv) યાંત્રીકરણ :– યાંત્રીકરણ આથિર્ક વિકાસ માટે અગત્યની ભૂમિકા ભજવે છે. યાંત્રીકરણની પ્રગતિ સતત શોધખોળ અને વિકાસ પર આધારિત છે. રાષ્ટ્ર યાંત્રીકરણના વિકાસ ધ્વારા

કુદરતી સંપત્તિની અછત અને નીચી ઉત્પાદકતા ને દૂર કરી શકે છે. વિકસિત અથર્તંત્રમાં માનવમૂડી રોકાણ થાય છે.

ખરેખર, આથિર્ક ઘટકો ઉપરાંત (i) જાતિ પ્રથા (ii) કુટુંબ પ્રથા (iii) જાતિવાદ (iv) સરકારની નીતિ પણ આથિર્ક વૃધ્ધિ અને આથિર્ક વિકાસ ને અસર કરે છે. આમ, આથિર્ક વિકાસને દર માપવું મુશ્કેલ છે. આથિર્ક વિકાસને માપવા માટેની સામાન્ય રીત દા.ત માથાદીઠ આવકમાં વધારો. તે કુદરતી સંપત્તિનો નાશ અને પયાર્વરણીય અસમતુલા જેવા કે ઉધોગોનો ધુમાડો, અથવા પદૂષણ કે જે ઉધોગોનો કચરા વડે થાય છે. જંગલની કાપણી અને લાકડા ના વેચાણ ધ્વારા કમાણી કરવી તે આથિર્ક પ્રવૃત્તિ છે પરંતુ તેની રાષ્ટ્રીય આવકમાં ગણતરી કરવામાં આવે છે પરંતુ તે નકારાત્મક ગણતરી થાય છે. તેથી જ અથર્શાસ્ત્રીઓએ ગંભીરતાપૂવર્ક નવી અનુક્રમણિકા તૈયાર કરી છે જેમાં પયાર્વરણીય જાળવણી ઉપરાંત સમાજ નું કલ્યાણ રહેલું છે.

## 4.5 આથિર્ક વિકાસ અને આથિર્ક વૃધ્ધિ વચ્ચેનો તફાવતઃ–

આથિર્ક વૃધ્ધિ એ ટૂંકાગાળા માટે છે અને સામાન્ય રીતે તે રાષ્ટ્રીય અને માથાદીઠ આવક નો વાષિર્ક વધારો દશાર્વે છે. પરંતુ આવક ની વહેંચણી તે રાષ્ટ્રીય આવક ની ઘટના નથી. બીજી અગત્યની વસ્તુ એ છે કે આવકના ખ્યાલમાં બિનઉત્પાદક બાબતને લીધી નથી. બીજી બાજુ આથિર્ક વિકાસ એ લાંબાગાળા ની ઘટના છે. આથિર્ક વિકાસ ઉચું જીવનધોરણ અને સારી ગુણવત્તા જીવન તે બાબત ધ્યાનમાં લેવાઈ છે. આવક અને બિન આવક નો ખ્યાલ તેમાં સમાવિષ્ટ છે.તેમાં ઉચુ જીવનધોરણ,નીચો બાળમરણ દર અને ઉંચા સાક્ષરતા દરનો સમાવેશ થાય છે. બિન આવક માં ફેરફાર એ જીવનની ગુણવત્તામાં પણ ફેરફાર લાવે છે. ઘણી અગત્યની સંસ્થા જેવી કે યુનેસ્કો અને ILO એ પાયાની જરૂરીયાત જેવી કે અન્ન,વસ્ત્ર અને રહેઠાણ પીવાના પાણી ની સુવિધા, આરોગ્ય અને સ્વચ્છતા, સાવર્જનિક બસ સુવિધા,અને શિક્ષણ નો આથિર્ક વિકાસ માં સમાવેશ થાય છે. આમ, વિકાસ નો ઉદ્દેશ વસ્તીના મોટા પ્રમાણ ને અસર કરે છે. ''યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ એક Human Development Index (HDI) તૈયાર કર્યો છે જેમાં માથાદીઠ આવક,શિક્ષણ અને જીવન ધોરણને ધ્યાન માં લીધું છે. આમ, આથિર્ક અને સમાજીક પાસાં નો નિદેર્શ કરે છે. આથિર્ક વિકાસનો ખૂબ બહોળો ખ્યાલ છે કે જે લોકોના જીવન ધોરણને ધ્યાનમાં લે છે.

## પ્રશ્નોતરી 4.2

નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. વિકાસ ના સ્તર પર અથર્તંત્રના બે પ્રકારો જણાવો.
2. આથિર્ક વિકાસ નો સાદો અથ સમજાવો.
3. વિકાસના આથિર્ક ઘટકો જણાવો.

4. ક્યા બિન આથિર્ક ઘટકો વિકાસ ને અસર કરે છે. ?
5. આથિર્ક વૃધ્ધિ અને આથિર્ક વિકાસ વચ્ચેનો તફાવત
6. મૂડી સજર્ન નું આથિર્કવૃધ્ધિ માં શું મહત્વ છે ?

## તમે શું શીખ્યા ? :–

- આ પાઠમાં આપણે અથર્તંત્ર ના અથ ર્વિશે શીખ્યા. તે સામાજીક અને આથિર્ક રીતે સ્વીકાય ર્છે.જેના વડે માણસો જીવી રહયાં છે. આ ઉપરાંત અથર્તંત્ર સહકારની એવી પધ્ધતિ છે જે માનવ જરૂરીયાતો સંતોષે છે.
- અત્યારના આધુનિક જટીલ અથર્તંત્ર માં, સહકારની આ બાબત ‘તમે મારા માટે કરો અને હું તમારા માટે કરું’’તે પૂરતું નથી. અત્યારે સહકારે રાષ્ટ્રની સીમા પાર કરી છે. તેથી જ અથર્તંત્ર માં અન્યોન્ય અને અદલા બદલી ની પધ્ધતિ જોવા મળી છે.
- અથર્તંત્ર ને માલિકીપણાં અને ઉત્પાદનના સાધનોના પાયા પર વગીર્કરણ કરી શકાય છે. (i) મૂડીવાદી અથર્તંત્ર (ii) સમાજવાદી અથર્તંત્ર (iii) મિશ્ર અથર્તંત્ર
- વિકાસ ના સ્તર પર અથર્તંત્ર નું વગીર્કરણ આ મુજબ છે.
  (i) વિકસિત અથર્તંત્ર (ii) વિકાસશીલ અથર્તંત્ર
- મૂડીવાદી અથર્વ્યવસ્થામાં વ્યકિતગત સ્વતંત્રતા અને હરિફાઈ નું મહત્વ છે. ગ્રાહક એ રાજા છે. અને તે ભાવ નીતિ,નફાનો હેતુ અને બજાર ધ્વારા સાધનોની ફાળવણીમાં અથર્પૂણ ર્ભાગ ભજવે છે.
- સમાજવાદી અથર્તંત્રમાં સામૂહિક માલિકીપણું, સામાજીક કલ્યાણ અને આથિર્ક આયોજનો ને વધુ મહત્વ આપ્યું છે. અસમાનતા માં ઘટાડો અને વગર્વિગ્રહ ની નાબૂદી.
- મિશ્ર અથર્તંત્રમાં બન્ને પધ્ધતિ ને અગત્યતા આપેલી છે. અહીયા ખાનગી અને જાહેર ક્ષેત્ર સાથે કામ કરે છે. જાહેર ક્ષેત્ર  સમાજવાદી અથર્તંત્રના પાયા પર કામ કરે છે. જ્યારે ખાનગી ક્ષેત્ર મૂડીવાદી અથર્તંત્ર ના સિધ્ધાંત પર કાય ર્કરે છે.
- વિકાસ પામેલા ધનિક દેશો માં ઉંચી માથાદીઠ આવક તથા ઉંચું જીવનધોરણ જોવા મળે છે.
- અલ્પવિકસિત અથવા ગરીબ દેશોમાં બીજી તરફ નીચી આવક,બચત અને મૂડી રોકાણ જોવા મળે છે. તેથી જીવન ધોરણ નીચું જોવા મળે છે.
- આથિર્ક વિકાસની પ્રક્રિયામાં આથિર્ક અને બિન આથિર્ક પરિબળો અસર કરે છે.
- વિકાસ અને આથિર્ક વૃધ્ધિ વચ્ચેનો તફાવત આ છે. સામાન્ય રીતે આથિર્ક વૃધ્ધિ તે ટૂંકાગાળ ા ના ફેરફારો છે. જેમાં  થોડાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે જ્યારે બીજી બાજુ આથિર્ક

વિકાસ જે માથાદીઠ આવક અને રાષ્ટ્રીય આવકમાં લાંબાગાળાનો વધારો દર્શાવે છે અને તે જીવનધોરણમાં સુધારો દર્શાવે છે.

## સત્રાંત કસોટી :–

1. અર્થતંત્ર નો અર્થ શું છે ? મૂડીવાદી અર્થવ્યવસ્થા ની મહત્વની લાક્ષણિકતા દર્શાવો.
2. અર્થશાસ્ત્ર તે અદલા–બદલી અને લેવડ–દેવડ ની પધ્ધતિ છે.ચર્ચો.
3. ઉત્પાદનના સાધનો અને માલિકીપણા ના સિધ્ધાંત પર અર્થતંત્ર ના પ્રકારો જણાવો.
4. આર્થિક વિકાસ અને આર્થિક વૃધ્ધિ વચ્ચે નો તફાવત
5. આર્થિક વિકાસ નું મુખ્ય પરિબળ શું છે ?

## પ્રશ્નોના જવાબો :–

પાઠય પુસ્તક પ્રશ્ને 4.1

1. (i) ખોટું (ii) સાચું (iii) ખોટું (iv) સાચું
2. (i) જરૂરી છે (ii) ગ્રાહકની સર્વોપરીતા (iii) કેન્દ્રવર્તી આયોજન (iv) મૂડી વાદી (v) સાથે હોઈ છે.
3. નીચેના લક્ષણોની વર્ગીકરણ :–

| મૂડી વાદી અર્થતંત્ર | સમાજવાદી અર્થતંત્ર | મિક્સ અર્થતંત્ર |
|---|---|---|
| નફાનો હેતુ<br>ગ્રાહકની સર્વોપરીતા<br>વારસાપ્રથા<br>હરિફાઈ<br>કિંમત નિર્ધારણ<br>અસમાનતા | કેન્દ્રવર્તી આયોજન<br>સામાજીક કલ્યાણ<br>વર્ગ વિગ્રહ નથી | ખાનગી અને જાહેર ક્ષેત્ર<br><br>સરકારી નિતી નિયમો<br>સબસીડી, આર્થિક આયોજન |

1. વિકસીત અને વિકાસશીલ અર્થવ્યવસ્થા
2. આર્થિક વિકાસ એક એવી પ્રક્રિયા છે કે જે અર્થતંત્રની રાષ્ટ્રીય આવકમાં લાંબાગાળા નો વધારો દર્શાવે છે. 3. કુદરતી સંપત્તિ,માનવ સંપત્તિ,મૂડી રોકાણ,ટેકનોલોજી
4. જ્ઞાતિ પ્રથા,કુટુંબ પ્રથા,જાતિવાદ.
5. આર્થિક વૃધ્ધિ એ આવકમાં ટૂંકાગાળા નો ફેરફાર દર્શાવે છે. જ્યારે આર્થિકવિકાસ તે આવક માં લાંબાગાળા નો વધારો દર્શાવે છે જે જીવનધોરણમાં સુધારો દર્શાવે છે.
6. મૂડી સર્જન તે આર્થિક વૃધ્ધિમાં મૂડી ગુણોત્તર પ્રમાણ દર્શાવે છે.

# 5

# અર્થતંત્રની કેન્દ્રવર્તી સમસ્યા

આપણે સૌ જાણીએ છીએ કે, વિવિધ જરૂરિયાતો સંતોષવાના સાધનો મર્યાદિત છે. આપણી જુદી જુદી વસ્તુઓ અને સેવાઓથી જુદી જુદી જરૂરિયાતો સંતોષાય છે. પરંતુ સાધનોની અછત છે. આપણે જુદી જુદી વિવિધ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન દરેક માટે એક જ સમયે કરી શકતાં નથી. આ ઉપરાંત સાધનોની અછત ને કારણે આપણને સાધનો વ્યર્થ જાઈ તે પણ પોષય તેમ નથી. તેથી જ દરેક અર્થતંત્ર તેની સમસ્યા માટેનો ઉપાય શોધે છે.

## ઉદ્દેશો

આ પાઠ પૂર્ણ થતાં તમે જોઈ શકો છો :

- જરૂરિયાતો ની પસંદગી અંગેની સમજૂતી.
- અછતવાળા સાધનોનો વૈકલ્પિક ઉપયોગ.
- અર્થતંત્રની કેન્દ્રવર્તી સમસ્યાથી પરિચિત થઈએ
- જુદી જુદી પ્રકારના અર્થવ્યવસ્થામાં સાધનોની ફાળવણી
- અર્થતંત્રની વૃધ્ધિ અને સાધનોની વૃધ્ધિ વચ્ચેનો તફાવત.

## 5.1 અછત અને પસંદગી

ધારોકે તમે શર્ટ, ચોપડી અને ભેટ તમારા મિત્ર માટે ખરીદવા ઈચ્છો છો. આ ઉપરાંત તમે સિનેમા હોલમાં જઈને પિક્ચર જોવા માંગો છો જરૂરિયાતો ઘણી બધી છે. પરંતુ તમારી પાસે માત્ર રૂ. 110 છે. ધારોકે શર્ટ રૂ. 150 માં મળે, ચોપડી ની કિંમત રૂ. 95 ની છે. ભેટની કિંમત રૂ. 90 છે અને પિક્ચર ની ટીકીટ રૂ. 100 ની છે. તો બધુ મળીને કુલ ખર્ચ રૂ. 435 છે પરંતુ તે તમારી પાસે નથી. તેવી જ મર્યાદિત પૈસા અથવા સાધનોથી તમે બધીજ વસ્તુઓ એક સાથે ખરીદી શકતા નથી. હવે તમે શું કરશો? તમારી પાસે રૂ.110 છે. તમે શર્ટ ખરીદી શકતા નથી તેની કિંમત

વધારે છે. પરંતુ તમે ચોપડી અથવા ભેટ અથવા પિક્ચરની ટીકીટ ખરીદી શકો છો. અહીયા તમારી પાસે પસંદગી છે. કે કઈ વસ્તુ ખરીદવી

શા માટે પંસદગીની સમસ્યા ઉભી થાય છે ? જો તમારી પાસે જાદુઈ છડી અથવા જાદુઈ ચિરાગ હોય તો બધીજ જરૂરિયાતો સંતોષી શકાય છે. અને પસંદગીની સમસ્યા ઉભી થતી નથી. તમારી પાસે 110 રૂ. છે 435 રૂ. નથી તેથી તમારી પાસે રહેલા પૈસા મર્યાદિત છે કે ઓછા છે. તેથી જ તમે કોઈ એક વસ્તુ ખરીદી શકો છો. તમારી સમસ્યા એ છે કે તમારે કઈ વસ્તુ ખરીદવી કે જેનાથી જરૂરિયાતો સંતોષ પામે છે. જયારે પસંદગી કરો છો. ત્યારે કઈ વસ્તુ પહેલા ખરીદવી, અને બીજી વસ્તુ પણ ઘ્યાનમાં લો છો. તેથી સાધનો વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે. કેવી રીતે ? જો તમે બધી વસ્તુ ખરીદી શકતાં નથી, તો તમે ચોપડી, ભેટ અથવા પિક્ચરની ટીકીટ ખરીદી શકો છો. તેથી જ સાધનો વૈકલ્પિક ઉપયોગવાળા છે તેમ કહી શકાય.

તેવી જ રીતે, અથર્તંત્ર માં પણ નકકી કરવામાં આવે છે કઈ વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરવું અને કયાં સાધનોનો ઉપયોગ કરવો. તેથી 'પસંદગી 'નો પ્રશ્ન ઉભો થાય છે કારણકે (a) સાધનોની અછત છે અને (b) સાધનો વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે.

## પ્રશ્નોત્તરી 5.1 :–

1 નીચેના માંથી કઈ વસ્તુ વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે ?

(a) બસ (b) રૂમ (c) બિલ્ડીંગ (d) કમ્પ્યુટર

## 5.2 અથર્તંત્ર ની કેન્દ્રવતી 'સમસ્યા :–

દરેક અથર્તંત્ર આ ત્રણ મુખ્ય સમસ્યા નો સામનો કરે છે. તે આ પ્રમાણે છે.

1. સાધનોની વહેંચણી ની સમસ્યા
2. સાધનો ના વપરાશ ની સમસ્યા
3. સાધનવૃધ્ધિ ની સમસ્યા

હવે આપણે એક પછી એક ની ચચા 'કરીશુ.

### 5.2.1 સાધનો ની વહેંચણી :–

અથર્તંત્ર પાસે મૂળભૂત ત્રણ આથિર્ક સમસ્યા રહેલી છે.

1. કઈ વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરવું અને કેટલા પ્રમાણ માં કરવું ?
2. વસ્તુ ઓ અને સેવાઓનું કેવી રીતે ઉત્પાદન કરવું?
3. વસ્તુઓ અને સેવાઓનું કોના માટે ઉત્પાદન કરવું ?

– કઈ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવું અને કેટલા પ્રમાણમાં કરવું? દરેક સમાજ પસંદગી ની સમસ્યા એક સરખી રીતે સામનો કરે છે. તેમ છતાં અગ્રિમતા અલગ– અલગ હોઈ

નોંધ

શકે. ઓછા વિકસિત દેશો ની પસંદગી અનાજ અને સાઈકલ ની બનાવટમાં હોય છે. જ્યારે આગળ પડતાં અર્થતંત્ર માં પસંદગી બિલ્ડીંગ, શોપીંગમોલ અથવા કાર માટેની હોય છે.

– કેવી રીતે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવું છે ? આ બાબત માં કઈ પધ્ધતિથી ઉત્પાદન થાય છે તેની સાથે સંકળાયેલ છે. એક વખત વસ્તુનું ઉત્પાદન કરવાનું નક્કી કર્યું, ત્યાર પછી કેવી રીતે ઉત્પાદન કરવું તે સમસ્યા રહેલી છે. કયા સાધનોની જરૂર પડશે, કેટલી જમીન અને કેટલાં કામદારો ની જરૂર પડશે. વસ્તુ બનાવવા માટે જુદા જુદા રસ્તાઓ છે. દા.ત કપડા નું ઉત્પાદન કરવું છે તો વધુ શ્રમ અને ઓછા મશીન વડે કે પછી વધુ મશીન અને ઓછા શ્રમ વડે જ્યારે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધુ શ્રમ અને ઓછી મૂડીથી થાય તો તેને શ્રમપ્રચૂર ઉત્પાદનની પધ્ધતિ કહેવામાં આવે છે. જ્યારે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધારે મૂડી (અથવા મશીનરી) થી કરવામાં આવે ત્યારે તે મૂડીપ્રચૂર ઉત્પાદનની પધ્ધતિ કહેવામાં આવે છે.

કોના માટે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવું? વસ્તુ ઓ અને સેવાઓનાં ઉત્પાદન નો લાભ કોણ લે છે અને કોણ તેમાંથી આનંદ ઉઠાવે છે ? અછત ને લીધે દરેક ની જરૂરિયાત સંતોષવી તે શકય નથી. તેથી જ શેના વડે જરૂરિયાત સંતોષાય છે. તે નક્કી કરવામાં આવે છે. અર્થતંત્ર માં અનાજનું ઉત્પાદન વધારે થવું જોઈએ કે કમ્પ્યુટર નું વધારે થવું જોઈએ ? કોની જરૂરિયાતની નોંધ લેવામાં આવી છે. ગરીબ માણસોની કે ધનિક માણસોની ? દરેક ને વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવાનો અધિકાર છે, તેમ છતાં અમુક લોકોની જરૂરીયાત બીજા કરતાં વધારે છે ? આ બધા જ નિર્ણયોમાં આવકની વહેંચણી અને સંપત્તિ નો ખ્યાલ સમાજ પાસે આવે છે.

## પ્રશ્નોત્તરી 5.2

1. આર્થિક સમસ્યા શા માટે ઉત્પન્ન થાય છે. કોઈ એક કારણ આપો.
2. અર્થતંત્ર ની ત્રણ કેન્દ્રવર્તી સમસ્યા ના નામ આપો.

### 5.2 1.1 મૂડીવાદી અર્થવ્યવસ્થામાં સાધનોની વહેંચણી :–

મૂડીવાદી અર્થતંત્ર એવી આર્થિક પધ્ધતિ છે કે જેમાં ઉત્પાદન ખાનગી માલિકીના ધોરણે થાય છે. વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધુ નફો કમાવવાના ઉદ્દેશથી થાય છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં કોઈ કેન્દ્રવર્તી સત્તા નું માર્ગદર્શન નથી, વસ્તુઓનું ઉત્પાદન વ્યકિતગત રીતે ખેડૂત,ઉત્પાદક,માલિક અને વગેરે દ્વારા થાય છે. ઉત્પાદનના સાધનો જમીન,મૂડી,શ્રમ વગેરે ખાનગી માલિકીના છે. દરેક વ્યકિતનું ઉત્પાદન બજાર માટે છે અને નફાનો હેતુ તેનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી ઉત્પાદક એવી વસ્તુ



નોંધ

નું ઉત્પાદન કરે છે કે જેની ગ્રાહકો ધ્વારા માંગ થાય છે.તે શકય તેટલા ઓછા ખર્ચે ઉત્પાદન કરવાની કોશિષ કરે છે કે જેથી વધુ નફો મેળવી શકાય. વ્યકિતગત ઉત્પાદક એવી વસ્તુ નું ઉત્પાદન કરે છે કે જે વસ્તુઓ લોકો પસંદ કરે છે નહી કે જે લોકો ખરીદતાં નથી.તેથી ઉત્પાદક લોકોની માંગ પ્રમાણે ઉત્પાદન કરે છે. અને તેઓને પોષાય તેમ કરે છે. (રાજન એ બિઝનેશમેન છે. તે શર્ટનું ઉત્પાદન કરે છે. તેને સમજાયું કે તેના ઘણા બધા શર્ટસ વેચાયા નથી. તને જોયું કે અત્યારે જુવાન છોકરીઓ ટી – શર્ટ પહેરે છે. અત્યારા જુવાન લોકો પોતાના પૈસા શર્ટ કરતા ટી–શર્ટ પાછળ ખર્ચે છે. તેથી રાજન તે નફો ઓછો થવા લાગ્યો. તેણે વિચાર્યું કે શર્ટના બદલે ટી–શર્ટ નું ઉત્પાદન કરવું. તેની પાસે સાધનો મર્યાદિત છે. તેણે ઉત્પાદન ના સાધનો ને ટી–શર્ટ ના ઉત્પાદનમાં રોકયાં. હવે રાજન ટી–શર્ટ નું ઉત્પાદન 2 મશીન અને 10 કામદારો વડે કરે તો તેના એક ટી–શર્ટ ની કિંમત 100 રૂ. થાય છે. બીજો ઉપાય રાજન ટી–શર્ટના ઉત્પાદનમાં 5 મશીન અને 8 કામદારો વડે કરે તો ખર્ચ રૂ. 125 થાય છ. તેથી રાજન પહેલી અને ઓછી ખર્ચાળ પધ્ધતિ પસંદ કરે છે. કારણકે તે વધુ નફો કમાવવા માંગે છે. હવે તો રાજન ની ટી–શર્ટ જુવાનિયામાં પ્રખ્યાત બની રહી છે. શર્ટ ના ઉત્પાદન કરતાં તે હવે વધુ નફો મેળવી રહયો છે. રાજન ના ટી–શર્ટ ના ઉત્પાદનના રૂ.100 જુવાનિયાઓને પરવડે તેમ છે. )
તેથી અગત્યની લાક્ષણિકતા મૂડીવાદી અર્થવ્યવસ્થાની આ પ્રમાણે છે.

- એવી વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરવું કે જેની ગ્રાહકોને જરૂર છે.
- વસ્તુઓનો મોટો જથ્થો ઓછા ખર્ચે ઉત્પાદન થાય.
- વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન દરેક માટે કરવું કે જે ચૂકવી શકે છે.

5.2 1.2 આયોજિત કરેલ આર્થિક પધ્ધતિમાં સાધનોની ફાળવણી :–

આયોજત કરેલ આર્થિક પધ્ધતિમાં,કેન્દ્ર આયોજિત સત્તા કે જે શું ઉત્પાદન કરવું, કેવી રીતે ઉત્પાદન કરવું અને કોના માટે ઉત્પાદન કરવું તે નિર્ણય કરે છે. આયોજિત સત્તા ઉત્પાદન નું લક્ષ્યાંક નકકી કરે છે. સરકાર ધ્યેય નકકી કરે છે. અને પેઢી તે ધ્યેય ને મેળવવા પ્રયત્ન કરે છે. જયારે કરારનામું થાય ત્યાર પછી પેઢી ઉત્પાદન ચાલુ કરે છે આ અણગમતી બજાર પધ્ધતિ છે ? કે જેની પાસે પૈસા હોય તે પોતાની જરૂરિયાત સંતોષે અને જેની પાસે પૈસા નથી તે જરૂરિયાત સંતોષી શકતો નથી. જયારે આયોજિત પધ્ધતિ સરકાર દરેકની જરૂરિયાતને સરખી રીતે જુએ છે. તે એવી વસ્તુનું ઉત્પાદન કરે છે કે જે દરેકની જરૂરિયાત છે. અને દરેક વચ્ચે સરખી રીતે વેચે છે. તેમાં એવું નથી કે જે લોકો ને વધુ પરવડે તેને વધુ મળે.

આ સેવાઓ જેવી કે આરોગ્ય અને શિક્ષણ,રસ્તાઓ અને ઘરો, દરેક ને સરખી તક આપવામાં આવે છે. તેથી આયોજિત અથર્વ્યવસ્થામાં, સરકાર એવી વસ્તુઓ જગ્યા છોડવી અને સેવાઓનું ઉત્પાદન કરે છે. કે જે લોકો પાસે હોવું જોઈએ. તેથી સરકાર એવી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરશે કે જે પૂરા જથ્થાની જરૂરિયાત સંતોષી શકે. સરકાર ઉત્પાદન અંગે નકકી  કરે છે.તે શક્ય છે સરકાર વધુ કાર અને ટ્રેકટર નું ઉત્પાદન કરી શકે છે જયારે ગ્રાહકની માંગ સ્કુટરની છે. ત્યારે કેવી રીતે ઉત્પાદન કરવું,આયોજિત સત્તા ને ખચ ંઅંગેની જાણકારી નથી અને સાધનો કાયર્કામ રીતે ફાળવેલ હોતાં નથી. સમાજવાદી અથર્વ્યવસ્થા આ સમસ્યા ને હલ કરે છે. કે લોકોની મૂળ જરૂરીયાતો જેવી કે અન્ન,વસ્ત્ર અને રહેઠાણ ને પૂરી કરવી જોઈએ. દરેક ને સરખું મળવું જોઈએ, તેથી જ કહેવાયું છે કે આયોજિત અથર્વ્યવસ્થામાં સાધનોની ફાળવણી આદશ ંરીતે નહી,પસંદગી પ્રમાણે નહી પરંતુ લોકોની જરૂરિયાતની અગ્રિમતા પ્રમાણે છે. આ નિણયી સરકારના છે. તેમ છતાં આ પધ્ધતિ નો પાયો સામાજીક કલ્યાણ ના સિધ્ધાંત પર કાય ંકરે છે.

5.2 1.3 મિશ્ર અથર્તંત્ર માં સાધનોની ફાળવણી :–

મિશ્ર આથિર્ક પધ્ધતિમાં સરકારી આયોજન સાથે મુકત બજાર વ્યવસ્થા  જોવા મળે છે. દુનિયામાં કોઈપણ અથર્તંત્ર સંપૂણ કેન્દ્ર આયોજિત અથવા સંપૂણ ંમુકત બજાર વ્યવસ્થા નથી. મોટા ભાગ ની અથર્વ્યવસ્થા મિશ્ર અથર્વ્યવસ્થા છે. મિશ્ર આથિર્ક પધ્ધતિમાં ખાનગી વિભાગ ધ્વારા વસ્તુઓ અને સેવાઓની પસંદગી નફાના હેતુથી થાય છે. જયારે સરકાર ધ્વારા વસ્તુઓ અને સેવાઓની પસંદગી લોકોની જરૂરિયાત પર આધારિત છે. અહી ઉત્પાદનની કાયર્ક્ષમતા સાથે ન્યાયી વહેંચણી નું સંયોજન છે. સરકાર અછતગ્રસ્ત સાધનોના ઉપયોગ ધ્વારા વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે ત્યારે તે દેશ અને પ્રજાની જરૂરિયાતનો વિચાર કરે છે. જયારે પ્રજા અને પેઢી ખાનગી વિભાગમાં અછતગ્રસ્ત સાધનો વડે ઉત્પાદન કરે ત્યારે તેમનું ધ્યેય મહતમ નફાનું છે. તેથી જ મિશ્ર અથર્વ્યવસ્થા મુકત બજાર વ્યવસ્થાના ફાયદા સાથે કેન્દ્રવતી ંઆયોજન વ્યવસ્થા ના ફાયદા જોવા મળે છે.

## પ્રશ્નોત્તરી 5.3

1. વસ્તુઓ અને સેવાઓનું મુખ્ય ધ્યેય શું છે ?

   (a) મુકત બજાર વ્યવસ્થામાં

   (b) આયોજિત અથર્વ્યવસ્થામાં

2. બજાર વ્યવસ્થામાં કોના માટે વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે ?

આપણે ચર્ચા કરી–કે તમામ સાધનો મર્યાદિત છે અને સાધનો વડે જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન થઈ શકે છે. શું ઉત્પાદન કરવું અને કેટલું ઉત્પાદન કરવું તે નકકી કરવા માટે અને અર્થતંત્રમાં હજારો ઉત્પાદનની સંભાવના છે ત્યારે તેમા સાધનોની અર્થતંત્રમાં સાધનોનો સંપૂર્ણ રીતે રોકાયેલ નથી. તમે જોઈ શકો છો કે આપણા કુટુંબમાં અથવા મિત્રવર્તુળમાં શિક્ષિત બેકારી જોવા મળે છે. તેવીજ રીતે ખેતીમાં પણ જમીન હોવા છતાં વર્ષમાં એકજ વખત પાક લેવામાં આવે છે. આ સારી વસ્તુ નથી આમ તો સાધનોની અછત છે. જો અછતવાળા સાધનોનો સંપૂર્ણ ઉપયોગ ન થાય તો આ તો સાધનોનો વ્યર્થ છે. તેથી જ દરેક અર્થતંત્ર માં તે જરૂરી છે કે અછતવાળા સાધનો વપરાશ વગરના પડયાં ના રહે.

### 5.2.3 સાધનોની વૃધ્ધિ :–

ઉત્પાદનના સાધનો જેવા કે શ્રમ,મૂડી અને ટેક્નોલોજીમાં અમુક સમય માટે વધારો થાય છે. ત્યારે અછતની નોંધ કરવામાં આવે છે. અર્થતંત્રની વૃધ્ધિ માટે સાધનોની વૃધ્ધિ થાય તે જરૂરી છે. જો સાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તો સમાજ માં ઉચું જીવનધોરણ મેળવી શકાય છે. આ રીતે દેશ વિકાસ પામે છે. જો સાધનોની વૃધ્ધિ ન થાય તો દેશ સતત અલ્પવિકસિત રહે છે. તેથી જ અર્થવ્યવસ્થામાં એવો પ્રયાસ કરવામાં આવે છે કે સાધનોમાં સતત વૃધ્ધિ થાય.

### પ્રશ્નોત્તરી 5.4 :–

1. સાધનોના સંપૂર્ણ ઉપયોગ અંગેનું એક ઉદાહરણ આપો.
2. સાધનોમાં વૃધ્ધિ અંગેના બે ઉદાહરણ આપો.

### તમે શું શીખ્યા :–


- પસંદગી ની સમસ્યા ઉભી થાય છે કારણ કે (a) સાધનોની અછત છે. અને (b) સાધનો વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે.
- અર્થતંત્રએ ત્રણ પાયાની આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.કઈ વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરવું,કેવી રીતે ઉત્પાદન કરવું અને કોના માટે ઉત્પાદન કરવું.



નોંધ



- મૂડીવાદી અર્થતંત્રમાં એવી અર્થવ્યવસ્થા છે કે જેમાં ઉત્પાદનના સાધનોનો ખાનગી ઉપયોગ થાય છે. તેમાં વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનનો હેતુ મહત્તમ નફો કમાવવાનો છે.
- આયોજિત અર્થવ્યવસ્થાની પધ્ધતિમાં સરકારની કેન્દ્ર આયોજિત સત્તા દરેક નિર્ણય લે છે શું ઉત્પાદન કરવું, કેવી રીતે ઉત્પાદન કરવું અને કોના માટે ઉત્પાદન કરવું.
- મિશ્ર આર્થિક પધ્ધતિમાં સરકારી આયોજન સાથે મુક્ત બજાર વ્યવસ્થાનું સંયોજન જોવા મળે છે.
- કોઈપણ અર્થતંત્રના વિકાસ માટે, શ્રમ,મૂડી અને ટેકનોલોજીમાં વૃધ્ધિ પ્રાપ્ત થવી જોઈએ .
- જ્યારે અર્થતંત્રના બધા જ સાધનો સંપૂણ ૅરોકાયેલ હોય ત્યારે એક વસ્તુના ઉત્પાદનમાં વધારો કરવા માટે બીજી વસ્તુનો જથ્થો જતો કરવો પડે છે. આવું ક્યારે બને કે જ્યારે ઉત્પાદનની કાયક્ષમતા વધારે હોય.
- જ્યારે સધાનો નો સંપૂણ ઉપયોગ થતો નથી ત્યારે સાધનોનો બગાડ થાય છે. આથી જ દરેક અર્થતંત્રની એ ફરજ છે કે અછતવાળા સાધનો વપરાશ વગર ના પડયાં રહે.



## સત્રાંત કસોટી :–

Q.1 અને Q.2 માં સાચો જવાબ પસંદ કરો.

1. અર્થતંત્રમાં કેન્દ્રવતી ૅસમસ્યા ઉભી થાય છે. કારણ કે.....
   1. ઘણી વસ્તુ બજારમાં વેચાઈ છે.
   2. સરકાર નિણયી લે છે.
   3. શ્રમની અછત છે.
   4. જરૂરિયાતોની બહુવિધતા અને સાધનોની અછત
2. પસંદગી એ પાયાની આથિર્ક વતર્ણૂક છે કારણ કે.......
   1. લોકોને પસંદગીમાં મુશ્કેલી પડે છે તેને શું જોઈએ છે.
   2. સાધનોની અછતનો સંબંધ લોકોની જરૂરિયાત સાથે છે.
   3. માણસ બુધ્ધિપૂવર્ક વતે ૅછે.
   4. વસ્તુની કિંમત તેની પસંદ પર આધારિત છે.
3. અછત અને પસંદગી સાથે કઈ રીતે થાય છે તે સમજાવો.

4. આવું શા માટે કહેવાય છે કે મુક્ત બજાર વ્યવસ્થામાં સાધનોની વહેંચણી કાયર્ક્ષમતા પૂવર્ક થાય છે ?
5. ત્રણ કેન્દ્રવતી ર્સમસ્યા એક ઉદાહરણ સાથે સમજાવો.

## પ્રશ્નોત્તરી ના જવાબો :–

પ્રશ્નોત્તરી 5.2 :–

1. સાધનોની અછત
2. (i) શું ઉત્પાદન કરવું (ii) કેવી રીતે ઉત્પાદન કરવું (iii) કોના માટે ઉત્પાદન કરવું.

પ્રશ્નોત્તરી 5.3 :–

1. (i) નફાનો હેતુ
   (ii) સામૂહિક જરૂરિયાતનો સંતોષ
2. કે જે ચૂકવણી કરે છે.

પ્રશ્નોત્તરી 5.4 :–

1. શ્રમિકો માં બેરોજગારી
2. વસ્તી વૃધ્ધિની સાથે કુશળ કામદારો અને બિનકુશળ કામમારોમાં વધારો થાય છે.

# 6

# પાયાની આથિર્ક પ્રવૃતિઓ

ઉત્પાદન,વપરાશ અને મૂડીરોકાણ તે અથર્તંત્રની પાયાની આથિર્ક પ્રવૃતિઓ છે. અછતવાળ ા સાધનોના ઉપયોગથી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. જેનો ઉદ્દેશ જરૂરિયાતોને સંતોષવાનો છે. વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનની પ્રક્રિયા જમીન,મૂડી,શ્રમ અને નિયોજક જેવા સાધનો ધ્વારા થાય છે. દરેક સાધન ને જેમ કે જમીનને ભાડું,મૂડી ને વ્યાજ અને વળતર,શ્રમ ને વેતન અને નિયોજક ને નફો મળે છે.વસ્તુઓ અને સેવાઓના વપરાશથી વ્યકિત ને અથવા સમૂહને સીધો જ સંતોષ મળે છે. અત્યારનું ઉત્પાદન તે ભવિષ્યની બચત છે કે જે મૂડીમાં વધારો કરે છે. જેમ કે પ્લાન્ટ,મશીનરી,બિલ્ડીંગ વગેરે મૂડી છે. દર વર્ષે ઉત્પાદનમાં વધારો થાય તે ભવિષ્ય માટે આવશ્યક છે. તેથી જ ઉત્પાદન વપરાશ માટે અથવા મૂડીરોકાણ અથવા બન્ને માટે થાય છે.

## ઉદ્દેશો :–

આ સ્વાધ્યાય ના પૂર્ણ થતાં,તમે જાણી શકો છો :–

- ઉત્પાદન અંગે ની સમજૂતી અને ઘ્યેય
- ઉત્પાદનના સાધનો અંગેની જાણકારી અને સાધનોની આવક
- વપરાશ વસ્તુઓ અંગેની જાણકારી
- ઉત્પાદન અને વપરાશ મૂડી રોકાણમાં કઈ રીતે મદદરૂપ છે.
- આથિર્ક પ્રવૃતિ નો ચક્રીય પ્રવાહ અંગેની સમજૂતી

## 6.1 ઉત્પાદન :–

છેલ્લા સ્વાધ્યાયમાં તમે સાધનોની અછત અને પસંદગી અંગે શીખ્યા. આ અછતવાળા સાધનો ના ઉપયોગથી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. ઉત્પાદનનો ઘ્યેય આપણી જરૂરિયાત સંતોષવાનો છે. આ વસ્તુઓ અને સેવાઓનું બજારમાં વેચાણ થાય





છે, અથવા સરકાર ધ્વારા ન્યૂનતમ ભાવમાં આપવામાં આવે છે તેથી ઉત્પાદનની વ્યાખ્યા જરૂરીયાતનું નિમાર્ણ કરે છે. ઉત્પાદનની પ્રવૃતિ વસ્તુઓ અને સેવાઓમાં રોકાયેલી છે. જે માણસ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને ઉત્પાદક કહેવામાં આવે છે. ઉત્પાદક જમીન,મૂડી,શ્રમ અને નિયોજકના સંયોજનથી અને કાચા માલ વડે વિવિધ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. જમીન,મૂડી,શ્રમ અને નિયોજક ઉત્પાદનના સાધનો છે. ઉત્પાદક વિવિધ સાધનોના સંયોજન વડે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. હવે આપણે ઉત્પાદનના સાધનો વિષે જોઈએ.

6.1.1 જમીન :–

જમીન એ કુદરતી ભેટ છે તેમાં સપાટ જમીન,પવતી અને ખડકાળ વિસ્તારનો સમાવેશ થાય છે.સપાટ જમીન તે ખેતી અને ઉદ્યોગ માટે ઉપયોગી છે. નદીનો પ્રવાહ પવતી પર થી સપાટ જમીન પર પડે છે.તે પ્રવાસીઓને સગવડતા પૂરી પાડે છે. ખડકાળ જમીન તેમાં ખનીજ,ખાણો અને જંગલોનો સમાવેશ થાય છે. સપાટ જમીનમાં અનાજ,શાકભાજી,ફળો વગેરે ખેતવિષયક વસ્તુઓનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત લોકો પશુપાલન,મત્સ્ય ઉદ્યોગ અને જંગલ વિષયક પ્રવૃતિ કરે છે. તે પણ સંકળાયેલ પ્રવૃતિ છે. ઘણી સપાટ જમીન ઉદ્યોગની સ્થાપના માટે અને શહેરી વિસ્તારના વિકાસ માટે જેમકે નગરો અને શહેરોના વિકાસ માટે સ્થાપિત થયેલ છે.

6.1.2 શ્રમ :–

વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં શારીરિક અને માનસિક શ્રમ નો સમાવેશ થાય છે. વ્યક્તિ ખેતરમાં કામ કરે તો તે શારીરીક શ્રમ જયારે વ્યક્તિ ચોપડી લખે તો તે માનસિક શ્રમ છે.માણસ કે જે પ્રયત્ન કરે છે તેને માનવ સાધનો તરીકે ઓળખવામાં આવે છે.ઉત્પાદનની પ્રવૃતિમાં કુશળ અને બિનકુશળ શ્રમની જરૂર પડે છે.શુઘ્ધ શારીરીક શ્રમિક કે જે ભાર વહન કરે છે ખેતર ખેડે છે વગેરે કે જેમાં કોઈ ખાસ કુશળતાની જરૂર નથી. પરંતુ ડોકટર,એન્જિનિઅર,શિક્ષક,વકીલ,મિકેનીક ઈલેકટ્રીશ્યન અથવા દરજી બનવા માટે નિપુણતા જરૂરી છે. કે જે શિક્ષણ અને તાલીમ ધ્વારા મેળવી શકાય છે.

6.1.3 મૂડી :–

મૂડી વડે આપણે બધા જ માનવસજીર્ત સાધનો અને બધા જ પ્રકારની સંપત્તિ નો ઉત્પાદનમાં ઉપયોગ કરી શકી એ છીએ. મૂડીમાં મશીનરી,સાધનો,બિલ્ડીંગ,ઓજારો વગેરેનો સમાવેશ થાય છે. જયારે જમીન એ કુદરતી સાધન છે મૂડી એ માનવસજીર્ત સાધન છે. મૂડી ના ઉપયોગ વડે ઉત્પાદનના અન્ય સાધનો જેવાકે જમીન અને શ્રમની કાયર્ક્ષમતામાં વધારો કરી શકાય છે. સિંચાઈની સગવડતા અને મશીન ધ્વારા,જમીનની કાયર્ક્ષમતામાં વધારો કરી શકાય છે.જયારે મૂડી એ ઉત્પાદનનું હકારાત્મક ઘટક છે અને તેના વગર શ્રમને કામે લગાડી શકાતું નથી. મૂડી એ જીંદગી નો મયાર્દિત પુલ છે અને ચોકકસ સમયગાળામાં વપરાશમાં રહે છે. નાના સાધનો જેવા કે કેલકયુલેટર,સ્ક્રુ ડ્રાઈવર અને ભારે સાધનો જેવાકે

એન્જીન,ટ્રેક્ટર,શીપ વગેરે સ્થિર મૂડીના ઉદાહરણ છે  જે ઉત્પાદનમાં ઘણા વર્ષો સુધી કામ આપે છે. સ્થિર મૂડીમાં બિલ્ડીગ અને ભારે મશીનનો પણ સમાજેશ થાય છે. ચાલુ મૂડી કે જેમાં કાચો સામાન જેવા કે રૂ, કપાસ,માટી ખાતર,બિયારણ વગેરે કે જેનો ઉત્પાદનની પ્રક્રિયા માં ઉપયોગ થાય છે.

6.1.4 નિયોજક :–

અમુક વ્યકિત જમીન,શ્રમ અને મૂડી ના સંયોજન ધ્વારા વસ્તુઓ અને સેવાઓની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ કરે છે. તે જમીન,મૂડી અને શ્રમ ને દોરવણી આપે છે. વસ્તુનું ઉત્પાદન કેટલા જથ્થામાં કરવું,કયા સાધન પાછળ પૈસા ખચર્વા અને કાચો માલ ,વસ્તુ ઓનું વેચાણ વગેરે અંગેની જવાબદારી નિભાવે  છે.નિયોજનક્ષમતા તે ઉત્પાદન પ્રવૃતિની કલા છે જે વ્યકિત ઉત્પાદનની  વ્યવસ્થા અને જોખમો ઉઠાવી નફા નુકશાનની અનિશ્ચિતતા વેઠે છે તેને નિયોજક કહેવામાં આવે છે. તેનામાં નેતૃત્વની શકિત,બુધ્ધિશકિત હિંમત અને સંપૂર્ણ જાણકારી ધરાવવનો ગુણ ધરાવે છે. નિયોજકનો ઉદ્દેશ આપેલ સાધનો વડે મહત્તમ ઉત્પાદન કરવાનો છે. અને ઉત્પાદનના વેચાણ માટે વ્યવસ્થા કરે છે. તે / તેણી ઉત્પાદનના અન્ય સાધનોને વળતર આપવા માટે જવાબદાર છે.

તે/તેણી શ્રમને વેતન,મૂડી ને વ્યાજ અને જમીન માલિક તે ભાડું ચૂકવે છે. તેવી જ રીતે ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયામાં તે નફો કમાઈ છે.તેથી જ આ ચૂકવણી,ભાડું,વ્યાજ,વેતન અને નફો કે જે ઉત્પાદનના સાધનો માટે તેને સાધન આવક તરીકે પણ ઓળખી શકાય.

## પ્રશ્નોતરી 6.1 :–

1. નીચે શર્ટના ઉત્પાદન માટે સાધનોનું લિસ્ટ આપેલ છે. તેને કુદરતી સાધન,માનવસાધન,સ્થિરમૂડી અને ચાલુ મૂડીના ગૃપમાં દર્શાવો.

(સુતર, મશીનરી, દરજી, ઉદ્યોગ માટેની જમીન, લાકડાનો દરવાજો, રંગ, ડાય, બિલ્ડીંગ, સીવવાનો સંચો, ટેલીફોન, માર્કેટીંગ મેનેજર, જાહેરાતી મેનેજર, પેકીંગ મશીન, કાતર, બટન, બેંકલોન, રોકડ પૈસા)

2. નીચેનામાંથી કઈ જમીનની લાક્ષણિકતા નથી.

(a) મોબાઈલ (b) કુદરતી ભેટ (c) મર્યાદિત જથ્થો (d) અવિનાશી

## 6.2 સાધન આવક :–

ઉત્પાદનના સાધનોની માલિકી લોકોની છે જમીનદાર ધ્વારા જમીનનું સંચાલન થાય છે શ્રમિક ધ્વારા શ્રમ નું સંચાલન થાય છે. મૂડી નું સંચાલન લોકો ધ્વારા થાય છે કે જેની



નોંધ

પાસે મૂડીવિષયક વસ્તુઓ હોય છે. નિયોજનક્ષમતાની માલિકી નિયોજક વડે થાય છે. ઉત્પાદના ઘટકોને તેની ઉત્પાદન ક્ષમતા ના બદલા માં વળતર મળે છે. જ્યારે તમે જમીન નો ટુકડો ભાડે રાખો છો ત્યારે તમે તે જમીનના ઉપયોગના બદલામાં જમીનદાર ને ભાડું ચૂકવો છો તેથી જ ભાડુઆત તેની જમીનની સેવાના બદલામાં ભાડું ચુકવે છે. શ્રમના તેના કામના બદલામાં વળતર મળે છે. તેમાં બધા જ કામદારો,કારીગરો,ટેકનિકલ કામદાર વગેરે. તે/તેણી શ્રમના બદલામાં વળતર ચૂકવે છે. જ્યારે કામદારો ને ભાડે રાખીએ ત્યારે વાસ્તવમાં તેની સેવાને ભાડે રાખીએ છીએ. જ્યારે બેંકમાંથી ટ્રેકટર,બિયારણ,મશીનરી વગેરે ખરીદવા લોન લેવામાં આવે છે ત્યારે બેંકને વ્યાજ ચૂકવવામાં આવે છે. તેથી જ ભાડું જમીનદાર ને,શ્રમિક ને વેતન,મૂડી સાધનની માલિક ને વ્યાજ અને નિયોજક ને નફો મળે છે. તેની સેવાના બદલામાં ચૂકવણી કરવામાં આવે છે.તેથી જ તેને સાધન ચૂકવણી અને આવકને સાધનઆવક કહેવામાં આવે છે.

## પ્રશ્નોત્તરી 6.2 :–

રામસિંઘ એક ખેડૂત છે કે જે હરિયાણાના ગામડામાં રહે છે. તેની પાસે બે હેકટર જમીન ની માલિકી છે. તે અને તેની પત્ની રાની ખેતરમાં કામ કરે છે.શરૂઆતમાં તે માત્ર ચોખા ને ઉગાડતા હતા હવે તે જમીન ની ઉત્પાદનક્ષમતામાં વધારો કરવા માટે બે પાક ઉગાડવા માંગે છે. સારૂં બિયારણ અને સિંચાઈ માટે તેને પૈસા ની જરૂર પડે છે તેની પાસે પૂરતા પૈસા નથી તેથી જ બન્ને બીજા ના ખેતરમાં શ્રમિક તરીકે કામ કરે છે. તે થોડા પૈસા બચાવી ને ખાતર,બિયારણ,પંપ સેટ વગેરે ખરીદે છે. સખત મહેનત પછી, તે બે પાક ચોખા અને બટેટા ઉગાડે છે. તે થોડા ચોખા અને બટેટા પોતાના ઉપયોગ માટે અને બાકીનાનું વેચાણ કરે છે.તેને રૂ. 12,000 ની કમાણી આ પાકના વેચાણથી થાય છે.

- આ વાતાર્માં ઉત્પાદનના સાધનો ને ઓળખી બતાવો.
- આ ઉદાહરણમાં કઈ મૂડીવિષયક વસ્તુ દશાર્વેલ છે.

## 6.3 વપરાશ :–


ઉત્પાદનનો ઉદ્દેશ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વપરાશ માટે કરવાનો છે.વપરાશી વસ્તુઓથી વ્યકિતગત જરૂરિયાત અને માનવ જરૂરિયાતો સંતોષાય છે. પોતાની જરૂરિયાત સંતોષવા માટે વસ્તુઓ અને સેવાઓ જેવી કે સાઈકલ,ફનિર્ચર,ટી.વી સેટ,મોટરકાર,ફ્રીજ,દૂધ,અનાજ,તેલ,સાબુ વગેરે ઘરગથ્થુ વપરાશી વસ્તુની ખરીદી થાય છે અને સેવાઓમાં વાળંદ,દરજી,દાકતર,બેંક,વીમાકંપની વગેરે ઉત્પાદન અને વપરાશ વચ્ચે આ સેવાઓમાં સમય તફાવત નથી.આમ ઉત્પાદન અને વપરાશ વારંવાર ઉદ્ભવે છે. તેનો

વપરાશ થાય પછી તરત જ ઉત્પાદન થાય છે. દા.ત. ડોક્ટરની સેવાઓ,વકીલ,શિક્ષક વગેરે. જયારે તમે ડોકટર પાસે દાક્તરી સેવા લેવા જાવ છો ત્યારે તે તેની સેવાનો વપરાશ કરે છે. જયારે વસ્તુની બાબતમાં ઉત્પાદન અને વપરાશ વચ્ચે સમય તફાવત રહેલો છે વસ્તુઓનો વપરાશ ત્યારે થાય કે જયારે તેની ખરીદી થાય છે. તેથી જ ચોક્કસ ટકાઉ વસ્તુઓ જેવી કે ફર્નિચર,સાઈકલ વગેરે ઘણા વર્ષો સુધી સતત સેવા આપે છે.તેમ છતાં તેની ખરીદી થાય પછી વપરાશ થાય છે.

## 6.4 મૂડી સર્જન :–

અર્થતંત્રની ત્રીજી મહત્વની પ્રવૃતિ મૂડીસર્જન છે. તમે જોયું કે ઉત્પાદનના સાધનોના માલિક ને તે ઉત્પાદકીય પ્રવૃતિના બદલામાં આવક મળે છે. તે તેની આવકનો મોટો ભાગ વસ્તુઓ અને સેવાઓ પાછળ જેવી કે અનાજ, કપડાં ,ફર્નિચર, ઘર,સાઈકલ,શિક્ષણ, સ્વાસ્થ વગેરે પાછળ ખર્ચે છે. તેમ છતાં તે બધી જ આવક ખર્ચી નાખતા નથી તેમાંથી અમુક ભાગની બચત કરે છે અને ભવિષ્ય માટે બેંકમાં જમા કરે છે.દા.ત. કોઈ એક વ્યક્તિની આવક 500 રૂ. છે. જો તે બધી જ આવક વાપરી નાખે તો બચત થતી નથી પરંતુ તે રૂ.300 વાપરે તો રૂ. 200 બેંકમાં જમા થાય છે. બેંક આ પૈસાનો ઉપયોગ ઉદ્યોગમાં કરે છે. મૂડી સર્જન વર્તમાન વપરાશને જતી કરવાથી મળે છે.તેની બચત તરીકે નોંધ થાય છે. પરંતુ જો માણસ પૈસાની બચત કરે અને તે પૈસા ઘરમાં જ રાખે તો તેનું મૂડી સર્જનમાં રૂપાંતર થતું નથી. તેને જ બચત મૂડી કહેવાય કે જેનું મૂડીવિષયક વસ્તુમાં રોકાણ થાય છે. તેથી ચાલુ વપરાશ ને ભૂલી ને તેનો ઉપયોગ ભવિષ્ય ના મૂડીવિષયક બાબતો જેવી કે પ્લાન્ટ ,મશીનરી,બિલ્ડીગ વગેરે. દર વર્ષે ઉત્પાદનમાં વધારો થાય તે ભવિષ્ય માટે જરૂરી છે. આમ, મૂડી વિષયક વસ્તુઓમાં દર વર્ષે થતો વધારો તે મૂડીસર્જન અથવા મૂડી રોકાણ છે. તેવી જ રીતે રાષ્ટ્રના ઉત્પાદનમાં પ્લાન્ટ અને મશીનરી વડે ઉત્પાદનમાં સતત વધારો અને ઉત્પાદનક્ષમતાની જાળવણી થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. સરવાળે જે ઉત્પાદન થાય છે તેનો વપરાશ થાય છે. અથવા મૂડીસર્જન થાય છે અથવા બન્ને.

આ ત્રણેય પ્રવૃતિ ઉત્પાદન,વપરાશ અને મૂડીસર્જન આંતરસંબંધ ધરાવે છે.જો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારો થાય તો વપરાશ વધે છે અને મૂડીસર્જન થાય છે. જો વપરાશમાં વધારો થાય તો તે દર્શાવે છે કે લોકોના જીવન–ધોરણ માં સુધારો થયો છે. અને મૂડીસર્જન તે દેશના વિકાસ માટે ઘણું જ અગત્યનું છે. વધારે વપરાશ તો જ શકય બને જો ઉત્પાદન




વધારે હોય અને વધારે ઉત્પાદન માટે વધારે મૂડીસજર્ન જરૂરી છે. આમ ત્રણેય આથિર્ક પ્રવૃતિનો વિકાસ માટે એકબીજા પર અસર પડે છે.

## પ્રશ્નોત્તરી 6.3 :–

1. બે ઉદાહરણ આપો – ટકાઉ વસ્તુઓ – બિનટકાઉ વસ્તુઓ
2. એક વષર્માં વપરાશ કરતા ઉત્પાદનમાં વધારો. આ શુ દશાર્વે છે ?
3. ઉત્પાદન, વપરાશ અને મૂડીસજર્ન કઈ રીતે કાયર્ કરે છે ?

## તમે શું શીખ્યા :–

– ઉત્પાદન, વપરાશ અને મૂડીસજર્ન આ ત્રણ મુખ્ય આથિર્ક પવૃત્તિ છે
– ઉત્પાદનની વ્યાખ્યા ઉપયોગીતા દશાર્વે છે?
– વ્યાજ, વેતન, ભાડુ અને નફો એ ઉત્પાદનના સાધનો ને મળતું વળતર છે તેથી જ ઉત્પાદનના સાધનોના માલિક ને મળતી આવક તે સાધન આવક કહેવામાં આવે છે
– વપરાશનો અથર્ વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કે જે સીધી જ વ્યક્તિગત જરૂરિયાત અથવા સામૂહિક જરૂરિયાતો નો સંતોષ છે.

નોંધ

## સત્રાંત કસોટી :–

1. ખેતી ની જમીન એ સ્થિરમૂડી છે. તેની ઉત્પાદકતા કઈ રીતે વધે છે ?
2. શ્રમ ની ઉત્પાદકતામાં વધારો કઈ રીતે થાય છે ?
3. નિયોજક નું મહત્વનું કાય઼ શું છે ?
4. મૂડી એ શ્રમની ઉત્પાદકતામાં કરી રીતે વધારો લાવે છે ?
5. એક વર્ષમાં વપરાશ કરતાં ઉત્પાદનમાં વધારો. આ શું દર્શાવે છે ? બે વસ્તુઓ જણાવો કે જે અર્થતંત્રમાં મૂડીસર્જનમાં મદદરૂપ છે.
6. ત્રણ અગત્યની આર્થિક પ્રવૃતિ જણાવો અને તેની વચ્ચેનો આંતર સંબંધ જણાવો.
7. સાઈકલની ખરીદી ઘરકામ માટે તે––––
   1. મૂડી સર્જન
   2. ઘરકામ માટે ઉત્પાદન
   3. વપરાશ
   4. પોતાના વપરાશ માટે ઉત્પાદન
8. ક્યું વિધાન સાચું છે કે ખોટું :–

(a) મૂડી સર્જન તે દેશની મૂડીમાં વધારો કરે છે.

(b) ઘરના બગીચામાં શાકભાજીનું વાવેતર તે ઉત્પાદન નો ભાગ નથી.

(c) ખેડૂત પોતાના માટે ઘઉંનું ઉત્પાદન કરે તો તે ઉત્પાદનનો ભાગ છે.

(d) શિક્ષક સ્કૂલમાં ભણાવે તે ઉત્પાદન છે

(e) વિધાથી સ્ટેશનરીનો ઉપયોગ કરે તે ઉત્પાદન છે

(f) કુટુંબના સભ્યો ધ્વારા કૂવો ખોદવો પોતાના જ ખેતર માટે તે મૂડી સર્જન છે.

(g) ટ્રકમાં ગામડામાંથી નજીકના શહેરના માર્કેટમાં ઘઉંનું પરિવહન કરવું તે ઉત્પાદનનો ભાગ છે

9. <u>ખાલી જગ્યા પૂરો</u> :–

(a) સરકાર ધ્વારા રોડનું બાંધકામ તે..........
   (ઉત્પાદન / મૂડી સર્જન )

(b) ખેડૂત ધ્વારા ટ્રેકટરની ખરીદી તે........... ભાગ છે
   (ઉત્પાદન / વપરાશ )

(c) વ્યકિત ધ્વારા નવા ઘરની ખરીદી તે..............
   (વપરાશ / ઉત્પાદન )

(d) એક ડોક્ટર દર્દીને તપાસે એ............
   (ઉત્પાદન / વપરાશ )

(e) એક વિદ્યાર્થી સ્કૂલમાં ભણે છે તે.........
(ઉત્પાદન / વપરાશ )

✷ પ્રશ્નોત્તરી 6.1 :–

1. કુદરતી સાધનો – ફેક્ટરીની જમીન
માનવ સાધનો – દરજી, માર્કેટીંગ મેનેજર, એડ.મેનેજર
સ્થિર મૂડી – મશીનરી, લાકડાના દરવાજા, બિલ્ડીંગ, સીવવાનો સંચો, ટેલીફોન, કાતર
ચાલુ મૂડી – સુતર, ડાઈ, બટન, બેંકલોન, રોકડપૈસા

2. અ

✷ પ્રશ્નોતરી 6.3 :–

(1) ટકાઉ વસ્તુ – ટી.વી, ફ્રીજ, વાશીગ મશીન વગેરે
નાશવંત વસ્તુ – બ્રેડ, બટર, દૂધ, લોટ
સેવાઓ – વાળંદની સેવા, શિક્ષકની સેવાઓ, ડોકટરની સેવાઓ

(2) તે મૂડી સર્જનમાં પરિણમે છે.

(3) વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારો તે વપરાશમાં અને મૂડી સર્જનમાં વધારો દર્શાવે છે વધારે વપરાશ તો જ શકય બને છે જો ઉત્પાદન વધુ હોય અને વધારે મૂડી સર્જન તો જ શકય બને જયારે ઉત્પાદન વપરાશ કરતાં વધારે હોય.

# MODULE - 3

## ઉત્પાદીત વસ્તુઓ અને સેવાઓ

7. ઉત્પાદન

8. ખર્ચ અને આવક




નોંધ

# 7

# ઉત્પાદન

આપણી જરૂરિયાતના સંતોષ માટે આપણે વિવિધ પ્રકારની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરીએ છીએ. વસ્તુઓનું ઉત્પાદન ખેતીના ક્ષેત્રમાં,ફેક્ટરી,પેઢી,ઉદ્યોગ ધ્વારા થાય છે જયારે સેવાઓનું ઉત્પાદન દુકાન,ઓફીસ,હોસ્પિટલ,સ્કૂલ,કોલેજ,હોટલ,બેંક અને ઘણી જગ્યા એ થાય છે.અથર્તંત્રમાં, લાખો વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. ઉત્પાદન એ ઉત્પાદનના ચાર સાધનો ના સંયોજન વડે થાય છે.આ ચાર સાધનો જમીન,શ્રમ,મૂડી અને નિયોજનક્ષમતા છે. તેને આપણે નિવેશ અથવા સંસાધનો તરીકે ઓળખીએ છીએ. ઈનપુટ અને આઉટ પુટના સંબંધ ધ્વારા સાધનોનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે. ( નિવેશ એટલે સાધનોનું પ્રમાણ અને આઉટ પુટ એટલે ઉત્પાદનનું પ્રમાણ.)



## ઉદ્દેશો :–

આ સ્વાઘ્યાય પૂણ થતાં તમે જોઈ શકો છો :–

- ઉત્પાદન વિધેય નો ખ્યાલ.
- વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન ની જુદી જુદી રીતો.
- કુલ ઉત્પાદન,સરેરાશ ઉત્પાદન અને સીમાંત ઉત્પાદનની શરતો ઘટતી સીમાંત પેદાશનો નિયમ.
- ઘટતી સીમાંત પેદાશ નો નિયમ.
- ઉત્પાદન ની પધ્ધતિ અને ઉત્પાદન પ્રવૃતિ સંસ્થાઓ.
- ઉત્પાદન ના સાધનોની ભૂમિકા.
- પેઢી અને ઉદ્યોગની ભૂમિકા અને મહત્વ.
- અથર્તંત્ર માં ઉત્પાદક ના જુદા જુદા પ્રકારો.

નોંધ

## 7.1 ઉત્પાદન વિધેય નો ખ્યાલ :–

ઉત્પાદન એ સાધનપ્રમાણનું ઉત્પાદન પ્રમાણમાં ફેરબદલી દશાર્વે છે. જે સાધનોનો ઉત્પાદન માં ઉપયોગ થાય છે તેને સાધનપ્રમાણ કહેવામાં આવે છે અને જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેને ઉત્પાદન પ્રમાણ કહેવામાં આવે છે. ઉ.દા. માટે, આપણને ખેતીની જમીન,બિઆરણ,ખાતર,ઓજારો,પાણી,જંતુનાશક દવાઓ અને ટ્રેકટર વગેરે સાધનોની જરૂર પડશે.બધા જ સાધનોના સંયોજન વડે ચોકકસ માત્રામાં ચોખાનું ઉત્પાદન થાય છે.ઉત્પાદન વિધેય એ સાધન પ્રમાણ અને ઉત્પાદનપ્રમાણ વચ્ચ નો ટેકનિકલ સંબંધ દશાર્વે છે. તે દશાર્વે છે કે આપેલ સાધન પ્રમાણના જથ્થાની મદદથી વધુમાં વધુ ઉત્પાદન પ્રમાણનું ઉત્પાદન કરવું.

ટૂંકમાં, ઉત્પાદન પ્રમાણ તે જમીન,શ્રમ,મૂડી અને નિયોજનક્ષમતા અને જરૂરીકાચો માલ જેવા સાધનપ્રમાણ નું વિધેય છે. તેથી જ ઉત્પાદન પ્રમાણ અને સાધનપ્રમાણ વચ્ચે સીધો સંબંધ છે. જો સાધનપ્રમાણ માં વધારો થાય તો ઉત્પાદન પ્રમાણમાં પણ વધારો થાય છે. દરેક ઉત્પાદકનો હેતુ આપેલ સાધનોથી વધારે જથ્થામાં ઉત્પાદન મેળવવાનો છે. ઉત્પાદનના સાધનોના સંયોજનથી ચોકકસ પ્રકારનું ઉત્પાદન પ્રમાણ મેળવી શકાય છે.ઉ.દા. તરીકે દરજીની દુકાન, તેને એક એવા માણસની જરૂર છે કે જે માપ લઈને કટીંગ કરે છે. એક માણસ સીવવાના સંચા પર સિલાઈ કરે છે. કાયર્ભાર એક કરતાં વધારે મશીનઅને માણસ દ્વારા થાય છે. ઉત્પાદનની પધ્ધતિ કે ટેકનોલોજી નું ગુણોત્તર પ્રમાણ કે જે સાધનપ્રમાણ ના સંયોજન વડે ઉત્પાદન થાય છે. તેથી જ ઉત્પાદન વિધેય એવું દશાર્વે છે કે વધાર માં વધારે ઉત્પાદન પ્રમાણ તે જુદાજુદા સાધનપ્રમાણ ના સંયોજન વડે થાય છે.

### પ્રનોત્તરી 7.1 :–

1. સાધનપ્રમાણ જણાવો ?
2. ઉત્પાદનપ્રમાણ જણાવો ?
3. ઉત્પાદન વિધેય વિષે જણાવો ?

## 7.2 ઉત્પાદન ની જુદી જુદી પધ્ધતિ :–

વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન એક કરતાં વધુ રીતે થાય છે.ઉ.દા. તરીકે કાપડ નું ઉત્પાદન હેન્ડલૂમના ઉપયોગ વડે અથવા પાવરલૂમના ઉપયોગથી કરવામાં આવે છે. પહેલી રીતમાં શ્રમ પ્રધાન પધ્ધતિ અને બીજી રીતમાં મૂડી પ્રધાન પધ્ધતિથી ઉત્પાદન કરવામાં આવે છે. જ્યારે ખેડૂત લાકડાનું હળ,બળદ વગેરે દ્વારા અનાજનું ઉત્પાદન કરે ત્યારે તે શ્રમ પ્રધાન પધ્ધતિનો ઉપયોગ કરે છે. જયારે બીજી બાજુ તે ટેકટ્ર,પંપ સેટ,અનાજના ઉત્પાદન માટેના સાધનો કે જેમાં મૂડી પ્રધાન પધ્ધતિનો ઉપયોગ થાય છે ઉત્પાદનની પધ્ધતિના બે પ્રકાર છે.

1. શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિ
2. મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ

**શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિ**

જ્યારે આપણે વધારે શ્રમ અને ઓછી મૂડી નો ઉત્પાનમાં ઉપયોગ કરીએ છીએ તેને શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવામાં આવે છે. આ પ્રકારની પધ્ધતિ ઘરવપરાશની વસ્તુઓ કે જે પોતાના માટે વપરાશની છે અથવા નાના પાયા પર ઉત્પાદન કરવામાં આવે છે.

**મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ**

જ્યારે આપણે વસ્તુના ઉત્પાદનમાં મૂડીનો ઉપયોગ વધારે કરીએ અને શ્રમનો ઓછો ઉપયોગ કરીએ ત્યારે તેને મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવામાં આવે છે. આ પ્રકારની પધ્ધતિ કે જેમાં મોટા પ્રમાણમાં ઉત્પાદન થતુ હોય છે અને તેનો હેતુ નફો કમાવાવનો હોય છે.સહકારી મંડળી અને સરકારી ઉત્પાદકો સામાન્ય રીતે મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ કરે છે. કારણકે તેને વસ્તુઓ અને સેવાઓનું વધારે પ્રમાણમાં ઉત્પાદન જોઈએ છે.

બીજી ધારણા મુજબ ઉત્પાદન પ્રવૃતિ એ શ્રમ વિભાજન પર આધારિત છે. શ્રમ ના વિભાજન ધ્વારા કામદારોની કાયર્ક્ષમતામાં વધારો કરી શકાય છ, અને મોટા પ્રમાણમાં ઉત્પાદન શક્ય બને છે. શ્રમ વિભાજનનો અથ ર્એટલે, ઉત્પાદનમાં ઘણી બધી પ્રવૃતિઓ રહેલી છે અને આ દરેક પ્રવૃતિમાં વિવિધ કામદારો તેની આવડત પ્રમાણે રોકાયેલ હોય છે. શ્રમ વિભાજનના મુખ્ય બે પ્રકારો છે.

1. માલ આધારિત શ્રમ વિભાજન :–

જો કોઈ કામદાર કોઈ એક જ વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં વિશિષ્ટતા ધરાવે તો તેને માલ આધારિત શ્રમના વિભાજન કહેવામાં આવે છે.દા.ત. નાનો ખેડૂત,કુંભાર,મોચી અથવા સુથાર આપણે જોઈએ છીએ કે આ માલ આધારિત શ્રમનો પ્રકાર છે. ભારત જેવા અલ્પવિકસિત દેશ માટે આ એક ગૃહઉદ્યોગ છે. જ્યારે આપણે પોતાના વપરાશ માટે અથવા નાનાપાયા પર ઉત્પાદન કરી એ છીએ.દા.ત.આપણા દેશના મોટા ભાગના ખેડૂતો અનાજનું ઉત્પાદન પોતાના માટે કરે છે.

2. પધ્ધતિ આધારિત શ્રમ વિભાજન :–

જ્યારે મોયા પાયા પર ઉત્પાદન થતું હોય, જેમ કે કોપોર્રેશન,ગવર્મેન્ટ એન્ટરપ્રાઈસ વગેરે કે જેમાં ઉત્પાદન વધારે પ્રમાણમાં થાય છે.ત્યારે ત્યાં પધ્ધતિ પર આધારિત શ્રમ વિભાજનનો ઉપયોગ થાય છે. આ પધ્ધતિમાં વસ્તુના ઉત્પાદનના ભાગ પાડવામાં આવે છે અને જેની જે કામમાં વિશિષ્ટતા હોય તેને એક અથવા બે કામમાં રોકવામાં આવે છે. તેને પધ્ધતિ પર આધારિત શ્રમનો પ્રકાર કહેવામાં આવે છે.દા.ત. બ્રિટાનીઆ કંપની જ્યારે બ્રેડ ને બનાવે છે ત્યારે કાચા માલ તરીકે ઘઉંના લોટ નો બ્રેડ માટે ઉપયોગ થાય છે.ઘઉંના લોટમાંથી બ્રેડ બનાવવા માટે ત્રણથી ચાર રીતમાંથી પસાર થાય છે. સૌ પ્રથમ લોટ ની કણક બાંધવામાં આવે છે આ કણકને એક વાસણમાં પેક કરવામાં આવે છે. આ વાસણને ઓવનમાં શેકવા માટે મૂકવામાં આવે છે. આ

નોંધ

શેકેલી બ્રેડ ને ચોકક્સ પ્રકારમાં કટ કરીને તેને પેક કરવામાં આવે છે. બ્રેડના ઉત્પાદનની બધી જ પધ્ધતિમાં વિવિધ કામદારો ને રોકવામાં આવે છે.કોઈપણ વ્યકિત એવો દાવો ન કરી શકે કે બ્રેડ નું ઉત્પાદન તેના ધ્વારા થયું છે.

સરકારી વિભાગમાં પણ,પધ્ધતિ પર આધારિત શ્રમ વિભાજનનો ઉપયોગ થાય છે. દા.ત. શેરીની લાઈટ કે જે નવા કોમ્પ્લેક્સ માટે જોઈએ છે. તે પણ વિવિધ પધ્ધતિમાંથી પસાર થાય છે. સૌ પહેલાં સ્ટ્રીટ લાઈટ માટેના થાંભલા નાખવા, બીજી પધ્ધતિમાં આ થાંભલામાં વાયરનું જોડાણ કરવું અને ત્રીજી રીતમાં બલ્બ અથવા ટયુબ લાઈટનું ફીટીંગ કરવું.અને છેલ્લે સબ–સ્ટેશન માંથી વીજ પ્રવાહ પસાર કરવો. આ બધી જ પધ્ધતિ જુદા જુદા કામદારો વડે થાય છે. જો આ પધ્ધતિ માં કોઈ ખામી આવે તો તે માટે જુદી ટીમ હોય છે કે જે આ પધ્ધતિની ખામી શોધી તેને રીપેર કરે છે.

આમ,પધ્ધતિ પર આધારિત શ્રમમાં કામદારોની કાયર્ક્ષમતા વધે છે અને નવી શોધખોળોની સંભાવના રહે છે.કારણકે પુનરાવતર્ન ધ્વારા કામગીરી થાય છે તે આપણને મશીનના ઉપયોગ માટે પ્રોત્સાહીત કરે છે. આ ઉપરાંત તે મૂડી પ્રધાન પધ્ધતિ પર ભાર મૂકે છે.

### પ્રશ્નોત્તરી 7.2 :–

1. શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિ સમજાવો.
2. મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ સમજાવો.
3. માલ પર આધારિત શ્રમ વિભાજન અને પધ્ધતિ આધારિત શ્રમ વિભાજનનું એક ઉ.દા. આપો.

## 7.3 કુલ ઉત્પાદન, સરેરાશ ઉત્પાદન અને સીમાંત ઉત્પાદન :–

વસ્તુના ઉત્પાદનના મુખ્ય ત્રણ ખ્યાલો છે.

1. કુલ ઉત્પાદન કે જે Total produt (TP)
2. સરેરાશ ઉત્પાદન કે જે Average product (AP)
3. સીમાંત ઉત્પાદન કે જે Marginal product (MP) તરીકે ઓળખીશું.

(1) કુલ ઉત્પાદન :– (TP)

કુલ ઉત્પાદનમાં ઉત્પાદનના બધાજ સાધનો ધ્વારા થતું કુલ ઉત્પાદન છે. શ્રમ, જયારે ઉત્પાદનના બધાજ સાધનો અચળ રહે. પરંતુ કુલ ઉત્પાદનમાં વધારો કે ઘટાડો લાવી શકાય છે. શ્રમમાં ફેરફાર થવાથી કુલ ઉત્પાદનમાં ફેરફાર થાય છે. આમ કુલ ઉત્પાદન સીધી જ રીતે શ્રમ પર આધારીત છે. કારણ કે તેમાં ફેરફાર કરી શકાય છે. તેથી શ્રમ તે ઉત્પાદનનું અસ્થિર સાધન છે.

(2) સરેરાશ ઉત્પાદન :– (AP)

સરેરાશ ઉત્પાદન એટલે એક એકમદીઠ થતું ઉત્પાદન.દા.ત. શ્રમિક કે જે તે કુલ ઉત્પાદન વડે ભાગતા કે જેમાં અસ્થિર સાધનો નો સમાવેશ થાય છે.

$$AP = TP/L$$

અહીયા L એટલે શ્રમના સાધનો.

(3) સીમાંત ઉત્પાદન :– (MP)

સીમાંત ઉત્પાદન એ એક શ્રમના વધારા એકમના પરિણામે કુલ ઉત્પાદનમાં વધારો કે ઘટાડો થાય છે તે સીમાંત ઉત્પાદન છે. દા.ત. શ્રમના એક એકમમાં વધારો.જ્યારે, ઉત્પાદનના બીજા સાધનો સ્થિર છે. શ્રમ ના એક એકમ માં વધારો થવાથી કુલ ઉત્પાદન વધે છે.સીમાંત નો અથ ઘણું નાનો એવો થાય છે. શરૂઆતમાં સીમાંત ઉત્પાદન વધે છે. તેથી જ

$$MP = TP_L - TP_{(L-1)}$$

ઉદાહરણ : એક શ્રમિક સીવવાના સંચા ધ્વારા 2 શટ સિલાઈ કરે છે. બીજા કામદારો જોડાઈ તો બે શ્રમિક વડે 6 શટનું સિલાઈ થાય છે તો MP ની ગણતરી કરો.

Ans = $MP = TP_2 - TP_{2-1} = TP_2 - TP_1 = 6-2 = 4$

અહીયા L એ શ્રમિક જે ઉત્પાદનનું અસ્થિર સાધન છે.શ્રમિકને આપણે 0,1,2,3,4,5,6,7,8,9 એ રીતે નંબર આપી શકીએ અહીયા L = O નો અથ શ્રમિકનું કામ છે.

TP,AP અને MP ત્રણ ખ્યાલો આપણે ચાટ ધ્વારા જોઈએ.

Table 7.1 TP , AP , MP

| શ્રમના એકમો (L) | TP (એકમો) | AP (એકમો) | MP (એકમો) |
|---|---|---|---|
| 0 | 0 | - | - |
| 1 | 10 | 10 | 10 |
| 2 | 22 | 11 | 12 |
| 3 | 36 | 12 | 14 |
| 4 | 44 | 11 | 8 |
| 5 | 50 | 10 | 6 |
| 6 | 54 | 9 | 4 |
| 7 | 56 | 8 | 2 |
| 8 | 56 | 7 | 0 |
| 9 | 54 | 6 | -2 |
| 10 | 50 | 5 | -4 |

ઉપરના ટેબલમાં L શ્રમ ના એકમો 0,1,2,3,4,5,...... જ્યારે L=1 તેનો અથ એ છે કે શ્રમ નું એક એકમ તેમાં કુલ
ઉત્પાદન 10 એકમોનું છે.    આપણે જાણીએ છીએ કે AP= TP/L  : . 10/1=10
જ્યારે L=2 , TP = 22 :. 22/2 = 11
જ્યારે L=9 , TP =54 :. 54/9 = 6

હવે MP ની ગણતરી કરીએ ઉપરના સમીકરણ પ્રમાણે

$MP = TP_L - TP_{L-1}$

હવે ધારો કે MP L=1 એટલે 10 એકમો છે. તેવી જ રીતે 8 માં એકમે

$MP = TP_8 - TP_{8-1} = TP_8 - TP_7 = 56-56 = 0$

આમ, સીમાંત ઉત્પાદન બે આંકડા વચ્ચે નો તફાવત દર્શાવે છે. તે નકારાત્મક પણ હોઈ શકે આ ટેબલ માં MP=9 માં એકમે $TP_9 - TP_8$ :. 54-56 = -2

## પ્રશ્નોત્તરી 7.3 :

1. સીમાંત ઉત્પાદનનો અથ જણાવો
2. MP અને AP ની  ગણતરી  નીચે મુજબના ટેબલ  પ્રમાણે કરો

| શ્રમના એકમો | TP એકમો | MP | AP |
|---|---|---|---|
| 0 | 0 | | |
| 1 | 10 | | |
| 2 | 18 | | |
| 3 | 24 | | |
| 4 | 28 | | |
| 5 | 30 | | |
| 6 | 28 | | |

## 7.4 શ્રમ નો ઘટતાં સીમાંત ઉત્પાદનો નિયમ :

ટેબલ નં 7.1 માં આપણે જુદા જુદા એકમોએ શ્રમની કિંમત જોઈ. શરૂઆતમાં શ્રમના એકમોમાં વધારો થતાં સીમાંત ઉત્પાદન પણ વધે છે. પહેલાં 3 એકમો સુધી આ જોવા મળે છે. L=1 એ 10 એકમો, L=2 એ 12 એકમો, L=3 એ 14 એકમો. જ્યારે ચોથા એકમથી સીમાંત ઉત્પાદન ઘટે છે L=4 એ 8, L=5 એ 6, L=6 એ 4. છેવટે સીમાંત ઉત્પાદન એ નકારાત્મક બને છે. થોડા સમય પછી સમાંત ઉત્પાન સતત ઘટે છે આથી આપણે કહી શકીએ

કે શ્રમના એકમમાં સતત વધારો થતાં સીમાંત ઉત્પાદન શરૂઆતમાં ચોકકસ પોઈન્ટ સુધી વધે છે.પરંતુ પાછળથી ઘટે છે. બીજા બધા ઘટકો સ્થિર છે. તે ઘટતાં સીમાંત ઉત્પાદનના નિયમ તરીકે જાણીતો છે.

આ સિધ્ધાંતને બરાબર સમજવા માટે, વિચારો કે ઉત્પાદનના બે ઘટકો છે શ્રમ અને મૂડી. મૂડી એ મશીનના સ્વરૂપમાં છે. શ્રમ તે અસ્થિર સાધન છે કે જેમાં વધારો થઈ શકે છે મૂડી સ્થિર સાધન છે. કે જે સતત છે. શરૂઆતમાં એક શ્રમિક વડે કાય થાય છે પરંતુ એક શ્રમિક પૂરતો નથી તેથી બીજા શ્રમિક અને ત્રીજા શ્રમિક વડે કાય થાય છે શરૂઆતમાં, શ્રમના એકમોમાં વધારો થાય છે તે પુષ્કળ ઉપયોગી છે કારણકે શ્રમિક જુદા જુદા કાયર્માં આવડત અને પંસદગી દશાર્વે છે તેથી ઉત્પાદનમાં વધારો થાય છે. પરંતુ તેની પણ મયાર્દા છે. શ્રમમાં વધારો થાય પરંતુ મશીન તે સ્થિર સાધન છે તેમાં વધારો—ઘટાડો શકય નથી પરિણામે શ્રમમાં વધારો થવાથી મશીનનો વધારે પડતો ઉપયોગ થાય છે. તેથી જ શ્રમમાં વધારો થવાથી પાછળથી સીમાંત ઉત્પાદન ઘટવા લાગે છે.

વધુ મુદ્દાસર નો પ્રશ્ન હવે ઉભો થાય છે. કયા તબકકા સુધી અસ્થિર સાધનોમાં વધારો કરવો અથવા રોકવા? જવાબ મેળવવા ફરીથી જુઓ ટેબલ 7.1. જયારે શ્રમમાં 9 મા એકમનો વધારો થાય છે ત્યારે સીમાંત ઉત્પાદન નકારાત્મક થવા લાગે છે. 9મા એકમો MP તે (-2) થાય છે 10 મા એકમે MP તે (-4) થાય છે કારણકે TP માં પણ ઘટાડો થાય છે.

તેથીજ આપણે શીખ્યા કે અસ્થિર સાધનોમાં વધારો ત્યાં સુધી કરી શકાય કે જયારે સીમાંત ઉત્પાદન ઓછામાં ઓછુ બને છે. અને જયારે તે નકારાત્મક બને ત્યારે અસ્થિર સાધનોનો વધારો બંધ કરવો જોઈએ.

## પ્રશ્નોત્તરી : 7.4

1. ઘટતાં સીમાંત ઉત્પાદન નો નિયમ લખો.
2. જયારે સીમાંત ઉત્પાદન ઓછામાં ઓછુ હોય ત્યારે કુલ ઉત્પાદન કયા સ્તરે હોય છે ?
3. ઉત્પાદકે કયારે વધારાના શ્રમને રોકવાનું બંધ કરવું જોઈએ ?

## 7.5 ઉત્પાદનની પ્રક્રિયા :—

ઉત્પાદનની પ્રકિયા ઉત્પાદનના સાધનોની માલિકી ધ્વારા ગોઠવણી છે. ઉત્પાદનના સાધનોના સચોટ સંયોજનથી, ખરીદી અને સજર્ન અને કાચામાલની શોધખોળ ઉત્પાદન, સંગ્રહ અને છેલ્લે ઉત્પાદનનું વેચાણ થાય છે.

કોઈક વ્યકિત ઉત્પાદનની પ્રક્રિયાનું સંચાલન કરે છે. જે વ્યકિત સંચાલન કરે છે તેને નિયોજક કહેવામાં આવે છે. લેસન નં. 6 જોયું કે નિયોજક તે ઉત્પાદનના યુનિટના સંચાલક છે.

નિયોજન ક્ષમતા એ ઉત્પાદનની પ્રવૃતિની કલા છે. તે તેના પ્રયત્નોથી શ્રમને ખેંચી લાવે છે અને તેને વેતન ચૂકવે છે. તેવી જ રીતે જમીન અને બિલ્ડીગ, મશીનરી વગેરેની ખરીદી કરે છે અથવા લોન લે છે અથવા ભાડું આપે છે અને વ્યાજ આપે છે. નિયોજકને તેના આ કાય ર્બદલ નફાના સ્વરૂપમાં વળતર મળે છે.

**પ્રશ્નોત્તરી :– 7.5**

1. ઉત્પાદનની પ્રક્રિયા સમજાવો.
2. ઉત્પાદન પ્રવૃતિના સંચાલક કોણ છે.

## 7.6 પેઢી અને ઉદ્યોગની ભૂમિકા અને મહત્વ :–

પેઢી એ વ્યકિતગત માલિકી ધરાવતુ એકમ છે. કે જે વસ્તુઓ અને સેવાઓનું બજારમાં વેચાણ કરે છે. તેમાં ચોકક્સ ઉત્પાદનના એકમો જેવા કે ચેરીટેબલ સ્કૂલ, ચેરીટેબલ હોસ્પિટલ અને સરકારી એકમો વગેરે– કે જેનો હેતુ સેવાનો હોય છે, નહી કે નફાનો. તે સમાજકલ્યાણ માટે કાય ર્કરે છે. સામાન્ય રીતે પેઢી તે ઉત્પાદનની એકજ વસ્તુ સાથે સંકળાયેલ છે.

ઉદ્યોગ તે પેઢીઓનો સમૂહ છે, કે જે વસ્તુનું ઉત્પાદન કરે છે. દા.ત બાટા શુઝ કંપની તે પેઢી છે. કે જે બધીજ પેઢીઓના સમૂહથી ઉદ્યોગ બને છે. તેથીજ બાટા, એકશન, લિબટી,ર્ એડીદાસ, નાઈકે અને રીબોક વગેરે શુઝ ઉદ્યોગનું સ્વરૂપ છે.

વિવિધ પ્રકારના ઉદ્યોગો વસ્તુઓ અને સેવાઓનો પુરવઠો પૂરો પાડે છે. દા.ત ખેતી ઉદ્યોગ આપણને અનાજ, શાકભાજી, ફળો, રૂ, કઠોળ, દૂધ અને માખણ વગેરેનો પુરવઠો પૂરો પાડે છે. કે જે વસ્તુની બધાને જરૂર પડે છે તેવી જ રીતે ઘણા ઉદ્યોગો કપડાં, કમ્પ્યુટર, સ્કુટર, ફીજ, એ.સી વગેરે વસ્તુઓ અને સેવાઓનો પુરવઠો પૂરો પાડે છે. તેથી બધાજ ઉદ્યોગો આપણ રોજીંદા જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પેઢી અને ઉદ્યોગોનું મહત્વ ટૂંકમાં સમજીએ.

1. વપરાશી વસ્તુઓ અને સેવાઓ :–

આજના સમયમાં માનવજરૂરિયાતો ઝડપથી વધે છે. જરૂરિયાતોને સંતોષવા માટે વિવિધ વસ્તુઓ અને સેવાઓની જરૂરી પડે છે. આ બધીજ વસ્તુઓ અને સેવાઓ પેઢી અને ઉદ્યોગો પૂરી પાડે છે.

2. રોકાણ માટે વસ્તુઓ :–

આપણને મૂડીરોકાણ માટે વિવિધ પ્રકારની વસ્તુઓની જરૂર પડે છે. આપણને મશીન, પ્લાન્ટ, વાહનવ્યવહાર જેવા કે બસ, ટ્રક, રેલ્વે અને વિમાન, જહાજ વગેરેની જરૂર પડે છે કે જે વસ્તુઓ મૂડીરોકાણ માટે છે આ બધીજ વસ્તુનું ઉત્પાદન પેઢી અને ઉદ્યોગ વડે થાય છે.

3. ઘણા માણસોને રોજગારી :–

પેઢી અને ઉદ્યોગ રોજગારીનો સ્ત્રોત છે. પેઢી અને ઉદ્યોગ ધ્વારા ઘણા માણસો રોજગારી મેળવે છે અને આવક મેળવે છે જેના ધ્વારા જરૂરિયાતો સંતોષાય છે રોજગારી વગર આપણે જીવી શકતા નથી. તેથીજ ઉદ્યોગ અને પેઢીનું મહત્વ સરળતાથી સમજી શકાય છે.

4. આર્થિક વિકાસ માટેનું માળખું :–

તે ઉર્જા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, સ્વાસ્થ્ય, શિક્ષણ અને રહેઠાણ જેવી પાયાની સુવિધા પૂરી પાડે છે કે જે દેશના આર્થિક વિકાસ માટે જરૂરી છે આંતરમાળખાના વિકાસ થયા વગર દેશનો વિકાસ શક્ય નથી. તેથી આપણે ઉદ્યોગ અને પેઢીઓના મહત્વનો ઈન્કાર કરી શકતાં નથી

## પ્રશ્નોત્તરી 7.6 :–

1. પેઢી શું છે ?
2. ઉદ્યોગનો અર્થ આપો.

## 7.7 અર્થતંત્રના વિવિધ પ્રકારના ઉત્પાદકોની ઓળખ :–

માલિકીના ધોરણે ઉત્પાદનના એકમોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

(i) દેશી ઉત્પાદન એકમો

(ii) વિદેશી ઉત્પાદન એકમો.

– હવે આપણે તેની એક પછી એક ચર્ચા કરીએ.

### 7.7.1 દેશી ઉત્પાદન એકમો :–

ઉત્પાદનના એકમો દેશમાં રહેલા છે અને તેની માલિકી દેશના રહેવાસીની હોય તો તે દેશી ઉત્પાદન એકમો કહેવામાં આવે છે. આપણી આસપાસના બધા જ એકમો દેશી છે. ગામડાંમાં ખેતર, દુકાન, નાની ફેકટરી, મોટી ફેકટરી, હોસ્પિટલ, સ્કૂલ, કોલેજ, સિનેમાહોલ, રેસ્ટોરન્ટ, દુધની ડેરી, સરકારીઓફિસ, ડોકટર, વકીલ, શિક્ષક વગેરે સ્વદેશી ઉત્પાદન એકમોના ઉદાહરણ છે. તેથીજ ઉત્પાદનના એકમો વધુમાં ખાનગી અને સરકારી એમ વિભાજીત કરવામાં આવે છે. દેશી ઉત્પાદન એકમોનું વર્ગીકરણ આ પ્રમાણે છે.

– ખાનગી ઉત્પાદન એકમો,

– સરકારી ઉત્પાદન એકમો,

7.7.1.1 ખાનગી ઉત્પાદન એકમો :–

મોટાભાગની દુકાનો, ઓફિસ, ફેકટરીની માલિકી વ્યકિતગત અથવા સમૂહમાં અથવા કુટુંબોની હોય છે, કે જે વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનનું માર્કેટમાં વેચાણ કરે છે જેનો ધ્યેય નફો મેળવવાનો છે

ખાનગી વિભાગનું વર્ગીકરણ તેના માલિકોની સંખ્યા પરથી કરવામાં આવે છે. મોટાભાગના નાના એકમો જેવાકે શ્રમિક, ધોબી, મોચી, દરજી, દૂધવાળો વગેરેનું સંચાલન એકજ વ્યકિત ધ્વારા થાય છે. પરંતુ કેટલાંક એકમોનું સંચાલન એક કરતાં વધુ વ્યકિત ધ્વારા થાય છે. આ સંખ્યા બે થી માંડીને વીસ, સો, હજાર અથવા લાખ અથવા એના કરતાં પણ વધારે હોય છે. આમ માલિકોના સંખ્યાના ધોરણે ખાનગી વિભાગના એકમોનું વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય

(a) એક જ માલિક

(b) ભાગીદારી

(c) કંપની અથવા કોર્પોરેશન

(d) સહકારી સોસાયટી

(e) પ્રાઈવેટ નોન– પ્રોફીટ ઓરગેનાઈઝેશન (N.P.O)

(a) એક જ માલિક :–

કેટલાંક ઉત્પાદનના એકમોનું એક જ વ્યકિત વડે સંચાલન થાય છે તે ઉત્પાદન એકમોના નફા કે ખોટ માટે જવાબદાર હોય છે.તે ઉત્પાદન એકમોના સંચાલન અને કામગીરી માટે જવાબદાર હોય છે.

(b) ભાગીદારી :–

કેટલાંક ઉત્પાદન એકમો બે અથવા વધુ વ્યકિત ધ્વારા સંચાલિત થાય છે.વધુમાં વધુ 20 ની સંખ્યામાં હોય છે. બધા જ ભાગીદારો ઉત્પાદન એકમોનું સંચાલન અને કામગીરી માટે જવાબદાર હોય છે. બધા જ ભાગીદારો નફા કે ખોટની વહેંચણી કરી લે છે. જે પ્રમાણે ભાગીદારી કરાર થયો હોય.

(c) કંપની અથવા કોર્પોરેશન :–

આ ઉત્પાદન એકમોની માલિકી વધુ વ્યકિત વડે થાય છે. કંપનીને શેરમાં વહેંચણી કરવામાં આવે છે.શેર ખરીદનાર તે શેરહોલ્ડર કહેવામાં આવે છે. તેઓ બધા જ કંપનીના માલિક છે ખાનગી કંપનીમાં ઓછામાં ઓછા શેર હોલ્ડરની સંખ્યા બે ની છે અને વધુમાં વધુ 50 ની સંખ્યા છે. પરંતુ સાવર્જનિક કંપનીમાં ઓછામાં ઓછી સંખ્યા 7 ની છે. પરંતુ વધુ માટે મયાર્દા નથી. આ શેરહોલ્ડરો કંપની ના ડાયરેકટર તરીકે ચોકકસ માણસની પસંદગી કરે છે.જેને કંપનીના ડાયરેકટર તરીકે ઓળખવામાં આવે છે. આ કંપનીની સ્થાપના કંપની ધારા 1956 નીચે કરવામાં આવે છે. આ કંપની નો નફો શેરહોલ્ડરો વચ્ચે વહેંચી દેવામાં આવે છે. ટાટા,રિલાયન્સ,બજાજ ઓટો,લિપ્ટન ઈન્ડીયા વગેરે આના ઉદાહરણ છે.


નોંધ

(d) સહકારી સોસાયટી :–

આ ઉત્પાદન એકમોનું સંચાલન ઘણી બધી વ્યકિત ધ્વારા થાય છે. આ વ્યકિતનું સ્વૈચ્છીક સંગઠન છે. તેનો ઉદ્દેશ સ્વપ્રયત્ન અને સામૂહિક પ્રયાસોથી સિધ્ધ થાય છે. તેની કામગીરી કંપની પ્રમાણે છે. તેના માલિકોને શેરહોલ્ડર કહેવામાં આવે છે. તેની સહકારી ધારા ધોરણ 1912 પ્રમાણે કાર્ય કરે છે. શેરહોલ્ડરોની સંખ્યા ઓછામાં ઓછી 10 ની છે અને વધુ માટે કોઈ મયાર્દા નથી શેરહોલ્ડર પોતાના માંથી કોઈ સભ્યની નિમણૂક સંચાલન માટે કરે છે. સોસાયટીનો નફો શેરહોલ્ડર તેની પાસે રહેલા શેર પ્રમાણે વહેચવામાં આવે છે. સહકારી સ્ટોર્સ ગ્રાહકોને વ્યાજબી ભાવે વસ્તુ નું વેચાણ કરે છે. સહકારી હાઉસિંગ સોસાયટી કે જે તેના સભ્યોને ફલેટ અને ઘરની સગવડતા પૂરી પાડે છે. જેનું તે ઉદાહરણ છે. કેન્દ્રીય ભંડાર કે જે તેના ગ્રાહકો ને વિવિધ વસ્તુઓ પૂરી પાડે છે.

(e) પ્રાઈવેટ નોન–પ્રોફીટ ઓર્ગેનાઈઝેશન :– (N.P.O)

આ એક ખાનગી ઉત્પાદનનું એકમ છે કે જે સંસ્થા ટ્રસ્ટ અને સોસાયટી ધ્વારા ચાલે છે. જેવા કે ચેરીટેબલ હોસ્પિટલ, ચેરીટેબલ સ્કૂલ, વેલફેર સોસાયટી વગેરે. કેટલાક ઉત્પાદનના એકમો તેની સોસાયટીના સભ્યો ને સેવા પૂરી પાડે છે. કોઈપણ જાતના નફા વગર તે કાર્ય કરે છે.

7.7.1.2 સરકારી ઉત્પાદન એકમો :–

સરકાર ઘણી બધી સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, કાયદો અને વ્યવસ્થા,તાર–ટપાલ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરે પૂરી પાડે છે. ઘણી સંસ્થા સરકારી વિભાગ/ક્ષેત્ર ધ્વારા ચાલે છે. તેને ખાતાકીય ઔદ્યોગિક સાહસ તરીકે ઓળખવામાં આવે છે. થોડાક ખાતાકીય ઔદ્યોગિક સાહસના ઉદાહરણોમાં ભારતીય રેલ્વે જે રેલ્વે મંત્રી હેઠળ ચાલે છે. ઓલ ઈન્ડીયા રેડીઓ અને દૂરદર્શન કે જે પ્રસાર ભારતી છે તે માહિતી અને પ્રસારણમંત્રીના નિયંત્રણ હેઠળ ચાલે છે. સરકારનું તેના પર સીધું જ નિયંત્રણ છે.

બીજા પ્રકારના સરકારી ઉત્પાદન એકમો કે જેને સરકાર આધાર આપે છે પરંતુ તેની કામગીરી સ્વતંત્ર છે. તે મોટા કોર્પોરેશન અને સ્વયંશાસિત છે. આ એકમો નોન ડીપાર્ટમેન્ટલ એન્ટરપ્રાઈસ અને ખાનગી વિભાગ હેઠળ આવે છે. થોડા ઉ.દા. ઈન્ડીયન એરલાઈન્સ,હિન્દુસ્તાન મશીન ટુલ્સ,LIC,GIC,IOC વગેરે.

7.7.1.3 વિદેશી ઉત્પાદન એકમો :–

વિદેશી ઉત્પાદન એકમો દેશમાં જ રહેલા છે.પરંતુ તેનું સંચાલન વિદેશી ધ્વારા થાય છે. આ ઉત્પાદન એકમોમાં વિદેશીનો ફાળો મૂડીરોકાણમાં 50% કરતાં વધારે હોય છે. વિદેશી ઉત્પાદન એકમોનું વર્ગીકરણ આ પ્રમાણે છે.

(i) બહુરાષ્ટ્રીય અને

(ii) સાથે મળીને કામ કરવું.



નોંધ




બહુરાષ્ટ્રીય :–

આ પેઢીની મુખ્ય ઓફીસ એક દેશમાં હોય છે પરંતુ તેની ધંધાકીય પ્રવૃતિ ઘણા દેશોમાં વિસ્તાર ધરાવે છે. તેને બહુરાષ્ટ્રીય કંપની કહેવામાં આવે છે. કારણ કે તે એક કરતાં વધુ દેશોમાં કામગીરી કરે છે. દા.ત. ભારતમાં MNC – જેવી કે કોકાકોલા,પેપ્સી,જોન્સન & જોન્સન,નોકીયા,સોની,સેમસંગ,નેશલે,વોડાફોન,એરટેલ,એલ.જી,ફોડ મોટર્સ, હોન્ડાઈ વગેરે.

સાથે મળીને કામ કરવું :–

આ ઉત્પાદન એકમોમાં વિદેશી અને દેશના ઉદ્યોગ સાહસિકો સાથે મળીને કામ કરે છે. આ ઉત્પાદન એકમો થોડા દેશી અને થોડા વિદેશી છે. આ ઉત્પાદન એકમોની 50 % માલિકી વિદેશી નાગરિક ની હોય છે. જોડાણમાં સાથે મળીને કામ કરવામાં મારૂતિ સુઝુકી લિમિટેડ સારું ઉદાહરણ છે.



## પ્રશ્નોત્તરી 7.7 :–

સાચા જવાબ સામે (✓)

1. ઉત્પાદનનું એકમ એક જ વ્યક્તિ ધ્વારા સંચાલન પામે તેને કઈ રીતે ઓળખાય :
   (a) ભાગીદારી (b) ખાનગી કંપની
   (c) એકજ માલિક (d) સાવર્જનિક ઉત્પાદન એકમ
2. ભાગીદારીમાં વધારેમાં વધારે કેટલા ભાગીદાર રહે છે.
   (a) 5 (b) 10 (c) 15 (d) 20
3. ભારતીય રેલ્વે એ :
   (a) ખાનગી એકમ (b) સાવર્જનિક એકમ
   (c) એક જ માલિક (d) ભાગીદારી
4. સહકારી સોસાયટીના ઓછામાં ઓછા સભ્યો કેટલાં છે?
   (a) 20 (b) 15(c) 10 (d) 5
5. સાવર્જનિક સંસ્થામાં વધુમાં વધુ શેરહોલ્ડરોની સંખ્યા :
   (a) 10,000 (b) 15,000
   (c) 20,000 (d) મયાર્દા નથી.
6. ખાનગી કંપનીમાં ઓછામાં ઓછી માલિકોની સંખ્યા :
   (a) 7 (b) 10 (c) 2 (d) 20
7. ક્યા સંજોગોમાં ઉત્પાદનના એકમોને વિદેશી ઉત્પાદન એકમ તરીકે માન્ય નથી.
   (a) મૂડીરોકાણ બિનનિવાસી વડે થાય
   (b) 50 % કરતાં વધારે મૂડી બિનનિવાસી વડે થાય
   (c) કુલ મૂડી રોકાણ ના 50 % કરતા વધારે રોકાણ રહેવાસીઓનું
   (d) 20% કરતાં ઓછું મૂડીરોકાણ રહેવાસીઓનું

## તમે શું શીખ્યા :–

- ઉત્પાદનની પ્રક્રિયા સાધન સંયોજન,વસ્તુઓ અને સેવાઓની બનાવટ અને તેના વપરાશ પર રહેલો છે.
- નિયોજક ઉત્પાદન ની પ્રવૃતિ નફો કમાવવા માટે અથવા જોખમ સહન કરવા માટે કરે છે.
- ઉત્પાદનની બે પધ્ધતિ છે.
  (i) શ્રમ પ્રધાન કે જેમાં શ્રમનો વધુ અને મૂડીનો ઓછો ઉપયોગ થાય છે.
  (ii) મૂડી પ્રધાન કે જેમાં મૂડીનો વધુ અને શ્રમ નો ઓછો ઉપયોગ થાય છે.
- શ્રમ વિભાજનના બે પ્રકારો.
  (i) માલ આધારિત શ્રમ નો વિભાગ કે જેમાં કામદારો જે તે ઉત્પાદનમાં નિપુણર્તા ધરાવે છે.
  (ii) પધ્ધતિ આધારિત શ્રમ નો વિભાગ કે જેમાં વસ્તુના ઉત્પાદનના વિભાગ પાડવામાં આવે છે. કામદાર જે કામમાં નિપૂણર્તા ધરાવે તેમાં રોકવામાં આવે છે.
- ઉત્પાદન એ ઉત્પાદનના ચાર સાધનોનું સંયોજન છે.દા.ત. મૂડી,જમીન,શ્રમ અને નિયોજક
- કુલ ઉત્પાદન એ ઉત્પાદનના બધાજ સાધનો ધ્વારા થતું ઉત્પાદન છે. તેમાં શ્રમ સિવાયના બધા જ સાધનો અચળ છે.
- સરેરાશ ઉત્પાદન એ અસ્થિર છે જેમ કે શ્રમના એક એકમમાં વધારો થતાં ઉત્પાદનમાં ફેરફાર થાય છે.
- સીમાંત ઉત્પાદન એ કુલ ઉત્પાદન ના વધારા કે ઘટાડા સાથે સંકળાયેલ છ. દા.ત. શ્રમ ના એક એકમ માં વધારો કરવાથી ઉત્પાદન માં ફેરફાર થાય છે. ઉત્પાદન ના બીજા સાધનો સ્થિર છે.
- શ્રમના ઘટતાં સીમાંત ઉત્પાદકતાની નિયમમાં શ્રમના એક એકમના વધારાથી શરૂઆતમાં ઉત્પાદન વધે છે. પરંતુ ચોકકસ તબકકા પછી ઉત્પાદન ઘટે છે અથવા નકારાત્મક બને છે.ઉત્પાદન ના બીજા સાધનો સ્થિર છે.
- પેઢી એ ઉત્પાદનનું એકમ છે કે જે વસ્તુઓ અને સેવાઓનું નફો મેળવવા માટે બજાર માં વેચાણ કરે છે. ઉદ્યોગ એ પેઢીઓનો સમૂહ છે.પેઢી અને ઉદ્યોગ બન્ને દેશના આર્થિક વિકાસ માટે અગત્યના છે.
- માલિકીહકક ના ધોરણે ઉત્પાદન એકમોના દેશી ઉત્પાદન એકમો દેશના રહેવાસી ઓ વડે સંચાલિત થાય છે, અને વિદેશી ઉત્પાદન એકમો બિન–નિવાસી ધ્વારા સંચાલન પામે છે.

નોંધ

- દેશી ઉત્પાદન એકમોનું વધુ વગીર્કરણ ખાનગી અને સાવર્જનિક ઉત્પાદન એકમોમાં થાય છે. ખાનગી એકમો ખાનગી વ્યકિત અથવા સંસ્થા ધ્વારા ચાલે છે જયારે સાવર્જનિક વિભાગ એ સરકાર વડે ચાલે છે.
- ખાનગી વિભાગ નું વગીર્કરણ

  (1) એક જ માલિકી (2) ભાગીદારી

  (3) કંપની અને (4) સહકારી સોસાયટી

  (5) પ્રાઈવેટ નોન –પ્રોફીટ ઓગેર્નાઈઝેશન
- સહકારી સોસાયટી તે કંપની ધારા 1912 પ્રમાણે ચાલે છે. તેમાં શેરહોલ્ડરોની ઓછામાં ઓછી સંખ્યા 10 ની છે.વધુ માટે કોઈ મયાર્દા નથી.
- સરકારી ઉત્પાદન એકમોનું વગીર્કરણ

(i) ખાતાકિય અને (ii) બિન–ખાતાકિય ઔદ્યોગિક સાહસમાં વગીર્કરણ થાય છે. ખાતાકિયમાં નિયંત્રણ મંત્રી હેઠળ છે જયારે બિન–ખાતાકિય ઔદ્યોગિક સાહસ કે જે સરકાર પર આધારિત છે.પરંતુ તેને ખાનગી કંપનીઓ જુએ છે.

- ઉત્પાદનના એકમો કે જે વિદેશી ધ્વારા સંચાલન ઉત્પાદન ના એકમો કે જે વિદેશી ધ્વારા સંચાલન પામે તે વિદેશી ઉત્પાદન એકમો છે કે જેમાં થોડા બહુરાષ્ટ્રીય અને થોડા જોડાણ મુજબ છે. જોડાણ માં સાથે મળી ને કાય ર્કરવા માટે રહેવાસી અને બિન–નિવાસી ધ્વારા સંચાલન થાય છે.

## સત્રાંત પરીક્ષા :–

1. ઉત્પાદન પ્રક્રિયાની સમજૂતી આપો.
2. નિયોજક ઉત્પાદન એકમનું સંચાલન કઈ રીતે કરે છે.
3. શ્રમ પ્રધાન અને મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ વચ્ચે નો તફાવત જણાવો.
4. ઉત્પાદન પર આધારિત અને પ્રક્રિયા પર આધારિત શ્રમ ના પ્રકારનો તફાવત જણાવો.
5. દેશી ઉત્પાદન એકમો અને વિદેશી ઉત્પાદન એકમો વચ્ચેનો તફાવત જણાવો.
6. ખાનગી ઉત્પાદન એકમો અને સાવર્જનિક ઉત્પાદન એકમો વચ્ચે નો ભેદ દશાવી.
7. એકજ માલિક અને ભાગીદારી વચ્ચેનો તફાવત.
8. કંપની અને સહકારી સોસાયટી વચ્ચેનો ભેદ.
9. ડીપાટર્મેન્ટલ અને નોન–ડીપાટર્મેન્ટલ એન્ટરપ્રાઈસ વચ્ચેનો તફાવત.
10. બહુરાષ્ટ્રીય અને સાથે મળીને જોડાણથી કામ કરવું વચ્ચેનો તફાવત.
11. પેઢી અને ઉદ્યોગ વચ્ચેનો તફાવત.
12. પેઢી અને ઉદ્યોગની ભૂમિકા અને મહત્વ સમજાવો.



નોંધ

## પ્રશ્નોના જવાબો :–

**પ્રશ્નોતરી 7.1 :–**

1. ઉત્પાદનમાં જે સાધનો નો ઉપયોગ થાય છે તે સાધનપ્રમાણ છે.
2. ઉત્પાદનના સાધનો વડે વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થાય છે તે ઉત્પાદન પ્રમાણ છે.
3. ઉત્પાદન વિધેય એ પેઢી નું સાધનપ્રમાણ અને ઉત્પાદન પ્રમાણ વચ્ચેનો ટેકનિકલ સંબંધ દર્શાવે છે.

**પ્રશ્નોતરી 7.2 :–**

1. જે ઉત્પાદન પધ્ધતિમાં વધુ શ્રમ અને ઓછી મૂડી હોય તેને શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવાય છે.
2. વધુ મૂડી અને ઓછા શ્રમના ઉપયોગ વડે ઉત્પાદન થાય તો તે મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવાય છે.
3. માલ આધારિત = ઘડા બનાવનાર
   પધ્ધતિ પર આધારિત = બ્રેડ બનાવનાર

**પ્રશ્નોતરી 7.3 :–**

1. સીમાંત ઉત્પાદન એ કુલ ઉત્પાદન ના એક એકમ માં વધારો કે ઘટાડો કરવાથી મળે છે ઉત્પાદન ના અન્ય સાધનો સ્થિર છે.

2.

| શ્રમના એકમો | TP (એકમો) | MP | AP |
|---|---|---|---|
| 0 | 0 | - | - |
| 1 | 10 | 10 | 10 |
| 2 | 18 | 8 | 9 |
| 3 | 24 | 6 | 8 |
| 4 | 28 | 4 | 7 |
| 5 | 30 | 2 | 6 |
| 6 | 24 | -6 | 4 |

**પ્રશ્નોતરી 7.4 :–**

1. ઘટતાં સીમાંત ઉત્પાદનના નિયમ મુજબ,અસ્થિર સાધનોમાં સતત વધારો કરવાથી શરૂઆતમાં ચોકકસ તબકકા સુધી ઉત્પાદન વધે છે પરંતુ ત્યાર પછી તે ઘટવા પામે છે અને પછી તે નકારાત્મક બને છે. ઉત્પાદનના શ્રમ સિવાયના સાધનો સ્થિર છે.
2. કુલ ઉત્પાદન વધુમાં વધુ છે.

3. જ્યારે સીમાંત ઉત્પાદન નકારાત્મક બને છે.

પ્રશ્નોતરી 7.5 :–

1. ઉત્પાદન પ્રક્રિયા એ ઉત્પાદનના સાધનોના વપરાશ ધ્વારા વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થાય છે તે છે.
2. નિયોજક (ઉદ્યોગ સાહસિક)

પ્રશ્નોતરી 7.6 :–

1. પેઢી એ વ્યકિતગત માલિકી ધરાવતું ઉત્પાદનનું એકમ છે.
2. ઉદ્યોગ એ પેઢીઓનો સમૂહ છે કે જે એક સરખી વસ્તુનું ઉત્પાદન કરે છે.

પ્રશ્નોતરી 7.7 :–

1. (ક) 2. (ડ) 3. (બ) 4. (ક)
5. (ડ) 6. (બ) 7. (ક) 8. (ક)

# 8

# આવક અને ખર્ચ

ઉત્પાદનકર્તાઓ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે ખૂબ જ મહેનતથી કામ કરે છે. તેઓ વસ્તુઓ અને સેવાઓ બનાવવા માટે ખૂબ જ પ્રયત્નો કરે છે. શરૂઆતમાં, ઉત્પાદક ઉત્પાદન પ્રવૃતિ માટે નાણાંની વ્યવસ્થા કરવી જ પડે છે. આપણે હંમેશાં કહીએ છીએ કે, વસ્તુ ઉત્પન્ન કરવા માટે જમીન,શ્રમ અને મૂડી જેવા જુદા જુદા પરીબળોની જરૂર પડે છે. આ પરિબળો મફત મળતાં નથી. ઉત્પાદન માટે જરૂરિયાત પ્રમાણે ના જથ્થા માટે ઉત્પાદકે ખરીદવા પડે છે. સમાન રીતે,કાચો માલ અને અન્ય વસ્તુઓ પણ ખરીદવી પડે છે અને સંગ્રહ કરવો પડે છે.

ઉત્પાદક વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરીને, તેનું બજારમાં જુદા જુદા ગ્રાહકોને વેચાણ કરે છે. આ સમયે ગ્રાહક વસ્તુઓ અને સેવાઓ માટે ઉત્પાદકને નાણાં કે કિંમત ચૂકવીને ખરીદે છે. આ સાથે ઉત્પાદકને નાણાં કમાવવાની શરૂઆત થાય છે. વસ્તુ અને સેવાના ઉત્પાદન માટે ક્રમમાં , ઉત્પાદક પહેલાં ઉત્પાદનનાં સાધનો ખરીદવા માટે ખર્ચ કરે છે અને પછી ગ્રાહકોને વસ્તુ અને સેવાઓ વેચીને નાણાં મેળવે છે.

## હેતુઓ–

આ પ્રકરણ પૂરું થયા પછી, તમે જાણશો

– ખર્ચના જુદા જુદા પ્રકાર જાણશો.
– ખર્ચના જુદા જુદા પ્રકારની ગણતરી કરો.
– આવકના ખ્યાલ જાણશો.



નોંધ



## 8.1 ખચની અથ

ખચની અથ સમજવા માટે એક ઉદાહરણ જોઈએ એક ખેડૂત ચોખાનું ઉત્પાદન કરે છે.તમે જણો છો કે સામાન્ય રીતે ચોખાનું ઉત્પાદન કરવા માટે 5 થી 6 મહિના લાગે. ચોખાનું ઉત્પાદન માટે નીચેના ઉમેરાયેલા છે.

(i) વાવેતર કરવા માટે જમીન મેળવવી

(ii) શ્રમિક જમીનને વાપરવા લાયક બનાવે છે. અને તેને અનૂકુળ પાકનું વાવેતર કરે છે.આમાં માટી,બિયારણ,ફળદ્રપતા જમીન માટે સિંચાઈ સંકળાયેલા છે.

(iii) ચોખાને ગોડાઉન/મંડીમાં મોકલવામાં આવે છે.

ખેડૂત જમીન કેવી રીતે મેળવશે ? તે શકય છે કે ખેડૂતની જમીન હોય અથવા તો ખેડૂત બીજા કોઈ પાસેથી ભાડુ ચૂકવીને જમીન લે છે. વર્તમાનમાં ઉ.દા. જોઈએ ખેડૂત 5 એકર જમીન ભાડેથી રાખે છે.

કદાચ તે જમીન માલિકને સમગ્ર સમય દરમ્યાન વાપરવા માટે 5000 રૂ. ભાડુ ચૂકવે છે. ખેડૂત આ ક્ષેત્રમાં કામ કરતા મજૂરોની જરૂરિયાત 5 મહિના માટે પડે છે. કહેવા પ્રમાણે,ખેડૂતે 4 મજૂરો રાખ્યા. પ્રથમ બે મહિના તે મજૂરો ની મદદથી રેતી,બિયારણ,નવા ઉગેલા પાક અને છોડની હેરફેર,વિસ્તારની ફળદ્રપતા અને સિંચાઈ કરે છે.આના બદલામાં ખેડૂત મજૂરને વેતન ચૂકવે જ છે. વેતનના દર બજારની નિર્ધારિત સરેરાશ દર છે,75 રૂ મજૂરી દીઠ દીવસ દીઠ જયારે પાક ઉગાડવા માટે ખેડૂત બે મહિનામાં માત્ર બે મજૂરોની મદદ લે છે. જયારે ઉગાડવાનો સમય આવે ત્યારે તે ફરી 15 દિવસ માટે 4 મજૂરોને રાખશે. ખેડૂત દ્વારા કુલ કેટલી રકમ મજૂરોને ચૂકવવામાં આવશે ? પહેલાં 4 મજૂરો બે મહિના કે 60 દિવસ કામ કયું તેથી 75 રૂ. મજૂર દીઠ આવે. 75 x 4 x 60 = 18,000 રૂ. પછી બે મહિના માટે બે મજૂરો આવે 75 x 2 x 60 = 9000 રૂ. અને 4 મજૂરો 15 દિવસ માટે આવે, તો 75 x 4 x 15 = 4,500 રૂ. મજૂરોને ચૂકવતાં કુલ નાણાં હતા. 18000 + 9000 + 4,500 = 31,500 રૂ.

પાક ઉગાડવા માટે ખેડૂત કાચો માલ એટલે કે બિયારણ,પાણી,ફળદ્રપતા,જંતુનાશક વગેરે ની મદદ લે છે. તે આના માટે 3,000 રૂ. ખચે છે. તે ટ્રેકટરનો પણ ઉપયોગ કરે છે તેના માટે 2500 રૂ. ચૂકવે છે. વાવેતર કયા પછી ખેડૂત 30 ક્વિન્ટલ ચોખાનું ઉત્પાદન કરે છે. હવે ગણતરી કરીએ કે ખેડૂતે ચોખાનું ઉત્પાદન કરવા માટે કેટલાં નાણાં ખર્ચ્યા ? જે નીચે મુજબ છે.

| વસ્તુ | ખચ (રૂ.) |
|---|---|
| જમીનમાલિકને ચૂકવેલુ ભાડુ | 5,000 |
| મજૂરોના વેતન | 31,500 |
| કાચો માલ | 3,000 |
| ટ્રેકટર ની સેવા | 2,500 |
| કુલ | 42,000 |

આપણે કહી શકીએ કે,ખેડૂતે 30 ક્વિન્ટલ ચોખા ઉત્પન્ન કરવાં માટે 42,000 રૂ. ખર્ચ્યા.

<u>ખર્ચની વ્યાખ્યા</u>–

ઉત્પાદક દ્વારા વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માટે ઉત્પાદનનાં સાધનો અને કાચો માલ ખરીદવા માટે જે નાણાંકીય ખર્ચ કરવામાં આવે છે તેને ખર્ચ ગણવી શકાય. આમાં ખર્ચ એ ઉત્પાદક દ્વારા કરવામાં આવેલું બલિદાન છે. આ ઉ.દા.માં બલિદાન એ ચૂકવણી ની શરતો ,મજૂરોના વેતન,જમીન વાપરવા માટે તેનું ભાડું,ટ્રેક્ટર,કાચોમાલ પાછળનું ખર્ચ વગેરે હતું.

નોંધ

### પાઠમાં પ્રશ્નો 8.1

(1) ઉત્પાદનનાં સાધનો માટે ખેડૂત દ્વારા થતી ચૂકવણીનાં નામ આપો.

(2) કેટલું ખર્ચ કરવું પડશે ?

## 8.2 ખર્ચના પ્રકારો –

ઉપરના ઉ.દા. પરથી આપણે ખર્ચના પ્રકારો નીચે મુજબ જોઈએ.

(અ) સ્થિર ખર્ચ

(બ) અસ્થિર ખર્ચ

(ક) દશ્ય ખર્ચ (સ્પષ્ટ)

(ડ) અદશ્ય ખર્ચ (અસ્પષ્ટ કે ગભિત)

એક પછી એકની ચર્ચા કરીએ.

(અ) <u>સ્થિર ખર્ચ</u>–

ઉપરના ઉ.દા. માં, આપણે કહ્યું કે ખેડૂત જમીન ના માલિકને 5,000 રૂ. ભાડુ ચૂકવે છે. જમીન પર વાવેતર કરવું હોય તો ખેડૂતે ભાડુ ચૂકવવું જ પડે, જો કંઈ પણ તેના પર ઉત્પાદન ન કર્યું હોય તો પણ ચૂકવવું પડે. અહી જમીન પણ ઉત્પાદનનું સ્થિર સાધન છે. 5 એકર જમીન પર વાવેતર કર્યું હોય કે ન કર્યું હોય પણ સમગ્ર 5 એકર જમીન માટે ભાડું ચૂકવવું પડે. આ સ્થિર છે. તેથી સ્થિર ખર્ચ એટલે એવું ખર્ચ કે જે સ્થિર સાધનો કે ઘટકોની ખરીદી પર કર્યું હોય.જે ફરજિયાત હોય અને વસ્તુ કે સેવાનું ઉત્પાદન ન કર્યું હોય છતાં પણ કરવું પડે. સમાન રીતે,ટ્રેક્ટરનો વપરાશ કરવા માટે ભાડું ચૂકવીએ તે પણ સ્થિર ખર્ચ છે.

(બ) <u>અસ્થિર ખર્ચ</u>–

ઉપરના ઉ.દા. માં ખેડૂતે મજૂરોના વેતન માટે 31,500 રૂ. ચૂકવ્યા અને કાચોમાલ ખરીદવા માટે 3000 રૂ. ચૂકવ્યો. ઉત્પાદકે કેટલા પ્રમાણમાં વેતન ચૂકવવા પડશે તેનો આધાર કેટલા પ્રમાણમાં મજૂરો રાખવામાં આવે છે.શ્રમ એ ઉત્પાદનનું સાધનમાં ફેરફાર કરી શકાય છે. આ ઉદાહરણમાં , આપણે કહ્યું કે, ઉત્પાદક પહેલા 2 મહિનામાં 4 મજૂરો

રાખ્યાં અને બીજા બે મહિનામાં માત્ર 2 મજૂરો રાખ્યા. આનું કારણ છે કે શરૂઆતમાં કામ પ્રમાણે વધુ અને વધુ શ્રમિકોની જરૂરિયાત પડે છે. તે પ્રમાણે વધુ નાણાંની જરૂર પડે છે. દા.ત. 1800 રૂ. ચૂકવ્યા હતા. પરંતુ પછીના બે મહિના દરમ્યાન કામનું પ્રમાણ ઓછું થવા લાગ્યું. માત્ર બે મજૂરો રાખ્યાં હોય તો તે પ્રમાણે વેતન માં પણ ઘટાડો થઈને 9000 રૂ. થાય. વેતનમાં ફેરફાર થતાં અહીં ચૂકવણી બદલાય તેથી તેને અસ્થિર ખર્ચ કહેવાય. આપણે અસ્થિર ખર્ચને વણવી શકીએ કે એવું ખર્ચ જે અસ્થિર સાધનો,ઘટકો અને શ્રમનું પ્રમાણ બદલાતાં બદલાય જાય છે.

(ક) <u>દશ્ય ખર્ચ</u>–

ખેડૂત દ્વારા વેતન અને ભાડું જે ચૂકવવામાં આવે છે અને કાચામાલ પાછળ ખર્ચ કરવામાં આવે છે તેને આપણે દશ્ય ખર્ચ કહીએ છીએ. દશ્ય ખર્ચ એટલે જે ખર્ચ ઉત્પાદક દ્વારા સ્થિર અને અસ્થિર સાધનો,પાછળ નાણાંકીય ખર્ચ કરવામાં આવે છે તેને આને પ્રત્યક્ષ રીતે ચૂકવાય છે અને વ્યવસ્થિત ગણતરી કરી અલગથી તેની નોંધણી કરાય છે. બીલ,નાણાંની પહોંચ કે વાઉચર વગેરે.

(ડ) <u>અદશ્ય ખર્ચ</u>–

એકબાજુ ઉત્પાદનનાં સાધનો અને કાચો માલ ખરીદવામાં આવે, પણ ખેડૂત વસ્તુ અને સેવાના ઉત્પાદન માટે પોતાનાં સાધન અને કાચા માલનો ઉપયોગ કરે છે. તે પોતાની જાતને કોઈ પણ નાણાં ચૂકવતી નથી. પરંતુ તે પરોક્ષ રીતે આ ખર્ચ કરે છે. ધારોકે, ખેડૂત જમીનનું ખેડાણ કરવા માટે પોતાનું ટ્રેક્ટર વાપરે છે. પરંતુ તેણે ટ્રેક્ટર બીજા કોઈ પાસેથી લીધું હોય તો તેણે તેમા માટે ભાડુ ચૂકવવું પડે. આ સંજોગોમાં ખેડૂતનું ખર્ચ દશ્ય ખર્ચ કહેવાય. ચોકક્સ સમયગાળા દરમ્યાન ટ્રેક્ટરની સેવા વાપરવા માટે 3000 રૂ. ભાડુ ચૂકવ્યું નહિતર તેણે પોતાની જાતે તેનો વપરાશ કર્યો પછી ઉત્પાદન કરવાના હેતુ માટે વપરાશ કિંમત 3000 રૂ. છે. આ સંજોગોમાં તેને ખેડૂતનું અદશ્ય ખર્ચ કહેવાય તેથી અદશ્ય ખર્ચ એટલે એવું ખર્ચ કે જે પોતાના સાધનના પુરવઠાનું હોય આવા ખર્ચની કિંમત બજાર કિંમત ને આધારે ગણવામાં આવે છે.

## 8.3 કુલ અને સરેરાશ ખર્ચ–

કુલ ખર્ચ એ સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચની સરવાળો છે.સરેરાશ કુલ ખર્ચ કે સામાન્ય સરેરાશ ખર્ચ એ કુલ ઉત્પાદન નું કુલ ખર્ચનું પ્રમાણ છે. આપણે લખી શકીએ,

કુલ ખર્ચ(TC) = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ

સરેરાશ (AC)= કુલ ખર્ચ/કુલ ઉત્પાદન

સરેરાશ ખર્ચ એ એકમ દીઠ ઉત્પાદન ખર્ચ છે.

<u>સીમાંત ખર્ચ (MC)</u>

જો ઉત્પાદક ઉત્પાદન વધારવા માગે તો પછી તેણે શ્રમિકોની સંખ્યા વધારવી પડે. વધારાના શ્રમિકો રાખવાથી શ્રમિકોને ચૂકવાતા વેતન માટેનાં ખર્ચમાં પણ વધારો કરવો

પડશે.આના પરિણામે ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થશે. સીમાંત ખર્ચએ ઉત્પાદનના એક વધારાના એકમનું ઉત્પાદન કરવાથી કુલ ખર્ચમાં જે વધારો થાય છે તેને કહેવાય.

ઉદાહરણ– ધારો કે એક દરજી 10 પીસ સટ બનાવે છે અને તેનું કુલ ખર્ચ 1,110 રૂ. થાય છે. પછી તે શટનું ઉત્પાદન વધારીને 11 પીસ કરે છે તો તેનું કુલ ખર્ચ 1199 રૂ. થાય છે. સીમાંત ખર્ચ કેટલું છે ?

જવાબ – અહીં ઉત્પાદનમાં વધારો થાય છે 11-10 = 1 એકમ. કારણકે એક એકમ ખર્ચ ઉત્પાદન વધવાયો.

## પાઠમાં પ્રશ્ન 8.2

(1) જો 48 એકમોનું ઉત્પાદન કરવામાં આવે અને કુલ સ્થિર ખર્ચ રૂ. 180 છે સાથે કુલ અસ્થિર ખર્ચ 300 રૂ. છે તો ઉત્પાદન માટેનું સરેરાશ ખર્ચ કેટલું હશે ?

(2) દશ્ય ખર્ચ વણવી ?

(3) પ્રશ્ન–1 માં ઉત્પાદન એકમો વધીને 49 થાય છે જેનું કુલ અસ્થિર ખર્ચ વધીને 307 રૂ. થાય છે. સીમાંત ખર્ચ કેટલું છે ?

## 8.4 સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચની તુલના –

ઉપરના ઉ.દા માં સીમાંત ખર્ચની એક કિંમતે ઉપર મુજબ ગણતરી કરતાં સરેરાશ ખર્ચની બે જુદા જુદા મૂલ્ય પ્રાપ્ત થાય. સરેરાશ ખર્ચનું પહેલું મૂલ્ય 10 શટ પીસ સાથે સંકળાયેલ છે.સાથે કુલ ખર્ચ 1110 રૂ.છે.તેથી સરેરાશખર્ચ (AC) =1110/10 = 111 રૂ.

સરેરાશ ખર્ચનું બીજું મૂલ્ય 11 શટ પીસ સાથે સંકળાયેલ છે.સાથે કુલ ખર્ચ 1199 રૂ. છે.અહીં સરેરાશ અર્ચ (AC) = 1199/11 = 109 રૂ.

આના દ્વારા આપણે કહી શકીએ કે ઉત્પાદન ની બધી આપેલ કક્ષાએ સરેરાશ ખર્ચની ગણતરી કરવામાં આવે છે બીજી બાજુ સીમાંત ખર્ચની ગણતરી કરાય છે કે જ્યારે આપેલ ઉત્પાદન કક્ષાએ એક એકમનો વધારો થાય છે તેથી સીમાંત ખર્ચએ જે સફળ ઉત્પાદનની કક્ષાની વચ્ચે ગણતરી કરવામાં આવે છે.

આપણે ઉપરના ઉ.દા. ને નીચેના કોષ્ટક દ્વારા સમજીએ.

| ઉત્પાદનના એકમો(શટ) | કુલ ખર્ચ(રૂ.) | સરેરાશ ખર્ચ(રૂ.) | સીમાંત ખર્ચ(રૂ.) |
|---|---|---|---|
| 10 | 1110 | 111 | - |
| 11 | 1199 | 109 | 89 |

નોંધ

## 8.5 આવક –

અર્થશાસ્ત્રમાં આવક એ બીજો એક મહત્વનો ખ્યાલ છે કદાચ ખર્ચનો અભ્યાસ પૂરો નથી કે જ્યાં સુધી આપણે આવકની વાત ન કરીએ આવક શું છે ?

<u>આવકની વ્યાખ્યા</u>–

આવક એ એવી રકમ છે કે વ્યક્તિ વસ્તુનો જથ્થો વેચીને મેળવે છે.

તમે જાણો છો કે બજારમાંથી વસ્તુ ખરીદવા માટે તેની ચોકક્સ કિંમત ચૂકવવી પડે છે. તેથી આવકની ગણતરી કરવા માટે વસ્તુની કિંમત અને જથ્થાને ગુણવામાં આવે છે.આપણે અહીં લખીએ,

આવક = વસ્તુની કિંમત × વસ્તુનો જથ્થો

આપેલા સમયગાળા દરમ્યાન વેચનારે અમુક વસ્તુના જથ્થાનું વેચાણ કરવું પડે છે. એટલે ચોકક્સ સમયગાળા દરમ્યાન વેચનારે જે કુલ નાણાંનું પ્રમાણ મેળવ્યું તેને કુલ આવક કહેવાય. × વસ્તુનો જથ્થો

આપેલા સમયગાળા દરમ્યાન વેચનારે અમુક વસ્તુના જથ્થાનું વેચાણ કરવું પડે છે. એટલે ચોકક્સ સમયગાળા દરમ્યાન વેચનારે જે કુલ નાણાંનું પ્રમાણ મેળવ્યું તેને કુલ આવક કહેવાય. TR એટલે કુલ આવક.કિંમત માટે ‘P’ જથ્થા માટે ‘Q’ એમ લખતાં,

કુલ આવક = કિંમત × જથ્થો અથવા TR = P x Q

ઉદાહરણ– ખર્ચ વિભાગનું ખેડૂતનું ઉદાહરણ આની સાથે ચાલુ રાખતાં,વિચારો કે ખેડૂત 30 કિવન્ટલ ચોખાનું ઉત્પાદન કરે છે. બજારમાં ચોખાની કિંમત 1600 રૂ. કિવન્ટલ દીઠ છે. જો ખેડૂત બધા જ ચોખા વેચે તો તેના દ્વારા 1600 x 30 = 48,000 થશે.

આ ઉદાહરણ મુજબ કહીએ તો આવક એ ઉત્પાદક કે વેચનાર પોતાની વસ્તુ વેચે છે અને તેના માટે નાણાં મેળવે છે તે કહેવાય.બીજી રીતે કહીએ તો ‘કુલ આવક’એ કુલ વેચાણની પધ્ધતિ છે. કારણકે આવક એ વસ્તુના વેચાણ દ્વારા પ્રાપ્ત થાય છે તેથી વસ્તુના કુલ વેચાણ ની પધ્ધતિ પણ કહી શકાય.

### પાઠમાં પ્રશ્ન 8.3

(1) વેચનારે 1 કિવન્ટલ ઘઉ વેચ્યા. ઘઉની કિંમત કિ.ગ્રા દીઠ 15 રૂ. છે. કુલ આવક કેટલી છે?

યાદ રાખવું જોઈએ કે કોઈ એક અને બધી વસ્તુઓને પોતાની કિંમત હોય છે.છુટક વેપારીઓ જુદી જુદી વસ્તુઓ ખરીદનારાઓને વેચે છે. પ્રોવિઝન સ્ટોર કે સ્ટેશનરી દુકાનનું ઉદાહરણ લઈએ.



નોંધ

વેચનાર પ્રોવિઝન સ્ટોરમાં વિવિધ વસ્તુઓ વેચે છે. જેમકે ચોખા,ઘઉ,ઘઉનો લોટ,જુદા જુદા પ્રકારની દાળ,બિસ્કીટ,ખાદ્યતેલ વગેરે તમે ચોખાની જુદી જુદી જાત જેમકે બાસમતી,પરિમલ વગેરે.જુદા જુદા પ્રકારના ખાદ્યતેલ જેમકે રિફાઈન વનસ્પતિ તેલ,સૂર્યમુખીનું તેલ,સોયાબીન તેલ, કપાસિયા તેલ વગેરે. દુકાનદાર ઘણી બધી જુદી જુદી વસ્તુઓ અને એક સરખી વસ્તુના જુદા જુદા પ્રકારનું વેચાણ કરે છે. એટલે એક અઢવાડિયાના સમય પછી તેની કુલ આવક કેટલી હશે ?

જવાબ એકદમ સરળ છે સૌથી પહેલાં તેણે અઢવાડિયા દરમ્યાન વેચેલી વસ્તુઓની કિંમતની યાદી બનાવો બીજું ,અનુક્રમ વસ્તુઓની જથ્થા પ્રમાણની યાદી બનાવો.આપણે તેને નીચે મુજબ દર્શાવી શકાય.

ઉદાહરણ

માની શકાય કે દુકાનદારે 100 કિ.ગ્રા. બાસમતી ચોખા,70 લિટર સુર્યમુખીનું તેલ,100 પેકેટ બિસ્કીટ અને 150 કિ.ગ્રા ઘઉનો લોટ આ અઢવાડિયામાં વેચાણ કર્યું. બાસમતી ચોખાની કિંમત 35 રૂ. કિ.ગ્રા. દીઠ,90 રૂ. લિટરદીઠ સૂર્યમુખી તેલ ની કિંમત,બિસ્કીટની કિંમત 10 રૂ. પેકેટ દીઠ અને ઘઉના લોટની કિંમત 22 રૂ. કિ.ગ્રા. દીઠ.

આપણે નીચે પ્રમાણે દુકાનદારની કુલ આવક ની ગણતરી કરીએ.

(i) ચોખાની કુલ આવક = 35 x 100 = 3500 રૂ.

(ii) તેલની કુલ આવક =90 x 70 = 6300 રૂ.

(iii) લોટની કુલ આવક = 22 x 150 = 3300 રૂ.

(iv) બિસ્કીટની કુલ આવક = 10 x 100 = 1000 રૂ.

બધી વસ્તુઓની કુલ આવક = 14,100 રૂ.

આમ,દુકાનદારની અઢવાડિયા દરમ્યાન થયેલ બધી વસ્તુઓની કુલ આવક રૂ. 14,100 છે.

## 8.6 સરેરાશ અને સીમાંત આવક

સરેરાશ આવક (AR)

સરેરાશઆવકને AR કહી શકાય. તેની કુલ આવકદ્વારા ગણતરી કરી શકાય.સરેરાશ આવક મેળવવાનું સુત્ર.

સરેરાશ આવક = કુલ આવક / વેચાણ થયેલા એકમો

સૂત્ર પ્રમાણે, AR = TR / Q

એક જ વસ્તુની બાબતમાં આપણે જાણીએ છીએ TR = P x Q તેથી AR = P x Q / Q = P

સરેરાશ આવક અને વસ્તુની કિંમત એક અને સરખી ગણાય.

**સીમાંત આવક (MR)**

એક વધારા ઉત્પાદન એકમનું વેચાણ થવાથી કુલ આવકમાં જે વધારો થાય છે તેને સીમાત આવક (MR) કહેવાય.

ઉપરનું ઉ.દા. જો તાં, વેપારી વેચાણ વધારીને 21 કિ.ગ્રા કરે છે. આમાં કુલ આવક (TR) 50 x 21 = 1050 રૂ. થ ાય. પહેલાં જ્યારે વસ્તુનું વેચાણ 20 કિ.ગ્રા હતું. TR = 1000 રૂ.એથી MR = 1050 - 1000 = 50 રૂ.

નીચેના કોષ્ટકમાં જોઈ શકાય.

| વેચાણ થયેલા એકમો(કિ.ગ્રા) | કિંમત કે AR (રૂ.કિં.ગ્રા દીઠ) | TR(રૂ.) | MR(રૂ.) |
|---|---|---|---|
| 20 | 50 | 1000 | - |
| 21 | 50 | 1050 | 50 |

**AR અને MR ની તુલના**

એ નોધવું જોઈએ કે સરેરાશ આવકમાં ઉત્પાદનના કોઈપણ એક અને બધા આપેલા એકમો ના વેચાણની ગણતરી કરવામાં આવે છે. ના વેચાણની ગણતરી કરવામાં આવે છે તેથી સીમાંત આવક માટે વેચાણ થયેલા ઉત્પાદનના આપેલા બંને એકમોની ગણતરી કરવી પડશે. (આ સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બંને માટે સમાન કહી શકાય.)

**એક અગત્યનું નિરીક્ષણ –**

ઉદાહરણમાં જોઈ શકાય કે,વેચનાર ઉત્પાદનના એકમ ને આપેલી એકસરખી કિંમત મુજબ સફળ રીતે વેચી શકે એમ હોય તો પછી AR (સરેરાશ આવક) અને MR (સીમાત આવક) સરખાં થાય જો બજારમાં વસ્તુ ની કિંમત જુદા જુદા જથ્થામાં ફેરફાર થાય તો પછી AR અને MR બંને માં ફેરફાર થઈ શકે છે.

**ઉદાહરણ–**

1 કિ.ગ્રા. ગુવાર ની કિંમત 50 રૂ. છે. બે દિવસમાં વેપારીએ 20 કિ.ગ્રા. ગુવારનું વેચાણ કર્યું.તેની સરેરાશ આવક કેટલી છે ?

**જવાબ**

કુલ આવક 50 x 20 =1000 રૂ.છે. જ્યારે ઉત્પાદન 20 કિ.ગ્રા છે. તો AR = 1000/ 20 = 50 રૂ. (જોઈએ કે કિ.ગ્રા દીઠ 50 રૂ. કિંમત છે તેથી AR=50 રૂ.)

ઉદાહરણ – ઉપરનું ઉ.દા. ચાલુ રાખતાં,જો વેચનાર 21 કિ.ગ્રા ગુવારનું એકસરખી કિંમત વેચશે તો પછી સીમાંત આવક કેટલી ?

**જવાબ–**

હવે TR = 50 x 21 = 1050 રૂ. પહેલાં TR = 1000 એટલે MR = 1050 1000 = 50 રૂ.

ઉદાહરણ–

દુકાનદાર 10 કિ.ગ્રા. ચોખા 30 રૂ. કિ.ગ્રા. દીઠ વેચે છે. અને 11 કિ.ગ્રા ચોખા 29 રૂ. કિ.ગ્રા દીઠ વેચે છે. સીમાંત આવક કેટલી છે ?

જવાબ–

પહેલામાં TR = 10 x 30 = 300 રૂ.

બીજામાં TR = 11 x 29 = 319 રૂ.

એટલે MR = 319 - 300 = 19 રૂ.

## પાઠમાં પ્રશ્ન 8.4

(1) સરેરાશ આવક અને વસ્તુની કિંમત વચ્ચે શું તફાવત છે ?

(2) કુલ અને સરેરાશ આવક કેવી રીતે જોડાયેલ છે ?

## 8.7 આવક અને ખર્ચની ઉપયોગ

અર્થશાસ્ત્રમાં આવક અને ખર્ચ બંને મહત્વના ખ્યાલો છે. ખર્ચ એ વસ્તુ અને સેવા ઉત્પાદિત કરવા માટેના ઉત્પાદન કાર્યમાં થતું ખર્ચ છે. આવક એ ઉત્પાદક વસ્તુ અને સેવાના વેચાણ દ્વારા પ્રાપ્ત થયેલ નાણાંનું પ્રમાણ છે. એટલે કે ખર્ચ ઉત્પાદક દ્વારા થયેલ બલિદાનનું પ્રતિક છે અને આવક એ ઉત્પાદકને થયેલો ફાયદાનું પ્રતિક છે. ઉત્પાદકે વસ્તુનું વેચાણ કરીને આવક મેળવવી જરૂરી છે. તેથી તેણે કરેલું ખર્ચ જલ્દીથી સરભર કરી શકે. આ બાબતમાં કહી શકાય કે ઉત્પાદકે મેળવેલી આવકનો બચેલો ભાગ એ નફો કહેવાય. આથી કહી શકાય કે નફો એ ઉત્પાદનનું કુલ ખર્ચ અને આવકનો સરવાળો છે.

નફો = કુલ આવક – કુલ ખર્ચ

## પાઠમાં પ્રશ્ન 8.5

(1) જો ઉત્પાદન 50 એકમ છે, કિંમત 10 રૂ. એકમ દીઠ છે. સ્થિર ખર્ચ 110 રૂ. અને અસ્થિર ખર્ચ 150 રૂ. છે, નફાની રકમ કેટલી છે ?

## તમે શું શીખ્યાં ?

- ખર્ચ એ ઉત્પાદન કાર્ય દરમ્યાન વસ્તુ અને સેવા ઉત્પાદિત કરવા માટે થતું ખર્ચ છે.
- સ્થિર ખર્ચ એ ઉત્પાદનનાં સ્થિર સાધનો પાછળ થતું ખર્ચ છે.

નોંધ

- અસ્થિર ખર્ચ અસ્થિર સાધનો પાછળ થતું ખર્ચ છે.
- દશ્ય ખર્ચ એ ઉત્પાદકે ઉત્પાદન દરમ્યાન કરેલું નાણાંકીય ખર્ચ છે.
- અદશ્ય ખર્ચ એ પોતાના પૂરાં પડાયેલા સાધનો નું ખર્ચ છે.
- સરેરાશ ખર્ચ એ પ્રતિ એકમ દીઠ થતું ખર્ચ છે.
- આવક એ એવી રકમ છે કે જે આપેલ કિંમતે વસ્તુના પ્રમાણ વેચીને મેળવેલ રકમ છે.
- સરેરાશ આવક = કુલ આવક / ઉત્પાદન
- સીમાંત આવક એ એક વધારાના એકમનું વેચાણ કરવાથી થતી વધારાની આવક છે.
- નફો = કુલ આવક – કુલ ખર્ચ

## સત્રાંત પરીક્ષા

1. સ્થિર અને અસ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત આપો.
2. દશ્ય અને અદશ્ય ખર્ચ વચ્ચેનો તફાવત આપો.
3. કુલ અને સરેરાશ ખર્ચની ગણતરી કરી શકાય ?
4. કુલ અને સરેરાશ આવક ની ગણતરી કઈ રીતે કરી શકાય ?
5. આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત આપો. શા માટે ઉત્પાદકે તેની ગણતરી કરવી પડે?

## પાઠના પ્રશ્નોના જવાબ –

પ્રશ્ન 8.1

1. જમીન – ભાડુ
   શ્રમ – વેતન
   ટ્રેક્ટરની સેવા– ભાડુ
   અને કાચા માલની ચૂકવણી
2. ઉત્પાદક ખર્ચ સહન કરે છે.

પ્રશ્ન 8.2

1. TC = TFC + TVC
   = 180 + 300
   = 480 રૂ.

   AC = TC/TQ
   = 480/48 = 10 રૂ. એકમ દીઠ

2. દૃશ્ય ખર્ચ એ ઉત્પાદકે વસ્તુના ઉત્પાદન માટે કરેલું નાણાંકીય ખર્ચ છે.

3. TC = 180 + 307

= 487 રૂ.

MC = 487 - 480

= 7 રૂ.

પ્રશ્ન 8.3

1. કુલ આવક = 100 કિ.ગ્રા x 15 રૂ

= 1500 રૂ

પ્રશ્ન 8.4

1. સરેરાશ આવક એકમ દીઠ આવક છે. વસ્તુની કિંમત એ વસ્તુના પ્રત્યેક એકમને વેચવાથી મળતી રકમ છે. એટલેકે AR=કિંમત

2. TR = Q x P

AR = Q x P /Q

= P

એટલે ,સરેરાશ આવક = કિંમત

પ્રશ્ન 8.5

1. નફો = 420 રૂ.

# યુનિટ – 4
## વસ્તુ અને સેવાઓનું વિતરણ

9. માંગ
10. પુરવઠો
11. કિંમત અને ઉત્પાદનનુ   નિધાર્રણ
12. બજાર
13. કિંમત અને ઉત્પાદનના નિધાર્રણમાં સરકારની ભૂમિકા

# 9

# માંગ

આપણે પ્રકરણ–2 માં પહેલા જ જરૂરિયાત અને ઈચ્છા વિશે ભણી ચૂકયા છીએ. આ જરૂરિયાતો સંતોષવા માટે તેમણે બજારમાંથી વસ્તુઓ અને સેવાઓ ખરીદવી પડે.હવે આજે વિવિધ પ્રકારની વસ્તુઓ બજારમાં મળે છે. આથી આપણે વસ્તુની ખરીદી કરતાં પહેલાં પસંદગી કરવી પડે છે. પરંતુ માત્ર વસ્તુની ખરીદી વખતે પસંદગી એ પુરતું નથી. આપણે જયારે બજારમાં જઈએ છીએ ત્યારે આપણે વસ્તુ અને સેવાઓ ખરીદવા માટે અમુક ચોકકસ પ્રમાણમાં નાણાં લઈ જવા પડે છે . એક ગ્રાહક તરીકે બજારમાં આપણે નકકી કરવું પડે કે વસ્તુ અને વિવિધ વસ્તુઓના એકમનું ચોકકસ પ્રમાણમાં તમારી પાસે કેટલા નાણાં છે તેના પર આધારિત છે, આપણી પસંદગીની વસ્તુ માટે આપણે કિંમત ચૂકવવી છીએ.

પાઠ પૂરો થયાં પછી તમે જાણી શકો.

- માંગનો ખ્યાલ સમજાવો
- વસ્તુની વ્યકિતગતમાંગ અને બજારમાંગ વચ્ચેનો તફાવત સમજાવો.
- માંગને અસર કરતાં પરિબળોની ચચા ર્કરો.
- માંગનો નિયમ અને કિંમત અને વસ્તુની માંગ વચ્ચેનો સંબંધ સમજાવો.
- વ્યકિતગત માંગરેખા
- બજાર માંગ રેખા

કદાચ,વષા છેલ્લા અઠવાડિયે બજારમાં ગઈ હતી અને અઠવાડિયા માટે પોતાની ખરીદી કરી.

1) 1 કિ.ગ્રા ચોખા 25 રૂ. પ્રતિ કિ.ગ્રા.



નોંધ



2) 0.5 કિ.ગ્રા અડદ દાળ 68 રૂ. પ્રતિ કિ.ગ્રા.

3) 1 કિ.ગ્રા ઘઉંનો લોટ 24 રૂ. પ્રતિ કિ.ગ્રા.

4) 2 કિ.ગ્રા કેરી 50 પ્રતિ કિ.ગ્રા.

કોઈ એક વસ્તુ બજારમાંથી ખરીદવામાં આવે છે. તેના તેણે તેના માટે કિંમત આપવી પડે છે. તેના પ્રમાણે ચોકક્સ પ્રમાણમાં તે ખરીદવી પડે ચોકક્સ સમયગાળા દરમ્યાન વપરાશ માટે વર્ષા આમ કરે છે.

માંગની વ્યાખ્યા –

માંગ એટલે આપેલા સમયે આપેલી કિંમતે વસ્તુના પ્રમાણની ખરીદી કરવામાં આવે તેને વસ્તુની માંગ કહેવાય.

આને આપણે ઉપરના ઉદાહરણમાં જુદી જુદી વસ્તુની માંગ જોઈ તે જોઈએ.

| ક્રમ | વસ્તુના નામ | કિંમત | વસ્તુ (કિ.ગ્રા) | સમયગાળો |
|---|---|---|---|---|
| | | (રૂ. પ્રતિ કિ.ગ્રા) | | |
| 1 | ચોખા | 25 | 1.0 | છેલ્લા અઠવાડિયે |
| 2 | અડદ દાળ | 68 | 0.5 | છેલ્લા અઠવાડિયે |
| 3 | ઘઉંનો લોટ | 24 | 1.0 | છેલ્લા અઠવાડિયે |
| 4 | કેરી | 50 | 2.0 | છેલ્લા અઠવાડિયે |

માંગની વ્યાખ્યામાં ત્રણ ઘટકો છે.

(અ) વસ્તુની કિંમત

(બ) વસ્તુના પ્રમાણની ખરીદી

(ક) સમયગાળો

સમય નોંધવું જરૂરી નથી. તે અઠવાડિયું,મહિનો,વર્ષ હોઈ શકે.

તેથી આપેલ માંગનું ઉ.દા. લખીએ.

1) વર્ષાએ છેલ્લા અઠવાડિયે 1 કિ.ગ્રા. ચોખા 25 રૂ. ની કિંમતે ખરીદ્યા.આ વર્ષા દ્વારા ચોખા ની માંગ છે.

2) વર્ષાએ છેલ્લા અઠવાડિયે 2 કિ.ગ્રા કેરી 50 રૂ. ની કિંમતે ખરીદી. કેરીની આ માંગ વર્ષા દ્વારા થઈ અને તેથી

હવે નીચેનું ઉદાહરણ વાંચીએ.

(i) નીતિને છેલ્લા મહિને 2 જોડી શૂઝ ખરીદ્યા.

(ii) શ્રીમાન જાફરીએ 5 કિ.ગ્રા સફરજન 40 રૂ. પ્રતિ કિ.ગ્રા ખરીદ્યા.

(iii) કુમારી હરમિત કૌરે છેલ્લા મહિને 25 રૂ. પ્રતિ લિટરે દૂધના ચૂકવ્યાં.

આ માંગનું ઉ.દા. છે. ના,તમે સરળતાથી જોઈ શકો છો કે અહીં નિતીનની વાતમાં બૂટની જોડીની કિંમત આપેલી નથી.શ્રીમાન જાફરીમાં સમયગાળો દર્શાવ્યો નથી. છેલ્લામાં કુમારી હરમિત કૌરની બાબતમાં દૂધ નો જથ્થો આપેલો નથી.

### પાઠમાં પ્રશ્ન 9.1

1. માંગ વણવી
2. માંગની વ્યાખ્યામાં રહેલાં ત્રણ ઘટકો ના નામ આપો.

## 9.2 માંગ અને ઈચ્છા વચ્ચેનો તફાવત –

ઘણા સંજોગોમાં માનવી ઈચ્છા અને માંગ વચ્ચેનો તફાવતમાં મૂઝવણ અનુભવે છે. અને તેના ફેરફાર કામ છે. કદાચ આમાં બંને વચ્ચે તફાવતની શરતો છે. માંગ એવી ઈચ્છા છે જે ખરીદી માટે ની તૈયારી હોય આનો અર્થ એ છે કે અમુક લોકોને વસ્તુ માટેની ઈચ્છા હોય,તે/તેણી તે વસ્તુ વસ્તુની માંગ કરે છે . તેની પાસે વસ્તુની કિંમત ચૂકવવા માટે નાણાં હોવા જોઈએ.કોઈ પણ વ્યકિત કોઈ પણ વસ્તુની ઈચ્છા કરી શકે છે. પરંતુ માત્ર કંઈક ઈચ્છા દ્વારા જ નહિ પણ કિંમત ચૂકવ્યા વિના શકય નથી. વ્યકિતએ ઈચ્છા હોય તે માટે પૈસા ચૂકવે તો માત્ર વ્યકિતની વસ્તુ માટેની માંગ બને છે. ઉપરનું ઉદાહરણ ફરથી લઈએ ''વર્ષાએ છેલ્લે અઢવાડિયે 2 કિલો કેરી 50 રૂ. પ્રતિ કિલો ખરીદી.આ કેરીની માંગ વર્ષા દ્વારા થઈ પરંતુ તે ખરીદવા માટે કિંમત ચૂકવવા તૈયાર નથી તો પછી તેને વર્ષાની કેરી મેળવવાની ઈચ્છા કહેવાય માંગ નહિ.

## 9.3 વ્યકિતગત માંગને અસર કરતાં પરિબળો –

વ્યકિતમાંગ એટલે વસ્તુનો એવો જથ્થો કે જે વ્યકિતગત ખરીદનાર ચોકકસ સમયે જુદી જુદી કિંમતે વસ્તુનો એકમો ખરીદવા તૈયાર થાય છે તે. પરંતુ વસ્તુનો જથ્થો કેટલા પ્રમાણમા ખરીદવા તૈયાર થાય છે તેનો આધાર નીચેના પરિબળો રહેલો છે. આને માંગને નિધારીત કરતાં પરિબળો કહેવાય. આ છે.

વસ્તુની કિંમત
ગ્રાહકોની આવક
ગ્રાહકોની ટેવ અને પસંદગી

આ પરિબળોની એક પછી એક ચર્ચા કરીએ.

(1) વસ્તુની કિંમત–

તમે જયારે વસ્તુ ખરીદવા બજાર જાઓ તો વેચનાર પાસે જઈ સૌથી પહેલા વસ્તુની કિંમત પૂછો છો. તમે વિચારો છો કે કિંમત વ્યાજબી છે તમારે વસ્તુનો જથ્થો ખરીદવાની જરૂરિયાત

છે. બીજી બાજુએ કિંમત ઊંચી છે તેવો તમારો અભિપ્રાય છે તો તમે વસ્તુ ખરીદશો નહિ અથવા તો ઓછી ખરીદશો.સામાન્ય રીતે આપણે નીચી કિંમતે વધુ વસ્તુનો જથ્થો ખરીદવા તૈયાર હોઈએ છીએ.અને ઊંચી કિંમતે ઓછો. જો બધા માંગ ને અસર કરતાં પરિબળો સ્થિર રહે છે.

(2) સંબંધિત વસ્તુની કિંમત –

વસ્તુની માંગને સંબંધિત વસ્તુઓની કિંમત પણ અસર કરે છે. સંબંધિત વસ્તુના બે પ્રકાર છે. (અ) અવેજી વસ્તુ (બ) પૂરક વસ્તુ. અવેજી વસ્તુ એવી વસ્તુ છે જે સરળતાથી બીજી વસ્તુની જગ્યાએ વાપરી શકાય છે. અવેજી વસ્તુના ઉ.દા. જેમકે પેપ્સી અને કોકાકોલા,ચા અને કોફી વગેરે. જો કોફીની કિંમત વધે તો લોકો ચા ની વધારે માંગ કરશે. તેથી ચાની માંગ વધશે. જો કોફીની કિંમત ઘટશે તો લોકો કોફીની માંગ વધારે કરશે અને ચા ની માંગ ઘટશે. તેથી વસ્તુની માંગ પ્રત્યક્ષ રીતે અવેજી વસ્તુની કિંમત સાથે સંકળાયેલ છે. બીજી બાજુ પૂરક વસ્તુ એવી વસ્તુ છે જે એક જરૂરિયાત માટે તેની સાથે સંકળાયેલ બીજી જરૂરિયાત સંતોષવી પડે છે પૂરક વસ્તુનું ઉદાહરણ– ગાડી અને પેટ્રોલ,બોલ પેન અને રીફિલ વગેરે. જો તમારી પાસે કાર હોય તો તેને ચલાવવા માટે પેટ્રોલ ની જરૂર પડે. ધારો કે પેટ્રોલની કિંમત વધે છે. શુ તમે કારની માંગ કરશો ? કારની માંગ ઘટશે. જો એક વસ્તુ
ની કિંમત વધે તો બીજી વસ્તુની માંગ ઘટે અને જો એક વસ્તુની કિંમત ઘટે તો બીજી વસ્તુની કિંમત વધે છે. એટલેકે પૂરક વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

(3) ગ્રાહકની આવક

વસ્તુની માંગ ગ્રાહકોની આવક પર પણ આધાર રાખે છે . જયારે તમારી આવક વધે ત્યારે તમને અમુક વસ્તુઓ ખરીદવા પાછળ વધારે નાણાં ખચ ર્કરવાનું ગમે છે. જેમ કે ફળ,વધારે ક્રીમ વાળું દૂધ,બટર વગેરે. કેટલીક વસ્તુ સામાન્ય વસ્તુ છે.સામાન્ય વસ્તુ એવી વસ્તુ છે જે આવક વધવાની સાથે માંગ વધે છે એટલે સામાન્ય વસ્તુની માંગ ગ્રાહકની આવકની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ છે. પરંતુ કેટલી વસ્તુઓ એવી છે જેથી માંગ ઘટે છે જયારે ખરીદનારની આવક ઘટે છે જેમકે જુવાર,બાજરી વગેરે. આ વસ્તુઓને ગીફન વસ્તુ કેહવાય છે. ગીફન વસ્તુની માંગ અને ગ્રાહકની આવક સાથે વ્યસ્ત સંબંધ છે.

(4) ટેવ, પસંદગી અને ફેશન –

ટેવ,પસંદગી અને ફેશન પણ માંગને અસર કરતાં મહત્વના પરિબળો છે. ઉ.દા. તરીકે મોનિકા જીન્સ અને ટોપની સરખામણીએ સલવાર અને કમીઝ,તેની જીન્સ અને ટોપની માંગ વધે છે. તેથી આવી વસ્તુની માંગ વધે છે. જેની ફેશન હોવાથી ગ્રાહક તેની વધારે પસંદગી કરે છે.બીજી બાજુ આવી વસ્તુઓની માંગ ઘટે છે જેથી ગ્રાહક તેની પસંદગી કરતો નથી કેમ કે તે જૂની ફેશનની થઈ ગઈ છે.





## 9.4 વ્યકિતમાંગની અનુસૂચિ –

તે જરૂરિયાત સંતોષવા માટે થોડીક વસ્તુઓ અને સેવાઓની વ્યકિતગત માંગ કરે છે. આપેલ ઉદાહરણની વાત કરીએ વર્ષા વિશે જેણે છેલ્લા અઠવાડિયે ચોખા,દાળ,ઘઉંનો લોટ અને કેરીની માંગ કરી.વર્ષાએ અહીં ખરીદી પૂરી કરી નથી. તે હજી પણ થોડી વસ્તુઓની જરૂરિયાત પ્રમાણે માંગ ચાલુ રાખે છે જયારે તે બીજી વખત બજાર જશે ત્યારે તે એટલી જ વસ્તુની ખરીદી કરશે કે નહિ તેનો આધાર વસ્તુની કિંમત એકસરખી છે કે નહિ.આપણે વિચારીએ કે અન્ય વસ્તુની કિંમત,વર્ષા પાસે રહેલું નાણું તેનો સ્વાદ બદલાયો નથી નિરીક્ષણ કરતાં વર્ષા કેરી ખરીદે છે જે આપણે નીચે નોંધ કરી.

જો કેરીની કિંમત 50 રૂ. પ્રતિ કિ.ગ્રા. હોય તો વર્ષા 2 કિલો કેરી અઠવાડિયામાં ખરીદશે. જો કેરીની કિંમત વધીને 60 રૂ. પ્રતિ કિ.ગ્રા. થાય તો તે માત્ર 1.5 કિ.ગ્રા. કેરી અઠવાડિયામાં ખરીદશે. જો કિંમત ઘટીને 40 રૂ. થાય તો તે વધારે ખરીદી કરશે એટલે કે 2.5 કિ.ગ્રા. કેરી અઠવાડિયામાં ખરીદશે.આનો અર્થ કે જો કિંમત 50 રૂ. પ્રતિ કિગ્રા. છે તો વર્ષા દર અઠવાડિયે 2 કિલો કેરી ખરીદશે. જો કિંમત 60 રૂ. પ્રતિ કિ.ગ્રા હોય તો માત્ર 1.5 કિ.ગ્રા દર અઠવાડિયે અને જો કિંમત 30 રૂ. પ્રતિ કિગ્રા હોય તો તે 3 કિ.ગ્રા ની માંગ કરશે આને આપણે નીચેના કોષ્ટક 9.1 માં દર્શાવીશું.

કોષ્ટક 9.1 વર્ષાની કેરી ની માંગ

| કેરીની કિંમત (રૂ. પ્રતિ કિગ્રા) | કેરીના જથ્થાની માંગ અઠવાડિયા દીઠ (કિ.ગ્રા.માં) |
|---|---|
| 80 | 0.5 |
| 70 | 1.0 |
| 60 | 105 |
| 50 | 2.0 |
| 40 | 2.5 |
| 30 | 3 |

કોષ્ટક 9.1 દર્શાવે છે વર્ષાએ અઠવાડિયા દીઠ જુદી જુદી કિંમતે કરેલી જુદા જુદા જથ્થામાં કેરીની માંગ. જુદી જુદી કિંમતે જુદા જુદા પ્રમાણમાં વસ્તુની માંગ દર્શાવતી અનુસૂચિ ને માંગની અનુસૂચિ કહેવાય છે.કોઈ વસ્તુની એક જ વ્યકિત દ્વારા થતી માંગની અનુસૂચિ વ્યકિતગત માંગ ની અનુસૂચિ કહેવાય. વ્યકિતગત માંગ એ એવી વસ્તુની માંગ કે ચોકકસ સમયે જુદી જુદી કિંમતે વ્યકિતગત ગ્રાહક દ્વારા ખરીદવામાં માટે તૈયાર હોય.

## 9.5 માંગ નો નિયમ

માંગનો નિયમ કિંમત અને વસ્તુની માંગ વચ્ચેનો સંબંધ સમજાવો.જયારે કિંમત સિવાયનાં અન્ય પરિબળો સ્થિર રહે છે.

અગાઉ ચર્ચા કરી કે, વસ્તુની માંગને ઘણા પરિબળો અસર કરે છે.જેમ કે વસ્તુની કિંમત,સંબંધિત વસ્તુની કિંમત,ગ્રાહકોની આવક,ટેવ અને પસંદગી વગેરે. માંગનો નિયમ વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી માંગ પર થતી અસર સમજાવે છે. ધારીએ કે અન્ય પરિબળો જેમ કે સંબંધિત વસ્તુની કિંમત, ગ્રાહકોની આવક,ટેવ અને પસંદગી સ્થિર રહે છે.


માંગનો નિયમ જો વસ્તુની કિંમત ઘટે તો વસ્તુની માંગ વધે અને જો વસ્તુની કિંમત વધે તો વસ્તુની માંગ ઘટે.અન્ય પરિબળો સ્થિર રહે છે.

માંગનો નિયમ અર્થ એ કે, માંગને નિર્ધારિત કરતાં અન્ય પરિબળો સ્થિર રહે છે. વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

## 9.6 વ્યકિતગત માંગરેખા–

જ્યારે આપણે ઉપર મુજબની કિંમત અને વસ્તુ ની માંગ વચ્ચેનો સંબંધ આકૃતિમાં દશાવીશું તો તેને માંગરેખા કહેવાય.માંગરેખા એ માંગના નિયમની આકૃતિ માં રજૂઆત છે. માંગરેખા દશાર્વે છે જુદી જુદી કિંમત જુદા જુદા પ્રમાણમાં વસ્તુની માંગનું પ્રમાણ આકૃતિના રૂપમાં ,આપણે કોષ્ટક 9.1 ની મદદથી વષાની કેરી માટેની માંગરેખાની રચના કરીશું આકૃતિ 9.1 માંગરેખા જોઈએ.

OX-અક્ષ પર કેરીની માંગનું પ્રમાણ અને OY-અક્ષ પર કેરીની કિંમત લઈએ. Y-અક્ષ (ઉભી રેખા) પર કિંમત શરૂ થાય છે 30 થી 80 રૂ. X-અક્ષ (આડી રેખા) પર કેરીનો જથ્થો શરૂ થાય છે.0.5 થી 3 કિગ્રા સુધી.વષા કેરીની 0.5 કિગ્રા માંગ કરે છે. 80 રૂ. કિંમતે આ સંમિશ્રણ આકૃતિ 9.1 માં A બિંદુએ આપેલું છે. સમાન રીતે,બીજા કેરીની કિંમત અને વસ્તુ કોષ્ટક 9.1 માં આપેલ મુજબ તેને B,C,D,E અને F બિંદુઓ જોઈ શકાય આ બિંદુઓને જોડતાં વષાની કેરી માટેની માંગરેખા મેળવી શકાય. માંગની અનુસૂચિ અને માંગરેખા બંને દશાર્વે છે કિંમત અને વસ્તુ વચ્ચેનો સંબંધ પરંતુ માંગની અનુસૂચિ કોષ્ટક સ્વરૂપમાં અને માંગરેખા આકૃતિ ના સ્વરૂપમાં દશાર્વવામાં આવે છે.




આકૃતિ 9.1 વ્યકિતગત માંગ રેખા

## પાઠમાં પ્રશ્ન 9.2

(1) માંગનો નિયમ દર્શાવી.

(2) માંગના નિયમની ધારણા કઈ છે ?

(3) તમારી સફરજન માટેની માંગનું શું થાય.જો સફરજનની કિંમત વધીને 80 રૂ. થી 100 રૂ. પ્રતિ કિ.ગ્રા. ધારો કે ગ્રાહકની આવક,રૂચિ અને પસંદગી વગેરે બદલાતાં નથી?

## 9.7 વ્યકિતગત માંગરેખાનો આકાર –

માંગના નિયમ પ્રમાણે જયારે માંગને નિર્ધારિત કરતાં બધા અન્ય પરિબળો સ્થિર રહે છે ત્યારે ખરીદનાર નીચી કિંમતે વધુ વસ્તુનો જથ્થો ખરીદે છે.અને ઊંચી કિંમતે વધુ ઓછું ખરીદશે. આ કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાને લીધે માંગરેખા ડાબેથી જમણી બાજુ ઉપરથી નીચેની તરફ જાય છે. પરંતુ પ્રશ્ન એ છે કે ખરીદનાર નીચી કિંમતે વધુ અને ઊંચી કિંમતે ઓછો વસ્તુનો જથ્થો ખરીદે છે. બીજી બાજુ શા માટે માંગરેખા ઢાળ ડાબેથી જમણી બાજુ ઉપરથી નીચેની તરફ જાય છે ? મુખ્ય, કારણ એ છે કે કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. જે નીચે મુજબ સમજીશુ.

1. જયારે વસ્તુના વધારે ને વધારે એકમોનો વપરાશ સંતોષ પછી વસ્તુના વધારે એકમો તરફ જતાં ઘટી જાય છે. ઉ.દા. એક ભૂખ્યા વ્યકિતને પહેલી રોટલીમાંથી મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે.બીજી રોટલીમાંથી તેનાથી ઓછો અને ત્રીજી રોટલીમાંથી સૌથી ઓછો સંતોષ મળે છે જો તેણે વધારે સંતોષ મેળવવો હોય તો તેણે વધારે નાણાં ચૂકવવા તૈયાર થવું પડે. અને જો ઓછો સંતોષ મેળવવો હોય તો નીચી કિંમત ચૂકવવા તૈયાર થાય છે. આનો અથ કે તે નીચી કિંમતે વસ્તુનો વધુ જથ્થો ખરીદશે અને ઊંચી કિંમતે ઓછો જથ્થો

ખરીદશે. માગનો નિયમ ,પણ આજ માહિતી આપે છે જે ઉપરથી નીચે જતી માંગરેખા દશાર્વે છે.

2. ધારો કે તમે બજારમાંથી કેરી ખરીદો છો.જો કેરીની કિંમત 40 રૂ. પ્રતિ કિગ્રા છે તો તમે 2 કિગ્રા કેરી તે કિંમતે ખરીદો છો. જો કેરીની કિંમત 40 રૂ. થી ઘટીને 20 રૂ. પ્રતિ કિગ્રા થાય તો તમારી વાસ્તવિક આવક કે ખરીદ શકિત બેવડી થાય છે. હવે તમે એ જ આવક બેવડી વસ્તુ એટલે 4 કિગ્રા કેરી ખરીદી શકશો. આમ, ખરીદનાર જયારે વસ્તુની કિંમત નીચી છે ત્યારે વસ્તુનો વધારે જથ્થો અને ઊંચી કિંમતે ઓછો જથ્થો ખરીદશે જે ઉપરથી નીચે જતી માંગરેખા દશાર્વે છે.

3. જયારે વસ્તુની કિંમત ઘટે ,ત્યારે તેની સાથે સંકળાયેલ અવેજી વસ્તુ અત્યંત સસ્તી બને છે. (અવેજી વસ્તુની કિંમત સ્થિર રહે છે.) ઉદાહરણ તરીકે ,જો કોકાકોલાની કિંમત ઘટે તો તેની અવેજી વસ્તુ પેપ્સી તેની તુલનાએ અત્યંત સસ્તી બને. લોકો કોકાકોલાને બદલે પેપ્સી ખરીદશે.(પેપ્સી એ કોકાકોલાની અવેજીમાં આવે એવી અવેજી વસ્તુ છે.) કોકાકોલાની માંગ વધશે,જયારે તેની કિંમત ઘટશે . બીજી બાજુ વસ્તુની કિંમત ઘટે જયારે તેની કિંમત વધે માંગરેખાનો ઢાળ ઉપરથી નીચેની તરફ જાય છે. તેના પરથી સમજી શકાય.

## પાઠમાં પ્રશ્ન 9.3

1. જયારે વસ્તુની કિંમત ઘટે છે ત્યારે ગ્રાહકની વાસ્તવિક આવકમાં શું થાય છે ?
2. જયારે કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે ત્યારે માંગ રેખાનો ઢ ાળ કેવો હોય છે ?
3. તમે તરસ્યા છો અને તમે અગાઉ એક ગ્લાસ પાણી પી લીધું છે તો તમે પાણીનો બીજો ગ્લાસ પીશો તો જે સંતોષ મળશે તે વધશે કે ઘટશે ?
4. નીચે આપેલી માહિતી પરથી માંગરેખા દોરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચોખા (રૂ. એકમ દીઠ ) | 1 | 2 | 3 | 4 | 5 |
| વસ્તુનો જથ્થો (એકમમાં) | 20 | 16 | 12 | 8 | 4 |

## 9.8 વસ્તુ માટેની બજાર માંગ –

બજારમાં વષા એકલી કેરી ખરીદનાર નથી. બીજા ઘણાં વ્યકિતઓ છે જે બજારમાં કેરીની માંગ કરે છે.ધારોકે બીજા બે ગ્રાહકો વિભા અને સોમ્યા જેઓ બજારમાં કેરી ખરીદવા તૈયાર છે. બધા વ્યકિતગત ગ્રાહકો દ્વારા વસ્તુના કુલ પ્રમાણ ની માંગ બજારમાં ચોકકસ સમયે અને ચોકકસ કિંમતે કરવામાં આવે તો તેને તે વસ્તુની બજારમાંગ કહેવાય.

બજારમાં કેરી ખરીદનારા માત્ર ત્રણ ગ્રાહકો છે.વષા,વિભા અને સોમ્યા ,બજારમાંગ એ આ ત્રણ ખરીદનારાઓની વ્યકિતગત માંગની અનુસૂચિ નો સરવાળો કરીએ તો તેને બજારમાંગ





કહેવાય. કોષ્ટક 9.1 માં વર્ષાની માંગની સાથે વિભા અને સોમ્યાની માંગ માટે અલગ બે કોલમમાં દશાવી શકીએ.આપણે બજારની માંગની અનુસૂચિ મેળવીએ. નીચેના કોષ્ટક 9.1 માં જોઈ શકાય.

કોષ્ટક 9.2 કેરી ની બજાર માંગ

| કેરીની કિંમત (રૂ.કિગ્રા દીઠ) | કેરીની માંગ અઠવાડિયા દીઠ (કિ.ગ્રા.માં) | | | કેરીની બજારમાં અઠવાડિયા (કિ.ગ્રા.માં) |
|---|---|---|---|---|
| | વર્ષા | વિભા | સોમ્યા | |
| 80 | 0.5 | 1.0 | 0 | 1.5 |
| 70 | 1.0 | 1.5 | 0.5 | 3.0 |
| 60 | 1.5 | 2.0 | 1.0 | 4.5 |
| 50 | 2.0 | 2.5 | 1.5 | 6.0 |
| 40 | 2.5 | 3.0 | 2.0 | 7.5 |
| 30 | 3 | 3.5 | 2.5 | 9.0 |

જ્યારે કેરીની કિંમત 80 રૂ. પ્રતિ કિ.ગ્રા છે,વર્ષા કેરીની માંગ 0.5 કિ.ગ્રા. ,વિભાની કેરીની માંગ 1.0 કિ.ગ્રા અને સોમ્યા કેરીની માંગ કરતી નથી. કેરીની કિંમત 80 રૂ. છે ત્યારે બજારમાંગ 0.5+1.0+0= 1.5 કિ.ગ્રા. કેરીની માંગ દર અઠવાડિયે થાય છે.જેમ કે કેરીની માંગ અન્ય કિંમતે કોષ્ટક 9.2 માં જોઈ શકાય.

## પાઠમાં પ્રશ્ન 9.4

1.

| કિંમત (રૂ.એકમદીઠ) | વસ્તુની માંગ (એકમમાં) | | | બજાર માંગ (એકમમાં) |
|---|---|---|---|---|
| | વ્યક્તિ–A | વ્યક્તિ–B | વ્યક્તિ–C | |
| 5 | 15 | 13 | 30 | - |
| 6 | 12 | 11 | 25 | - |
| 7 | 9 | 9 | 20 | - |
| 8 | 6 | 7 | 15 | - |
| 9 | 3 | 5 | 10 | - |

બજારમાં માત્ર ત્રણ વ્યકિતઓ વસ્તુઓ ખરીદશે.ઉપર આપેલા કોષ્ટકમાં બજારમાંગની ગણતરી

2.

| કિંમત (રૂ.એકમદીઠ) | વસ્તુની માંગ (એકમમાં) | | | બજાર માંગ (એકમમાં) |
|---|---|---|---|---|
| | વ્યક્તિ–A | વ્યક્તિ–B | વ્યક્તિ–C | |
| 1 | 10 | 12 | - | 48 |
| 2 | 8 | 15 | - | 40 |
| 3 | 6 | 12 | - | 32 |
| 4 | 4 | 9 | - | 24 |
| 5 | 2 | 6 | - | 16 |

## 9.9 બજારમાંગને અસર કરતાં પરિબળો –

અગાઉ નોંધ્યું બજારમાં એ વસ્તુનો કુલ જથ્થો છે. જે બજારના બધા ગ્રાહકો જુદી જુદી કિંમતે એકમ દીઠ વસ્તુ ખરીદવા તૈયાર થાય છે. વધુમાં વસ્તુને વ્યકિતગત માંગ અસર કરે છે. બજારમાંગ પણ ઉપરના પરિબળો દ્વારા અસર પામે છે.

1. અસંખ્ય ગ્રાહકો–

બજારમાં વસ્તુની માંગનું નિધાર્રણ કરવામાં અસંખ્ય ગ્રાહકો વસ્તુ ખરીદે છે. કોષ્ટક 11.2માં તમે જોયું કેરીની બજાર માંગ માટે બજાર માં કેરી ખરીદનારા ત્રણ ગ્રાહકો છે.નામ વષા,વિભા અને સોમ્યા. હવે જો એક વધુ ગ્રાહક આભા પણ કેરી ખરીદવાનું શરૂ કરશે.કેરીની બજાર માંગ કેટલી હશે ? કેરીની બજાર માંગ ચોકકસ વધશે.તેથી જો અસંખ્ય ગ્રાહકોની વસ્તુ મોટા પ્રમાણમાં છે,આ વસ્તુ માટેની બજાર માંગ પણ વધશે. બીજી બાજુ ખરીદનારા ઓની સંખ્યા ઓછી છે. વસ્તુની બજારમાંગ પણ ઘટશે.

2. આવક અને સંપત્તિની વહેંચણી–

સમાજમાં આવક અને સંપત્તિની વહેંચણી પણ વસ્તુની બજાર માંગને નિધાર્રિત કરે છે. જો આવક અને સંપત્તિનું વધુ પ્રમાણ ધનિકો પાસે જાય તો વસ્તુ ની માગ ધનિકો દ્વારા વધુ થાય છે. બીજી બાજુ જો આવક અને સંપત્તિ નો મોટા ભાગ ગરીબ વ્યકિતઓ પાસે જાય તો વસ્તુની માંગ ગરીબો દ્વારા વધુ થાય છે.

3. વાતાવરણ –

સામાન્ય રીતે નિરીક્ષણ કર્યું કે ઉનાળામાં બરફની માંગ વધે.સમાન રીતે વરસાદની ઋતુમાં છત્રી અને રેઈન કોટની માંગ વધે છે. અને શિયાળાની ઋતુમાં ગરમ કપડાંની માંગ વધે તેથી, વાતાવરણની પરિસ્થિતિ પણ વસ્તુની માંગને અસર કરે છે.

## પાઠમાં પ્રશ્ન 9.5

1. વસ્તુની વ્યકિતગતમાંગને અસર કરતાં ચાર પરિબળોના નામ આપો.
2. ખાંડની કિંમત વધે તો ચાની માંગ કેવી બને ?
3. પેપ્સીની કિંમત ઘટે તો કોકાકોલાની માંગ કેવી બને ?
4. સામાન્ય વસ્તુ અને ગિફન વસ્તુ વચ્ચેનું અંતર સમજાવો.
5. આજના દિવસોમાં ફેશન હોય તેવી પાંચ વસ્તુઓની યાદી બનાવો.
6. ચોકકસ શબ્દો સાથે ખાલી જગ્યા પૂરો.
   (i) જો ખરીદનારની કિંમત ઘટે તો ગિફન વસ્તુઓની માંગ ________ થશે.
   (ii) જ્યારે સહિની કિંમત વધે, ફાઉન્ટેન પેનની માંગ ________ થશે.
   (iii) __________ જેટલા ગ્રાહકો બજારમાં છે ,જેઓ વસ્તુની વધારે માંગ કરશે.
   (iv) જો સમાજમાં આવક અને સંપત્તિની વહેચણીનો મોટો હિસ્સો __________ વ્યકિતઓને ભાગે જાય તો ગરીબો દ્વારા વસ્તુની વધારે માંગ થશે.

- ચોકકસ સમયે ચોકકસ કિંમતે ગ્રાહકો જે વસ્તુઓનો જથ્થો ખરીદવા તૈયાર થાય છે તેને વસ્તુ માટેની માંગ કહેવાય.
- આપેલી કિંમતે આપેલ સમયે વ્યકિતગત ખરીદનારાઓ દ્વારા વસ્તુના જે કુલ જથ્થાની માંગ થાય છે તેને વ્યકિત માંગ કહેવાય.
- આપેલા સમયે આપેલી કિંમત બધા વ્યકિતગત ખરીદનારાઓ દ્વારા વસ્તુના જે કુલ જથ્થાની ખરીદી કરવા તૈયાર થાય છે તેને બજારમાંગ કહેવાય.
- વ્યકિતગત માંગને નિર્ધારિત કરતાં – વસ્તુની કિંમત,સંબંધિત વસ્તુની કિંમત,ગ્રાહકોની આવક,ટેવ,પસંદગી અને ફેશન.
- બજારમાંગને નિર્ધારિત કરતાં – અસંખ્ય વ્યકિતગત ગ્રાહકો વસ્તુ ખરીદનારા,આવક અને સંપત્તિની વહેંચણી,હવામાની પરિસ્થિતિ વ્યકિતગત માંગને નિર્ધારિત કરે છે

- માંગનો નિયમ દશાર્વે છે કે અન્ય પરિબળો માંગને અસર કરતાં સ્થિર રહે છે નીચી કિંમતે ગ્રાહકો વધુ વસ્તુનો જથ્થો ખરીદશે અને ઊંચી કિંમતે ઓછો.
- માંગના નિયમને આકૃતિ ના રૂપમાં માંગરેખા દશાવી શકાય.
- વસ્તુની માંગરેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ જાય છે.

## સત્રાંત પ્રશ્નો :

1. માંગ વણવી વ્યકિતગત માંગ અને બજારમાંગ વચ્ચેનું અંતર સમજાવો.
2. વસ્તુની વ્યકિતગત માંગને અસર કરતાં પરિબળો ઊંડાણમાં સમજાવો.
3. કયા પરિબળો વસ્તુની બજારમાંગને અસર કરે છે તે દશાવી.
4. માંગનો નિયમ ઉદાહરણ / અનુસૂચિ દશાવી સાથે સમજાવો.
5. માંગરેખા શું છે ? માંગની અનુસૂચિની મદદથી વ્યકિતગત માંગરેખા દોરો.
6. શા માટે માંગરેખાનો ઢાળ ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ જાય છે?
7. માંગના નિયમ પાછળ કયું કારણ રહે છે ?

## પાઠનાં પ્રશ્નોના જવાબ –

પાઠ પ્રશ્ને 9.1

1. ચોકકસ સમયે જુદી જુદી કિંમતે વસ્તુનો જથ્થો ખરીદવાની તૈયારી બતાવે છે તેને માંગ કહેવાય.
2. (i) વસ્તુની કિંમત
   (ii)ખરીદવા માટે વસ્તુનો જથ્થો
   (iii)સમયગાળો

પાઠ પ્રશ્ને 9.2

1. માંગનો નિયમ દશાર્વે છે કે માંગને નિર્ધારિત કરતાં પરિબળો સ્થિર રહે છે,વસ્તુની કિંમત અને વસ્તુ ની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે .
2. (i) ગ્રાહકની આવક બદલાતી નથી.
   (ii)સંબંધિત વસ્તુની કિંમત બદલાતી નથી.
   (iii)ટેવ,પસંદગી અને ફેશન બદલાતી નથી.
3. સફરજનની કિંમત ઘટશે.

પાઠ પ્રશ્ને 9.3

1. વાસ્તવિક આવક વધશે.
2. માંગરેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ જશે.
3. ઘટશે.

પાઠ પ્રશ્ને 9.4

1. 58,48,38,28,18
2. 20,17,14,11,8

પાઠ પ્રશ્ને 9.5

1. વસ્તુની કિંમત,સંબંધિત વસ્તુની કિંમત,ગ્રાહકો ની આવક,સ્વાદ,પસંદગી અને ફેશન.
2. ઘટશે.
3. ઘટશે.
4. આવક વધશે તો તેની સાથે સામાન્ય વસ્તુની માંગ વધશે જયારે આવક વધશે તો તેની સાથે ગિફન વસ્તુ ની માંગ ઘટશે.
5. જીન્સ,ટોપ,ઈલેકટ્રિક ઘડિયાળ,બોલપેન,મોબાઈલ ફોન
6. (i) વધશે
   (ii) ઘટશે
   (iii) બહુ બધા
   (iv) ગરીબ

# 10

# પુરવઠો

અગાઉના પ્રકરણમાં આપણે અભ્યાસ કયો વસ્તુની માંગના અથ માંગનું નિધારણ અને માંગનો નિયમ.પરંતુ ગ્રાહકો વસ્તુઓ ત્યારે જ ખરીદી શકશે જયારે તે બજારમાં ઉપલબ્ધ હોય. એટલે કે પ્રશ્ન એ છે કે બજારમાં કોણ,વસ્તુ પૂરી પાડશે ? સૌથી પહેલાં ઉત્પન્ન કરવામાં આવે, વ્યવસ્થિત રીતે સંગ્રહ કરવામાં આવે અને બજારમાં લઈ જવામાં આવે અને પછી તે ગ્રાહકોને પ્રાપ્ત થાય. તમે કયારેય ખેતીક્ષત્રે ખેતરની મુલાકાત લીધી છે ? ખેડૂતો અનાજ,ફળ અને શાકભાજી ઉત્પન્ન કરે છે.આ ખેતરમાં તેઓ આવી વસ્તુઓ ઉત્પન્ન કરે છે.સમાન રીતે વપરાશ ની વસ્તુ જેમ કે કપડાં,સાબુ,ટૂથપેસ્ટ,ટૂથ બ્રશ,બૂટ,પેન વગેરે ફેકટરીમાં બનાવવામાં આવે છે. ખરીદનારાઓ બજારમાંથી વેચનારાઓ પાસેથી આ વસ્તુ ઓ ખદીરે છે.ખરેખર ઉત્પાદન કરનાર અને બજારમાં વેચનાર એ એક જ વ્યકિત હોય શકે અથવા જુદી જુદી વ્યકિત હોઈ શકે. જો તેઓ જુદા જુદા તનો સરળ અથ એ છે કે વેચનાર ખરેખર ઉત્પાદન કરનાર પાસેથી વસ્તુઓ લઈને બજારમાં તેને ગ્રાહકોને વેચાણ કરે છે તેથી ખેડૂતો,જથ્થો પૂરો પાડે છે. તે બધાને ઉત્પાદક કહેવાય. જે જગ્યાએ વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે તેને ખેતર કહેવાય. આથી આપણે કહી શકીએ કે ખેતર વસ્તુ પૂરી પાડે છે.

## હેતુઓ–

આ પાઠ પૂરો કયા ,પછી તમે જાણી શકશો કે,

- જથ્થો અને પુરવઠાનો અથ સમજીશું.
- વસ્તુનો વ્યકિતગત પુરવઠો અને બજાર પુરવઠો સમજીશું.
- વસ્તુના પુરવઠાને અસર કરતાં પરિબળો સમજીશું.
- વસ્તુની કિંમત અને પુરવઠાના પ્રમાણ વચ્ચેનો સંબંધ સમજીશું.
- કઈ રીતે વ્યકિતગત પુરવઠાનો ઢાળ રચીશું તે સમજીશું અને તેનો આકાર જાણીશું.

## 10.1 પુરવઠાનો અર્થ –

આપણે બજારમાં વસ્તુની પ્રાપ્યતા અને તે વસ્તુનો પુરવઠો આ બંને વચ્ચે મુંઝવણ નથી અનુભવતા. તેઓ એકસરખા નથી. જો એક વસ્તુ પ્રાપ્ત હોય, તેનો અર્થ એ નથી કે તેનો પુરવઠો છે. પુરવઠાની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

વસ્તુનો પુરવઠો એટલે આપેલ સમયે આપેલ કિંમતે વેચનાર વસ્તુનું જે પ્રમાણ વેચવા તૈયાર થાય છે તેને.

પુરવઠાની વ્યાખ્યામાં નીચેની ત્રણ બાબતો સંકળાયેલી છે.

1. વેચનાર વસ્તુનું જે પ્રમાણ વેચવા તૈયાર થાય
2. બજારમાં વસ્તુની આપેલ કિંમતે વેચનાર વસ્તુનું જે પ્રમાણ વેચવા તૈયાર થાય છે તે
3. કયા સમયગાળા દરમ્યાન વેચનાર વસ્તુનું પ્રમાણ વેચવા તૈયાર થાય છે.

પુરવઠાનું ઉદાહરણ –

- ગંગા સિંધે 25 રૂ. ની કિંમતે 120 લિ.દૂધ છેલ્લા અઠવાડિયે પોતાની ડેરીમાં વેચ્યું હતું.
- છેલ્લા 15 દિવસમાં ફળ વેચનારે 50 રૂ. પ્રતિ કિ.ગ્રા ની કિંમતે 600 કિ.ગ્રા સફરજન વેચ્યા.
- એક પેઢી ‘X’ લિમિટેડે એક દિવસમાં 28000 રૂ. પ્રતિ કિવન્ટલની કિંમતે 8 કિવન્ટલ ખાંડ વેચી હતી.
- ઓગષ્ટ મહિનામાં અનાજના વેપારીએ 2300 રૂ. પ્રતિ કિવન્ટલ ની કિંમતે 300 કિવન્ટલ ચોખા વેચયા.

માત્ર આ સમય નહિ પણ એક મહિનો ,એક કે બે અઠવાડિયું અને તેથી વધુ.

## 10.2 જથ્થો અને પુરવઠો –

ચોકકસ સમયે વેચનાર / પેઢી પાસે રહેલો વસ્તુના કુલ પ્રમાણને જથ્થો કહેવાય છે.બીજી બાજુ પુરવઠો એ વસ્તુના જથ્થાનો એક ભાગ છે. જે વેચનાર આપેલ સમયે આપેલ કિંમતે વેચવા તૈયાર થાય છે. તેથી પુરવઠો એ પ્રવાહ છે. જથ્થાને ચોકકસ સમય દ્વારા માપી શકાય છે જયારે પુરવઠાને સમયગાળાની પર માપી શકાય છે. ઉપર આપેલ ઉદાહરણ લઈએ . ‘‘ઓગષ્ટ મહિનામાં અનાજના વેપારીએ 2300 રૂ. પ્રતિ કિવન્ટલની કિંમતે 300 કિવન્ટલ ચોખા નો પુરવઠો મૂકયો. ’’ ચાલો આપણે અનાજના વેપારીની પ્રક્રિયા ની વાત કરીએ ઓગષ્ટ 2011 ના પ્રથમ દિવસે 820 કિવન્ટલ ચોખા છે. તેને 1, ઓગષ્ટ 2011 માં જથ્થો હતો એમ કહેવાય. અહિં 1, ઓગષ્ટ 2.11 એ એક ચોકકસ સમય બિંદુ છે જેના દ્વારા જથ્થાને માપી શકાય છે. ઓગષ્ટ મહિના દરમ્યાન 2300 રૂ. ની કિંમતે 300 કિવન્ટલ પુરવઠાનો પ્રવાહ હતો. ત્યારથી ઓગષ્ટ ના 31 દિવસમાં આ એવો

સમયગાળો છે જેમાં તે પુરવઠાને માપી શકશે. 31 દિવસ ઉપર વેપારી દરરોજ અમુક હિસ્સો વેચશે તે એવી રીતે વધારો કરશે કે જેથી મહિના ના અંતે આપેલી બજાર કિંમત 2300 રૂ. એ 300 કિવન્ટલ પુરવઠો બને.

### પાઠમાં પ્રશ્ન 10.1

(1) પુરવઠો વણવી

(2) પુરવઠાની વ્યાખ્યામાં રહેલી ત્રણ બાબતોના નામ આપો

(3) જથ્થા અને પુરવઠા વચ્ચેનું અંતર

## 10.3 વ્યકિતગત પુરવઠાને અસર કરતાં પરિબળો –

કયા પરિબળો વસ્તુના વ્યકિતગત પુરવઠાને અસર કરે છે. મુખ્ય પરિબળો નીચે મુજબ

- વસ્તુની કિંમત
- ઉત્પાદન પધ્ધતિ
- સાધનોની કિંમત
- અન્ય સંબંધિત વસ્તુની કિંમત
- પેઢીના હેતુઓ
- સરકારની નીતિ

(1) વસ્તુની કિંમત –

વસ્તુની કિંમત એ વસ્તુના પુરવઠાને અસર કરતું મહત્વનું પરિબળ છે. જયારે ઉત્પાદક કોઈ વસ્તુનું ઉત્પાદન કરે છે તો તે મોટા પ્રમાણમાં ઉત્પાદનનાં સાધનો અને કાચો માલ વગેરે પાછળ ખચર્ કરે છે જેને આપણે ઉત્પાદનખચર્ કહીએ છીએ.આ ખચર્ને પુરું કરવા માટે તે બજારમાં ચોકકસ કિંમતે વસ્તુનું વેચાણ કરશે. કિંમત એ સરેરાશ આવક છે. કિંમત ઊંચી તો સરેરાશ આવક પણ ઉંચી થશે.અને તે પ્રમાણે કુલ આવક ઉંચી થશે.તેથી કિંમત એ પુરવઠાને નિર્ધારિત કરતું મહત્વનું પરિબળ છે.

(2) ઉત્પાદન પધ્ધતિ –

ઉત્પાદન પધ્ધતિ મહત્વનું છે. વસ્તુનું એકમદીઠ ઉત્પાદન ખચર્ ઘટે તો પેઢીના નફાનું પ્રમાણ વધી જાય છે આથી પેઢી વસ્તુનો પુરવઠો વધારે રાખશે સાથે ટેકનોલોજીના વપરાશમાં પણ સુધારો કરશે.બીજી બાજુ એ જૂની અને સસ્તી ટેકનોલીજી વસ્તુનું એકમ દીઠ ઉત્પાદન ખચર્ વધારે છે અને નફાનું પ્રમાણ ઘટે છે જેથી વસ્તુનો પુરવઠો ઘટે છે.

(3) સાધનોની કિંમત –

ધારો કે પેઢી આઈસક્રિમ ઉત્પાદિત કરે છે. જો દૂધની કિંમત ઘટે તો એકમદીઠ આઈસક્રિમ નું ઉત્પાદન ખચર્ પણ ઘટશે. આથી એકમ દીઠ નફાનું પ્રમાણ વધશે. તેથી





પેઢી આઈસક્રિમ નો પુરવઠો વધારશે. બીજી બાજેઅ, જ દૂધની કિંમત વધશે તો આઈસક્રિમ નું એકમ દીઠ ઉત્પાદન ખચર્ વધશે .તેથી નફાનું પ્રમાણ ઘટશે અને પેઢી આઈસક્રિમ નો પુરવઠો ઘટાડશે.આમ, જો વસ્તુના ઉત્પાદન માટે વપરાતાં કોઈ પણ સાધનની કિંમત ઘટશે તેથી પુરવઠાનું એકમ દીઠ ઉત્પાદન ખચર્ ઘટશે અને તેને પરિણામે વસ્તુનો પુરવઠો વધશે. બીજી બાજુ વસ્તુના ઉત્પાદનમાં વપરાતા કોઈપણ સાધાની કિંમત વધશે તો એકમ દીઠ ઉત્પાદન ખચર્ ઘટશે અને વસ્તુનો પુરવઠો ઘટશે.

(4) સંબંધિત વસ્તુની કિંમત –

વસ્તુનો પુરવઠાને સંબંધિત વસ્તુની કિંમત પણ અસર કરે છે. ધારો કે ખેડૂત બે વસ્તુ ઘઉ અને ચોખા આપેલા શંસાધનોની મદદથી ઉત્પાદન કરે છે. જો ચોખાની કિંમત વધશે તો ખેડૂતને વધારે નફો મળવાથી ચોખાનું વધારે ઉત્પાદન કરશે. ખેડૂત ઘઉના ઉત્પાદનમાં રહેતા શંસાધનો ચોખાના ઉત્પાદન માં લઈ જશે. પરિણામે ચોખાનો પુરવઠો વધશે અને ઘઉંનો પુરવઠો ઘટશે. બીજી બાજુ એ ચોખાની કિંમતમાં ઘટાડો થવાને પરિણામે ચોખાનો પુરવઠો ઘટશે. અને ઘઉંનો પુરવઠો વધશે.

(5) પેઢીનો હતુ–

જુદી જુદી પેઢીમાં જુદાં જુદાં હેતુઓ અમુક પેઢીનો હેતુ મહતમ નફો હોય છે. અમુક પેઢ ીનો હેતુ મહતમ વેચાણનો છે. બીજી અન્ય પેઢીનો હેતુ પોતાની ઈજ્જત વધારવી અને અમુક પેઢીનો હેતુ કમર્ચારીઓને તક આપવાનો હોય અમુક પેઢીનો હેતુ નીચી કિંમતે વસ્તુની પુરવઠો વધારી વેચાણ વધારવાનો હોય. વસ્તુના પુરવઠાને પેઢી કયા હેતુને પ્રથમ પ્રાધાન્ય આપે છે તે અને કયા હેતુ માટે બલિદાન આપે છે તે વસ્તુના પુરવઠાને અસર કરે છે.

(6) સરકારની નીતિ –

સરકારની નીતિ પણ વસ્તુના પુરવઠાને અસર કરે છે .ઉદાહરણ તરીકે જો સરકાર મૂલ્ય વૃધ્ધિ કર કે વસ્તુ પરનો વેચાણવેરો ના દર વધારે તો એકમ દીઠ ઉત્પાદનખચર્ વધશે જેથી વસ્તુનો પુરવઠો ઘટશે. બીજી બાજુએ વસ્તુ પરનો વેરા ઘટશે એકમ દીઠ ઉત્પાદન ખચર્ ઘટશે અને વસ્તુનો પુરવઠો વધશે.

## 10.4 વસ્તુની વ્યકિતગત પુરવઠાની અનુસૂચિ –

વ્યકિતગત પેઢી દ્વારા વસ્તુનો જે પુરવઠો પૂરો પાડવામાં આવે તો તેને વ્યકિતગત પુરવઠો કહેવાય. ક્રમ અનુસાર વસ્તુની વ્યકિતગત પુરવઠાની અનુસૂચિ રચીશું.આપણે જુદી જુદી કિંમતે પુરવઠાના પ્રમાણ ની માહિતી મેળવી શકીએ. આ પાઠમાં અગાઉ પુરવઠા માટે આપેલા બધા ઉદાહરણ આપેલ સમયે પહેલાં ચોકકસ કિંમતે અમુક ચોકકસ જથ્થામાં વસ્તુનો પુરવઠો આપણે પાસે તે માત્ર દશાર્વે છે. આપણે જાણીએ છીએ કે વાસ્તવમાં વસ્તુની કિંમત બદલાશે નહિ.હવે ચલો એક પ્રશ્ન પૂછીએ.જો વસ્તુ કિંમત બદલાય તો શું થાય ? આ પ્રમાણે વિચારીએ તો વસ્તુનું પ્રમાણ પણ બદલાય છે.એક પેઢી ‘X’લિમટેડનું ઉદાહરણ લઈએ તો

તેણે એક દિવસમાં 2800 રૂ. પ્રતિ કિવન્ટલ ની કિંમતે 8 કિવન્ટલ ખાંડનું વેચાણ કર્યુ. ધારોકે કિંમત વધીને 2900 રૂ. પ્રતિ કિવન્ટલ થાય છે તો શોધો X લિમિટેડે એક દિવસમાં એ કિંમતે 9 કિવન્ટલ ખાંડનો પુરવઠો મૂકયો. સામાન્ય રીતે જયારે કિંમત વધીને 3000 રૂ. પ્રતિ કિવન્ટલ થઈ તો વસ્તુ નો પુરવઠો વધીને 10 કિવન્ટલ થયો. હવે જો કિંમત વધીને 3100 રૂ. અને 3200 રૂ. થાય તો વસ્તુનો પુરવઠો પણ વધીને 12 થી 15 કિવન્ટલ થાય. જુદી જુદી કિંમતે જુદા જુદા પુરવઠા ના પ્રમાણની માહિતી આપી છે તે નીચેના કોષ્ટક 10.1 માં નીચે આપેલું છે.

ટેબલ 10.1 'X' લિ. તો ખાંડ નો પુરવઠો

| કિંમત (રૂ.પ્રતિ કિવન્ટલ) | ખાંડ પુરવઠાનું પ્રમાણ પ્રતિદિવસ (કિવન્ટલમાં) |
|---|---|
| 2800 | 8 |
| 2900 | 9 |
| 3000 | 10 |
| 3100 | 12 |
| 3200 | 15 |

આ કોષ્ટક દશાર્વે છે વસ્તુનું જુદું જુદું પુરવઠાનું પ્રમાણ જે પેઢી જુદી જુદી કિંમતે પૂરું પાડે છે તેને વ્યકિતગત માંગની અનુસૂચિ કહેવાય.

## 10.5 પુરવઠાનો નિયમ –

આપણે જાણીએ જ છીએ કે પુરવઠાને અસર કરતાં મુખ્ય પાંચ પરિબળો છે. વસ્તુની કિંમત,સંબંધિત વસતુની કિંમત,સાધનોની કિંમત,ઉત્પાદન પધ્ધતિ,સરકારની નીતિ.આમાંથી કોઈ એક અથવા બધા પરિબળમાં ફેરફાર થાય તો વસ્તુના પુરવઠાના પ્રમાણમાં પણ ફેરફાર થાય.ધારોકે તમે જાણવા માંગો છો કે વસ્તુના પુરવઠાના પ્રમાણમાં કેટલો ફેરફાર એક પરિબળ માં ફેરફાર થવાથી થાય છે. બીજા શબ્દોમાં આપણે જાણવાનો પ્રયત્ન કીરીએ કે એક પરિબળ માં ફેરફાર થવાથી વસ્તુના પુરવઠા પર કેવી અસર થાય છે. આપણે જાણીએ જ છીએ કે બધા પરિબળો બદલાતાં નથી કે સ્થિર રહે છે છ પરિબળોની બહાર વસ્તુના પુરવઠા પર વસ્તુની કિંમત માં ફેરફાર થવાથી અસર થાય છે.આપણે ધારીએ કે બધા પરિબળો જેમ કે સંબંધિત વસ્તુની કિંમત,સાધનોની કિંમત,ઉત્પાદન પધ્ધતિ અને સરકારની નીતિ વગેરે.સ્થિર રહે છે જે તેમાં ફેરફાર થતો નથી. પુરવઠાના નિયમ પ્રમાણે કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ કે જયારે વસ્તુની કિંમત સિવાયનાં અન્ય બધા પરિબળો સ્થિર રહે છે. ફરથી કોષ્ટક 10.1 લેતાં, જોઈ શકાય 'X' લિ. જુદી જુદી કિંમત ખાંડનો જુદા જુદા પ્રમાણમાં

પુરવઠો પૂરો પાડે છે. આ કોષ્ટક માં તમે માત્ર બે ભાગ કિંમત અને વસ્તુનો પુરવઠો જો અન્ય પરિબળોનો ભાગ ન હોય તો એટલે કે સ્થિર રહે છે. તમે જોયું કે ખાંડની કિંમત જયારે 300 રૂ. પ્રતિ કિવન્ટલ છે. તો પેઢી 10 કિવન્ટલ ખાંડનું દરરોજ વેચાણ કરે છે. જયારે કિંમત 3200 રૂ. પ્રતિ કિવન્ટલ તો પેઢી રોજના 15 કિવન્ટલ ખાંડ વેચશે.બીજી બાજુ જયારે ખાંડની કિંમત 2800 રૂ. પ્રતિ કિવન્ટલ તો ઓછી એટલે રોજની 8 કિવન્ટલ અને ઓછી તે નીચે કિંમતે આ નિયમને નીચે મુજબ દશાવી શકાય. ''પુરવઠાને અસર કરતાં બધા પરિબળો સ્થિર રહેશે,વસ્તુની કિંમત અને તેના પુરવઠાનું પ્રમાણ સીધે રીતે જોડાયેલ છે.''

પુરવઠાના નિયમને કોષ્ટક 10.2 માં આપેલા બીજા ઉદાહરણ દ્વારા સમજાવી શકાય.


કોષ્ટક 10.2 મોહન દ્વારા કેરીનો પુરવઠો

| કેરીની કિંમત (રૂ.પ્રતિ કિ.ગ્રા.) | કેરીના પુરવઠાનું પ્રમાણ ( કિ.ગ્રા.માં) |
|---|---|
| 20 | 100 |
| 30 | 200 |
| 40 | 300 |
| 50 | 400 |
| 60 | 500 |

કોષ્ટક 10.2 જોઈ શકાય મોહન કેરી વેચનાર જુદી જુદી કિંમતે જુદા જુદા પ્રમાણમાં કેરીનો પુરવઠો પૂરો પાડે છે જયારે કેરીની કિંમત 20 રૂ.પ્રતિ કિગ્રા. છે ત્યારે મોહન દરરોજ 100 કિગ્રા. કેરી પૂરી પાડશે. હવે જયારે કિંમત વધીને 40 રૂ. પ્રતિ કિગ્રા. તો તે દરરોજ 300 કિ.ગ્રા. કેરી પૂરી પાડવા તૈયાર થશે. આમ, કેરીની કિંમત વધતા વસ્તુનો પુરવઠો વધારશે.આ પુરવઠાના નિયમ પ્રમાણે છે.

## 10.6 પુરવઠારેખા –

કોષ્ટક 10.2 માં આપેલી માહિતી આકૃતિ દ્વારા રજૂઆત કરીશું.પુરવઠાના નિયમને આકૃતિના સ્વરૂપ માં રજુ કરવામાં આવે તો તેને પુરવઠારેખા કહેવાય છે. પુરવઠા રેખા સમયે જુદી જુદી કિંમતે જુદા જુદા પ્રમાણમાં વસ્તુના પુરવઠાનું પ્રમાણ ની આકૃતિમાં રજૂઆત દશાર્વે છે. આપણે કોષ્ટક 10.2 માં આપેલ માહિતી ને આધારે વ્યકિતગત પુરવઠારેખા બનાવીશું પુરવઠારેખા આકૃતિ 10.1 માં દોરીશું. X-અક્ષ પર કેરીના પુરવઠાનું પ્રમાણ અને Y-અક્ષ પર કેરીની કિંમત લઈશું. Y અક્ષ (ઊભી ધરી) પર કિંમત 20 રૂ. થી શરૂ થઈને 60 રૂ. થાય છે. X અક્ષ (ઊભી ધરી ) પર કેરીનું પ્રમાણ 100 કિગ્રા. થી શરૂ




થઈ 500 છે. મોહન કેરીની કિંમત 20 રૂ. ત્યારે 100 કિ.ગ્રા. પુરવઠો સમાન રીતે 10.2 કોષ્ટક આપેલ  કિંમત અને પુરવઠાના બીજા સંયોજનો જોતાં A,B,C,D,E અને F બિંદુઓ કે જેને જોડતાં મોહન ની કેરી માટે પુરવઠા રેખા મેળવી શકાય.

આકૃતિ 10.1 વ્યકિતગત પુરવઠારેખ

## 10.7 પુરવઠાની રેખાની આકાર –

પુરવઠાના નિયમ પ્રમાણે જયારે પુરવઠાને અસર કરતાં પરિબળો સ્થિર રહે છે. પેઢી ઉંચી કિંમતે વસ્તુનું પ્રમાણ વધારે આપશે અને નીચી કિંમતે ઓછું વસ્તુના પ્રમાણ અને કિંમત વચ્ચે સીધો સંબંધ છે. આનો અથ એ કે આકૃતિમાં પુરવઠા રેખા સીધી રેખા નીચેના બિંદુએથી શરૂ થઈને પૂરું થાય ત્યાં સુધી અને જમણીબાજુ નીચેથી ઉપર તરફ જાય છે. હવે પ્રશ્ન જોઈએ, શા માટે પેઢી ઉંચી કિંમતે વસ્તુના પ્રમાણ નો વધારે પુરવઠો અને નીચી કિંમતે ઓછો પૂરો પાડે છે, શા માટે પુરવઠારેખા ઢાળ ઉપર તરફ હોય છે ? અસર કરતાં પરિબળો ને લીધે પુરવઠારેખા ઉપર તરફ જાય છે.

(i) વસ્તુની કિંમત વધવાને કારણે નફો વધશે. તેને પરિણામે પેઢી નફો વધારવા માટે વસ્તુ નો વધારે પુરવઠો પૂરો પાડશે.

(ii) વસ્તુની કિંમત વધે તો વેચનાર તેના જથ્થાનો બધો જ ભાગ બહાર લાવે છે જયારે વસ્તુની કિંમત ઘટે તો તેનાથી ઉલટું થાય છે.

(iii) વસ્તુની કિંમત વધવાથી નફો વધે

## પાઠમાં પ્રશ્ન 10.2

1. નીચે આપેલી માહિતીને આધારે પુરવઠા રેખા દોરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કિંમત (રૂ. એકમદીઠ) | 1 | 2 | 3 | 4 | 5 |
| વસ્તુઓ પુરવઠો (એકમમાં) | 50 | 100 | 150 | 200 | 250 |

૨. 12.1 કોષ્ટકની મદદથી પુરવઠા રેખા દોરો.

## 10.8 વસ્તુનો બજારપુરવઠો

બજારમાં માત્ર X લિ કંપની એક જ નથી કે જે ખાંડનો પુરવઠો પૂરો પાડે છે. બજારમાં બીજી કંપનીઓ પણ ખાંડનો પુરવઠો પૂરો પાડતો હોઈ શકે. બજારમાં બધી પેઢીઓ ભેગી થઈને ખાંડનો કુલ જથ્થો પૂરો પાડે છે. આપણે સરત રીતે નિર્ધારિત કિંમતે અને સમયે વ્યકિતગત પુરવઠાનું પ્રમાણ વધારી શકીએ આના પરિણામે બજારમાં જે વસ્તુ મળશે તેને ખાંડનો પુરવઠો કહેવાય.

આપેલ સમયે અને કિંમતે બજારમાં બધી પેઢીઓ દ્વારા વસ્તુનું જે કુલ પ્રમાણ પુરું પાડવામાં આવે તેને તે વસ્તુનો બજાર પુરવઠો કહેવાય.

ઉદાહરણ –

ધારો કે X,Y અને Z ત્રણ કંપનીઓ, જે બજારમાં ખાંડ પૂરી પાડે છે. X,Y અને Z 2800 રૂ. પ્રતિ કિવન્ટલે અનુક્રમે 8,10 અને 15 કિવન્ટલ ખાંડ એક દિવસમાં પૂરી પાડે છે.આ પ્રમાણ મેળવતા 30 કિવન્ટલ મળે. તેથી બજાર પુરવઠો 2800 રૂ. કિંમતે પ્રતિ દિવસ 33 કિવન્ટલ ખાંડ બજાર પુરવઠો છે.

## 10.9 વસ્તુની બજાર પુરવઠાની અનુસૂચિ

વ્યકિતગત પુરવઠાની અનુસૂચિની જેમ બજાર પુરવઠાની અનુસૂચિ એ બજારમાં બધી પેઢી ઓના વસ્તુના પુરવઠાનું પ્રમાણનો જુદી જુદી કિંમતે મેળવતા આપણે જોયુ કે વ્યકિતગત પેઢી / વેચનાર જયારે વસ્તુની કિંમત વધે, તે વસ્તુનું પ્રમાણ પણ વધે અને કિંમત ઘટે, વસ્તુનું પ્રમાણ પણ ઘટે પુરવઠાના નિયમ મુજબ સમાન રીતે બધી પેઢી / વેચનાર બજારમાં તે પ્રમાણે વસ્તુને વધારે કે ઘટાડે છે. તે પ્રમાણે બજાર માં બધી પેઢી / વેચનાર ભેગા થઈને જુદી જુદી કિંમતે જુદા જુદા પ્રમાણમાં વસ્તુનો પુરવઠો પૂરો પાડે છે.

આ ખાંડના પુરવઠું ઉદાહરણ ચાલુ રાખીએ કોષ્ટક 10.3 માં બજાર પુરવઠાની અનુસૂચિનો અભ્યાસ કરીએ.

કોષ્ટક 10.3 ખાંડનો બજાર પુરવઠો

| કિંમત (રૂ.પ્રતિ કિવન્ટલ) | ખાંડના પુરવઠાનું પ્રમાણ (પ્રતિ દિવસ) (કિવન્ટલમાં) | | | ખાંડનો બજાર પુરવઠો (કિવન્ટલમાં) |
|---|---|---|---|---|
| | X પેઢી | Y પેઢી | Z પેઢી | |
| 2800 | 8 | 10 | 15 | 33 |
| 2900 | 9 | 11 | 16 | 36 |
| 3000 | 20 | 12 | 17 | 39 |
| 3200 | 12 | 14 | 20 | 46 |
| 3200 | 15 | 17 | 25 | 57 |

આપણે કોષ્ટક 10.3 માં જોયુ કે ખાંડની કિંમત 2800 રૂ. પ્રતિ કિવન્ટલ છે X પેઢી 8 કિવન્ટલ,Y પેઢી 10 કિવન્ટલ અને Z પેઢી 15 કિવન્ટલ ખાંડ પ્રતિ દિવસ પૂરું પાડે છે. 2800 રૂ. પ્રતિ કિવન્ટલ ખાંડની કિંમત હોય તો બજારમાં ખાંડનો પુરવઠો 8+10+15=33 કિવન્ટલ પ્રતિ દિવસ છે.જ્યારે કિંમત બદલાઈને 2900 રૂ. થાય તો પુરવઠો X,Y અને Z 9,11 અને 16 કિવન્ટલ મુજબ 36 કિવન્ટલ આવે. તેથી બજારમાં ખાંડનો કિંમત 2900 રૂ. હોય તો પુરવઠો 36 કિવન્ટલ હતો. સમાન રીતે તમે જોઈ શકો કે વ્યકિતગત અને બજારપુરવઠો ખાંડનો 3000 , 3100 અને 3200 રૂ. કોષ્ટકમાં જોઈ શકાય.

## પાઠ પ્રશ્ન 10.3

1. બજારમાં માત્ર ત્રણ પેઢીઓ A,B અને C વસ્તુ પૂરી પાડે છે. નીચે આપેલ અનુસૂચિ પરથી વસ્તુનો બજાર પુરવઠો શોધો.

| કિંમત (રૂ./ એકમ) | વસ્તુનો પુરવઠો (એકમમાં) | | | બજારપુરવઠો (એકમમાં) |
|---|---|---|---|---|
| | પેઢી A | પેઢી B | પેઢી C | |
| 100 | 1000 | 1500 | 2000 | - |
| 200 | 2000 | 2000 | 3000 | - |
| 300 | 3000 | 2500 | 4000 | - |
| 400 | 4000 | 3000 | 5000 | - |
| 500 | 5000 | 3500 | 6000 | - |

2. કોષ્ટક પુરું કરો. (ધારો કે માત્ર ત્રણ કંપનીઓ બજારમાં A, B અને C

| કિંમત (રૂ./ પ્રતિ એકમ) | વસ્તુનો પુરવઠો (એકમમાં) | | | બજારપુરવઠો (એકમમાં) |
|---|---|---|---|---|
| | પેઢી A | પેઢી B | પેઢી C | |
| 10 | 150 | - | 200 | 650 |
| 11 | 200 | - | 300 | 1000 |
| 12 | 250 | - | 400 | 1350 |
| 13 | 300 | - | 500 | 1700 |
| 14 | 350 | - | 600 | 2050 |

## 10.10 બજાર પુરવઠને નિર્ધારિત કરતા પરિબળો

જે બધા પરિબળો વસ્તુના વ્યકિતગત પુરવઠાને અસર કરે છે તે પણ બજાર પુરવઠાને અસર કરે છે. તેના વધારામાં બીજા બે પરિબળો પણ વસ્તુના પુરવઠાને અસર કરે છે.

- અસંખ્ય વેચનારા / પેઢી
- અપેક્ષિત સંભવિત કિંમત

(i) અસંખ્ય વેચનારા / પેઢી –

બજાર પુરવઠો એ બજારમા બધા વ્યકિતગત કુલ પુરવઠો છે. કોષ્ટક 12.2 માઁ જોઈશું ખાંડનો બજાર પુરવઠો બજારમાં ત્રણ પેઢીઓ X,Y અને Z પૂરો પાડે છે.હવે ધારોકે અન્ય પેઢી 'W' બહારથી અંદર આવે અને ખાંડનો પુરવઠો પૂરું પાડશે ખાંડનો બજારપુરવઠો કેટલો થશે ? બજારપુરવઠો ખાંડનો વધશે.બીજી બાજુ સ્પષ્ટ છે જો પેઢીઓની સંખ્યા ઘટે અને બજારપુરવઠો પણ વધશે.

(ii) અપેક્ષિત સંભવિત આવક –

જો વસ્તુની કિંમત નજીકના ભવિષ્યમાં વધવાની અપેક્ષા હોય તો પેઢી વસ્તુનો પુરવઠો ઘટશે. અત્યાર મહત્તમ નફાની અપેક્ષા હોય તો ભવિષ્યમાં કિંમત વધશે.પરંતુ નજીકના ભવિષ્યમાં જો કિંમત ઘટવાની અપેક્ષા હોય તો પેઢી વસ્તુના વેચાણ માટે વધારે પ્રમાણ મૂકશે. અત્યારે ભવિષ્યમાં ઓછા નફાની અપેક્ષા હોય.

### પાઠ પ્રશ્ન 10.4 –

(1) યોગ્ય શબ્દો સાથે ખાલી જગ્યા પૂરો.

1. વસ્તુનો પુરવઠો __________ જ્યારે કિંમત વધશે
2. પેઢીનો હેતુ મહતમ નફાનો તો પુરવઠો __________ ઊંચી કિંમત
3. જો એક પેઢી બે વસ્તુ X અને Y આપેક્ષા સાધનોની મદદથી અને Y વસ્તુની કિંમત ઘટે તો X વસ્તુ નો પુરવઠો __________
4. વેતનદરમાં ઘટાડો થાય તો __________ વસ્તુનો પુરવઠો
5. T.V. પરની એકસાઈઝ ડયુટીમાં વધારો થાય તો __________T.V. નો પુરવઠો

(2) વસ્તુનો પુરવઠો કેટલો હશે ? જ્યારે

(i) વસ્તુન ઉત્પાદન માટે વપરાતા કાચા માલની કિંમત વધે.

(ii) એક નવી પેઢી વસ્તુનો પુરવઠો બહાર લાવશે.

(iii) ટેકનિકલ પ્રગતિ છે.

(3) સ્ટેનલેસ સ્ટીલની કિંમત ઘટશે તો સ્ટીલનો પુરવઠો કેટલો હશે ?

## આપણે શું શીખ્યા –

- વસ્તુનો પુરવઠો એ વસ્તુનું એવું પ્રમાણ છે કે વેચનાર / પેઢી આપેલ ચોકકસ કિંમતે સમયે વેચાણ કરે છે.
- ચોકકસ સમયગાળા દરમ્યાન વેચનારા પેઢી પાસે જે કુલ વસ્તુ હોય તેને જથ્થો કહેવાય.
- વ્યકિતગત પુરવઠોની અનુસૂચિ દશાર્વે છે કે જુદી જુદી કિંમતે વ્યકિતગત પેઢી વસ્તુનુ પ્રમાણ વેચાણ માટે આપે છે.
- આપેલ સમયે અને આપેલ કિંમતે બધી પેઢીઓ વસ્તુનું જે કુલ પ્રમાણ વચે છે તેને બજાર પુરવઠો કહેવાય.
- વ્યકિતગત પુરવઠાને નિધારીત કરે છે – વસ્તુની કિંમત, સંબંધિત વસ્તુની કિંમત, ઉત્પાદન પધ્ધતિમાં ફેરફાર, સાધનોની કિંમતમાં ફેરફાર પેઢીનો ઉદ્દેશ અને સરકાની નીતિ
- પુરવઠાનો નિયમ દશાર્વે છે કે પુરવઠાને અસર કરતાં પરિબળો સ્થિર રહે છે, વસ્તુ ની કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.
- પુરવઠા રેખા એ પુરવઠા નિયમની આકૃતિમાં રજૂઆત છે.
- પુરવઠા રેખાનો ઢાળ ઉપર તરફ પુરવઠાના નિયમ પ્રમાણે હોય છે.

## સ્વાધ્યાય –

1. પુરવઠો વણવી. વ્યકિતગત પુરવઠો અને બજાર પુરવઠા વચ્ચેનું અંતર
2. વસ્તુના વ્યકિતગત પુરવઠાને અસર કરતાં ત્રણ પરિબળો ઉંડાણપૂવર્ક સમજાવો.
3. જથ્થા અને પુરવઠા વચ્ચેનો તફાવત ઉદાહરણ ની મદદથી સમજાવો.
4. પુરવઠાનો નિયમ ઉદાહરણ સાથે સમજાવો.
5. વસ્તુના બજાર પુરવઠાને અસર કરતાં ત્રણ પરિબળો ઉંડાણપૂવર્ક સમજાવો.
6. પુરવઠારેખા શું છે ? પુરવઠાની અનુસૂચિની મદદથી વ્યકિતગત પુરવઠારેખા દોરો.
7. પુરવઠારેખાનો ઢાળ નીચે તરફ કેમ જાય છે ?
8. પુરવઠાના નિયમ પાછળ કયા કારણો છે ?

## પાઠના પ્રશ્નોના જવાબ –

પાઠ પ્રશ્નો 10.1

1. જુદી જુદી કિંમતે એકમદીઠ વસ્તુનું જે પ્રમાણ વેચવા તૈયાર થાય તેને પુરવઠો કહેવાય.
2. વસ્તુની કિંમત , પુરવઠાનું પ્રમાણ અને સમયગાળો
3. જથ્થો એ ચોકક્સ સમયે પેઢી દ્વારા વસ્તુનું પ્રાપ્ત કુલ પ્રમાણ.

પુરવઠો એ વસ્તુના જથ્થાનો એવો ભાગ છે કે જે વેચનાર આપેલ સમયે જુદી જુદી કિંમતે વસ્તુ વેચવા તૈયાર થાય છે તે.

પાઠ પ્રશ્નો 10.3 –

1. 4500 , 4700 , 9500 , 12000 , 14500
2. 300 , 500 , 700 , 900 , 1100

પાઠ પ્રશ્નો 10.4 –

1. (i) વધે
   (ii) વધુ
   (iii) વધે
   (iv) વધે
   (v) ઘટે
2. (i) વસ્તુનો પુરવઠો ઘટશે
   (ii) વસ્તુનો પુરવઠો વધશે
   (iii) વસ્તુનો પુરવઠો વધશે
3. સ્ટેનલેસ સ્ટીલનો પુરવઠો વધશે.

# 11

# કિંમત અને વસ્તુનું નિધાર્રણ

પાઠ – 9 માં તમે અભ્યાસ કર્યો કે વસ્તુની કિંમત માંગને અસર કરે છે. પાઠ – 10 માં પણ વસ્તુના પુરવઠાનો આવો અભ્યાસ કર્યો. કદાચ માંગ અને પુરવઠા બંનેને વસ્તુની કિંમતમાં થતો ફેરફાર અસર કરે છે પરંતુ રસપ્રદ મુદો નોંધવો જોઈએ વસ્તુની માંગ અને પુરવઠાને પણ વસ્તુની કિંમત અસર કરે છે.બજારમાં વસ્તુની કિંમત કઈ રીતે નિધાર્રિત થાય છે. કયું પરિબળ વસ્તુની કિંમતને અસર કરે છે વસ્તુની માંગ અને પુરવઠામાં ફેરફાર કિંમતને અસર કરે છે એ આ પાઠનું વિષયવસ્તુ છે.

## હેતુઓ –

આ પાઠ પૂરો થયાં પછી તમે જાણશો

- સમજીશું કિંમત નિધાર્રણ શું છે ?
- માંગની અને પુરવઠાની અનુસૂચિની મદદથી કિંમત નિધાર્રણ સમજાવો.
- અનુસૂચિની મદદથી સમતુલા સમજીશું
- વસ્તુની કિંમત પર માંગ અને પુરવઠાના ફેરફારની અસરો સમજીશું

## 11.1 કિંમતનો અર્થ

જ્યારે વેચનાર વસ્તુ વેચે છે તેના માટે તે નાણાંનો વિનિમય કરે છે. ખરીદનાર વેચનાર ને નાણાં ચૂકવીને વસ્તુ અને સેવાનો વિનિમય થાય છે ખરીદનાર વેચનારને એક વસ્તુ કે સેવાના બદલામાં નાણાંનું જે પ્રમાણ ચૂકવે છે તે વસ્તુ કે સેવાની કિંમત કહેવાય.ઉદાહરણ તરીકે એક ખરીદનાર 36 રૂ. ચૂકવીને એક લિટર ફુલ ક્રિમ દૂધ ખરીદે છે ફુલ ક્રિમ દૂધની કિંમત 36 રૂ. પ્રતિ લિટર છે.

સામાન્ય રીતે વેચનારનો મુખ્ય હેતુ મહત્તમ નફાનો છે નફો એ કુલ આવક અને કુલ ખર્ચ વચ્ચનો તફાવત છે કુલ આવક એટલે કુલ નાણાંનું પ્રમાણ જે ઉત્પાદકે એકમોનું વેચાણ દ્વારા મળેલ છે. કુલ ખર્ચ એટલે વેચનાર ઉત્પાદનના એકમો ઉત્પન્ન કરીને જે ખર્ચ કરે છે તેને વેચનાર દ્વારા ચોકક્સ કિંમતે વસ્તુ પૂરી પાડવામાં આવે છે વસ્તુની બજારકિંમતએ બજારમાં જે કિંમતે વેચવામાં આવે તે. વેચનારના મગજમાં ઘણા પરિબળો પાસેથી મહત્તમ નફો મેળવવાનો હોય છે.તેથી તે વસ્તુની કોઈ ચોકક્સ કિંમત રાખે છે.ઘણા મહત્વના પરિબળો છે જેને લીધે વેચનાર વસ્તુની ચોકક્સ કિંમત રાખે છે તે નીચે છે.

(i) ઉત્પાદન ખર્ચ –

વેચનાર તેની વસ્તુની બજારકિંમત નકકી કરે છે જે વસ્તુના ઉત્પાદનખર્ચ કરતાં વધુ હોય છે એકમદીઠ કિંમત અને વસ્તુનું ઉત્પાદનખર્ચ વચ્ચેનો તફાવત એકમદીઠ નફો છે. કિંમત અને એકમ દીઠ ઉત્પાદનખર્ચ વધુ હોય તો નફાનું પ્રમાણ વધે તેથી એકમદીઠ ઉત્પાદનખર્ચ એ વેચનાર દ્વારા વસ્તુની કિંમત નકકી કરતું મહત્વનું પરિબળ છે.

(ii) અન્ય વેચનારાઓ દ્વારા કિંમત નિર્ધારણ જ્યારે વેચનાર તેની વસ્તુની કિંમત નકકી કરે છે હોય તેને પણ અનુસરે છે. જો વેચનાર તેની વસ્તુની કિંમત નકકી કરે છે જે અન્ય વેચનારાઓ દ્વારા તે જ વસ્તુની નકકી થયેલી કિંમત વધારે હોય તો તે વસ્તુઓ વધારે જથ્થો વેચવા તૈયાર નહી થાય. આ પ્રમાણે તે તેનું વેચાણ વધારવા માટે વસ્તુની કિંમત ઘટાડે છે. વેચનાર પોતાની માટે વસ્તુની કિંમત નકકી કરે છે તેમાં સૌથી મહત્વનું પરિબળ એ છે કે તુલનાએ અન્ય વેચનારાઓની કિંમત મહત્તમ નફો મેળવી આપે છે.

(iii) જુદી જુદી કિંમતે અપેક્ષિત વેચાણ –

વેચનાર જુદી જુદી કિંમતે વસ્તુનું કેટલું પ્રમાણ વેચી શકશે તેના પર આધારિત છે તેથી તેના દ્વારા વસ્તુની કિંમત નકકી થાય છે. કુલ વસ્તુનું પ્રમાણ જેનું તેના દ્વારા વેચાણ થયું છે અને તેને મહત્તમ કુલ નફો મળ્યો છે.

## પાઠ પ્રશ્ન 11.1

1. ધારોકે તમે બજારમાં ટામેટાં વેચનાર છો. તમે કયા પરિબળોને ધ્યાનમાં રાખીને ટામેટાં ની કિંમત નકકી કરશો તેના નામ લખો.
2. ડિઝલની કિંમત વધવાથી વાહનવ્યવહાર ખર્ચ વધશે તો તેની કેવી અસર ટામેટાંની કિંમત નકકી કરવામાં પડશે ?

## 11.2 કિંમત નિધાર્રણ અને અ

જો વેચનાર વસ્તુની કિંમત વધારે નકકી કરે તો વસ્તુનો પુરવઠો વસ્તુની માંગ કરતાં વધુ હોય શકે અને જો વસ્તુની કિંમત નીચી નકકી થાય તો વસ્તુની માંગ વસ્તુના પુરવઠા કરતાં નીચી હોય. તમે શીખી ચૂકયા કે માંગના નિયમ પ્રમાણે ખરીદનાર વસ્તુની નીચી કિંમત વધુ ખરીદે અને વસ્તુની ઉંચી કિંમત ઓછી ખરીદશે. જયારે અન્ય પરિબળો સ્થિર રહે છે. પુરવઠાના નિયમ પ્રમાણે વેચનાર ઊંચી કિંમતે વધુ વેચશે અને નીચી કિંમતે ઓછું વેચશે.ખરીદનારનો હેતુ ઓછું ખચીર્ને મહત્તમ સંતોષ મેળવવાનો છે.જે કોઈ એક કિંમતે વસ્તુની માંગ અને વસ્તુના પુરવઠા બંને સરખાં થાય ત્યારે તેને વસ્તુની કિંમત ની સમતુલા કહેવાય. અહી બજારમાં માંગ અને પુરવઠાનો પ્રવાહ વસ્તુનું કિંમત નિધાર્રણ કરે છે પરંતુ અહી કેટલીક વસ્તુઓની કિંમત સરકાર દ્વારા નકકી થાય જેથી ગ્રાહક કે ઉત્પાદકને રસ રહે.આ પાઠમાં આપણે ચચાર્ કરી કઈ રીતે વસ્તુની કિંમત માંગ અને પુરવઠા દ્વારા નિધાર્રિત થાય છે.

## 11.3 સમતુલા કિંમતનો અથર્ –

સમતુલોનો સીધો અથર્ એટલે સમતુલ એટલે તેમાં કોઈ ફેરફાર નહિ. બીજા શબ્દોમાં કહીએ તો સમતુલા એવી સ્થિતિ છે કે જે પ્રવાહ સમતુલાને સમતોલ નિધાર્રિત કરે છે.કે બંને સરખાં છે અહી વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠાનો પ્રવાહ સમતુલા નિધાર્રિત કરે છે. જે કિંમત એ વસ્તુના પ્રમાણની માંગ અને વસ્તુનો પુરવઠો સરખાં થાય તેને સમતુલા કિંમત કહેવાય. સમતુલા કિંમતે વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો સરખાં થાય. આ પ્રમાણને વસ્તુના પ્રમાણની સમતુલા કહેવાય.

## 11.4 સમતોલ કિંમતનું નિધાર્રણ –

વાસ્તવિક જીવનમાં કોઈ કિંમતે વેચનારી / પેઢી વસ્તુ વેચી શકે છે જયાં વસ્તુની માંગ મુજબ વસ્તુનો પુરવઠો વધારે કે ઓછો હોઈ શકે તેથી આ કિંમત એ સમતુલાની કિંમત નથી. તો પ્રશ્ર્એ છે કે કઈ રીતે સમતુલાની કિંમત સુધી પહોંચી શકાય ? કોષ્ટક 11.1 મુજબ જુદી જુદી કિંમતે ટામેટાંની બજાર માંગ અને બજારપુરવઠો ની અનુસૂચિ લઈએ તમે પહેલાથી વાંચ્યું બજારમાંગ અને પુરવઠાની અનુસૂચિ વિશે પાઠ 9 અને 10 માં.

કોષ્ટક 11.1 ટામેટાંની માંગ – પુરવઠાનું પ્રમાણ

| ટામેટાંની કિંમત (રૂ.પ્રતિ કિ.ગ્રા.) | માંગનું પ્રમાણ પ્રતિ દિવસ (કિ.ગ્રા.) | પુરવઠાનું પ્રમાણ પ્રતિ દિવસ (એકમમાં) |
|---|---|---|
| 20 | 100 | 300 |
| 18 | 150 | 250 |
| 16 | 200 | 200 |
| 14 | 250 | 150 |
| 12 | 300 | 100 |

કોષ્ટક 11.1 નું નિરીક્ષણ કરતાં, જ્યારે ટામેટાં ની કિંમત 20 રૂ. પ્રતિ કિ.ગ્રા. છે તો વેચનાર 300 કિ.ગ્રા ટામેટાં વેચશે. પરંતુ ખરીદનાર માત્ર 100 કિ.ગ્રા. ટામેટાં ખરીદવા તૈયાર છે જો વસ્તુની કિંમત ઘટીને 18 રૂ. તો વસ્તુની માંગ 150 કિગ્રા પરંતુ વસ્તુનો પુરવઠો ઘટીને 250 કિ.ગ્રા. ટામેટાં નો થાય.આ બંને બાબતમાં ટામેટાંનો પુરવઠો તેની માંગ કરતાં વધુ છે તેથી ટામેટાંનો પુરવઠો વધારે છે. આના પરિણામે ભવિષ્યમાં ટામેટાંની કિંમત ઘટી શકે.હવે વધારાનો પુરવઠો, ટામેટાંની કિંમત ઘટીને 16 રૂ. પ્રતિ કિ.ગ્રા. આ કિંમતે ખરીદનારાઓ 200 કિ.ગ્રા ટામેટાં ખરીદવા તૈયાર છે અને વેચનાર પણ આટલો જ 200 કિ.ગ્રા ટામેટાં વેચવા તૈયાર છે.આ છે કેવી રીતે સમતુલા કિંમત સુધી પહોચીશું. આ 16 રૂ. એ ટામેટાંની સમતુલા કિંમત છે.જે ટામેટાંની વસ્તુની માંગ અને પુરવઠો બંને સરખાં 200 કિ.ગ્રા. છે.

## 11.5 અસમતોલ સ્થિતિ અને સમતોલ સ્થિતિ માટે અનુકૂળ –

કોષ્ટક 11.1 માં જોયું કિંમત 12 રૂ. અને 14 રૂ. એ(સમતોલ કિંમતથી ઓછી) વસ્તુની માંગ અને પુરવઠો સરખાં ન હોય.એ જરીતે કિંમત 20 રૂ. અને 18 રૂ. એ(સમતોલ કિંમતથી વધુ) વસ્તુની માંગ અને પુરવઠો સરખાં ન હોય. આ બંને સ્થિતિ અસમતોલ સ્થિતિ છે. ચાલો તે સમજીએ આ સ્થિતિ લેતા જેમાં ટામેટાની બજાર કિંમત 12 રૂ. પ્રતિ કિ.ગ્રા. છે આ કિંમતે ગ્રાહકો 300 કિ.ગ્રા ટામેટાં ખરીદવા તૈયાર થાય છે અને વેચનાર 100 કિ.ગ્રા. ટામેટાં વેચવા તૈયાર થાય છે. સમાન રીતે જ્યારે ટામેટાંની કિંમત 14 રૂ. પ્રતિ કિ.ગ્રાએ ટામેટાંની માંગ ઘટીને 250 કિ.ગ્રા. અને પુરવઠો 150 કિ.ગ્રા છે.આ બંને સ્થિતિ જોતાં બજારમાં ટામેટાંની વધારાની માંગ છે ટામેટાંની કિંમત વધશે. ટામેટાંની કિંમત વધેલી ચાલુ રહેતાં કિંમત ત્યાં પહોંચશે જ્યાં ટામેટાંની માંગ સરખી થશે. આ ટામેટાંની સમતુલા કિંમત રૂ.16 પ્રતિ કિ.ગ્રા. એ પહોંચશે જ્યાં બંને માંગ અને પુરવઠો ટામેટાનો 200 કિ.ગ્રા છે.

બીજી બાજુ જ્યારે ટામેટાં ની કિંમત 18 રૂ. પ્રતિ કિ.ગ્રા છે, વસ્તુની માંગ 150 કિ.ગ્રા. છે અને પુરવઠો 250 કિ.ગ્રા. વસ્તુનો પુરવઠો વસ્તુની માંગ કરતાં વધુ છે. આ સ્થિતિ ટામેટાંના વધારાના પુરવઠાની છે તેની કિંમત સતત ઘટશે જ્યાં સુધી સમતુલા ની કિંમત 16 રૂ. પ્રતિ કિ.ગ્રા. પહોંચશે જ્યાં વસ્તુની માંગ અને પુરવઠો 200 કિ.ગ્રા સરખો થશે.

## પાઠ પ્રશ્ને 11.2

1. ધારોકે તમે ટામેટા વેચો છો અને ટામેટાંનું વેચાણ 100 કિ.ગ્રા કર્યું. બજારકિંમત 20 રૂ. પ્રતિ કિ.ગ્રા. છે આ કિંમતે ટામેટાંની માંગ માત્ર 60 કિ.ગ્રા છે તે કઈ રીતે ટામેટાંની કિંમતને નક્કી કરવામાં અસર કરે છે ?

2. પ્રશ્ન 1 મુજબ , જો કિંમત 20 રૂ. તો ટામેટાંની માંગ 150 કિ.ગ્રા. આ કઈ રીતે ટામેટાંની કિંમત નક્કી કરવામાં અસર કરે છે ?

3. સાચા જવાબ પર (✓ ) માર્ક કરો.

   વધારાની માંગ એવી સ્થિતિ છે જે

   (અ) વસ્તુની માંગનું પ્રમાણ વસ્તુના પુરવઠાથી સરખું છે.

   (બ) વસ્તુની માંગનું પ્રમાણ પુરવઠાના પ્રમાણથી વધુ હોય છે.

   (ક) વસ્તુની માંગનું પ્રમાણ વસ્તુના પુરવઠાથી ઓછું હોય છે.

4. સાચા જવાબ પર (✓ ) માર્ક કરો.

   વધારાનો પુરવઠો એવી સ્થિતિ છે જે

   (અ) વસ્તુનો પુરવઠો માંગથી વધુ છે.

   (બ) વસ્તુનો પુરવઠો વસ્તુની માંગ સરખાં

   (ક) વસ્તુનો પુરવઠો વસ્તુની માંગથી ઓછી

5. સાચા જવાબ પર ( ✓ ) માર્ક કરો.

   જો આપેલ વસ્તુની કિંમતે વસ્તુની માંગ તેના પુરવઠાથી વધુ હોય તો,

   (અ) વસ્તુની કિંમત બદલાતી નથી

   (બ) વસ્તુની કિંમત ઘટવાની શરૂ

   (ક) વસ્તુની કિંમત વધવાની શરૂ ઈ

6. જો આપેલ કિંમતે વસ્તુનો પુરવઠો માંગથી વધુ

   (અ) કિંમત ઘટવાની શરૂ

   (બ) કિંમત સરખી રહે

   (ક) કિંમત વધવાની શરૂ



નોંધ

## 11.6 કિંમત અને વસ્તુનું નિધાર્રણ પર માંગના ફેરફારની અસર –

તમે અભ્યાસ કયો કે વસ્તુની સમતુલા કિંમત એ કિંમત છે જયાં વસ્તુની માંગ અને પુરવઠા સરખાં થાય. પરંતુ જયારે વસ્તુની માંગ વધે પરંતુ પુરવઠો સ્થિર રહે તો શું થાય ? વસ્તુની માંગ વધે તો સમતુલા કિંમત માંગ અને પુરવઠાએ વધે બીજી બાજુ જો માંગ ઘટે પરંતુ પુરવઠો સ્થિર છે સમતુલા કિંમત માંગ અને પુરવઠાએ છે.

## 11.7 કિંમત અને વસ્તુનું નિધાર્રણ પર પુરવઠાના ફેરફારની અસર–

જયારે વસ્તુનો પુરવઠો વધે પરંતુ માંગ સ્થિર રહે. સમતુલા કિંમત ઘટશે પરંતુ માંગ અને પુરવઠાની સમતુલા વધશે.બીજી બાજુ જયારે વસ્તુનો પુરવઠો ઘટશે પરંતુ માંગ સ્થિર રહે, સમતુલા કિંમત વધશે પરંતુ માંગ અને પુરવઠાની સમતુલા ઘટશે.



### પાઠ પ્રશ્ને 11.3

1. વસ્તુની સમતુલા કિંમત કેવી હોય જયારે
   (અ) તેની માંગ વધે અને પુરવઠો સ્થિર
   (બ) તેનો પુરવઠો વધે અને માંગ સ્થિર
   (ક) તેની માંગ ઘટે પરંતુ પુરવઠો સ્થિર
   (ડ) પુરવઠો ઘટે પરંતુ માંગ સ્થિર
2. કેવી રીતે સમતુલા વસ્તુની માંગ અને પુરવઠાને અસર કરે છે જયારે
   (અ) તેની માંગ વધે પરંતુ પુરવઠો સ્થિર
   (બ) તેનો પુરવઠો ઘટે પરંતુ માંગ સ્થિર
   (ક) તેની માંગ ઘટે પરંતુ પુરવઠો સ્થિર
   (ડ) તેનો પુરવઠો ઘટે પરંતુ માંગ સ્થિર

નોંધ

## તમે શું શીખ્યા :–

- વસ્તુ કે સેવાની કિંમત એ નાણાંનું ગ્રાહક દ્વારા વસ્તુ કે સેવાના બદલામાં આપેલ નાણાંનું પ્રમાણ છે.
- સમતુલા કિંમતે એવી કિંમત જયાં વસ્તુની માંગ અને પુરવઠો એકસરખા થાય.
- સમતુલા કિંમત બજારમાં વસ્તુની માંગ અને પુરવઠાના પ્રવાહથી નિર્ધારિત થાય છે.
- વધારાની માંગ એવી સ્થિતિ જે કિંમતે વસ્તુની માંગ વસ્તુના પુરવઠાંથી વધુ હોય.
- વધારાનો પુરવઠો એવી સ્થિતિ જે કિંમતે વસ્તુનો પુરવઠો વસ્તુની માંગથી વધુ હોય.
- જયારે વસ્તુની વધારાની માંગ કિંમત ઘટવાની શરૂ થાય અને સતત વધતી રહે જયાં સુધી સમતુલા કિંમતે પહોંચે.
- જયારે વસ્તુની વધારાનો પુરવઠો કિંમત ઘટવાથી શરૂ થાય જયાં સુધી સમતુલા કિંમત પર પહોંચે.
- જયારે વસ્તુની કિંમત વધે પરંતુ પુરવઠો સ્થિર, બને સમતુલા કિંમત અને માંગ પુરવઠો વધશે.
- જયારે વસ્તુની કિંમત ઘટે પરંતુ વસ્તુનો પુરવઠો સ્થિર રહે , બંને સમતુલાની કિંમત અને માંગ–પુરવઠાની સમતુલા વધશે.
- જયારે વસ્તુનો પુરવઠો વધશે અને તેની માંગ સ્થિર , સમતુલા કિંમત ઘટશે અને માંગ – પુરવઠાની સમતુલા વધશે
- જયારે વસ્તુનો પુરવઠો ઘટે પરંતુ માંગ સ્થિર રહે , સમતુલા કિંમત વધશે પરંતુ માંગ–પુરવઠાની સમતુલા ઘટશે.

## સ્વાધ્યાય –

(1) કિંમતનો અથ ર્શું છે ?

(2) સમતુલા કિંમત એટલે શું ?

(3) સમતુલા પ્રમાણ એટલે શું ?

(4) કઈ રીતે વસ્તુની સમતુલા કિંમત નિર્ધારિત થાય ?

(5) આપેલ કિંમતે વસ્તુની કિંમત કેવી હશે ?

(અ) વસ્તુની માંગ વસ્તુના પુરવઠાથી વધુ

(બ) વસ્તુનો પુરવઠો માંગથી વધુ


(ક) વસ્તુની માંગ અને પુરવઠો સરખાં





(6) માંગ વધે અને પુરવઠો રહે તો તે કેવી રીતે સમતુલાની કિંમતને અસર કરે ?

(7) સમતુલા કિંમત પર વસ્તુનો પુરવઠો ઘટવાથી થતી અસર અને માંગ સ્થિર હોય ત્યારે વસ્તુની માંગ – પુરવઠા સમતુલા સમજાવો



## પ્રશ્નોના જવાબ –

પાઠ પ્રશ્ને 11.1

(1) (i) ઉત્પાદન ખર્ચ

(ii) અન્ય વેચનારાઓ દ્વારા તે જ વસ્તુની કિંમત નિર્ધારણ

(iii) જુદી જુદી કિંમતે અપેક્ષિત વેચાણ

(2) ટામેટાંની કિંમત વધશે

પાઠ પ્રશ્ને 11.2

(1) ટામેટાંની કિંમત ઘટશે

(2) ટામેટાંની કિંમત વધશે

(3) b

(4) a

(5) c

(6) a

પાઠ પ્રશ્ને 11.3

(1) (અ) સમતુલા કિંમત વધશે

(બ) સમતુલા કિંમત ઘટશે

(ક) સમતુલા કિંમત ઘટશે

(ડ) સમતુલા કિંમત વધશે

(2) (અ) વધશે

(બ) વધશે

(ક) ઘટશે

(ડ) ઘટશે




નોંધ

# 12

# બજાર

અગાઉના પ્રકરણમાં આપણે ઉત્પાદન અને ઉત્પાદનનાં સાધનો વિશે અભ્યાસ કર્યો.ઉત્પાદક દ્વારા ઉત્પાદનના સાધનો ભેગાં કરીને વસ્તુ ઉત્પન્ન કરીને તેને બજારમાં મૂકવામાં આવે છે કે બજારમાં તેને વેચાણ માટે મૂકવામાં આવે છે.જયારે અને જ્યાં આપણે કંઈ પણ ઈચ્છીએ તો બજારમાં જઈ તે વસ્તુની ખરીદી કરીએ છીએ. તે સાબુ,શેમ્પુ,કપડાં અને ગમે તે હોઈ શકે.



## હેતુઓ –

આ પાઠ પૂરો કર્યા પછી તમે જાણી શકશો કે

- બજારનો અર્થ સમજીશું.
- બજારમાળખું સમજીશું.
- બજાર પર વિતરણની પાયાની સાંકળ
- ઓનલાઈન બજાર સમજીશું.

## 12.1 બજારનો અર્થ

સામાન્ય રીતે બજારના નિયમ પ્રમાણે બજાર એ એવું સ્થળ કે જ્યા વસ્તુઓનું વેચાણ અને ખરીદી થાય છે.તે ગણે છે જેમકે, બીગ બજાર , દિલ્હીમાં ચાંદની ચોક, મુંબઈમાં ફેશન સ્ટ્રીટ અને ઘણાં બધાં બજાર કોઈ ચોકકસ સ્થળ પૂરતું મર્યાદિત નથી. અર્થશાસ્ત્રમાં બજારની બહાર ખરીદનાર અને વેચનારના સંપર્ક ન હોય બજાર એવા વિસ્તારનું આયોજન કરે છે જયાં ખરીદનારાઓ અને વેચનારાઓ આવે અને એકબીજાને સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવીને વસ્તુની ખરીદી કે વેચાણ કરશે.આ વ્યાખ્યા એવું દર્શાવે છે કે બજારમાં પ્રત્યક્ષ ઓળખાણની જરૂરિયાત નથી ખરીદનાર અને વેચનાર તેમના વિનિમય પરોક્ષ રીતે એજન્ટ , ટેલિફોન , મોબાઈલ કે ઈન્ટરનેટ દ્વારા કરે છે. કંઈક જગ્યાએ ખરીદનાર અને વેચનાર એકબીજાની સાથે નાણાં માટે વસ્તુ અને

સેવાની ફેર બદલી પણ કરે છે. આ પ્રક્રિયામાં વસ્તુની કિંમત અને પ્રમાણ પણ વેપાર દ્વારા નિર્ધારિત થાય છે.

બજાર એ કારીગરી કે પધ્ધતિ છે જે ખરીદનાર અને વેચનાર એકબીજા સાથે સંપર્કમાં આવીને વસ્તુ કે સેવા ની કિંમત અને પ્રમાણ નિર્ધારિત થાય છે.

બજારની મુખ્ય લાક્ષણિકતાઓ –

ઉપરની વ્યાખ્યા મુજબ બજારનાં લક્ષણો –

(1) વસ્તુ જેમકે, વસ્તુ ખૂબ જ જરૂરી છે જેની માંગ અને વેચાણ થાય છે.

(2) ખરીદનાર અને વેચનાર જેમકે, વસ્તુ માટે ખરીદનાર અને વેચનાર જરૂરી છે.

## 12.1 પાઠ પ્રશ્નો

1. બજારની બહાર જયાં ગ્રાહકો અને વેચનારાઓ ________ હોય.
2. ખરીદવાનું અને વેચવાનું સ્થળ________
3. પ્રક્રિયા __________ ની અને __________ એ બજારમાં વારંવાર ઉદભવે છે.
4. બજાર એ ખરીદનાર અને વેચનાર બંનેની વચ્ચે અને __________

## 12.2 બજારનું માળખું

બજાર માળખા માટે આપણે વસ્તુનું સ્વરૂપ ખરીદનાર અને વેચનારની સંખ્યા બજાર વગેરે સમજીશું.આના એ આપણે બજાર ના બે પ્રકાર આપી શકીએ.

1. ઈજારાવાળુ બજાર
2. પૂર્ણ હરિફાઈવાળુ બજાર

### 12.2.1 ઈજારો

મોનોપોલી શબ્દ બે ગ્રીક શબ્દ Monos (મોનસ) અને Polus (પોલ્સ) પરથી ઉતરી આવ્યો છે.અને તેનો અર્થ છે એક જ વેચનાર (Monos) એટલે એક જ અને (Polus) એટલે વેચનાર.તેથી Monopoly શબ્દ તેનો અર્થ એક જ વેચનાર. ઈજારાવાળું બજારનું માળખું એવું છે જયાં એક જ પેઢી બધી વસ્તુ ઉત્પન્ન કરે અને તેની નજીકની અવેજીની કોઈ વસ્તુ ન હોય ઈજારદાર પાસે , અહી કોઈ પણ પ્રકાની ફરિફાઈ ન હોય. આ બજારમાં વેચનારે કોઈ પણ પ્રકારની હરિફાઈનો સામનો કરવો પડતો નથી કારણકે તે વસ્તુ વેચવા માટે બીજો કોઈ વેચનાર નથી તે જ વેચશે વેચનાર આ સ્થિતિમાં ગ્રાહકના અભિપ્રાયને આધારે તેની કિંમત વધારે રાખી શકે છે.

ઉદાહરણ, ભારતમાં સરકારનો ઈજારો વીજળી, સંરક્ષણ , જાહેર પાણી પુરવઠો વ્યવસ્થા, રેલ્વે વગેરે.

ઈજારાના લક્ષણો –

(i) એક પેઢી –

ઈજારાદાર એક માત્ર વસ્તુનો ઉત્પાદક છે. તેના એક પણ હરીફ નથી. તે એક માત્ર છે જે તેની વસ્તુ માટે બજારના નિયમો અનુસરે છે.

(ii) નજીકની અવેજી વસ્તુ નથી.

ઈજારદાર જે વસ્તુ ઉત્પન્ન કરે છે તેની નજીકની અવેજી વસ્તુ નથી. નજીકની અવેજી નો અર્થ બીજી સમાન વસ્તુ જેનો એક સરખો ઉપયોગ હોય.

(iii) કિંમત નકકી કરનાર–

ઈજારદાર બજારમાં વસ્તુ વેચનાર એક જ છે.જે વસ્તુની કિંમત નકકી કરે છે. તેની કિંમત ને કોઈ પડકાર આપી શકે નહિ. ઈજારદાર એ કિંમત નકકી કરનાર છે તેનો અર્થ એ નથી કે ઈજારદાર બંને એટલે કે કિંમત અને વસ્તુની માંગ નકકી કરે છે જો તે ઊંચી કિંમત નકકી કરે તો વસ્તુની ઓછી માંગ થશે.

(iv) નવી પેઢીનો પ્રવેશ નહિ –

બજારમાં નવી કોઈ પેઢીનું આવવું શકય નથી અને એક વેચનાર સાથે હરિફાઈ કરે. એક વેચનાર કે પેઢી ઈજારામાં પેઢી અને ઉદ્યોગ વચ્ચે કોઈ તફાવત નથી.

(v) ઈજારદારનો ઉદ્દેશ મહતમ નફા છે.

12.2.2 પૂર્ણ હરિફાઈયુકત બજાર કે પૂર્ણ હરિફાઈ

ઈજારાવાળાં બજારથી તદન જુદી સ્થિતિ હોય તેને પૂર્ણ હરિફાઈયુકત બજાર કે પૂર્ણ હરિફાઈ કહેવાય.

પૂર્ણહરિફાઈના લક્ષણો

(i) અસંખ્ય વેચનારા અને ખરીદનારા–

ઈજારાવાળાં બજારથી વિરુધ્ધ, હરિફાઈયુકત બજારમાં અસંખ્ય ખરીદનારાઓ માટે વસ્તુ વેચનારા અસંખ્ય હોય છે.

(ii) એકસરખી વસ્તુ–

પૂર્ણ હરિફાઈયુકત બજારમાં એક જ સરખી વસ્તુ વેચાય છે.એનો મતલબ કે ખરીદનારાઓ માટે બધા વેચનારાઓ એક સરખી વસ્તુ વેચે છે તેથી વસ્તુ સંપૂર્ણ અવેજી છે.

(iii) મુકત પ્રવેશ અને બહાર

પૂર્ણ હરિફાઈમાં કોઈ પણ નવી પેઢી વસ્તુ વેચવા કે ઉત્પન્ન કરવા બજારમાં પ્રવેશ ગમે ત્યારે કરી શકે છે. જો કોઈ વેચનાર બહાર જવા માંગતો હોય તો તે મુકત પણે બહાર જઈ શકે છે.

(iv) બધા વેચનારાઓ મહત્તમ નફો કમાવવા માંગે છે.

(v) સરકારની ભૂમિકા વેચનારાને સંરક્ષણ પૂરું પાડવાની છે નહિ કે વ્યવસાયમાં દખલગીરી કરવાની.

(vi) પૂર્ણ હરિફાઈમાં વેચનાર અને ખરીદનારને બજારનું સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે.

વાસ્તવિક દુનિયામાં બજાર માળખું

વાસ્તવિક દુનિયામાં ઈજારા કે પૂર્ણ હરિફાઈ ની સ્થિતિ જોવા મળતી નથી. નિયમ પ્રમાણે ખાનગી ઈજારો શકય નથી. માત્ર સરકાર નો જ ઈજારો છે. અત્યારના દિવસોમાં તે જ વસ્તુની અસંખ્ય વિવિધતાનો પ્રવાહ જોવા મળે છે તે ખરા અર્થમાં પૂર્ણ હરિફાઈ કહી ન શકાય. સાબુનું ઉદાહરણ લઈએ આ વસ્તુ લેવા પાછળનો અર્થ હાથ ધોવા અને નહાવાનો છે. પૂર્ણ હરિફાઈયુકત બજાર એ છે જે માત્ર એક જ પ્રકારનો સાબુ અસંખ્ય વેચનારાઓ દ્વારા વેચવામાં આવે છે.પરંતુ વાસ્તવમાં આપણી પાસે બજારમાં જુદી જુદી જાતના સાબુ મળે છે અને જુદી જુદી પેઢીઓ દ્વારા વેચવામાં આવે છે. જેમકે, લકસ , ડવ , લિરિલ , ગોદરેજ , નીમ , મૈસૂર સેન્ડલ , જોન્સન , હમામ , ડેટોલ , લાઈફબોય વગેરે.આ બધાનો ઉપયોગ કરવાનો હેતુ એક જ સરખો છે જેમકે નહાવા માટે.પરંતુ તે બધા વસ્તુઓને જુદા જુદા રંગ , પેકિંગ વગેરે. બધા વેચનારાઓ સાબુના વેચાણ માટે જાહેરાત પાછળ ખૂબ જ મોટા પ્રમાણ માં ખર્ચ કરે છે પૂર્ણ હરિફાઈ જયાં અનેક વેચનારાઓ કોઈ ચોકકસ વસ્તુની જુદી જુદી વિવિધતા વેચશે.તેથી આપણે કહી ન શકીએ કે આ પ્રકારનું બજાર પૂર્ણ હરિફાઈયુકત છે. આ પ્રકારના બજારને ઈજારાયુકત કે અપૂર્ણ હરિફાઈયુકત બજાર કહેવાય.

## પાઠપ્રશ્નો 12.2

1. ઈજારાનો અર્થ શું છે ?
2. ભારતમાં ઈજારાનાં બે ઉ.દા. આપો.
3. ઈજારામાં શા માટે પેઢી અને ઉદ્યોગ વચ્ચે કોઈ તફાવત નથી ?
4. ઈજારામાં પેઢી કિંમત નકકી કરનાર છે કે કિંમત પ્રમાણે ચાલનાર છે ?
5. પૂર્ણ હરિફાઈમાં તમે 'મુકત પ્રવેશ' નો શું અર્થ કરશો?
6. હા કે ના બોલો.
   (અ) પૂર્ણ હરિફાઈમાં એક જ વેચનાર હોય.
   (બ) પૂર્ણ હરિફાઈમાં જુદી જુદી વસ્તુનો વેચવામાં આવે છે.
   (ક) પૂર્ણ હરિફાઈમાં ઉત્પાદનમાં સરકાર દખલગીરી કરે છે.
   (ડ) પૂર્ણ હરિફાઈમાં વસ્તુ સંપૂર્ણ અવેજી છે.
   (ઈ) પૂર્ણ હરિફાઈમાં ખરીદનારને બજારનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ.

વિતરણની શાખાઓ કે વેચાણલાયક જથ્થાના આધારે બજાર માળખું

શાખાઓ અને વેચાણલાયક જથ્થાને આધારે બજાર વણવી શકાય.

(અ) જથ્થાબંધ બજાર

(બ) છૂટક બજાર

(અ) જથ્થાબંધ બજાર–

જથ્થાબંધ વેચનાર એ વિતરક કે વચેટનો માણસ છે જે મુખ્ય રીતે વેપારીને,શાખાઓ,કે ગ્રાહકોને વેચે છે. જયારે બજારમાં ખૂબ મોટા જથ્થામાં વસ્તુઓનું ખરીદ વેચાણ થતું હોય તેને જથ્થાબંધ બજાર કહેવાય. જથ્થાબંધ વેપારી સમાન્ય રીતે નાના પ્રમાણમાં વસ્તુઓ વેચતો નથી.જથ્થાબંધ વેપારી એ ઉત્પાદન કરનાર અને જે તે ગ્રાહકોની વચ્ચેનો સેતુ છે. પૂવ આયોજન કરનારા ઉત્પાદન કરનારા સુરક્ષિત વિસ્તારમાં છે તેઓ મોટા પ્રમાણમાં વસ્તુઓ વેચશે અને ઉત્પાદન અને વ્યવસાય પર ધ્યાન આપશે.

(બ) છૂટક બજાર –

છૂટક વેપારી પ્રત્યક્ષ રીતે વસ્તુનું વેચાણ કરશે કે વેપારી ચોકકસ જગ્યાએથી જેમકે ડિપાર્ટમેન્ટલ સ્ટોર, દુકાનદાર નાના કે વ્યકિતગત જથ્થા માટે ખરીદનાર દ્વારા વપરાશ થાય છે. છૂટક બજારમાં નાના પ્રમાણમાં વસ્તુઓ વેચાય છે. છૂટક વેપારીઓ સામાન્ય રીતે ગ્રાહકોને વસ્તુ વેચશે.

ઉત્પાદન કરનાર → જથ્થાબંધ વેપારી → છૂટક વેપારી → ગ્રાહકો

વસ્તુ અને સેવાના વિતરણની આ સાંકળમાં વેપારી એ ખુબ જ મહત્વની સ્થિતિ છે. અને તે અંતે ગ્રાહકો સાથે પરોક્ષ સંપર્કમાં આવે છે. તેથી છૂટક દુકાનનું સ્થળ અને જથ્થાબંધ વ્યવસાયની સરખામણી કરવી ખૂબ મહત્વની છે. છૂટક દુકાન એ રહેણાંક વિસ્તારની ખૂબ જ નજીક સ્થળે હોય તે ખુબ જરૂરી છે. જેથી લોકો સરળતાથી વસ્તુ અને સેવા ખરીદવા આવી શકે. વેપારી દુકાન , ઓફિસ અને એકદમ સરસ વસ્તુની રજૂઆત કરવા પાછળ મોટા પ્રમાણમાં ખચ પણ કરે છે તેથી આ છૂટક દુકાનથી ગ્રાહકો આકષાર્શે.

## 12.3 પાઠ પ્રશ્નો

1. તમારા વિસ્તારમાં છૂટક વેપારી ના થોડાં ઉ.દા. આપો.
2. જથ્થાબંધ વેચનાર વણાવી.
3. છૂટક વેચનાર વણવી.
4. છૂટક બજાર વણવી.

## 12.4 ઓનલાઈન બજાર કે ઓનલાઈન ખરીદી

આ એક નવીન પ્રક્રિયા છે ગ્રાહકો પ્રત્યક્ષ રીતે વસ્તુ અને સેવા વેચનાર કે મધ્યસ્થી સેવા વગર ઈન્ટરનેટની મદદથી ખરીદી શકશે.આને ઈલેકટ્રેઈનક વ્યવસાય તરીકે પણ ઓળખાવી શકાય.અત્યારના દિવસોમાં ઓનલાઈન ખરીદી ખૂબ જ જાણીતી થઈ છે. ટેકનોલોજીના વિકાસની સાથે ખરીદી પણ સંકળાયેલી છે. આવી ખરીદી માટે એક તો ક્રેડિટ કાડ કે ડેબિટ

કાડથી ચૂકવણી કરવામાં આવે છે.અહી પધ્ધતિ વાપરનાર લોકો એકાઉન્ટ ખોલે છે અને તેના માટે જુદા જુદા હેતુઓ માટે ચૂકવણી કરશે. જેમકે,

- મોબાઈલ ફોન કે લેન્ડલાઈનથી બિલની ચૂકવણી
- રોકડથી લેવું
- ચેકથી
- ડેબિટ કાડ
- પોસ્ટલ મની ઓડર

વસ્તુ અને સેવાને ચૂકવણી કરીને ડાઉનલોડ વિતરણ , સ્ટોરમાંથી મેળવવું વગેરે દ્વારા મેળવે છે.

ઓનલાઈન સ્ટોર સામાન્ય રીતે દિવસમાં 24 કલાક પ્રાપ્ત હોય છે અને અનેક ગ્રાહકો પાસે ઈન્ટરનેટની સુવિધા જયાં કામ કરતો હોય ત્યાં અને ઘરે બંને જગ્યાએ હોય છે. તેથી તેઓ સ્ટોર કે દુકાનની મુલાકાત લે છે.તેઓ માત્ર ઈન્ટરનેટ દ્વારા જ ખરીદી કરવાનું પસંદ કરે છે. ઓનલાઈન સ્ટોર વસ્તુનું વેચાણ ફોટા, મલ્ટીમીડીયા ફાઈલ અને તેની માહિતી સાથે કરે છે. વર્તમાન સ્થિતિ પ્રમાણે ઓનલાઈન ખરીદી એ એવી દુકાન છે જયાં વસ્તુ અને સેવાની વિવિધતા સમય મયાદા વગર જોવા મળે છે.આમ, વર્તમાન વષમાં માત્ર બજારમાં ટેકનોલોજી વધવાથી ખરીદીના આવા પ્રકાર નું મહત્વ વધતું ગયું છે.

## તમે શું શીખ્યા ?

- અથશાસ્ત્રમાં બજાર એ એવી વ્યવસ્થા છે જયાં ખરીદનારાઓ અને વેચનારાઓ એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપકમાં આવીને વસ્તુ વેચે કે ખરીદે છે.
- બજાર માળખાં મુખ્યત્વે બે એકમો ઈજારો અને પૂણ હરિફાઈ
- ઈજારવાળું બજાર એવું છે જયાં એક પેઢી સમગ્ર બજાર પર અંકુશ હોય.તે બજારમાં એક જ વેચનાર , એવી અલગ વસ્તુ વેચશે કે જેની નજીકની અવેજી ન હોય.
- પૂણ હરિફાઈવાળું બજારનું માળખું જયાં અનેક પેઢીઓ એક સરખી વસ્તુ વેચે છે. આવા બજારમાં મુકત રીતે પ્રવેશ કરી શકે અને બહાર જઈ શકે. ખરીદનારાઓ અને વેચનારાઓને બજારની સ્થિતિ નું સંપૂણ જ્ઞાન હોવું જોઈએ.
- જથ્થાબંધ વેપારી એ વિતરક કે વચેટનો માણસ (એજન્ટ) છે જે મુખ્ય રીતે છૂટક વેપારીને શાખાઓને અંતે ગ્રાહકને વેચશે.
- છૂટક વેપારી એ જાહેર જનતાને પ્રત્યક્ષ રીતે વિવિધ વસ્તુ અને સેવાનું વેચાણ કરશે.
- ઓનલાઈન ખરીદી એ એવી પ્રક્રિયા છે જયાં ગ્રાહકો પ્રત્યક્ષ રીતે સમય બગાડયા વિના, વચેટિયાની સેવા વગર કમ્પ્યૂટરમાં ઈન્ટરનેટની મદદથી વેચનાર પાસેથી વસ્તુ અને સેવા ખરીદે છે.

- ઓનલાઈન ખરીદી એ ઈલેક્ટ્રોનિક વ્યવસાયમાંથી આવ્યું છે.

1. બજાર વણવી
2. પૂણ હરિફાઈ વણવી
3. ઈજારો વણવી
4. છૂટક અને જથ્થાબંધ બજાર વચ્ચેનો તફાવત.
5. પૂણ હરિફાઈનાં લક્ષણો સમજાવો
6. ઈજારાનાં લક્ષણો સમજાવો
7. તમે વિચાયું છે કે છૂટક વેપારી એ વસ્તુના વેચાણ માટે સ્થળ અને તેની રજૂઆતને મહત્વનું ગણે છે ? જો હા તો શા માટે ?

## પ્રશ્નોના જવાબો –

પાઠ પ્રશ્ને 12.1

1. એકબીજાના સંપર્કમાં 2. બજાર 3. ખરીદી – વેચાણ 4. વસ્તુ

પાઠ પ્રશ્ને 12.2

1. ઈજારો બજારનું માળખુ એવું છે જયાં એક જ વેચનાર બધી વસ્તુ ઉત્પન્ન કરે અને ઈજારદાર દ્વારા જે વસ્તુ વેચાણ કરવામાં આવે છે તેની નજીકની અવેજી વસ્તુ હોતી નથી .
2. ભારતીય રેલ્વે , વીજળી , પોસ્ટ અને ટેલિગ્રાફ
3. કારણકે ઈજારદાર એક જ ઉત્પાદક / વેચનાર
4. કિંમત નકકી કરનાર
5. ''મુકત પ્રવેશ'' એટલે પૂણ હરિફાઈવાળાં બજારમાં વેચનાર ગમે ત્યારે આવી શકે અને જઈ શકે તે માટે મુકત હોય છે.
6. (અ) ના (બ) ના (ક) ના (ડ) હા (ઈ) હા

પાઠ પ્રશ્ને 12.3

1. સ્ટેશનરી દુકાન , કેન્દ્રિય ભંડાર , મધર ડેરી , દવાની દુકાનો
2. જથ્થાબંધ વેપારી એ વિતરક કે એજન્ટ છે જે મુખ્ય રીતે છૂટક વેપારી, શાખાઓ અને અંતે ગ્રાહકોને વેચશે.
3. છૂટક વેપારી એ ચોકકસ સ્થળ જેમકે ડિપાર્ટમેન્ટ સ્ટોર જેમાં દુકાનદાર નાના કે વ્યકિતગત જથ્થામાં પ્રત્યક્ષ રીતે ખરીદનારાના વપરાશ માટે વેચશે.
4. છૂટક બજાર એટલે એવું બજાર જયાં ગ્રાહકો માટે નાના જથ્થામાં વસ્તુનું વેચાણ થાય છે.

# 13

# કિંમત અને માંગ નિર્ધારણમાં સરકારની ભૂમિકા

આપણે અગાઉ અભ્યાસ કર્યો કે વસ્તુની કિંમતની સમતુલા એ સરકારના કોઈપણ હસ્તક્ષેપ વિના માંગ અને પુરવઠાના પ્રવાહ દ્વારા નિર્ધારિત થાય છે.પરંતુ જો કિંમત ઊંચી નક્કી થાય તો થોડાં ગ્રાહકોને વસ્તુની ઊંચી કિંમત પરવડે નહિ તો આ કિંમતે ગ્રાહકો વસ્તુ ખરીદશે નહિ.અથવા પરંતુ જો નીચી હોય તો ઉત્પાદક આ કિંમતે વસ્તુ વેચશે નહિ.વસ્તુ નું ઉત્પાદન ખર્ચ તે કવર કરી શકતું નથી. આ સ્થિતિમાં સરકારનો હસ્તક્ષેપ અને કિંમત , સમતુલા કિંમતથી નીચી કે સમતુલાં કિંમતથી ઉપર ગ્રાહકના કે ઉત્પાદકના હિતને બચાવવા માટે નક્કી થાય છે.

## હેતુઓ –

આ પાઠ પૂરો થયાં પછી, તમે જાણી શકશો.

- વસ્તુ અને સેવાના ઉત્પાદન અને વિતરણમાં સરકારની ભૂમિકા સમજીશું
- સરકાર કઈ રીતે કિંમત અંકુશિત કરશે સમજાવો
- નીચા ટેકાના ભાવનો ખ્યાલ સમજીશું
- કઈ રીતે અને શા માટે સરકાર ગ્રાહક અને ઉત્પાદકને મદદ કરે છે સમજાવો.

## 13.1 વસ્તુ અને સેવાનું ઉત્પાદન અને વિતરણમાં સરકારની ભૂમિકા –

અગાઉ સમજ્યાં , વસ્તુની કિંમતની સમતુલા વસ્તુની માંગ અને પુરવઠાના મુકત પણે થતા પ્રવાહ દ્વારા સરકારના કોઈપણ હસ્તક્ષેપ વિના નિર્ધારિત થાય છે. પરંતુ કેટલીક વખત વસ્તુની કિંમત ખૂબ ઊંચી નક્કી થાય તો ત્યારે બજારમાં થોડીક વસ્તુની અછત હોય. આ સ્થિતિમાં કેટલાંક ગ્રાહકોને વસ્તુની આટલી ઊંચી કિંમત પોષાતી ન હોવાથી વસ્તુ ખરીદતાં નથી. તેથી આ પ્રમાણે સરકાર ગ્રાહકના રસ મુજબ વસ્તુની કિંમત નક્કી

કરે છે. જે સામાન્ય રીતે સમતુલા કિંમતથી નીચી હોય. આ જ રસ્તે , જયારે ખાદ્ય પદાથની નો મબલખ પાક હોય ત્યારે નીચી કક્ષાએ ખાદ્ય પદાથની કિંમત નકકી થાય.આ કિંમતે ખેડૂત ઉત્પાદન ખચ મળતું નથી. તેથી ખેડૂતો ખરાબ અસરને કારણે મોટા પ્રમાણમાં કિંમત ઘટે છે આ બાબતમાં સરકાર ખાદ્ય પદાથની કિંમત નકકી કરે છે. જે સમતુલા કિંમતથી ઊંચી હોય તે પ્રમાણે ઉત્પાદક ખાસ કરીને ખેડુતના હિતને સંરક્ષણ અપાય છે. તેથી કેટલીક વખત સરકાર ગ્રાહકો કે ઉત્પાદકના રસ માટે કેટલીક વસ્તુની કિંમત માંગ અને પુરવઠાનાં મુકત પણે વહેતા પ્રવાહ દ્વારા નિધારિત કરે છે. સરકાર વસ્તુની કિંમત સમતુલા કિંમતથી નીચી કે સમતુલા કિંમતથી ઊંચી નકકી કરે છે. આવી કિંમતને કિંમત કહે છે. આવી કિંમતને કિંમત (સરકાર નિધારિત કિંમત) કહેવાય. કિંમત આ રૂપમાં હોઈ શકે.

(i) અંકુશિત ભાવ
(ii) ટેકાના ભાવ
(iii) ટોકન ભાવ
(iv) ડબલ ભાવ

## 13.2 અંકુશિત ભાવ –

ગ્રાહકના હિતને રક્ષણ આપવા માટે સરકાર વસ્તુની મહત્તમ કિંમત નકકી કરે છે. આ મહત્તમ કિંમત સામાન્ય રીતે સમતુલા કિંમતથી નીચી હોય છે. આ કિંમતને અંકુશિત કિંમત કે કિંમત કહેવાય. આ કિંમત સરકાર દ્વારા નકકી થાય છે.કારણકે ગરીબ લોકોને વસ્તુની સમતુલા કિંમત પોષાતી ન હોવાથી ખરીદતા નથી.આ સ્થિતિ એવી છે જયારે વસ્તુનું ઉત્પાદન તેની માંગ કરતાં ઓછું છે.સરકાર દ્વારા વસ્તુની કિંમત જે નકકી થાય છે તે સમતુલા કિંમતથી નીચી હોય. તે વસ્તુની વધારે માંગ ઉભી કરશે તેનો અથ ખરીદનારાઓ ખરીદવા તૈયાર છે. તે સમતુલા કિંમતથી નીચી હોય.તે વસ્તુની વધારે માંગ ઉભી કરશે તેનો અથ ખરીદનારાઓ ખરીદવા તૈયાર છે તેના કરતાં વધુ વેચનારાઓ વેચવા તૈયાર થશે. ભારતમાં સરકાર વસ્તુની અંકુશિત ભાવ કે કિંમત જે ઉદાહરણ મુજબ કેટલીક વસ્તુ જેમકે ઘઉ,ચોખા,ખાંડ,કેરોસીન વગેરેની અંકુશિત કિંમત વસ્તુની વધારાની માંગ સરકાર સસ્તા અનાજની દુકાનો માટે સસ્તી કિંમતે થાય છે.રેશનિંગ એટલે વ્યકિતદીઠ એકમ દીઠ વસ્તુનો જથ્થો સસ્તી કિંમતે વસ્તુની વધારે માંગ થવાથી કાળાંબજાર પણ થવાની શકયતા છે. કાળાં બજાર એ એવી સ્થિતિ છે જયાં વેચનાર ગેરકાયદેસર રીતે વેચે છે જેની કિંમત અંકુશિત ભાવ થી ઊંચી હોય છે કાળા બજારની સમસ્યા ડબલ કિંમત નીતિ દ્વારા હલ કરી શકાય. જે આ પાઠમાં પાછળના ભાગમાં ચચા કરીશું.

## પાઠ પ્રશ્ને 13.1

1. શા માટે સરકાર થોડીક વસ્તુની કિંમત સમતુલા કિંમતથી નીચી રાખે છે ?
2. વસ્તુની કિંમત સમતુલાની કિંમતથી નીચી નકકી કરવામાં કઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેના નામ આપો.
3. રેશનિંગનો શું અથ છે ?
4. કાળા બજારનો શું અથ છે ?
5. કિંમત અંકુશિત કરવા માટે કાળાં બજાર ચેક કરવા માટેની કઈ નીતિ સરકાર દ્વારા અપનાવવામાં આવી છે ?

## 13.3 ટેકાના ભાગ –

કેટલીક વખત ઉત્પાદક ખાસ કરીને ખેડૂતના રસના રક્ષણ માટે સરકાર વસ્તુની ન્યૂનતમ કિંમત નકકી કરે છે જે ઉત્પાદકે ચૂકવવી પડે છે. સામાન્ય રીતે આ કિંમત સમતુલા કિંમત કરતાં ઊંચી હોય છે.સમસ્યા એ છે કે સમતુલા કિંમતે ઉત્પાદક પોતાનું ઉત્પાદન ખચ કવર કરી શકતાં નથી. આ કિંમત સરકાર નકકી કરે છે ઉત્પાદકના રસના રક્ષણ માટે , જે ટેકાના ભાવ છે. આ સ્થિતિ વસ્તુના વધારાના પુરવઠા સ્થિતિ હોય શકે. તેનો અથ વેચનાર વધુ વેચશે ખરીદનાર ખરીદનાર તૈયાર થાય છે તેના કરતાં

ભારતમાં નીચી કિંમત ખાદ્ય પદાથ જેમકે ઘઉં , ચોખા વગેરે. ખેડૂતને અસર કરે છે. તે કદાચ તેઓનો ખાદ્ય પદાથ ઉત્પન્ન કરવાનો રસ ઓછો કરશે.આના પરિણામે ખાદ્ય પદાથની અછત થાય.તેથી સામાન્ય રીતે ખેતીવિષયક વસ્તુઓ માટે ટેકાના ભાવની પધ્ધતિ અનુસરવામાં આવે છે. ટેકાના ભાવની પધ્ધતિ ખેડૂતને શકયતા આપે છે કે તેઓ તેમની વસ્તુઓને આવી કિંમતે અંતે વેચી શકશે.આ બાબતમાં વસ્તુનો વધારાનો પુરવઠો ટેકાના ભાવે સરકાર વસ્તુની કોઈ પણ પ્રમાણને ખરીદવા તૈયાર થાય છે જે વસ્તુનો બફર સ્ટોક બને છે.

## પાઠ પ્રશ્ને 13.2

1. ટેકાના ભાવ શું છે ?
2. શા માટે સરકાર વસ્તુની કિંમત સમતુલાની કિંમતથી વધુ નકકી કરે છે ?
3. ધારોકે ખેડૂત કુલ ઉત્પાદન એવી કિંમતે વેચવા તૈયાર થશે જે સરકાર દ્વારા નકકી થઈ હોય અને સમતુલા કિંમતથી વધુ હોય તો સરકાર કઈ નીતિ અપનાવશે ?
4. ભારતાં ટેકાના ભાવ હોય તેવી બે વસ્તુના નામ કયાં છે ?

## 13.4 ટોકન ભાવ

ઘણી વસ્તુનો અને સેવાઓ એવી છે કે જીવન માટે ખૂબ જ જરૂરિયાતની છે.ઉદાહરણ તબીબી સેવાઓ , સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ સેવા.ગરીબ માણસો આવી સેવાઓની બજારમાં નિર્ધારિત કિંમતે વાપરી શકશે નહિ. તેથી સરકાર અને થોડીક ખાનગી 'ચેરીટેબલ સંસ્થાઓ' આવી સેવાઓ એવી કિંમતે જે એકમ દીઠ ઉત્પાદન ખચથી ઘણું નીચું હોય છે. આવી કિંમતને આ વસ્તુ અને સેવાની ટોકન કિંમત કહેવાય.સરકારી સ્કુલમાં ટ્યુશન ફી વિદ્યાથી દીઠ આવતાં ખચ થી ખૂબ જ ઓછી સરકાર દ્વારા લેવાય છે. ટોકન કિંમત એ આવી વસ્તુનો બગાડ ન થાય તે માટે લેવામાં આવે છે.આવી સેવાઓ મફત પૂરી પાડવામાં આવે તો અમુક લોકો લાંબા સમય સુધી ખાવા અને રહેવા માટે હોસ્પિટલમાં જ રહેવાનો પ્રયત્ન કરે.

## 13.5 બેવડી કિંમત –

આ પાઠમાં અગાઉ સમજ્યા કે વસ્તુની અછત દૂર કરવા માટે કિંમત અંકુશિત કરી શકાય. કારણકે વેચનાર વસ્તુ ના પુરવઠાના પ્રમાણ આપશે નહિ જેની કિંમત સરકાર દ્વારા નક્કી થાય છે જે સમતુલા કિંમતથી નીચી હોય છે.અહીં પણ વસ્તુનું કાળાં બજાર થઈ શકે છે આ સ્થિતિને દૂર કરવા સરકાર ડબલ કિંમત નીતિ અપનાવશે આ નીતિ હેઠળ ઉત્પાદનના એક ભાગ રૂપે વસ્તુ અંકુશિત ભાવે વેચશે જે સાબુની કિંમત અને ભાગનું વેચાણ બજાર નિર્ધારિત કિંમતે વેચશે જે માંગ અને પુરવઠાના પ્રવાહથી નિર્ધારિત થાય છે.આ બજાર કિંમતે વસ્તુનું કોઈ પણ પ્રમાણ ખરીદી શકશો. ઉ.દા. સરકાર અંકુશિત ભાવે ઘઉં,ચોખા અને ખાંડ BPL (ગરીબીરેખા ની નીચે) કાડ ધારકોને વેચશે જે દુકાનમાં કિંમત અને ઉત્પાદન પણ આ વસ્તુના ઉત્પાદનનું ખુલ્લા બજારમાં સમતુલા કિંમતે વેચાણ કરવા પરવાનગી આપશે.

### પાઠ પ્રશ્ન 13.3

1. ટોકન કિંમત શું છે ?
2. બેવડી કિંમતનો અથ શું છે ?
3. શા માટે સરકાર અમુક વસ્તુનો પુરવઠો મફત આપતી નથી ? શા માટે તેઓ ટોકન કિંમત વસૂલ કરે છે ?
4. સાચા જવાબ સામે (✓ ) કરો.
   (અ) ટોકન કિંમત એ સરકાર દ્વારા નક્કી થાય છે જે એકમદીઠ ઉત્પાદન ખચ કરતાં વધુ છે.
   (બ) ટોકન કિંમત એવી કિંમત છે જે એકમદીઠ ઉત્પાદન ખચથી નીચું છે.

(ક) ટોકન કિંમત એવી કિંમત છે જે ધનિક વ્યકિતઓ પાસેથી વસૂલાય છે.

(ડ) ટોકન કિંમત એ એકમદીઠ ઉત્પાદન ખર્ચ સરખું છે.

## 13.6 બજાર કિંમત પર ટેકસ અને સબસિડીની અસર

સરકારના વિવિધ પ્રકારના વેરાઓ જેમ કે વસ્તુના ઉત્પાદન અને વેચાણ પર અને કાચા માલની આયાત પર વગેરે. આમાં એકસાઈઝ ડ્યૂટી , વેચાણ વેરો અને આયાત જકાત વગેરેના રૂપમાં.આ કરવેરા ઉત્પાદક વેચનાર અને આયાતકાર આ વસ્તુ માટે ચૂકવે છે.ઉત્પાદક , વેચનાર અને આયાતકાર આ વસ્તુઓની રિકવરી આ વસ્તુ ખરીદનાર પાસેથી લે છે તેથી આ વેરાઓ બજારમાં વસ્તુની કિંમત વધારે છે.જો સરકાર વેરાના દર ઉંચા કરે તો વસ્તુની બજાર કિંમત પણ વધશે. બીજી બાજુ સરકાર સબસિડી આપશે જેથી ઉત્પાદક નીચી કિંમતે વસ્તુ વેચે અને સામાન્ય માણસને પણ તે વ્યાજબી કિંમતે મળી શકે.સબસિડી નું પ્રમાણ વધે તો વસ્તુની કિંમત બજારમાં ઘટશે.ઉદા. સરકાર કેરોસીન, રાંધણ ગેસ વગેરે પર સબસિડી આપે છે.

## 13.7 જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)

ગરીબ લોકો આવી વસ્તુઓને તેમની બજાર કિંમતે ખરીદવી પોષાય તેમ નથી.આ લોકોને મદદ કરવા ભારતમાં એક પધ્ધતિ જાહેર વિતરણ વ્યવસ્થા અપનાવામાં આવી છે જેના હેઠળ રહેલી વસ્તુઓ જેમ કે ઘઉં, ચોખા, ખાંડ વગેરે વસ્તુઓ એકદમ સસ્તી કિંમતે સામાન્ય માનવી માટે બનાવેલ છે અને તે ચોકકસ કિંમતે દુકાનમાં મળે છે જેને રેશનિંગ ( રેશન દુકાન ) કહે છે. આ વસ્તુઓ ઓળખપત્ર દ્વારા વેચવામાં આવે છે જેને રેશનકાડ કહેવાય છે. ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થાના જરૂરી ભાગ નીચે મુજબ છે.

1. સબસિડી –

જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા સરકાર વસ્તુ ઓના વેચાણ માટે સરકાર સબસિડી આપ છે. આ પધ્ધતિ હેઠળ તુલનાએ નીચી કિંમતે આ વસ્તુઓનું વેચાણ થાય છે.

2. ચોકકસ પ્રમાણ (રેશનિંગ)

સરકાર વસ્તુનું ચોકકસ પ્રમાણ વ્યકિતદીઠ સમયે સમયે વ્યકિતની પાયાની ન્યૂન્યતમ જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. દરેક ઘર દીઠ રેશન કાડ આપવામાં આવે છે અને તેમાં કુંટુંબના બધા સભ્યો ના નામ લખવામાં આવે છે.આ દુકાન માંથી દરેક ઘરદીઠ જેટલા કુટુંબના સભ્યો હોય તે પ્રમાણે નકકી કરેલી વસ્તુનું પ્રમાણ ખરીદી શકે છે.

3. સસ્તી કિંમતની દુકાન (FPS)

સરકાર આવી વસ્તુઓનું વેચાણ સસ્તી કિંમતની દુકાન દ્વારા કરે છે જે રેશનિંગ દુકાનના નામે વધારે જાણીતી છે.આવી દુકાનો દેશના બધા ભાગમાં ખોલવામાં આવી છે.સરકાર



નોંધ




આવી વસ્તુઓ દુકાનના માલિકને પ્રત્યેક દુકાનદીઠ નોંધણી થયેલા રેશનકાર્ડ ધારકો પ્રમાણે આપે છે. આ દુકાનના માલિકો તેના કુલ વેચાણને બદલે કમિશન મળે છે.



## પાઠ પ્રશ્નો 13.4

1. જાહેર વિતરણ વ્યવસ્થાના ત્રણ ભાગના નામ આપો.
2. કઈ રીતે કરવેરા વધવાથી વસ્તુની કિંમત પર અસર કરે છે ?
3. કઈ રીતે વસ્તુની કિંમતને સબસિડીમાં થતો વધારો અસર કરે છે ?
4. 'રેશનિંગ' શબ્દનો શું અર્થ થાય ?
5. કયા પાયાને આધારે સસ્તી કિંમતની દુકાને વસ્તુનો જથ્થો તેમને વિતરણ કરવાની પરવાનગી આપે છે ?
6. આખું નામ લખો.
   (i) BPL
   (ii) FPS
   (iii) PDS



## તમે શું શીખ્યા –

- પ્રશાક્ષિત કિંમત એવી કિંમત છે જે સરકાર ગ્રાહક કે ઉત્પાદકના રસના સંરક્ષણ માટે સમતુલા કિંમતથી ઉપર કે નીચે કિંમત નક્કી કરે છે.
- અંકુશિત કિંમત એવી કિંમત જે ગ્રાહકોના રસના રક્ષણ માટે સમતુલા કિંમતથી ઉપર કિંમત નક્કી કરે છે.
- ટોકન કિંમત એવી કિંમત જે સરકાર / ખાનગી ચેરીટેબલ સંસ્થા વસ્તુના એકમ દીઠ ઉત્પાદન ખર્ચથી નીચી નક્કી કરે છે.
- બેવડી કિંમત પધ્ધતિ હેઠળ, કુલ ઉત્પાદનને કોઈ એક ભાગ અંકુશિત કિંમતે સસ્તી કિંમતની દુકાન દ્વારા વેચાય છે. અને આ ઉત્પાદન નિર્ધારિત બજાર કિંમતે ખુલ્લા બજારમાં વેચવામાં આવશે જે સરકારના કોઈ પણ હસ્તક્ષેપ વિના માંગ અને પુરવઠાના પ્રવાહ દ્વારા નક્કી થાય છે.
- વસ્તુના કરવેરા વધવાથી વસ્તુની બજારકિંમત વધશે.
- વસ્તુ પર સબસિડી આપવાથી વસ્તુની બજાર કિંમત ઘટે છે.
- વસ્તુઓનું વેચાણ રેશન કાર્ડને આધારે જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કરવામાં આવે છે.

## સ્વાધ્યાય –

1. અંકુશિત કિંમત શું છે ? તે કઈ રીતે ગ્રાહકને અસર કરે ?
2. ટેકાના ભાવ શું છે ? તે કઈ રીતે ઉત્પાદકને અસર કરે છે ?
3. ટોકન કિંમત શું છે ? વસ્તુની ટોકન કિંમત નક્કી કરવા પાછળનો હેતુ શું છે ?
4. બેવડી કિંમત નીતિ સમજાવો.તે કઈ રીતે ગરીબોને મદદરૂપ બને ?
5. વસ્તુની બજાર કિંમતને કઈ રીતે વેરા અને સબસિડી અસર કરે ?
6. જાહેર વિતરણ વ્યવસ્થાનો શું અર્થ છે ? તેના ભાગ વિસ્તારથી સમજાવો.

## પ્રશ્નોના જવાબ –

પાઠ પ્રશ્નો 13.1

1. ગ્રાહકોના રસના રક્ષણ માટે
2. (i) વધારાની માંગની સમસ્યા કે વસ્તુની અછત
   (ii) કાળાં બજારની સમસ્યા
3. રેશનિંગ એટલે કોઈ સમયે વ્યકિત દીઠ એકમદીઠ ચોકકસ જથ્થો.
4. કાળાં બજાર એવી સ્થિતિ છે જયાં વેચનાર ગેરકાયદેસર રીતે કિંમત વધારે જે અંકુશિત કિંમત કરતાં ઘણી વધારે હોય
5. બેવડી કિંમત નીતિ

પાઠ પ્રશ્નો 13.2

1. ટેકાના ભાવ એ ઉત્પાદક ખાસ કરીને ખેડૂતના રસના રક્ષણ માટે સમતુલા કિંમતથી વધારે કિંમત સરકાર નક્કી કરે છે.
2. ઉત્પાદક ખાસ કરીને ખેડૂતના રસના રક્ષણ માટે
3. સરકાર વસ્તુનું ગમે તેટલું પ્રમાણ એ કિંમતે ખરીદવા તૈયાર થાય છે જે વસ્તુનો બફર સ્ટોક બને છે.
4. (i) ઘઉં
   (ii) ચોખા

પાઠ પ્રશ્નો 13.3

1. ટોકન કિંમત એવી કિંમત જે સરકાર અને થોડી ચેરીટેબલ સંસ્થાઓ વસ્તુના એકમ દીઠ ઉત્પાદન ખચથી ઘણી ઓછી કિંમત નક્કી કરે છે.
2. બેવડી કિંમત નીતિ જે વસ્તુના ઉત્પાદન ના ભાગ અંકુશિત કિંમતે સસ્તી કિંમતની દુકાન દ્વારા અને બજારની નિર્ધારિત કિંમતે આ ભાગ વેચે છે જે માંગ અને પુરવઠાના પ્રવાહથી નિર્ધારીત થાય છે.

3. સરકાર અમુક વસ્તુની ફી લીધા વગર પુરવઠો પૂરો પાડતી નથી કેમકે તે આ વસ્તુનો ઉપયોગ અટકાવે છે.
4. (b)

પાઠ પ્રશ્નો 13.4

1. (i) સબસિડી
   (ii) ચોકકસ ઉત્પાદન(પ્રમાણ) કે રેશનિંગ
   (iii) સસ્તી કિંમતની દુકાન

2. વસ્તુની કિંમત વધશે.
3. વસ્તુની કિંમત ઘટશે.
4. રેશનિંગ એટલે સમયે વ્યકિતદીઠ એકમદીઠ ચોકકસ જથ્થો.
5. દુકાનમાં નોંધણી થયેલા રેશન કાર્ડને આધારે
6. (i) ગરીબી રેખાની નીચે
   (ii) સસ્તી કિંમતની દુકાન
   (iii) જાહેર વિતરણ વ્યવસ્થા

# 14

# નાણું અને તેના કાર્યો

નાણું શબ્દ ખૂબ જ રસ ઊભો કરે છે. આજના વ્યસ્ત જીવનમાં નાણું એક મહત્વનો ભાગ ભજવે છે. આપણી જરૂરિયાતો પૂરી કરવા માટે અને વિવિધ વસ્તુઓની ખરીદી કરવા માટે નાણાંની જરૂર પડે છે. તેવી જ રીતે વિવિધ સેવાઓ જેવી કે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, શિક્ષણ, સ્વાસ્થ્ય, મનોરંજન વગેરે મેળવવા માટે પણ નાણાંની જરૂર પડે છે. એક ખરીદનાર તરીકે આપણે વસ્તુઓ અને સેવાઓ લેવા માટે નાણું ચૂકવીએ છીએ અને એક વેચનાર તરીકે આપણે તેમને વેચીને નાણાં મેળવીએ છીએ. સામાન્ય રીતે આપણે ધાતુના સિક્કા અને કાગદી નોટના સ્વરૂપમાં નાણું ચૂકવીએ અથવા મેળવીએ છીએ. પણ, શું તમે જાણો છો કે, પ્રાચીન સમયમાં લોકો વસ્તુની સામે વસ્તુની આપ–લે કરવા ટેવાયેલા હતા. જેને સાટા પધ્ધતિ કહેવામાં આવતી હતી. સમય જતાં સાટા પધ્ધતિનું સ્થાન નાણાંએ લીધું. શા માટે ? આ બધું જાણવા માટે આગળ વાંચો.

## હેતુઓ –

**પ્રકરણ પૂરું થતા તમે આટલું સમજી શકશો.**

સાટા પધ્ધતિના અર્થની સમજૂતી.

સમાજમાં નાણાંની જરૂરિયાત

નાણાંના કાર્યો સમજવા

કાગદી નોટ અને ધાતુના સિક્કા, નાણાંના પ્રકાર તરીકે ઓળખવા

## 14.1 સાટા પધ્ધતિ

ભૂતકાળમાં જ્યારે લોકો નાનાં જૂથમાં રહેતા ત્યારે આજના જેટલો વિકાસ નહોતો થયો. તેઓ સાટા પધ્ધતિ દ્વારા એકબીજાને ફાયદો થાય તે રીતે મદદ કરતા. સાટા પધ્ધતિ એટલે શું ? સાટા પધ્ધતિ એટલે એવી પધ્ધતિ કે જેમાં વસ્તુ અને સેવાનું વિનિમય તેના જેવી જ બીજી વસ્તુ દ્વારા અને સેવા દ્વારા થાય છે. કે જેમાં નાણાંનો સમાવેશ થતો નથી.

સાટા પધ્ધતિ દ્વારા વ્યવહાર કરવો એટલે કે એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ નાણાંના ઉપયોગ સિવાય આપ–લે કરવી. પુરાતન સભ્યતામાં આ પધ્ધતિનો ઉપયોગ થતો હતો.

**સાટા પધ્ધતિના થોડાક ઉદાહરણ નીચે પ્રમાણે છે.**

1. ભૂતકાળમાં યુરોપનાં વેપારીઓ અત્તર (સુગંધી દ્રવ્ય) અને રેશમનાં બદલામાં ફર અને હસ્તકલાની વસ્તુઓનો વ્યાપાર દુનિયાનાં પૂર્વિય દેશોમાં કરતા હતાં.
2. ભારતનાં ઘણાં આદીવાસી સમાજના કુટુંબમાં મજૂરીના બદલામાં ખાવાની વસ્તુઓ અથવા બીજા પ્રકારની મજૂરી કરતા. ઉદાહરણ તરીકે જો કોઇ કુટુંબને પાકની વાવણી કામમાં બીજા કુટુંબની જરૂર જોઇતી હોય તો તેમણે પણ બદલામાં તે કુટુંબને વાવણીકામ અથવા બીજી કોઇ મજૂરી જેવી કે નળિયાકામ વગેરેમાં મદદ કરવી પડતી. આ પ્રકારની પધ્ધતિ આજે પણ ભારતનાં પછાત આદિવાસી સમાજમાં પ્રવર્તે છે.
3. અલગ–અલગ વ્યવસાયનાં લોકો જેવા કે ખેડૂત, વણકર, મોચી, મિસ્ત્રી વગેરે... પોતપોતાની વસ્તુ અરસ–પરસ અદલા–બદલી કરે છે.

### 14.1 પાઠના પ્રશ્નો

1. સાટા પધ્ધતિની વ્યાખ્યા આપો.
2. સાટા પધ્ધતિના બે ઉદાહરણ આપો

## 14.2 નાણાંની જરૂરિયાત

અગાઉ વર્ણવેલી સાટા પધ્ધતિ અત્યારે પ્રવતતી નથી. આજનાં જમાનામાં કોઇપણ વ્યક્તિ એક વસ્તુના બદલામાં બીજી વસ્તુની અદલા–બદલી કરતી નથી. દરેક વ્યક્તિ વસ્તુ તથા સેવાનાં બદલામાં નાણાં ચુકવે છે. આથી નીચેના પ્રશ્નો ઉભા થાય છે. અત્યારે સાટા પધ્ધતિ શા માટે અમલમાં નથી ? નાણાંની જરૂરિયાત શા માટે ઉભી થાય છે ? આ પ્રશ્નોના જવાબ નીચે વર્ણવેલા સાટા પધ્ધતિના ગેરફાયદા માંથી મળે છે.

### <u>14.2.1 સાટા પધ્ધતિના ગેરફાયદાઓ</u>

સાટા પધ્ધતિના ગેર ફાયદાઓ નીચે પ્રમાણે છે.

(1) ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલીનો અભાવ એ એક સાટા પધ્ધતિની સામાન્ય સમસ્યા છે. એનો અર્થ શું ? જ્યારે કોઇ એક વ્યક્તિ કોઇ વસ્તુના બદલામાં બીજી વ્યક્તિ પાસેથી કોઇ વસ્તુ લે અને બીજી વ્યક્તિને પણ પ્રથમ વ્યક્તિ દ્વારા અપાયેલ વસ્તુની જરૂરિયાત હોય તો તેને ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલી કહે છે. ઉદાહરણ તરીકે કોઇ એક વ્યક્તિ પાસે ચોખા છે અને તેના બદલામાં તેને કાપડની જરૂરિયાત છે તો તે એવા વ્યક્તિ સાથે પરસ્પર કપડા અને ચોખાની અદલા–બદલી કરશે કે જેને કપડાનાં બદલામાં ચોખાની જરૂરિયાત હોય. આવી પરિસ્થિતિ વ્યાવહારિક જીવનમાં ઉભી થાય કે ન પણ થાય. જો એવી વ્યક્તિ કે જેની પાસે કપડું છે પરંતુ તેને ચોખાની જરૂર નથી તો કપડાનાં બદલામાં ચોખાની અદલા–બદલી શક્ય બનશે નહિ અને બે માંથી કોઇ પણ વ્યક્તિ પોતપોતાની

જરૂરિયાત સંતોષી શકશે નહિ. આ ઉદાહરણ ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલીનું છે. આથી સાટા પધ્ધતિ ત્યારે જ ઉપયોગી થાય કે જ્યારે ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલી શક્ય હોય નહિંતર તે બિનઉપયોગી સાબિત થાય છે.

સાટા પધ્ધતિને લગતી સમસ્યા એ છે કે કોઇ વ્યક્તિએ એવી વ્યક્તિ શોધવામાં બહુ સમય વિતાવવો પડે કે જે એની સાથે ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલી કરે. જો કે અગાઉનાં સમયમાં મનુષ્ય સમાજમાં આ કાર્ય જટિલ હતુ, કારણકે એ વખતે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર માટે પુરતી સગવડો નહોતી.

(2) વસ્તુ વિભાજનનો અભાવ

ભૌતિક રીતે અમુક વસ્તુઓનું નાના ટુકડામાં વિભાજન શક્ય નથી. ધારો કે કોઇ એક વ્યક્તિ પાસે ગાય છે અને તેને કપડા, ભોજન, અનાજ વગેરે વસ્તુઓની જરૂરિયાત છે તો તેણે ગાયના કેટલા ભાગનો કપડા માટે અને કેટલા ભાગનો અનાજ માટે વ્યવહાર કરવો પડે? આનો જવાબ મેળવવો જટિલ છે કારણકે ગાયને કેટલાક ભાગમાં વહેચી શકાતી નથી.

(3) વસ્તુઓની વિભાજકતાનો અભાવ

સાટા પધ્ધતિમાં સામાન્ય માપદંડના અભાવને કારણે વ્યવહારમાં જુદી જુદી ચીજ વસ્તુઓને મુલવવાનું કાર્ય જટિલ હતું. અગાઉનાં ફકરામાં આપેલ ઉદાહરણ જોતા થોડુંક અનાજ થોડાક વાર કાપડના બદલામાં ગાયના કેટલા ભાગનો વ્યાપાર કરવો તે નકકી કરવું ખૂબજ જટિલ છે. તથા આ વાત અસ્વીકૃત છે. કારણકે ગાયનું મૂલ્ય સામાન્ય માપદંડથી માપી શકાતું નથી. આ સમસ્યા બીજી દરેક ચીજવસ્તુઓ માટે પણ છે.

(4) સાટા પધ્ધતિની બીજી સમસ્યા એ છે કે, રોજબરોજની જરૂરી ચીજવસ્તુઓના બદલામાં વ્યક્તિએ પોતાની ચીજવસ્તુઓને વિશાળ જથ્થામાં સંગ્રહ કરવી પડે છે. આ માટે ઘઉંનું ઉત્પાદન કરતા ખેડૂતનું ઉદાહરણ લઇએ. ખેડૂત ઘઉંનો થોડોક જથ્થો પોતાના વપરાશ માટે રાખશે અને થોડોક જથ્થો બીજી વ્યક્તિ સાથે વ્યાપાર કરી પોતાની જરૂરિયાતની વસ્તુ મેળવવા રાખશે. જો તેને રાચરચીલું જોઇતું હશે તો તે એવા મિસ્ત્રી પાસે જેને રાચરચીલાનાં બદલામાં તેની જોડે તેનાં ઘઉંનો વ્યાપાર કરે. તેવી જ રીતે જો તેને કપડાની જરૂરિયાત હશે તો તે એવા વણકર પાસે જશે કે જે તેનાં ઘઉં ના બદલામાં કાપડનો વ્યાપાર કરે. આ માટે ખેડૂતે પ્રથમતો ગોદામનું બાંધકામ કરવું પડે કે જેથી તે ઘઉંના જથ્થાને જરૂરિયાતની ચીજવસ્તુની અદલા–બદલી સુધી સાચવી શકે. પરંતુ પુરાતન સભ્યતાના સમયમાં ગોદામનું બાંધકામ અને દેખભાળ કરવી એ મુશ્કેલ હતું.

(5) જો કોઇ વસ્તુને લાંબા સમય સુધી સંગ્રહી રાખવામાં આવે તો તે વસ્તુ તેની ગુણવત્તા અને કિંમત ગુમાવે છે જે સાટા પધ્ધતિની મુખ્ય સમસ્યા છે. ઘણી વસ્તુઓ જેવી કે મીઠું, શાકભાજી વગેરે નાશવંત છે. એ બતાવે છે કે કોઇપણ વસ્તુનો ઉપયોગ ઉધાર કે ઉછીનું લેવામાં કે આપવામાં કરી શકાતું નથી.

ઉપર વર્ણવેલ સમસ્યાઓને કારણે સાટા પધ્ધતિ લાંબા સમય સુધી ચાલી શકી નહિ. જેમ જેમ માનવ સભ્યતાનો વિકાસ થતો ગયો તેમ તેમ લોકોને લાગ્યું કે ચીજવસ્તુઓની લેવડ–દેવડ માટે કોઇક એવા સામાન્ય માધ્યમની જરૂર છે કે જેની સહેલાઇથી હેરા ફેરી કરી

નોંધ

શકાય,સંગ્રહી શકાય તેમજ ચીજવસ્તુઓનું મૂલ્ય આંકી શકાય. તેથી નાણું વ્યવહારમાં આવ્યું. આમ સાટા પધ્ધતિ નિષ્ફળ જતાં નાણાંની જરૂરિયાત ઉભી થઇ.

## પાઠના પ્રશ્નો– 14.2

1) ચીજવસ્તુઓની પરસ્પર અદલા–બદલીની વ્યાખ્યા આપો
2) સાટા પધ્ધતિ સાથે સંકળાયેલી બે સમસ્યાઓ આપો.

## 14.2 નાણાંની વ્યાખ્યા અને કાર્ય

કોઇ એવી વસ્તુ કે જે સમાજ દ્વારા વસ્તુઓની અદલા–બદલી માટે સ્વીકારેલ હોય અને જે હિસાબના ભાગ રૂપે વર્તે તથા જે કિંમત સંગ્રહી શકે અને દેવું ભરપાઇ કરવામાં ઉપયોગી થાય તેને નાણું કહેવાય.

નાણાનું કાર્ય તેની વ્યાખ્યા પરથી જાણી શકાય છે જે નીચે મુજબ છે.

(1) વિનિમયનું માધ્યમ

નાણાનું મુખ્ય કાર્ય લેવડ–દેવડના માધ્યમ તરીકે વર્તવાનું છે. એટલે કે લોકો નાણાનાં માધ્યમથી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદી અથવા વેચી શકે છે. વેચનાર ચીજવસ્તુઓ વેચીને નાણું મેળવે છે. ખરીદનાર નાણું ચુકવીને વેચનાર પાસેથી ચીજવસ્તુઓ મેળવે છે. દા.ત.: તમે એક પેન ખરીદવા માટે દસ રૂપિયા ચુકવો છો. વેચનાર તમારી પાસેથી પેન વેચીને દસ રૂપિયા મેળવે છે. આમ, દસ રૂપિયાના બદલામાં પેનની લેવડ–દેવડ થાય છે.

**(2)** મૂલ્યના માપદંડ

નાણું એ હિસાબના એકમ તરીકે અથવા મૂલ્યના સામાન્ય માપદંડ તરીકે વર્તે છે જે તેનું બીજું પાયાનું કાર્ય છે. બજારમાં વેચાતી ચીજવસ્તુની કિંમત તેના જથ્થા અને મૂલ્યના માપદંડ દ્વારા નક્કી કરવામાં આવે છે. ઉદા : ધારો કે એક કિલો ચોખાની કિંમત રૂ.20 છે. એક ગુણ ચોખાનું વજન 25 કિ.ગ્રા. છે. તેથી એક ગુણ ચોખની કિંમત રૂ.20 x 25 = 500 રૂ. થાય.

**(3)** મૂલ્યનો સંગ્રહ

નાણું મૂલ્યના સંગ્રહ તરીકે પણ કામ કરે છે. કેવી રીતે ? તમે ચીજવસ્તુઓની ખરીદી નાણાંના વિનિમયના માધ્યમ થકી કરી શકો છો. આમ નાણું ખરીદ શક્તિ ધરાવે છે. એટલે કે જો તમારી પાસે નાણું હોય તો તમે વસ્તુ અથવા સેવા ખરીદવાની શક્તિ ધરાવો છો. તેથી ખરીદશક્તિમાં જે તે વસ્તુનું મૂલ્ય રહેલું છે. એનો અર્થ એ થાય છે કે જે નાણું તમે ધરાવો છો તેમાં આડકતરી રીતે વસ્તુનું મૂલ્ય સમાયેલું છે. એ જ રીતે વેચનાર તરીકે તમે નાણું મેળવો છો એનો અર્થ એ છે કે વસ્તુનું મૂલ્ય નાણાં સ્વરૂપે પાછું આવે છે.

ઉદા : સુશીલા તેની પાસે રહેલી કેરી 250 રૂ.માં ખરીદનારને વેચે છે. આનો અર્થ 250 રૂ.ની કિંમતનો વિનિમય થયો. એ ખરીદનાર કે જેણે કેરી ખરીદી તે 250 રૂ. ની કિંમતની ખરીદ શક્તિ ધરાવે છે. આમ, વેચનાર તરીકે સુશીલા પાસે 250 રૂ. ના નાણાંનો સંગ્રહ થાય છે. સુશીલા કેરીનો સંગ્રહ ના કરી શકત પણ તે 250 રૂ. ના મૂલ્યનું નાણું સંગ્રહ કરી શકે છે.

**(4)** ભવિષ્યમાં કરાતી ચુકવણી.

આપણે બધા લેણ–દેણની પ્રવૃત્તિ ક્યાંકને ક્યાંક કરતા હોઇએ છીએ. ધારો કે તમારો મિત્ર એક પુસ્તક ખરીદવા માટે તમારી પાસે 300 રૂ. ની માંગણી કરે છે. કારણકે તેની પાસે અત્યારે નાણું નથી. તે એક અઠવાડિયા પછી નાણું પરત કરવાનું વચન આપે છે. જો તમે આ સાથે સહમત થઇ અને ખરેખર તેને નાણું આપો છો તો તમે નાણું ધીરનાર અને તમારો મિત્ર લેણદાર કહેવાય છે. એક ધીરનાર તરીકે તમે તમારા મિત્રને આપેલા નાણાં પર વ્યાજ વસૂલ કરી શકો છો. જો તમે વ્યાજ નથી લેતા તો તમારો મિત્ર તમને એક અઠવાડિયા પછી 300 રૂ. પરત આપશે. જો તમે વ્યાજ તરીકે 1 રૂ. વસૂલ કરશો તો, તમારો મિત્ર તમને એક અઠવાડિયા પછી 301 રૂ. પાછા આપશે. તમારા મિત્રની જેમ આજે ઘણાં લોકો તેમની પ્રવર્તમાન જરૂરિયાતો પૂરી કરવા માટે ધીરનાર પાસેથી અમૂક વ્યાજ સાથે અને ભવિષ્યના ચોક્કસ સમયમાં પરત કરવાની શરતે નક્કી કરેલી રકમ ઉધાર લેવા ઇચ્છતા હોય છે. આ ભવિષ્યમાં થનારી ચૂકવણી માત્ર નાણાં સ્વરૂપે જ સ્વીકાર્ય હોય છે. આપણે એમ પણ કહી શકીએ કે લેણદાર અમૂક ચોક્કસ શરતો મુજબ એ નાણાંની ચુકવણી કરવાની હોય છે. આમ, નાણું વિલંબિત ચૂકવણીના માધ્યમ તરીકે વર્તે છે. થોડીવાર માટે આપણે ધારી લઇએ કે જો તમારો મિત્ર એક અઠવાડિયા પછી 300 રૂ. કે 301રૂ. ને બદલે એ પુસ્તક કે જે તેણે ખરીદ્યુ હતું તે આપે છે તો શું તમે તે સ્વીકારશો ? મોટે ભાગે (મંહદઅંશે તો) નહિ. કારણકે એક અઠવાડિયા પછી એ પુસ્તક પહેલા જેટલું નવું નથી રહેતુ તેણે કદાચ થોડું મૂલ્ય ગુમાવ્યું હોય. નાણું ભવિષ્યમાં કોઇ પણ સમયે સ્વીકાર્ય હોય છે. કારણકે તેમાં મૂલ્ય સમાયેલું હોય છે.

## પાઠના પ્રશ્નો – 14.3

1) વિનિમયના માધ્યમની વ્યાખ્યા આપો.
2) વસ્તુના મૂલ્યનો અર્થ આપો.

## 14.4 નાણાંના પ્રકારો

### 14.4.1 કાગદી નોટો અને ધાતુના સિક્કા

નાણું કેવું દેખાય છે ? નાણાંનું સ્વરૂપ શું છે ? સમય જવા સાથે નાણાંનું સ્વરૂપ પણ બદલાયું છે. તમે ઇતિહાસમાં વાચ્યું હશે કે, રાજાઓના સમયમાં લોકો વ્યાપાર માટે સોનાના સિક્કા, ચાંદીના સેક્કા, તાંબાના સિક્કા વગેરેનો ઉપયોગ કરતાં હતા. તે પહેલાં પ્રાચીન સમયમાં ઘણા સ્થળોએ લોકો પશુ, મીઠું વગેરે સ્વરૂપે નાણાની સાચવણી કરતા.

પ્રવર્તમાન સમયમાં કોઇ પશુ કે મીઠાનો ઉપયોગ વસ્તુ કે સેવાની ખરીદ–વેચાણમાં કરતા નથી. પશુઓ રાખવા માટે ખૂબ વિશાળ જગ્યા અને યોગ્ય વાતાવરણની જરૂર પડતી હોવાથી પશુઓ રાખવામાં સગવડ ભ્યુ નથી. મીઠું જલદી બગડી જાય તેવો ખાદ્યપદાથ છે અને તેને લાંબો સમય સુધી સાચવી શકાતું નથી. વિનિમયના હેતુ માટે ઘણાં વર્ષોના અનુભવ પછી આજે લોકો નાણાંને કાગળની નોટ અને સિક્કાના સ્વરૂપમાં વાપરે છે. જેથી સહેલાઇથી નાણાંની હેરફેર થઇ શકે છે. ભારતમાં આપણે નાણાં તરીકે કાગળની નોટ વાપરીએ છીએ કે જે 1, 2, 5, 10, 20, 50, 100, 500 અને 1000 ના મૂલ્યમાં પ્રચલિત છે. સામાન્ય રીતે આ નોટોને ચલણી નોટ કહે છે. અને રૂપિયો (એકવચન) અથવા (બહુવચન) તરીકે ઓળખાય છે. રૂપિયાની નિશાની ...... છે.

ખરીદનાર ચલણી નોટના સ્વરૂપમાં નાણું ચૂકવે છે અથવા વેચનાર નાણું મેળવે છે. ઓછા મૂલ્ય માટે આપણે સિક્કો વાપરીએ છીએ જેને "પૈસા" કહેવામાં આવે છે. જેમકે 50 પૈસા કે જેનું મૂલ્ય અડધા રૂપિયા જેટલું થાય છે. આજકાલ રૂપિયા 10 નો સિક્કો ભારતના ચલણમાં છે.

તમને ખબર હોવી જોઇએ કે ચલણી નોટ અને સિક્કાઓ ચલણમાં છે. ભારત સરકાર દ્વારા બાંહેધરી આપવામાં આવી છે નહિતરતો કોઇ પણ તેની નકલ કરી શકે કે દુરૂપયોગ કરી શકે છે.

યાદ રાખો કે ભારતની ચલણી નોટ અને સિક્કા ભારતમાંજ માન્ય છે અન્ય કોઇ દેશમાં માન્ય નથી. દરેક દેશનું પોતાનું ચલણ હોય છે. જો તમે બીજા કોઇ દેશની મુલાકાતે જાવ તો તમારે ભારતના ચલણને જે તે દેશના ચલણમાં ફેરવવા પડે છે. દુનિયાના અમુક દેશોનું ચલણ તથા ચલણનું નામ નીચે મુજબ છે.

A : અમેરિકાનું ચલણ ડૉલર તરીકે ઓળખાય છે તેનો સંકેત “$$$$” છે.

B : યુરોપનું ચલણ યુરો તરીકે ઓળખય છે અને તેનો સંકેત “•” છે.

C : યુનાઇટેડ કિંગડમનું ચલણ પાઉન્ડ તરીકે ઓળખાય છે અને તેનો સંકેત “£” છે.

D : જાપાનનું ચલણ યેન તરીકે ઓળખાય છે અને તેનો સંકેત “¥” છે.

## પાઠના પ્રશ્નો– 14.4

પ્રશ્ન–1 ચલણી નોટનો અથ આપો.

પ્રવૃત્તિ

ફ્રાન્સ, જમની, ચીન તથા બ્રાઝીલ ના ચલણોના નામની યાદી બનાવો

## તમે શું શીખ્યા ?

* નાણાંની શોધ થઇ એ પહેલા લોકો ચીજ–વસ્તુઓના બદલામાં બીજી ચીજ–વસ્તુઓ મેળવતા હતા જેને સાટા પધ્ધતિ કહેવામાં આવતી હતી.

* સાટા પધ્ધતિની ઘણી સમસ્યાઓ હતી જેમકે મૂલ્યના સામાન્ય માપદંડનો અભાવ, ચીજ–વસ્તુઓની પરસ્પર અદલા–બદલીનો અભાવ, ભવિષ્યમાં ચીજ–વસ્તુઓની પરસ્પર અદલા–બદલી માટે તેનો સંગ્રહ કરવાની જગ્યાનો અભાવ વગેરે.... આથી મનુષ્ય સમાજને નાણાંની શોધ તરફ પ્રેરણા મળી.
* નાણાંનું કાર્ય વિનિમયના માધ્યમ, મૂલ્યના માપદંડ, મૂલ્યના સંગ્રહ અને ભવિષ્યમાં કરાતી ચુકવણી તરીકેની છે.
* નાણાંનું વિનિમય કાગળની નોટો અને સિક્કાઓ દ્વારા થાય છે.

નોંધ

## સત્રાંત સ્વાધ્યાય :

1) સાટા પધ્ધતિનું કાર્ય સમજાવો.
2) સાટા પધ્ધતિના મુખ્ય ગેરફાયદાઓ કયા કયા છે ?
3) નાણાંની વ્યાખ્યા આપો અને તેના ત્રણ કાર્યો દર્શાવો.
4) ભારતની ચલણી નોટો  વિષે ટૂંકનોંધ લખો.

## પાઠના પ્રશ્નોના જવાબો :

પાઠના પ્રશ્નો 14.1

1) એક ચીજ–વસ્તુના બદલામાં બીજી ચીજ–વસ્તુઓની લેવડ–દેવડ કરવી તેને સાટા પધ્ધતિ કહે છે.
2) (a) 5 કિ.ગ્રા. ખાંડના બદલામાં 10 કિ.ગ્રા. ઘઉં
   (b) એક જોડી જુતાના બદલામાં 8 કિ.ગ્રા. ચોખા.

**પાઠના પ્રશ્નો**–14.2

1) બે વ્યકિતઓ વચ્ચે પરસ્પર ચીજ–વસ્તુઓનું વિનિમય2) (a) ચીજ–વસ્તુઓના પરસ્પર વિનિમયનોઅભાવ
   (b) મૂલ્યના સંગ્રહનો અભાવ**પાઠના પ્રશ્નો**–14.3

1)કોઇ એવી વસ્તુ કે જેનો સામાન્ય રીતે ચીજ–વસ્તુઓ તથા સેવાની ખરીદી કે વેચાણ માટે સર્વ સ્વીકાર્ય હોય. 2) ચીજ–વસ્તુઓનું મૂલ્ય = ચીજ–વસ્તુઓની કિંમત × ચીજ–વસ્તુનો જથ્થ

પાઠના **પ્રશ્નો**–14.4

1) ચલણી નોટ એ નાણાંનો એક પ્રકાર છે.

# 15

# બેંકિંગ અને શાખ

નાણું અને બેંકિંગ હંમેશા સાથે પ્રયોજાય છે. બંને એકબીજાના પૂરક છે, માટે નાણાંનો અભ્યાસ કયા´ પછી બેંકિંગનો અભ્યાસ કરવો જ રહ્યો. પ્રવર્તમાન સમયમાં 'બેંક' એક ખૂબજ મહત્વની સંસ્થા બની રહી છે. ધ્યાનમાં રાખો કે, જ્યારે સમાજને વિનિમયના માઘ્યમ તરીકે નાણું ખૂબજ ઉપયોગી છે તે સમજાયું તેની સાથે જ તેને સુરક્ષીત જગ્યાએ સંગ્રહી રાખવાની જરૂરિયાત ઉભી થઇ. આ 'સુરક્ષીત' તે સમય સાથે બેંકના સ્વરૂપે અસ્તિત્વમાં આવી, જે નાણાંને વિવિધ રીતે ઉપયોગમાં લે છે. લોકો વિવિધ હેતુસર બેંકની મુલાકાત લે છે. જેવા કે તેમને પાસે રહેલું વધારાનું નાણું જમા કરાવવું, જરૂર પડે રોકડ ચૂકવણી કરવ, રોકડ નાણું ઉપાડવા, ધિરાણ લેવા, અથર્તંત્રમાં બેંક એ ઉત્પાદન, વહેંચણી અને વ્યાપારિક પ્રવૃતિઓને સગવડ પૂરી પાડવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## વિષયવસ્તુ

પ્રકરણને અંતે તમે સમજી શકશો કે

- બેંક અને બેંકિંગનો અથ´
- બેંકના કાયો´
- શાખ અને શાખસર્જનની પ્રક્રિયા સમજવી
- ભારતની વિવિધ બેંકો વચ્ચેનો તફાવત

## 15.1 બેંક અને બેંકિંગનો અથ´

બેંક એ એક એવી સંસ્થા છે કે જે લોકો પાસેથી નાણું થાપણ સ્વરૂપે સ્વીકારે છે અને ધિરાણ આપે છે. બેંકિંગનો સામાન્ય અથ´– લોકો પાસેથી થાપણ સ્વરૂપે આવેલા નાણાંને ધિરવા કે તેનું રોકાણ કરવું, જરુરિયાત મુજબ કે માંગ પ્રમાણે લોકોને પૈસા આપવા જેમ કે ડિમાન્ડ ડ્રાફ્ટ, ચેક કે કોઇ અન્ય રીત દ્વારા.

## 15.2 બેંકના કાયો

બેંકના કાયોની સ્પષ્ટ સમજણ ઉપર જણાવ્યા પ્રમાણે સમજાય છે. બેંકના મુખ્ય કાયો આ પ્રમાણે છે.

1) લોકો પાસેથી થાપણો સ્વીકારવી.
2) ધિરાણો આપવી

કેટલીક બેંકના નિશાનનું ચિત્ર.

### 15.2.1 લોકો પાસેથી થાપણો સ્વીકારવી.

બેંક લોકો પાસેથી વ્યક્તિગત કે વ્યાપારિક સંસ્થા પાસેથી નાણાં સ્વરૂપે થાપણો સ્વીકારે છે. એ નોંધનીય છે કે, જ્યારે કોઇ પણ વ્યક્તિ બેંકમાં થાપણ તરીકે નાણાં મૂકવા ઇચ્છે ત્યારે બેંક તે નાણું જે તે થાપણદારના નામનું ખાતું ખોલીને તેમાં સ્વીકારે છે. બેંક થાપણદારને એક ખાતા નંબર આપે છે. જ્યારે પણ થાપણદાર ફરી બેંકમાં નાણું જમા કરાવવા ઇચ્છે ત્યારે તે / તેણીએ એ ખાતા નંબર જણાવવો પડે છે કે જેથી બેંક નાણું એ ખાતામાં સાચવી શકે છે. જો થાપણદાર નાણું ઉપાડવા માંગે તો તે / તેણીના ખાતામાંથી બેંક એટલી કિંમતના નાણાં બાદ કરે છે. તદઉપરાંત બેંક ચોક્કસ પ્રકારની થાપણ ઉપર લોકોને વ્યાજ પણ આપે છે. બેંક તેના ખાતેદારોને ચેકબુક આપે છે. ખાતેદાર આ ચેકનો ઉપયોગ કરીને પૈસા ઉપાડી શકે છે કે બીજા કોઇને બેંક દ્વારા પૈસા ચૂકવી શકે છે.

### 15.2.2 ધિરાણ આપવું

બેંક એવા લોકોને ધિરાણ આપે છે કે જેઓ ઉછીનું નાણું લેવા માંગતા હોય અને ભવિષ્યમાં તે નાણાંની રકમ પરત કરવા સક્ષમ હોય. આનો અથ શું થાય ? આના માટે આપણે પહેલા એ સમજવું પડશે કે શા માટે લોકો ઉછીના નાણાં લેવા ઇચ્છતા હોય છે. લોકો નાણાં ઉછીનાં એટલા માટે લેવા માંગતા હોય છે, કારણકે કોઇ વસ્તુની ખરીદી માટે અથવા કોઇ વ્યાપાર કરવા માટે પૂરતું નાણું જે તે સમયે હોતું નથી પણ તેઓ ભવિષ્યમાં એ નાણાં પરત કરવાની શક્તિ ધરાવે છે. ટેલિવીઝન, ફ્રીજ, વોશિંગ મશીન, કાર વગેરે... જેવી વસ્તુઓ ખચાળ હોય છે. એજ રીતે મકાન કે ઘરની ખરીદી કે બાંધકામ પણ પુષ્કળ નાણું માંગી લે છે. આમ, આ બધા માટે બેંક ધિરાણ પૂરૂ પાડે છે. બેંક વ્યાપાર શરૂ કરવા માટે પણ ધિરાણ આપે છે.

### 15.2.3 મૂલ્યવાન વસ્તુઓની જાળવણી.

બેન્ક દ્વારા એક બીજુ કાય પણ કરવામાં આવે છે. બેન્ક લોકોની મૂલ્યવાન વસ્તુઓ જેવી કે ઘરેણાં, સંપત્તિના દસ્તાવેજો વગેરે સાચવે છે. સામાન્ય રીતે લોકો તેમની મૂલ્યવાન

ચીજવસ્તુઓ સુરક્ષિત હવાલામાં રાખવા ઇચ્છતા હોય છે જે સગવડ બેન્ક 'લોકર'ના નામે પૂરી પાડે છે.

### પાઠના પ્રશ્નો–15.1

1) કોઇ પોતાના ફાજલ નાણાં ક્યાં રાખી શકે છે તે સંસ્થાનું નામ આપો.
2) એવા કોઇ બે હેતુઓના નામ આપો કે જેના માટે બેન્ક ધિરાણ મંજૂર કરે છે.

### પ્રવૃત્તિ 15.1

તમારા વાલી સાથે કોઇ બેન્કની મુલાકાત લો અને બેન્ક કઇ કઇ રીતે લોકોને મદદ કરે છે તે અને બેન્કના તમામ કાર્યો વિષે જાણકારી મેળવો.

## 15.3 શાખનો અર્થ

પૈસા પાછા મેળવવાનો દાવો એટલે શાખ, જ્યારે એક બેન્ક લોકોને ધિરાણ આપે છે ત્યારે બેન્ક ધીરનાર બને છે. અને બેન્ક પાસેથી ધિરાણ લેનાર વ્યક્તિ લેણદાર કહેવાય છે. બેન્ક જો આજે ધિરાણ આપે તો તેની સાથે એ ધિરાણ જે–તે વ્યક્તિ પાસેથી ભવિષ્યમાં પાછું મેળવવાની જોગવાઇ પણ કરે છે. આનો અર્થ એ છે કે, બેન્ક લેણદાર પાસેથી ભવિષ્યમાં નાણું પાછું મેળવવા માટે દાવો કરી શકે છે. તે અનુસાર બેન્ક તેની થાપણનો વિસ્તાર કરી શકે છે. તેને બેન્ક દ્વારા થતું શાખ સર્જન કહેવાય છે. તેથી આપણે કહી શકીએ કે, શાખનું સર્જન, ધીરવું અને ઉછીનું લેવુંની પ્રક્રિયાથી થાય છે.

## 15.4 શાખ – સર્જનની પ્રક્રિયા

હવે નીચે પ્રમાણે પ્રશ્નો ઉદભવે છે. –બેન્ક શાખ સર્જન કેવી રીતે કરે છે ? અથવા બીજા શબ્દોમાં કહીએ તો બેન્ક બીજાને ધિરાણ આપવા માટે નાણાંની વ્યવસ્થા ક્યાંથી કરે છે અહીં નીચે તેના જવાબો છે.

આપણે જાણીએ છીએ કે, બેન્ક લોકો પાસેથી થાપણ તરીકે નાણાં સ્વીકારે છે. સામાન્ય રીતે આ નાણાં થાપણદાર જ્યારે પાછા લેવા માંગે ત્યારે બેન્કે આપવા પડે છે. તેથી જો બધા જ લોકો, કે જેમણે બેન્કમાં થાપણો મૂકી છે તેઓ તેમના બધાજ નાણાં પાછા લઇ લે તો બેન્ક પાસે કોઇ જ બચે નહી પરંતુ સામાન્ય સંજોગોમાં આમ બનતું નથી.

સર્વસામાન્ય અનુભવો પરથી જોઇ શકાય છે કે, એકવાર જે વ્યક્તિ બેન્કમાં થાપણ / નાણાં મૂકે તે / તેણી એક સાથે બધી જ રકમ પાછી લઇ લેતા નથી. મોટે ભાગે લોકો થોડી (નાની) રકમ જ્યારે જરૂર પડે ત્યારે ઉપાડતા હોય છે અને બાકીના નાણાં બેન્કમાંજ રહેવા દેતા હોય છે. આ શક્ય બનાવવા માટે બેન્ક હંમેશા તેની કુલ થાપણોનો એક ચોક્કસ હિસ્સો

હાજર નાણાં તરીકે રાખે છે કે જેમાંથી તે નાણાં ઉપાડવા આવતા ખાતા ધારકોને જરૂરી રકમ આપી શકે. આ ચોક્કસ હિસ્સો (નાણાંના) અમુક ટકાની ગણતરીથી રાખવામાં આવે છે. કુલ થાપણના કેટલા ટકા ભાગ રોકડ નાણાં તરીકે રાખી શકાય ? આ ભારતના બેન્ક ઑથોરિટીઝ દ્વારા નક્કી કરવામાં આવે છે. આ નાણાં બેન્ક ખાતામાંથી ઉપાડ કરવા આવતા લોકોને રોકડ ચૂકવણી કરી શકવા માટે અનામત રાખવામાં આવે છે. કુલ થાપણોનો આ ચોક્કસ હિસ્સો કે જે રોકડ નાણાં સ્વરૂપે રાખવામાં આવે છે તેને રોકડ અનામત દર કહેવામાં આવે છે. એકવાર બેન્ક રોકડ નાણાં સ્વરૂપે રાખવાની ગણતરી રોકડ અનામત દર પ્રમાણે કરી લે છે ત્યાર પછી એ રકમ કુલ થાપણોમાંથી બાદ કરીને બાકીની રકમ ધિરાણ તરીકે ઉધાર લેનાર લોકોને આપે છે. આમ, બેન્કમાં શાખ સર્જનની પ્રક્રિયા શરૂ થાય છે. હવે શાખ સર્જનની પ્રક્રિયાને એક પછી એક નીચેના ઉદાહરણો દ્વારા સમજીએ.

15.4.1 શાખ સર્જનના પગલાં

સરળ રીતે સમજવા માટે આપણે ધારી લઈએ કે અર્થતંત્રમાં એક બેન્ક છે.

બેન્ક ઓથોરિટીએ નક્કી કર્યા પ્રમાણે શાખ અનામત દર 20% છે. માટે બેન્કે કુલ થાપણનો 20% હિસ્સો રોકડ નાણાંમાં રાખવો કે જેમાંથી નાણાં ઉપાડવા આવેલ ખાતેદારને રોકડ ચૂકવણી કરી શકાય.

(1) એક વ્યક્તિ A બેન્કમાં 100 રૂ. જમા કરાવે છે. જેથી બેન્કની થાપણોમાં રૂ. 100 નો વધારો થાય છે. નિયમ પ્રમાણે બેન્ક 20% રકમ રોકડમાં રાખે છે. કે જે રૂ.20 થાય. આમ બેન્ક રૂ.20 રોકડ ચૂકવણી માટે રાખે છે. હવે રૂ.100 માંથી 20 બાદ કરો. 100-20=80 આમ, બેન્ક રૂ.80નો ધિરાણ આપવા માટે ઉપયોગ કરે છે.

(2) એક વ્યક્તિ B રૂ.80 નું ધિરાણ લેવા માટે બેન્કનો સંપર્ક કરે છે. આ ધિરાણ આપ્યા બાદ તે ભવિષ્યમાં 'B' પાસેથી રૂ.80 પાછા મેળવવા દાવો કરી શકે છે. આનો અર્થ થાય કે ધિરાણ બાદ બેન્ક ફરી રૂ.80ની થાપણ મેળવી શકે છે.

હવે બેન્કની કુલ થાપણની ગણતરી કરો.

એક વ્યક્તિ 'A' રૂ.100 ની થાપણ મૂકે છે. 'B' ને ધિરાણ આપ્યા પછી બેન્ક રૂ.80 મેળવવા હકદાર બને છે. આ બેની કાર્યવાહી બાદ બેન્ક પાસે કુલ થાપણ રૂ.180 ની થાય છે.

જેમ કે 100 + 80=180

(3) કોઈ એક વ્યક્તિ 'C' બેન્ક પાસેથી ધિરાણ લેવા ઈચ્છે છે. બેન્ક ધિરાણ તરીકે કરેલી રકમ 'C' ને આપી શકે ? આથી આગળ બતાવ્યા પ્રમાણે આપણે જોયું કે બેન્ક 'B' પાસેથી રૂ.80 પાછા મેળવીને કુલ થાપણમાં રૂ.80 નો વધારો કરી શકે છે. નિયમ મુજબ રૂ.80 *ના* 20% =રૂ.16 આમ, હવે બેન્ક રૂ.16 રોકડ રાખીને બાકીની રકમ ધિરાણ આપી શકે છે. 80-16=64, માટે બેન્ક 'C' ને રૂ.64 ધિરાણ આપી શકે છે. ફરી 'C' પાસેથી રૂ.64 પાછા મેળવ્યા બાદ બેન્ક રૂ.64 ની થાપણ ઉભી કરી શકે છે.

આગળના બે ઉદાહરણ પરથી આપણે કહી શકીએ કે બેન્ક પાસે કુલ રોકડ શાખ રૂ. 180+64=244 સુધી વધે છે અથવા 100+80+64=244 થશે.

આ પ્રક્રિયા થોડો સમય ચાલુ રહે છે. પણ આ પ્રક્રિયા ક્યારે પૂરી થશે. તમે જાણો છો કે દરેક વખતે બેન્કની રોકડ નાણામાં 20% નો વધારો થતો રહે છે. તમે એ પણ જાણો છો કે પ્રથમ તબક્કામાં તેની થાપણોમાં રૂ.100 નો વધારો મેળવી લીધો હતો તેથી શાખ સર્જનની પ્રક્રિયા (કે થાપણમાં વધારો) દરેક વખતના 20% રોકડ રકમ મળીને રૂ. 100 થાય. હવે એક પ્રશ્ન એ પૂછીએ કે કેટલી રકમના 20% એટલે રૂ.100 થાય ? તો જવાબ એ છે કે રૂ.500 ના 20%=રૂ.100 આનો અથ કે આપણા વર્તમાન ઉદાહરણમાં બેન્કની થાપણમાં શરૂઆતનો વધારો રૂ. 100 નો થયો અને 20% નો રોકડ અનામત દર, કુલ શાખ સર્જન રૂ.500નું થયું. આ ત્રણેય વચ્ચે એક કડી છે. તમે જાણો છો કે 20% = 20/100 = 1/5 અહી 500 = 100 × 1/20% =100 × 1/5 = 100 × 5. તે મુજબ શાખ સર્જન માટેનું સૂત્ર નીચે પ્રમાણે આપી શકાય.

કુલ શાખ =થાપણમાં પ્રાથમિક વધારો ×1/રોકડ અનામત દર

500= 100×1/20%

બીજો મહત્વનો મુદ્દો એ પણ યાદ રાખો કે જ્યારથી બેન્કની કુલ થાપણ રોકડ સ્વરૂપે 20%માં વહેંચવાની શરૂ થઇ અને બાકીની વિવિધ સ્વરૂપે ધિરાણમાં વહેંચાતા રૂ.500 ની કુલ થાપણને નીચે પ્રમાણે વિભાજીત કરી શકાય.

અનામત દર =500 *રૂ.ના* 20%=100 રૂ.

ધિરાણની રકમ=500 – 100 =400 *રૂ.*

હવે આપણે વિવિધ તબક્કા દ્વારા શાખ સર્જનને નીચે પ્રમાણે વણવી શકીએ.

| તબક્કા | થાપણમાં વૃધ્ધિ | રોકડ અનામત દર | ધિરાણ |
|---|---|---|---|
| 1 | 100 | 20 | 80 |
| 2 | 80 | 16 | 64 |
| 3 | 64 | 12.8 | 51.2 |
| 4 | 51.2 | 10.24 | 40.96 |
| 5 | 40.96 | 8.19 | 32.77 |
| ————- | ————- | ————- | ————- |
| ————- | ————- | ————- | ————- |
| કુલ | 500 | 100 | 400 |

છતાં યાદ રાખો કે શાખ સર્જનની પ્રક્રિયામાં બે પ્રકારની થાપણો નોંધાઇ છે. પ્રથમ થાપણ – પ્રાથમિક થાપણ કહેવાય છે. પ્રાથમિક થાપણ એ બેન્કની શરૂઆતની થાપણ છે કે જે લોકો દ્વારા બેન્કમાં નાણાં જમા કરાવવાથી બેન્કને મળે છે. ઉપર જણાવેલા ઉદાહરણ પ્રમાણે શરૂઆતમાં કોઇ એક વ્યક્તિ ‘A’ દ્વારા બેન્કમાં જમા કરાવાયેલા રૂ. 100 એ બેન્કની પ્રાથમિક થાપણ છે. બીજા પ્રકારની થાપણ ગૌણ થાપણ કહેવાય છે. દરેક વખતે બેન્ક

દ્વારા ધિરાણ તરીકે અપાતી રકમ વડે આ પ્રકારની થાપણ ઉભી કરવામાં આવે છે. જેને ગૌણ થાપણો કહે છે. આવી ગૌણ થાપણો દ્વારા જ શાખ સર્જન શક્ય બને છે.

### 15.4.2 બેન્કની શાખ સર્જન શક્તિ એટલે શું ?

બેન્કની શાખ સર્જન શક્તિનો આધાર રોકડ અનામત દર પર રહેલો છે. જો C.R.R. ઉંચો હોય તો બેન્કે જનતાને ચુકવી શકાય તે માટે વધુ રોકડ નાણું હાજર રાખવું પડે તે મુજબ ધિરાણ આપવા માટેની રકમ ઓછી થઇ જાય તેથી ઓછી થઇ જાય તેથી ઓછી શાખ ઉભી થઇ શકશે. શાખ–સર્જન ત્યારેજ ઉંચુ જઇ શકે કે જો C.R.R. ઓછો રાખવામાં આવે. આપણા ઉપરના ઉદાહરણમાં કુલ શાખ રૂ.500 હતી, C.R.R. 20% હતો અને શરૂઆતમાં થાપણમાં રૂ. 100 વૃધ્ધિ થઇ હતી. હવે જો C.R.R. ને ઘટાડીને 20% ને બદલે 10% કરીએ તો પરિણામે કુલ શાખ $100 \times 1/10\% = 100 \times 1/10/100 = 100 \times 10$ = રૂ.1000 થશે.

### પાઠના પ્રશ્નો–15.2

1) એક બેન્ક પાસે રૂ. 200ની ધિરાણ છે. તે કોઇ ઉધાર લેનારને રૂ.180 ધિરાણ આપે છે તો બેન્કનો રોકડ અનામત દર કેટલો છે ?

2) ઉપરના પ્રશ્નમાં (a) પ્રાથમિક થાપણ (b) દ્વિતીય થાપણ (c) કુલ થાપણની રકમો કેટલી હશે તે શોધો.

3) શાખ એટલે શું ?

## 15.5 ભારતની વિવિધ બેન્કના પ્રકારો

ભારતમાં નીચે પ્રમાણેની બેન્કો આવેલી છે.

1) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (RBI) કે જે, આપણા દેશની કેન્દ્રિય બેન્ક છે.
2) કોમર્શિયલ બેન્ક (વ્યાવસાયિક બેન્ક)
3)કોઓપરેટિવ બેન્ક (સહકારી બેન્ક)
4) ડેવલપમેન્ટ બેન્ક (વિકાસ બેન્ક)

### 15.5.1 રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (RBI)

RBI એ દેશની બેન્કિગ વ્યવસ્થામાંની સર્વોચ્ચ બેન્ક છે. એનો અર્થ એ છે કે બીજી બધી જ બેન્ક જેવી કે વ્યવસાયિક, સહકારી બેન્ક કે એ બધીજ બેન્ક RBI દ્વારા બનાવવામાં આવેલા નિયમો ને અનુસરે છે. જેનું વડું મથક મુંબઇમાં છે. RBI ની મુખ્ય કામગીરી ચલણી નોટો છાપવી અને બહાર પાડવી એ છે. વિવિધ મૂલ્યની કાગદીનોટો જેવી કે 2, 5, 10, 50, 100, 500 અને 1000 એ બધી જ RBI દ્વારા બહાર પાડવામાં આવે છે. આ બધીજ નોટો પર તમે RBI ના ગવનર્રના હસ્તાક્ષર જોઇ શકો છો. આ RBI ના ગવનર્રના હસ્તાક્ષર ધરાવતી નોટો એ સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલી હોવાથી

તેનો ઉપયોગ જે – તે મૂલ્યની વસ્તુઓ કે સેવાઓ ખરીદવા કે વેચવામાં થઇ શકે છે. એક રૂપિયાની કાગદી નોટ કે સિક્કા તેમજ તેનાથી ઓછા મૂલ્યના સિક્કા ભારત સરકારના નાણાં ખાતા દ્વારા બહાર પાડવામાં આવે છે.




RBI નું બીજું મુખ્ય કાર્ય છે કે તે ભારત સરકાર માટેનું મુખ્ય બેન્કરનો ભાગ ભજવે છે. ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બન્ને RBI પાસેથી ધિરાણો લે છે અને પોતાની થાપણો તેની પાસે મૂકે છે.

15.5.2 વ્યાવસાયિક બેન્કો

હજી હમણાં જ આપણે શાખ–સર્જન વિષે વાત કરી તે ખરેખર એક વ્યાવસાયિક બેન્ક હતી. બેન્કના કાર્યો કે જેની આપણે ચર્ચા કરી તે કાર્યો પણ એક વ્યાવસાયિક બેન્કના હતા. કેટલીક વ્યાવસાયિક બેન્કો એવી છે કે જે જાહેર ક્ષેત્ર નીચે કામ કરતી હોય છે. દા.ત. SBI સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બેન્ક (PNB), બેન્ક ઓફ ઇન્ડિયા (BOI), ભારતીય બેન્ક, કેનેરા બેન્ક, બેન્ક ઓફ બરોડા (BOB) વગેરે....

કેટલીક વ્યાવસાયિક બેન્કો એવી છે કે જે ખાનગી ક્ષેત્ર નીચે કામ કરે છે. ICICI, YES Bank, HDFC બેન્ક વગેરે... આ બેન્કો ખાનગી ક્ષેત્રો દ્વારા ચલાવવામાં આવે છે. વ્યાવસાયિક બેન્કોએ ધિરાણ–લોન આપેલી હોય છે તેના વ્યાજના દરોમાં ફેરફાર કરીને વિવિધ સેવાઓ જેવી કે ડ્રાફ્ટ આપીને, પૈસા ટ્રાન્સફર કરવા પર વિવિધ ફી લઇને નફો કરવો એ આ બેન્કોનું ધ્યેય હોય છે.

15.5.3 સહકારી બેન્કો

ભારતમાં એવી ઘણી બેન્કો છે કે જે સહકારી મંડળીઓ દ્વારા રાજ્યના કાયદાને આધિન રહીને ચલાવવામાં આવે છે. આવી બેન્કો બે પ્રકારની હોય છે. (1) ગ્રામ્ય (2) શહેરી ગ્રામ્ય વિસ્તારમાં સહકારી બેન્કો ખેતી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ વગેરે માટે ધિરાણ આપે છે. શહેરી વિસ્તારોમાં સહકારી બેન્કો મુખ્યત્વે સ્વરોજગારની પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગો, ટકાઉ ચીજ–વસ્તુઓ ખરીદવા માટે, વ્યક્તિગત લોન વગેરે માટે ધિરાણ આપે છે. રાજ્ય સહકારી બેન્ક, પ્રાથમિક ખેતી વિષયક ક્રેડિટ સોસાયટી, શહેરી સહકારી બેન્ક, જીલ્લા સહકારી બેન્ક. આ બેન્કો વિવિધ રાજ્યોમાં વિવિધ જગ્યાએ અલગ–અલગ નામ ધરાવતી હોય છે.

15.5.4 ડેવલપમેંટ બેન્ક

રાષ્ટ્રના આર્થિક વિકાસ સિધ્ધ કરવા માટે ઉદ્યોગો અને માળખાગત સુવિધામાં રોકાણ કરવું જરૂરી છે. આ શક્ય બનાવવા માટે ભારતમાં ડેવલપમેંટ બેન્કો કામ કરે છે. આવી બેન્કો

ખાનગી વેપાર કરતી કંપની અને જાહેર ક્ષેત્રો કે જે ઉદ્યોગો સ્થાપવા માંગતી હોય તેને લાંબા સમયના ધિરાણ પૂરા પાડે છે. ડેવલપમેંટ બેન્કના કેટલાક ઉદાહરણો : ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેંટ બેન્ક ઓફ ઇન્ડિયા, ઇન્ડસ્ટ્રીયલ ફાઇનાન્સીયલ કોપોર્રેશન ઓફ ઇન્ડિયા અને રાજ્ય ફાઇનાન્સીયલ કોપોર્રેશન બેન્ક વગેરે...

## પાઠના પ્રશ્નો–15.3

1. કોમર્શીર્યલ બેન્ક, સહકારી બેન્ક અને ડેવલપમેંટ બેન્કના એક એક ઉદાહરણ આપો.
2. કો–ઓપરેટિવ બેન્ક (સહકારી બેન્ક) ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કઇ કામગીરી માટે ધિરાણ આપે છે. દરેકના બે–બે ઉદાહરણ આપો.
3. બેન્કિંગ સિસ્ટમ(પધ્ધતિ) ના માળખા માટે નિયંત્રણ કરનાર કોણ છે ?

## તમે શું શીખ્યા

- બેન્ક એક એવી વ્યવસ્થા છે કે જે લોકો પાસેથી થાપણ લે છે અને લોકોને ધિરાણ આપે છે.
- નાણાં ધિરનાર તરીકે બેન્ક નાણાં ધિરવા માટે શાખ ઉભી કરી પોતાની થાપણમાં વધારો કરે છે. આ રીતે લોન લેનાર પાસેથી નાણાં મેળવી શાખ ઉભી કરે છે.
- ભારતમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા બેન્કિંગ શાખાનો વડો છે.
- રાષ્ટ્રમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સાથે વિવિધ પ્રકારની બેન્કો કામગીરી કરે છે જેવી કે, વ્યાવસાયિક બેન્ક, સહકારી બેન્ક

## પાઠના પ્રશ્નો

1) બેન્કના બે કાર્યો જણાવો.
2) શાખ એટલે શું ? બેન્ક શાખ કઇ રીતે ઉભી કરે છે ?
3) ભારતમાં જુદા–જુદા પ્રકારની કઇ–કઇ બેન્કો છે ?
4) નીચેના ઉપર ટૂંકનોંધ લખો.
   - RBI (રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા)
   - સહકારી બેન્ક
   - વ્યાવસાયિક બેન્ક

## નીચેના પ્રશ્નોના ઉત્તર આપો

પ્રશ્ન – 15.2

1) 10% 2) (a) રૂ. 200 (b) રૂ. 180 (c) રૂ. 380

3) લોન લેનાર બેન્ક સાથે કરાર કરી હાલમાં નાણાં મેળવે છે અથવા હાલમાં નાણાં લેનાર હવે પછી ભવિષ્યમાં નાણાં પરત કરવા બંધાય છે.

પ્રશ્ન – 15.3

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા

# 16

# બચત અને વિમો

ઉત્પાદન અને વપરાશ સિવાય પણ બચત એક અગત્યની આર્થિક પ્રવૃત્તિ છે. આપણે આપણી વર્તમાન અને ભવિષ્યની જીંદગી યોગ્ય રીતે આગળ વધે તેવું ઇચ્છીએ છીએ. આમ કરવા માટે આપણે વસ્તુંઓનું ઉત્પાદન કરીએ છીએ અને તેનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ આપણે આજે બધાજ ઉત્પાદનનો વપરાશ કરી નાખીએ તો ભવિષ્યમાં પ્રવૃત્તિ કરવા માટે કશું જ બાકી રહેશે નહી, તેથી આપણે જે ઉત્પાદન કરીએ છીએ તેનાથી ઓછું વાપરીએ છીએ. બચત જરૂરી છે. જેથી આપણે ઉત્પાદન કાર્ય ભવિષ્યમાં પણ ચાલુ રાખી શકીએ. પણ આપણે જાણીએ છીએ કે ભવિષ્ય અચોક્કસ અને ધારણા ન બાંધી શકાય તેવું છે. આપણું તંદુરસ્ત જીવન, સ્થાવર મિલકત વગેરે માટે કોઇ ચોક્કસ વિધાન કરી શકાતું નથી. તેઓની યોગ્ય સંભાળ લેવી જોઇએ કે જેથી ઉત્તપાદન અને વપરાશ ભવિષ્યમાં પણ સરળતાથી ચાલે. આ તેના અનુસંધાને છે કે, જીવન બચાવવા, તંદુરસ્તી, મિલકત વગેરેના ભાવિ સંભવિત નુકશાન સામે વિમો જરૂરી છે.

## ધ્યેયો (હેતુઓ)

આ સ્વાધ્યાય પૂરું થયે તમે જાણી શકશો કે,

* બચતનો અર્થ અને જરૂરિયાત શું છે ?
* બચતની સમજુતી આપો.
* વ્યાજનો હેતુ સમજાવો.
* જીવન વિમો, આરોગ્ય વિમો અને ઓટો મોબાઇલ વિમાથી તમે માહિતગાર થાઓ.
* વિમાનો અર્થ અને તેની જરૂરીયાત.

## 16.1 બચતનો અર્થ

ખરેખર વ્યક્તિ પોતાનો વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાત પૂર્ણ કરવા માટે નાણાં કમાય છે. જો વ્યક્તિ પોતે કમાયેલ બધાજ નાણાં આજે વ્યય–ખર્ચ કરી નાખે તો ભવિષ્ય માટે તેની પાસે કંઇજ રહેશે નહિ અને તેઓ પોતાના ભવિષ્યની જરૂરિયાતોને સંતોષી શકશે નહી. પણ બચત કરી હશે તો તેનો ઉપયોગ ભવિષ્યમાં કરી શકશે. તેથી બચત એ



નોંધ

એવું નાણું છે કે જે હાલની વસ્તુઓ અને સેવાઓ તેમજ બીજી બાબતોના ખર્ચને પહોંચી વળે.તેથી આપણે બચત માટે કહી શકીએ કે ખર્ચ(ઉપભોગ) માટે વપરાયેલ નાણાં પછી જે વધારાની રકમ (નાણું) છે તેને બચત કહેવાય છે.

બચત = આવક – ખર્ચ

નીચે આપેલ ટેબલ નંબર 16.1 જુઓ.

મિસ્ટર 'X' નું ગયા વર્ષનું મહિના પ્રમાણે આખા વર્ષનું આવક–ખર્ચ ટેબલમાં દર્શાવેલ છે. તમે જોઇ શકશો કે એપ્રિલથી શરૂ કરી માર્ચ સુધી દર્શાવેલ છે. ભારતનાં હિસાબી વર્ષની વ્યાપ ચાલુ વર્ષના એપ્રિલથી થઇ બીજા વર્ષના માર્ચ સુધી થાય છે.

ટેબલ 16.1માં મીસ્ટર 'X' નું ગયા વર્ષનું મહિનાવાર આવક–જાવક દર્શાવેલ છે.

| મહિનો | આવક રૂ. | જાવક રૂ. | બચત રૂ. |
|---|---|---|---|
| એપ્રિલ | 15500 | 14300 | 1200 |
| મે | 15500 | 15000 | 500 |
| જુન | 15500 | 15500 | 0 |
| જુલાઇ | 15500 | 15500 | 0 |
| ઓગસ્ટ | 15500 | 15500 | 0 |
| સપ્ટેમ્બર | 15500 | 15000 | 500 |
| ઓક્ટોબર | 15500 | 14000 | 1500 |
| નવેમ્બર | 15500 | 15500 | 0 |
| ડિસેમ્બર | 15500 | 15000 | 500 |
| જાન્યુઆરી | 15500 | 15300 | 200 |
| ફેબ્રુઆરી | 15500 | 15400 | 100 |
| માર્ચ | 15500 | 15000 | 500 |
| કુલ | 186000 | 181000 | 5000 |

મીસ્ટર 'X' ની ગયા વર્ષની આવક રૂ. 1,86,000 હતી અને તેનો કુલ ખર્ચ રૂ. 1,81,000 હતો તેથી તેણે રૂ. 5,000 ની બચત ગયા વર્ષે કરી કહેવાય.

આવક – ખર્ચ = બચત

1,86,000 – 1,81,000 = 5,000

આમ તમે જોઇ શકશો કે મીસ્ટર 'X' ની બચત દર્શાવવા આવક–જાવક આવક–જાવક એક કે બે મહિનાની ન દર્શાવતા આખા વર્ષની દર્શાવી છે. આમ થવાનું કારણ છે કે કેટલોક ખર્ચ વર્ષના અંતે થાય છે પણ દર મહિને થતો નથી. દા.ત. અનાજ પાછળ નિયમિત રીતે નાણાં ખર્ચાય છે પણ ફી, સરકારી કરવેરા વગેરેની ગણત્રી વર્ષે થાય છે. તેથી એ સલાહ ભરેલું છે કે આવક અને ખર્ચના હિસાબો વર્ષના અંતે ગણત્રી કરીએ તો જ બચતનો ખ્યાલ આવે.

નોંધ



## 16.2 બચત કઇ રીતે ઉપયોગી છે ?

1) આપણે ગત વર્ષના ઉદાહરણથી શરૂ કરીએ. મીસ્ટર ‘X’ રૂ.5,000 ગયા વર્ષે બચાવે છે. એટલે કે ચાલુ વર્ષની શરૂઆતમાં તે વધારાના રૂ.5,000 થી શરૂઆત કરે છે. જો ચાલુ વર્ષની આવક–જાવકમાં કશોજ ફેરફાર ન થાય તો ચાલુ વર્ષમાં ઓછામાં ઓછા રૂ.5,000 વધારો દેખાય છે. આનો અર્થ એમ થાય કે તે ભવિષ્યમાં તેટલી આવક્નો વધારો મેળવે છે.

2) બચત એ ભવિષ્યની સલામતી તરીકે કાર્ય બજાવે છે. કઇ રીતે ? મીસ્ટર ‘X’ ની આવક વર્ષની શરૂઆતમાં ઓછી થાય છે. તે એક આખા અઠવાડિયા માટે કામે જતો નથી તો તે એક અઠવાડિયાનો ખર્ચ કઇ રીતે કરશે ? પરંતુ તેના માટે ગભરાવાની જરૂર નથી. તે બિમારીમાંથી સાજો થાય ત્યાં સુધી ગયા વર્ષની બચતમાંથી ખર્ચ કરી શકશે અને કામ પર લાગે જઇ કમાણી કરતો થઇ જશે.

### પાઠના પ્રશ્નો 16.1

1) બચતની વ્યાખ્યા આપો.

2) આવક રૂ.1,000 અને બચત રૂ.200 હોય તો જાવક કેટલા રૂપિયા ગણાય.

## 16.3 તમે તમારી બચત ક્યાં રાખો છો ?

લગભગ ઘણા કુટુંબોમાં એક સામાન્ય પ્રથા હોય છે કે, ઓછા મૂલ્યના સિક્કા અને ચલણી નોટો જેવા કે 50 પૈસા, 1 રૂપિયો, 2 રૂપિયા એક નાના બચત ખાનામાં (ગલ્લામાં) નાખવામાં આવે છે. ઘરના બધાજ સભ્ય આ નાનકડી બચત પ્રવૃત્તિમાં ભાગ લઇને ખુશ થાય છે. થોડા સમય પછી જેમકે 1 મહિનો કે થોડા મહિના પછી જ્યારે એ બોક્ષ (ગલ્લો) ખોલવામાં આવે ત્યારે એ કુટુંબ એક સાથે એક સારી રકમ એ બોક્ષમાં જમા થયેલી મેળવે છે કે જે કોઇ નવી વસ્તુ ખરીદવા માટે ઉપયોગી થાય છે. ઘાણાં કુટુંબોમાં આવું એક બોક્ષ (ગલ્લો) રાખવાની પ્રથા થઇ ગઇ છે.

આવું બચત બોક્ષ (ગલ્લો) એ બચત માટેનો એક અનૌપચારિક રસ્તો છે. એ કોઇ મોટી રકમની બચત માટે ઉપયોગી નથી. ચોરી કે છેતરપિંડી થવાના ભયને કારણે આવી રીતે પૈસા રાખવા સુરક્ષિત નથી. આવા બોક્ષ (ગલ્લો) માં રાખેલા પૈસા બોક્ષ (ગલ્લો) ખૂલે નહિ ત્યાં સુધી આ વપરાયા વિનાના અને વ્યર્થ પડી રહે છે. અને આ અંગત બચત હોવાથી જે તે કુટુંબ સિવાય બીજુ કોઇ ઉપયોગમાં લઇ શકતું નથી. આવી રીતે કરેલી બચતનો બીજો કોઇ બદલો મળતો નથી.

સૌથી મહત્વની વાત એ છે કે નાણાંને એક સુરક્ષિત જગ્યાએ રાખવા જરૂરી છે. તે ઉપયોગમાં પણ લેવાવા જોઇએ. તે વ્યર્થ પડી ન રહેવા જોઇએ. હવે વિચારો કે તમારી પાસે રૂ. 5,000ની બચત છે. જો તમે એને લાંબા સમય સુધી ઉપયોગમાં લેતા નથી તો તે એક નકામાં લાકડાના ટુકડાની જેમ વ્યર્થ પડ્યા રહે છે. આ બધી વાતોને ધ્યાનમાં

રાખીને સમાજે એવી સંસ્થાઓ ઉભી કરી છે કે જ્યાં તમે તમારી બચતો રાખી શકો અને તે છે પોસ્ટઓફિસ અને વ્યાવસાયિક બેન્ક.

### 16.3.14 પોસ્ટઓફિસ અને સેવિંગ્સ બેન્ક (બચત બેન્ક)

વ્યક્તિગત રીતે કોઇ પણ તેના ન વપરાયેલા નાણાં પોસ્ટ ઓફિસ કે સેવિંગ્સ બેન્કમાં રાખી શકે છે. લગભગ દરેક રહેણાંક વિસ્તારોમાં એક પોસ્ટ ઓફિસ મળી આવશે. આમ, ત્યાં કોઇપણ સહેલાઇથી પહોંચી શકે છે. દેશનો કોઇપણ નાગરિક તેના / તેણીના નામનું ખાતુ ઓછામાં ઓછા માત્ર રૂ. 50 ભરીને ખોલાવી શકે છે. કોઇપણ વ્યક્તિ પોતાના નાણાં એ ખાતામાં ગમે તેટલા સમય સુધી રાખી શકે છે અને ગમે માત્ર રૂ. 50 રાખીને બાકીના નાણાં ઉપાડી શકે છે. ખાતાધારકને પૈસાની લેવડ—દેવડનો હિસાબ રાખવા માટે એક પાસબુક આપવામાં આવે છે. પોસ્ટ ઓફિસ પણ બચત કરેલી રકમ પર એક સામાન્ય વ્યાજદર આપે છે. જો તે વ્યક્તિ ચેકબુક લેવા માંગતી હોય તો તેણે ઓછામાં ઓછા રૂ. 500 પોતાના ખાતામાં સિલક રાખવા પડે છે.

### 16.3.2 વ્યાવસાયિક બેન્કોમાં બચત ખાતું

આપણે જાણીએ છીએ કે વ્યાવસાયિક બેન્કો લોકો પાસેથી થાપણો સ્વીકારે છે. કોઇ એક વ્યક્તિ કે જે બચત કરવા માંગતું હોય તે આ બેન્કમાં ખાતુ ખોલાવી શકે છે. તે ખાતામાં ઓછામાં ઓછી કે વધુમાં વધુ કેટલી રકમ રાખવી પડે.

નાણાં બચાવવા માંગતી કોઇપણ વ્યક્તિ આવી બેંકમાં બચત ખાતુ ખોલાવી શકે છે. ખાતુ ખોલાવવા માટે જરૂરી ઓછામાં ઓછી રકમ અને બધીજ રકમ ઉપાડી લીધા પછી ખાતામાં રાખવી પડતી જમા રકમ જે બેન્કમાં તેણે ખાતુ ખોલાવ્યું હોય તે બેન્ક નક્કી કરે છે. પોસ્ટ ઓફિસની જેમજ બેન્ક પણ જે તે ખાતાધારકને પાસબુક આપે છે કે જેમાં જમા કરાવેલી, ઉપાડેલી અને તેના અંતે ખાતામાં રહેલી રકમની વિગતો દશાર્વેલ હોય છે. એક વ્યાવસાયિક બેન્ક બચત ખાતામાં રહેલ રકમ ઉપર સામાન્ય વ્યાજદર આપે છે.

## 16.4 બચતના ઉપયોગો

બચતનો ઉપયોગ ધીરવામાં, ઉછીના લેવામાં અને સાથે સાથે અથર્તંત્રના વિકાસમાં થાય છે.

### 1) ધીરવું અને ઉછીનું લેવું

કોઇપણ વ્યક્તિ કે જે બચત કરે છે તે ધીરનાર બને છે. કારણકે તેની પાસે હાજરમાં ફાજલ નાણું રહેલું છે. સમાજમાં ઘણાં લોકો વિવિધ કારણોસર તેમની હાજર આવક કરતા વધુ કિંમત ખચીર્ને કંઇક ખરીદવા ઇચ્છતા હોય છે. આવા લોકો જરૂરિયાતના સમયે નાણાં ઉધાર લે છે અને ભવિષ્યમાં ભરપાઇ કરે છે.

### 1) અથર્તંત્રનો વિકાસ

જ્યારે ઘણાં લોકો પોસ્ટ ઓફિસ અને બેન્કમાં નાણાંની બચત જમા કરાવે છે ત્યારે તે ઘણી બધી મોટી રકમ એકત્ર થતા સમાજને ઉપયોગી બની શકે છે. કહેવત છે ને કે 'ટીપે ટીપે સરોવર ભરાય' એ જ રીતે વ્યક્તિગત રીતે કોઇ પણ વ્યક્તિ બહુ ઓછી બચત કરી શકતો હોય છે અને તે પણ તેની આવક અને તેની સામે થતા ખચર્ પર આધારિત હોય

છે. પરંતુ જ્યારે ઘણા બધા લોકોએ પોતાની વ્યક્તિગત રીતે કરેલી બચતોને ભેગી કરવામાં આવે ત્યારે એક ખૂબ મોટી રકમ એકઠી થઇ જાય છે. સમાજને આવી મોટી રકમોની રસ્તા, મકાનો, રેલ્વે સ્ટેશન, રસ્તા પરની લાઇટ્સ, બાગ–બગીચાઓ, શાળા–કૉલેજ વગેરે બનાવવા માટે જરૂર પડતી હોય છે. આખરે આ બધાથી ભવિષ્યમાં સમગ્ર દેશને ફાયદો થાય છે. આમ, વ્યક્તિગત બચતો આગળ જતાં અર્થતંત્રના વિકાસની પ્રક્રિયામાં મદદરૂપ થતી હોય છે.

## 16.5 બચતના બદલામાં મળતું વ્યાજ

કોઇપણ વ્યક્તિ પોતાની બચતનો ઉપયોગ કમાણી કરવામાં કરે શકે છે જે 'બચત પર મળતો બદલો' કહેવાય છે. આ બદલા માટે 'વ્યાજ' શબ્દ પણ વપરાય છે. આવું કેવી રીતે શક્ય બને છે ? આપણે જાણીએ છીએ કે કોઇ એક વ્યક્તિ કે જેણે નાણાંની બચત કરી છે તે બીજી વ્યક્તિ કે જેને હાલમાં નાણાંની જરૂર છે તેને ધિરાણ આપીને બની શકે છે. આ બચતના ઉપયોગ માટે એ લેણદાર પાસેથી અમુક વધારની રકમ લઇ શકે છે. જે 'વ્યાજ' કહેવાય છે. જે કમાઇ શકે છે અને લેણદાર તે રકમ ભરપાઇ કરે છે. સામાન્ય રીતે નાણાં ઉછીના લેનાર વ્યક્તિએ નક્કી કરેલી વ્યાજની રકમ ભવિષ્યમાં ચોક્કસ નિયત સમયે ભરપાઇ કરે છે.

દા.ત. સરિતા પાસે રૂ. 1,000 ની બચત છે, અને આશિષ એ રકમ ઉધાર લેવા ઇચ્છે છે. તો સરિતા દેણદાર અને આશિષ લેણદાર બને છે અને નક્કી કયા પ્રમાણે આશિષે આ ધિરાણની રકમ રૂ.1,000 એક વર્ષ પછી સરિતાને ભરપાઇ કરવાની છે. તે સાથે એમ પણ નક્કી કરવામાં આવ્યું કે એક વર્ષ પછી આશિષે રૂ. 120 વ્યાજ તરીકે ચૂકવવા. તે મુજબ આશિષ કુલ રૂ. 1120 (1,000+120) સરિતાને ચૂકવે છે. આમ, સરિતા પોતાની બચત ધિરાણરૂપે આપીને માત્ર બચાવેલા રૂ.1,000ની સાથે રૂ.120 વ્યાજ તરીકે મેળવે છે.

16.5.1

વ્યાજનો દર હવે એ પ્રશ્ન થાય કે, સરિતાએ આશિષને આપેલા દરેક રૂ.100 ઉપર કેટલી રકમ કમાણી તરીકે મેળવે છે ?જવાબ– સરિતાએ એક વર્ષ માટે રૂ. 1,000નું ધિરાણ આશિષને કર્યું. તેણે આ રકમ ઉપર રૂ.120 વધારાની આવક તરીકે મેળવ્યા તેથી તેને રૂ. 100 ઉપર આવક = 120×100/1,000=12 રૂ. મળ્યા.

આમ, સરિતાએ પ્રત્યેક રૂ. 100 ઉપર રૂ. 12 વ્યાજ તરીકે મેળવ્યા તેથી 12% વાર્ષિક વ્યાજ.

જ્યારે આપણે રૂ. 100 ઉપર મૂલ્ય શોધીએ છીએ તેને ટકા કહીએ છીએ. તેથી કહી શકાય કે, સરિતાએ એક વર્ષમાં 12% વ્યાજની કમાણી કરી. આ 12% એ વ્યાજનો દર કહેવાય છે જે લેણદાર ચૂકવે છે અને દેણદાર મેળવે છે. રૂ. 120 એ ધિરાણ આપેલી રકમ રૂ.1,000 પરનું કુલ વ્યાજ છે.

વ્યાજના દરને પ્રત્યેક રૂ.100 ને એક વર્ષ માટે વાપરી શકવા બદલ થતી આવક / લેણદારને કરવી પડતી ચૂકવણી કહી શકાય.

16.5.2

પોતાની બચતોને પોસ્ટ ઓફિસ કે બેન્કમાં મૂકતા લોકો બદલામાં વ્યાજ મેળવે છે. દર વર્ષે પોસ્ટ ઓફિસ 3.5 ટકા જેટલું જ્યારે બેન્ક 4 ટકા જેટલું વ્યાજ દરેકને આપે છે. જ્યારે પણ તમે તમારી કરેલી બચતો પર પોસ્ટ ઓફિસ કે બેન્ક દ્વારા વ્યાજ મેળવો છો ત્યારે તમારી મૂડીમાં વધારો થાય છે. તેથી જો આજે નાણાંની બચત કરવામાં આવે તો આવતીકાલે તે મોટી રકમમાં ફેરવાય છે.

## પાઠના પ્રશ્નો – 16.2

1) વ્યાજના દરની વ્યાખ્યા આપો.
2) ધીરનાર અને ઉછીના લેનાર વચ્ચે તફાવત સમજાવો.
3) જો તમે રૂ. 200 નું ધિરાણ આપીને એક મહિનામાં રૂ. 20 ની કમાણી કરો છો તેના વ્યાજનો દર શું હશે ?

## પ્રવૃત્તિ

તમારા વિસ્તારમાં આવેલી નજીકની પોસ્ટ ઓફિસની મુલાકાત લઇને તેમાં એક બચત ખાતું ખોલાવવા માટેની વિગતોની તપાસ કરો.

## 16.6 વીમો

આપણે અનિશ્ચિતતાના યુગમાં જીવી રહ્યાં છીએ એનો અથ એ કે, ભવિષ્યમાં શું થશે તે આપણે જાણતા નથી. ઘણી બાબતો ઉપર આપણું નિયંત્રણ આપણા કાબુમાં નથી હોતું. થોડા ઉદાહરણો જોઇએ

1. એક ખેડૂત વિપુલ પ્રમાણમાં પાકનું ઉત્પાદન મેળવવા માટે સારા વરસાદ પર આધાર રાખે છે. પરંતુ વરસાદ ઉપર ખેડૂતનું કોઇ પણ નિયંત્રણ હોતું નથી. જો સારો વરસાદ પડે તો તેને સારો પાક મળે છે. પરંતુ જો વરસાદ ન આવે અને દુકાળ પડે તો ખેડૂતને ખૂબ નુકશાન થાય છે, અને તે મોટી ખોટમાં આવી જાય છે.
2. લોકો પોતાના ઘરોમાં રહેતા હોય છે પરંતુ આગ લાગવી કે માલ—સામાનની ચોરી થવી વગેરે જેવી અણધારી દુઘર્ટનાઓ સર્જાયતો તેના પર તેઓનું (લોકોનું) નિયંત્રણ શક્ય નથી.
3. હાલના સમયમાં ઘણા બધા લોકો દ્વીચક્રી અને ચાર પૈડાવાળા (મોટરકાર) જેવા પુષ્કળ વાહનો ધરાવે છે. જેમ જેમ વાહનોની સંખ્યા વધતી જાય છે તેમ તેમ વાહનોની ચોરી અને રસ્તા પરના અકસ્માતોની સંખ્યા પણ વધતી જાય છે. અને કોઇ પણ વ્યક્તિ આવા નુકશાન અને ખોટ સર્જાનારા અકસ્માતો વિશે આગાહી કરી શકતા નથી.

4. આપણે બધા જ બિમાર પડીએ છીએ અને તબીબી સારવાર લેવામાં ઘણીવાર મોટા ખર્ચમાં ઉતરી જઇએ છીએ. કોઇ બિમારી ક્યારે આવશે તેની પણ આગાહી કરી શકાતી નથી. બિમારીના સમયે આપણો રોજગાર પણ અટકી પડે છે. તેથી આ સમય દરમ્યાન આવક ઘટી જાય છે.

આ રીતે અનિશ્ચિતતાના ઘણા ઉદાહરણો આપી શકાય છે. રસપ્રદ વાત તો એ છે કે, લોટરી લાગવી એ પણ અનિશ્ચિત છે. આ એક અનિશ્ચિત રીતે મળતી આવક છે. આમ છતા અનિશ્ચિત પણે આવકમાં ઘટાડો કે સંપત્તિમાં થતું નુકશાન એ ધ્યાનમા લેવા યોગ્ય બાબત છે. અનિશ્ચિતતામાં ખોટ કે નુકશાનને મૂકી શકાય. આ બધું અગાઉથી પગલા લઇને અમુક હદ સુધી ટાળી શકીએ છીએ પરંતુ પૂરેપૂરું અટકાવી શકતા નથી.

ઉપર જણાવેલા કારણોસર નુકશાન કે ખોટથી પીડાયેલાં કોઇપણ વ્યક્તિ તેનું થોડુંક કે પૂરેપૂરૂ વળતર મળે તેવું ઇચ્છતા હોય છે. આવા વ્યક્તિને ‘વીમો’ તેમને થયેલા ખોટ કે નુકશાનનું થોડુંક વળતર આપવાની ખાત્રી આપે છે.

વીમો એ એક સામાન કે વસ્તુ જેવો છે. કોઇપણ વ્યક્તિ કે જેને ખોટ થવાનો કે નુકશાનમાં જવાનો ભય હોય તે અમુક રકમ ચૂકવીને ‘વીમો' ખરીદી શકે છે. ‘વીમો' વેચનાર ‘Insurer’ અને ‘વીમો' ખરીદનાર ‘Insured’ કહેવાય છે. વીમો ખરીદનાર જે નાણાં ચૂકવે તેને ‘પ્રીમીયમ’ કહેવાય. સામાન્ય રીતે પ્રીમીયમ ચોક્કસ નિયત કરેલા વર્ષો સુધી ચૂકવવું પડતું હોય છે. આ સમયગાળા દરમ્યાન નુકશાન થાય તો વીમાધારક વ્યક્તિ ‘Insurer’ પાસેથી નક્કી કરેલું વળતર મેળવે છે.

વીમાની વ્યાખ્યા–

‘વીમો’ શબ્દને આ રીતે પણ વ્યાખ્યાયિત કરી શકાય છે.

વીમો ઉતરાવનાર વ્યક્તિના કાબૂમાં ન હોય તેવી ઘટનાથી થતા નુકસાનની આંશિક કે પૂર્ણ ભરપાઈ મેળવવા માટે ખરીદવામાં આવતું એક નાણાકીય ઉત્પાદન.

સામાન્ય રીતે વીમો વેચનાર વીમા કંપનીઓ હોય છે. જ્યારે વીમાધારક વ્યક્તિને કોઇ ખોટ જાય ત્યારે એ ખોટ પૂરી કરવા વીમા કંપની તેને અમુક રકમ પાછી આપે છે. જેને વીમાનો દાવો કર્યો એમ કહેવાય. આમ વીમો જે તે વ્યક્તિને અનિશ્ચિત રીતે ઉભો થતો ખતરો ઓછો કરવામાં મદદ કરે છે.

### પાઠના પ્રશ્નો–16.3

1) વીમો ઉતારનાર અને વીમાધારક વચ્ચેનો તફાવત
2) અનિશ્ચિતતાના બે ઉદાહરણ આપો.
3) શું વીમો એ કોઇ સામાન કે ઉત્પાદન છે ?

## 16.7 કેટલાક વિવિધ વીમા ઉત્પાદનો

આપણે નીચે જણાવેલા વીમા ઉત્પાદનોની ચર્ચા કરીએ. 1) વાહન વીમો
2) સ્વાસ્થ્ય વીમો

3) જીવન વીમો

1) વાહન વીમો– સ્કુટર, મોટરસાયકલ જેવા વાહનો ધરાવતા લોકો જે તે વીમા કંપની પાસેથી તેમના વાહનનો વીમો ખરીદી શકે છે. ઓટોમોબાઇલ આમતો ટકાઉ સામાન છે. તે 10 થી 15 વર્ષ જેટલો લાંબો જીવનકાળ ધરાવે છે. તેમની વીમા પોલિસી નીચેની રીતે ઘડવામાં આવે છે.

a) પ્રથમ વર્ષમાં જ્યારે સાધન નવું હોય છે ત્યારે વીમા કંપની વીમાધારક પાસેથી ઉંચું પ્રીમિયમ વસુલે છે.

b) ત્યારબાદ આવનાર વર્ષોમાં વાહન જૂનું થતું જાય છે અને સાથે સાથે તેની કિંમત ઘટતી જાય છે. તેથી કંપની વીમાધારક પાસેથી લેવાતી પ્રીમિયમની રકમ ઘટતી જાય છે.

c) ક્યારેય પણ વાહનને લગતી કોઇ સમસ્યા ઉભી થાય ત્યારે, વીમા કંપની નક્કી કરેલા નિયમો અને શરતો અનુસાર વીમાધારકના દાવાને માન્ય રાખીને તે ખચની રકમ તેને ચૂકવે છે.

2) સ્વાસ્થ્ય વીમો – સ્વાસ્થ્યવીમા અંતગર્ત જે વ્યક્તિએ આ વીમો લીધેલો હોય તેના કુલ તબીબી ખચની રકમનો અમુક ભાગ તે વીમા કંપની પાસેથી મેળવી શકે છે. આ કિસ્સામાં પણ વીમા કંપની વીમાધારક વ્યક્તિ પાસે અમુક નાની રકમ દર પ્રીમીયમ તરીકે લે છે. ક્યારેય પણ આ વ્યક્તિ બીમાર પડે ત્યારે તેના તબીબી સારવારની કુલ રકમમાંથી અમુક રકમ વીમા કંપની ચૂકવે છે. જેનાથી તે વ્યક્તિ પર પડતો નાણાકીય ભાર હળવો થઇ જાય છે. સામાન્ય રીતે આ વીમાની વાર્ષિક પ્રીમીયમની રકમ નાની હોય છે. જો કોઇ વ્યક્તિ આ પ્રકારનો વીમો ઓછી વયે જ ખરીદી લે છે તો તેની ઉંમર વધવા સાથે પ્રીમીયમની રકમ પણ વધે છે.

3) જીવન વીમો – દરેક વ્યક્તિ એક નક્કી કરેલા સમયગાળા માટે જીવન વીમો ખરીદી શકે છે. આ સમયગાળો 10 થી 25 વર્ષનો હોય છે. દર વર્ષે વીમાધારક વ્યક્તિએ પ્રીમીયમ તરીકે એક ચોક્કસ રકમ વીમા કંપનીને ચુકવવી પડતી હોય છે. નિયત સમયગાળો પુરો થયે વીમા કંપની તે વ્યક્તિને દાવાની રકમ પાછી આપે છે. ક્યારેક આ રકમ વાર્ષિક હપ્તાના રૂપમાં પણ ચૂકવવામાં આવે છે. નિયત સમયગાળા દરમ્યાન જો વીમાધારક મૃત્યુ પામે તો દાવાની પૂરેપૂરી રકમ વીમો લેતી વખતે નોંધાયેલા વારસદારને ચુકવવામાં આવે છે.

## તમે શું શીખ્યા ?

- આવકમાંથી ખર્ચ બાદ બાકી રહેતી રકમને 'બચત' કહે છે.
- લોકો ભવિષ્યની સુરક્ષા માટે અને બચાવેલી રકમ ઉપર વ્યાજ મેળવવા માટે બચત કરે છે.
- જે વ્યક્તિ પૈસા બચાવે છે અને ઉછીના લેનારને અમુક વ્યાજદરથી ધિરાણ આપે તેને ધીરનાર કહે છે.
- અમુક વ્યાજદર ચુકવીને નાણાં ઉધાર લેનારને લેણદાર કહે છે.
- લોકો તેમના નાણાં પોસ્ટ ઓફિસ અને બેન્કમાં બચત તરીકે મૂકે છે.

- વીમો એક એવું ઉત્પાદન છે કે, જેના દ્વારા લોકો પોતાના જીવન, સ્વાસ્થ્ય કે વાહનોને થતાં ખોટ કે નુકશાનને ઘટાડવા માટે ખરીદે છે.

## સ્વાધ્યાય

1) બચતનો અથ´સમજાવો. તેના બે ઉપયોગ જણાવો.
2) બચતની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે. લોકો શા માટે બચત કરી છે.
3) પોસ્ટ ઓફિસ અને સેવિંગ બેન્ક વિષે ટૂંકનોંધ લખો.
4) લોકો શા માટે વીમો ઉતરાવે છે ?
5) વાહન વીમો સમજાવો.
6) સ્વાસ્થ્ય વીમો અને જીવનવીમા વચ્ચે તફાવત સમજાવો.

## પ્રશ્નોના જવાબ આપો.

**પાઠના પ્રશ્નો 16.1**

1) આવકમાંથી ખચ´બાદ બચતી ફાજલ રકમ એટલે બચત
2) 800

**પાઠના પ્રશ્નો 16.2**

1) ઉછીના નાણાં લેનાર વ્યક્તિ જે દરેક 100 રૂ. ઉપર વાષિર્ક નિયત કરેલી રકમ ધીરનારને ચૂકવે છે તે રકમને વ્યાજનો દર કહે છે.
2) ધીરનાર = વ્યક્તિ અથવા સંસ્થા કે જે નાણાં ધીરે છે.
   – લેણદાર = એવી વ્યક્તિ કે સંસ્થા કે જે ધીરનાર પાસેથી નાણાં ધિરાણ તરીકે લે છે.
3) 120 ટકા

**પાઠના પ્રશ્નો 16.3**

1. વીમો વેચનાર એટલે વીમાદાર
   વીમો ખરીદનાર એટલે વીમાધારક
2. દુષ્કાળ, બિમારી
3. હા.

# મોડ્યુલ - 6

**અર્થશાસ્ત્રમાં માહિતીની રજૂઆત અને મૂલ્યાંકન.**

17) **માહિતીનું એકત્રીકરણ અને રજૂઆત**

18) **માહિતીનું મૂલ્યાંકન**

# 17

# માહિતીનું એકત્રીકરણ અને રજુઆત

આપણી આસપાસની રહેલી વસ્તુઓ વિશે જાણકારી એકત્ર કરવી એ આપણા જીવનનો એક ભાગ બની ગયો છે. માહિતી એ જાણકારીનું એક મોટું માધ્યમ છે. માહિતી વિના કોઇ પણ નિણર્ય લેવા એ ખરેખર ખુબ મુશ્કેલ બની જાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ સાથે જાણકારીના માધ્યમો વધ્યા છે અને ઉપયોગમાં લ. શકાય તેવા બન્યા છે. પુસ્તકો, છાપા, સામયિકો, ટેલિફોન, ટેલિવિઝન, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન વગેરે... વિવિધ જાણકારી પૂરી પાડતા માધ્યમો છે.

માહિતી એ ગુણાત્મક અને સંખ્યાત્મક એમ બે પ્રકારની હોય છે. માણસનું વણર્ન કરવા સારું, ખરાબ, કદરૂપું, સુંદર, જવાબદાર, ઉમદા, દેખાવડો, શિક્ષિત જેવા શબ્દો વપરાય છે કે જેને ગુણાત્મક કહેવાય છે. જ્યારે આવક, ખચર્, બચત, વૃધ્ધિદર, ઉંચાઈ, વજન, મેળવેલા ગુણ, વસ્તીદર, ખાદ્ય ઉત્પાદન વગેરે શબ્દો સંખ્યાત્મક અથર્માં વપરાય છે. અથર્શાસ્ત્રના અભ્યાસમાં મૂલ્યાંકન માટે સંખ્યાકીય (ગાણિતીક) માહિતી સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે.

## વિષયવસ્તુ

આ પ્રકરણના અંતે તમે આટલું શીખી શકૃયા હશો.

- માહિતી શબ્દના અથર્ને સમજાવો.
- વિવિધ પ્રકારની માહિતી વચ્ચેનો તફાવત
- પરિવતર્નશીલતા અને સંબંધિત ગુણધમર્ વચ્ચેનો તફાવત.
- જ્યાં માહોતી વિના કંઇ કરવું શક્ય નથી એવા અથર્શાસ્ત્રના વિસ્તારોને ઓળખવા.
- માહિતીનું વગીર્કરણ અને કોષ્ટક.
- માહિતીની રજૂઆતના વિવિધ સ્વરૂપો.



નોંધ

## 17.1 માહિતીનો અર્થ અને સ્વરૂપ

હકીકતો–સત્યોની એકંદર આંકડાકીય જાણકારી એટલે માહિતી. આ જાણકારી કોઇ પણ બાબતની હોઇ શકે કે જે આંકડાઓમાં આપવામાં આવતી હોય અને કોઇ નિર્ણય ઉપર પહોંચવામાં ઉપયોગી બનતી હોય છે. તેને આંકડાકીય માહિતી અથવા આંકડાશાસ્ત્ર કહેવાય છે. એ બહુવચન માટે વપરાતો શબ્દ છે તેનું એકવચન માહિતી છે. આ અર્થમાંથી આપણે આંકડાશાસ્ત્ર કે માહિતીના કેટલાક સ્વરૂપો નીચેના ઉદાહરણો દ્વારા સમજીશું.

1. આંકડાશાસ્ત્ર એટલે હકીકતો (સત્યો)ની એકંદરતા

કોઇ એક હકીકતને આંકડાશાસ્ત્ર કે માહિતી તરીકે માન્ય રાખવામાં આવતી નથી. દા.ત. ધોરણ 10 માં ભણતા એક વિદ્યાર્થીએ ગણિતમાં મેળવેલા ગુણ 95 છે. આ એક સામાન્ય જાણકારી છે જે માત્ર હકીકત (સત્ય) છે. માહિતી નથી. જ્યારે એક શાળાના ધોરણ 10ના બધા વિદ્યાર્થીના ગુણો વિષયવાર કે કુલ ગુણની જાણકારી આપવામાં આવે ત્યારે એકંદર માહિતી કહેવામાં આવે છે. કોઇ એક વિદ્યાર્થીના ગુણની જાણકારી આપવાથી બીજા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ દેખાવની જાણ થતી નથી તે જ રીતે, આપણે કોઇપણ વિશ્લેષણ કરીને તેમના સારા દેખાવ માટે પ્રયત્ન નથી કરી શકતા. એટલે કે, એકંદર હકીકતો આપવાથી આ માહિતી જે તે બાબતનું મૂલ્યાંકન કરવા માટે અર્થપૂર્ણ બની રહે છે. નીચેનું કોષ્ટક જુઓ. જેમાં એક જ ધોરણમાં ભણતા 18 વિદ્યાર્થીઓએ ગણિતમાં મેળવેલા ગુણ દર્શાવવામાં આવ્યા છે. જેના પરથી આખા વર્ગના વિદ્યાર્થીઓનો દેખાવ સરખાવી શકાય છે. તો આ માહિતીનું એક ઉદાહરણ છે.

કોષ્ટક 17.1

| વિદ્યાર્થીઓ | ગુણ | વિદ્યાર્થીઓ | ગુણ |
|---|---|---|---|
| A | 95 | J | 35 |
| B | 90 | K | 30 |
| C | 75 | L | 85 |
| D | 65 | M | 20 |
| E | 90 | N | 90 |
| F | 100 | O | 80 |
| G | 80 | P | 70 |
| H | 45 | Q | 100 |
| I | 40 | R | 50 |

ઉપરની માહિતી પરથી નીચે પ્રમાણેની બાબતોની જાણકારી મળે છે.

1) કેટલા વિદ્યાર્થીઓએ 90 થી વધુ ગુણ મેળવ્યા ?
2) કેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા ?
3) કેટલા વિદ્યાર્થીઓએ 50 થી ઓછા ગુણ મેળવ્યા ?



નોંધ

આ પ્રશ્નોના જવાબ પરથી શિક્ષક વિદ્યાર્થીઓના દેખાવ સુધારવાનો ઉપાય કરી શકે છે. આમ, વ્યક્તિગત જાણકારી કરતા એકંદર માહિતી વધુ અર્થપૂર્ણ સાબિત થાય છે.

2. આંકડામાં દર્શાવેલું

આંકડાશાસ્ત્ર કે માહિતી હંમેશા સંખ્યાત્મક રૂપમાં હોય છે. ગુણાત્મક જાણકારી જેવી કે, સારું, ખરાબ, સરેરાશ, દેખાવડું, કદરૂપું વગેરે વિશેષણના ઉદાહરણો છે જેને અર્થશાસ્ત્રમાં માહિતી કહી ન શકાય. જ્યારે હકીકતોને ગણતરી કરીને કે અંદાજીત રીતે આંકડાના માળખામાં ગોઠવવામાં આવે ત્યારે તે જાણકારીને માહિતી કહેવાય છે.

ઉપરના કોષ્ટકમાં વિદ્યાર્થીઓના ગુણ આંકડામાં આપવામાં આવ્યા છે. હવે આપણે 17.2 માં દર્શાવ્યા પ્રમાણે બીજુ ઉદાહરણ એમ આપી શકીએ કે, જેદા જુદા શહેરોની જુદી જુદી કોલેજમાં કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયાં.

કોષ્ટક 17.2

| કોલેજનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| સરકારી કોલેજ | 409 |
| સાવિત્રી કોલેજ | 308 |
| જે. પી. કોલેજ | 401 |
| એન. ડી. કોલેજ | 510 |

3. કારણોની બહુગુણતાને લીધે માહિતી ઉપર અમુક હદ સુધી થતી અસર

માહિતી ઉપર અસર કરનારા પરિબળો એક જ નહી પણ એક કરતા વધુ હોય છે. દા.ત. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓમાં થતો ભાવ વધારો એક કરતા વધારે કારણોસર હોય છે. જેવા કે માલની તંગી, માંગમાં વધારો, જકાતમાં થતો વધારો, વેતન વધારો વગેરે

4. વિવેકપૂર્ણ ચોક્કસતાનો માપદંડ

આંકડાશાસ્ત્રમાં 100% ચોક્કસતા શક્ય કે ઇચ્છનીય નથી. માત્ર વિવેકપૂર્ણ ચોક્કસતા જ અપેક્ષિત હોય છે. જો કોઇ ડોક્ટર એક એવી નવી દવા શોધે છે જે કોલેસ્ટેરોલને નિયંત્રિત કરે છે જેનો આંકડાકીય રીતે 90% દદીર્ઓ એ દવાનો સારો પ્રતિસાદ આપે છે અને આંકડાકીય રીતે 95% વ્યક્તિઓ સારવારનો પ્રતિસાદ આપે છે તો તેના પરથી એવું માની લેવામાં આવે કે નવી શોધાયેલી દવા સારી છે. તેને સરેરાશ 90% દર્દીઓએ પ્રતિસાદ આપ્યો છે. 100% દર્દીઓએ ના આપ્યો એ વિવેકપૂર્ણ ચોક્કસતા બતાવે છે.

5. અગાઉથી નિયત કરેલા હેતુ

અગાઉથી નિયત કરેલા હેતુ માટે માહિતી એકત્ર કરવામાં આવે છે. ઉપરના બન્ને કોષ્ટક કેટલાક મહત્વના હેતુઓ પૂરા પાડે છે. કોષ્ટક 17.1 ની માહિતી વિદ્યાર્થીઓએ ગણિતમાં

કરેલા દેખાવનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી છે. કોષ્ટક 17.2 ની માહિતી કેટલીક હદ સુધી શહેરમાં ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની માહિતી પૂરી પાડે છે.

## 17.2 અથર્શાસ્ત્રમાં માહિતીનું મહત્વ

1) આર્થિક આયોજનમાં – અગાઉના વર્ષોની માહિતી ભવિષ્યના આયોજન માટે ઉપયોગમાં લેવાય છે. દા.ત. જો આપણે પ્રાથમિક શિક્ષણ માટે એક વર્ષમાં થનારા ખર્ચનું આયોજન કરવા માંગતા હોઇએ તો અગાઉના વર્ષમાં ધોરણ પાંચ સુધી દાખલ થયેલા વિદ્યાર્થીઓ અને તેમની પાછળ થયેલ ખર્ચને ધ્યાનમાં રાખવો જરૂરી છે. આગાહીઓ એ આર્થિક આયોજન પર આધારિત હોય છે. દા.ત. જો આપણે દેશની વ્યક્તિગત આવકની વૃદ્ધિ વિશે ધારણા કરવી હોય તો જનસંખ્યાના વૃદ્ધિદરને તથા રાષ્ટ્રીય આવકની માહિતીઓ એકત્ર કરવી અને ધ્યાનમાં લેવી જરૂરી છે.

2) રાષ્ટ્રીય આવક નિયત કરવી – દેશના અથર્તંત્રની સ્થિતિ સમજવા માટે રાષ્ટ્રીય આવક ઉપરાંત બીજી અન્ય બાબતો પણ જાણવી જરૂરી બને છે. પરંતુ રાષ્ટ્રીય આવકને ચોક્કસ પ્રકારના ઉપયોગથી નિયત કરી શકાય છે. જેના માટે સંખ્યાત્મક જાણકારી જરૂરી છે. જેવી કે, કામદારોના વેતન, જમીન અને મકાનો પર મેળવાતું ભાડું, રોકેલા નાણાં પર મળતું વ્યાજ અને ઉદ્યોગ સાહસિકો દ્વારા જે તે વર્ષના અથર્તંત્રમાં મેળવાતો નફો.

3) સરકારી નીતિઓના પાયાઓ – દેશના આર્થિક વિકાસ માટે સરકાર દ્વારા ઘડવામાં આવતી નીતિઓમાં આંકડાકીય માહિતીનો બહોળો પ્રમાણમાં ઉપયોગ થાય છે. ભારતમાં વિશાળ માત્રામાં રહેલા ગરીબ અને બેકાર લોકોની માહિતીના આધારે સરકાર તેની નીતિઓ ઘડે છે. કે જેનાથી ગરીબી અને બેકારી દૂર કરી શકાય છે. રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર ગેરેંટી ધારા હેઠળ બેકાર વ્યક્તિને વેતન સહ વર્ષમાં 100 દિવસની રોજગારી પૂરી પાડે છે. ભારતમાં દર દસ વર્ષે વસ્તીગણતરી કરવામાં આવે છે. જેમાં સ્ત્રી અને પુરુષની સંખ્યા, સાક્ષરોની સંખ્યા, કામદારોની સંખ્યા વગેરે માહિતી પૂરી પાડવામાં આવે છે. આ માહિતીના આધારે જોઇ શકાય છે કે, ભારતમાં દર હજાર પુરુષ સામે 938 સ્ત્રીઓ છે. હરિયાણા જેવા કેટલાક રાજ્યોમાં તો આ પ્રમાણ 1000 પુરુષ સામે માત્ર 848 સ્ત્રીઓ છે. આ એક ચેતવણી રૂપ પરિસ્થિતિ છે. કારણકે સમાજમાં સ્ત્રીઓની ઓછી સંખ્યા પાછળ ભ્રૂણ હત્યા જવાબદાર છે. આ માહિતીને આધારે સરકાર બાળકીઓને બચાવવા માટે નીતિ ઘડે છે.

## પાઠના પ્રશ્નો 17.1

નીચે દર્શાવેલ વિગતો એ માહિતી છે કે નહી તે ઓળખો. સામેના કૌંસમાં હા/ના લખો.

- કુ. મોનિકાએ અથર્શાસ્ત્રમાં 75 ગુણ મેળવ્યા (          )
- ક્રિશ હરી કરતા સારો ખેલાડી છે. (          )
- લલિતાએ ખુબ સારા ગુણ મેળવ્યા (          )

➢ એક સ્કૂલમાં રહેતા વિદ્યાર્થીઓની સંખ્યાના આંકડા આ પ્રમાણે છે. આને તમે માહિતી કહેશો ?

કોષ્ટક 17.3

| વિદ્યાશાખા | સ્કુલ – અ | સ્કુલ – બ |
|---|---|---|
| આટ્ર્સ | 400 | 700 |
| સાયન્સ | 600 | 400 |
| કોમર્સ | 300 | 300 |

## 17.3 માહિતીના પ્રકારો :

માહિતી એકત્રીકરણના સ્ત્રોતના આધારે તેનું આ રીતે વર્ગીકરણ થઇ શકે.

a) પ્રાથમિક મહિતી અને
b) ગૌણ માહિતી

પ્રાથમિક માહિતી–પ્રથમ જ વખત અને મોજણીના હેતુથી એકત્ર કરાયેલ માહિતીને પ્રાથમિક માહિતી કહે છે. દા.ત. કોઇ એક ગામમાં ચા અથવા કોફી પીવાની આદતવાળા લોકોની સંશોધક ધ્વારા કરાયેલી ગણતરી.

(A) પ્રાથમિક માહિતી મેળવવાની રીતો :

1) પ્રત્યક્ષ વ્યક્તિગત તપાસ – આ રીતમાં તપાસ કરનાર વ્યક્તિ પોતે જ સામેના વ્યક્તિ પાસેથી માહિતી લે છે. જે વ્યક્તિ જાણકારી એકત્ર કરે છે તે સંશોધક (માહિતી એકત્ર કરનાર) કહેવાય છે. અને જે વ્યક્તિ તેના પ્રશ્નોના જવાબ (માહિતી) આપે છે તેને પ્રતિસાદ આપનાર કહેવાય છે. આ રીતે એકત્રિત કરાયેલી માહિતી વધુ વિ વસનીય હોય છે. આમ છતાં તેના પરિણામો પર સંશોધક (તપાસ કરનાર) વ્યક્તિગત પક્ષપાત અને પૂર્વગ્રહોની અસર હોઇ શકે છે.
2) પરોક્ષ તપાસ – આ રીતમાં સંશોધક વ્યક્તિ જેના વિશે તપાસ કરી રહી હોય તેને સારી રીતે જાણતા હોય એવા કોઇ ત્રીજા વ્યક્તિ પાસેથી જાણકારી મેળવે છે. સરકાર દ્વારા નિયુક્ત કરાયેલ સમિતી મોટે ભાગે આ રીતે જરૂરી માહિતી મેળ વે છે.
3) પત્રવ્યવહાર દ્વારા – આ રીતમાં સંશોધક દ્વારા વિવિધ સ્થળોએથી માહિતી મેળવવા માટે ખબરપત્રી અથવા મધ્યસ્થી નિયુક્ત કરાય છે. આવા ખબરપત્રી જરૂરી જાણકારી એકત્ર કરીને મુખ્ય સ્થળ અથવા સંશોધકને મોકલે છે. આ પધ્ધતિનો મોટે ભાગે વતર્માનપત્રોની ઓફિસમાં ઉપયોગ થાય છે.
4) ટપાલ દ્વારા પ્રશ્નાવલીઓ મોકલીને – આ પધ્ધતિમાં સારી રીતે તૈયાર કરવામાં આવેલી પ્રશ્નાવલી પ્રતિભાવ આપનારને ટપાલ દ્વારા મોકલવામાં આવે છે. પ્રતિભાવ આપનાર વ્યક્તિ આ પ્રશ્નાવલીને ભરીને નિયત સમયમાં પાછી મોકલે છે. જો કે આ પધ્ધતિ તો જ ઉપયોગમાં આવી શકે જ્યારે પ્રતિભાવ આપનાર શિક્ષિત હોય અને પ્રશ્નાવલી ભરી શકે એમ હોય.





5) સૂચિ પ્રમાણે – આ પધ્ધતિમાં કાયર્કર્તાઓને પ્રશ્નોત્તરી સાથે પ્રતિભાવ આપનાર અશિક્ષિત હોય ત્યારે આ પધ્ધતિ વપરાય છે.

(B) ગૌણ માહિતી – આપણે જ્યારે બીજાઓ દ્વારા એકત્ર કરીને આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ કરીએ છીએ તેને ગૌણ માહિતી કહેવાય છે ને તેનો ઉપયોગ કરનાર માટે તે ગૌણ માહિતી બને છે.

ગૌણ માહિતીના પ્રાપ્તિ સ્થાન – ગૌણ માહિતી પ્રકાશિત સ્વરૂપે હોઇ શકે છે. એના પ્રકાશિત સ્વરૂપમાં તે નીચેના માધ્યમોમાં મેળવી શકાય છે.

a) વતર્માનપત્રો, RBI અને સામયિકમાં માહિતી પ્રસિધ્ધ થાય છે.
b) વ્યાપારી મંડળો દ્વારા પ્રસિધ્ધ થાય છે તે.
c) વાષિર્ક રિપોટર્માં આપવામાં આવતી નાણાંકીય માહિતી.
d) 'SEBI' ના પ્રકાશનોમાંથી પ્રાપ્ત થતી માહિતી.
e) આધારભૂત પ્રકાશનોમાં મળતી માહિતી.
f) આંતરરાષ્ટ્રીય સંગઠનો જેવા કે UNO, વલ્ડર્ બેન્ક વગેરે...
g) અ ન્ ય .

ગૌણ માહિતી તેના અપ્રકાશિત રૂપમાં આ પ્રમાણે હોઇ શકે છે.

a. સરકારી ખાતાઓની આંતરિક માહિતી.
b. સંસ્થાઓ દ્વારા સાચવવામાં આવતી માહિતી.
c. યુનિવસિર્ટીમાં વિદ્યાથીર્ઓ દ્વારા તૈયાર કરવામાં આવતા શોધ નિબંધો.

## 17.4 માહિતીની રજૂઆત

જે માહિતી સૂચિ અને પ્રશ્નાવલીઓના રૂપમાં એકત્ર કરાય છે તે સ્વયં ખુલાસારુપ નથી હોતી, તે કાચી માહિતી રૂપે હોય છે. તેને અથર્પૂણર્ બનાવવા માટે તેની રજૂઆત, વગીર્કરણ અને કોષ્ટકીકરણ એ પાયાના સાધનો છે જે કાચી માહિતીને એક પધ્ધતિસરની ગોઠવણીમાં રજૂ કરે છે.

### 17.4.1 વગીર્કરણ

વગીર્કરણ એ માહિતીને વિભાગ કે જૂથને આધારે ગોઠવવાની પ્રક્રિયા છે. જથ્થામાં અને તેના મૂળભૂત સ્વરૂપમાં રહેલી માહિતીને કાચી માહિતી કહેવાય છે.

ચલમાહિતી અને ગુણધમર્ :

ચલમાહિતી – જ્યારે માહિતી સમયના કે કદના વિભાગોમાં વહેંચી શકાય તેવી હોય ત્યારે તેને ચલ માહિતી કહેવાય છે. ઉંચાઈ, વજન, લંબાઈ, અંતર વગેરે ચલના ઉદાહરણો છે. ચલ માહિતી જુદા–જુદા વિભાગોમાં વહેંચાયેલી અથવા સળંગ હોય છે. વિભાગીય



નોંધ



ચલ માહિતી મોટે ભાગે એક ખાસ માપ અથવા મૂલ્ય ધરાવતી હોય છે. દા.ત. કુટુંબદીઠ બાળકોની સંખ્યા એ વિભાગીય ચલ માહિતી કહેવાય છે. કારણકે એને ઘટકોમાં વહેંચી શકાતી નથી.

કોષ્ટક 17.4

| કુટુંબદીઠ બાળકની સંખ્યા | 0 | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|---|
| કુટુંબોની સંખ્યા | 4 | 8 | 20 | 38 | 10 |

આ કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ચાર કુટુંબો એવા છે જેમાં કોઇ બાળક નથી. આઠ કુટુંબ એક–એક બાળક ધરાવે છે, એવી જ રીતે આગળ...

આમ, કુટુંબદીઠ બાળકોની સંખ્યા અલગ પડે છે. તેને ચલ માહિતી કહેવાય છે. અને તેને (X) વડે દશાર્વાય છે. ચલ માહિતી વિવિધ મૂલ્યો ધરાવે છે. એકનું એક મૂલ્ય કેટલીય વખત વપરાય તેને માહિતીનું પુનરાવતર્ન કહે છે. ચલ (X) 0 થી 3 સુધીના મૂલ્યો અને તેના પુનરાવતની 4, 8, 20 અને 38 છે.

અહીં 4 વખત 0 અને 8 વખત 1 એમ માહિતી આગળ વધે છે.

સળંગ ચલમાં તેના માપમાં એક સાતત્ય હોય છે. જેમ કે, ઉંચાઈ, વજન, લંબાઈ, અંતર વગેરે. સળંગ ચલ મોટે ભાગે નીચે દશાર્વ્યા પ્રમાણે એક હારમાં વપરાતા હોય છે.

| ઉંચાઇ (X) | 60'-62" | 62"-64" | 64"-66" | 66"-68 |
|---|---|---|---|---|
| સૈનિકોની સંખ્યા | 100 | 200 | 110 | 80 |

કોષ્ટકમાં અનુરૂપ પુનરાવતનીને આધારે (X) વડે ઉંચાઇની દશાર્વવામાં આવી છે. જેમાં 100 સૈનિકોની ઉંચાઇ 60"-62", 200 સૈનિકોની ઉંચાઇ 62"-64" એવી રીતે આગળ વાંચી શકાય છે. ગુણધમર્ઃ જે માહિતીને સમય કે કદના વિસ્તારમાં વગીર્કૃત ન કરી શકાય ત્યારે તેને ગુણધમર્ કહે છે. દા.ત. સુંદરતા,બહાદુરી, હોંશિયારી આળસ વગેરે ગુણધમોની તપાસ કરવી અઘરી હોય છે. તેને માત્ર મયાર્દિત હેતુના અભ્યાસ માટે આંકડાના સ્વરૂપમાં મૂકી શકાય છે.

આંકડાકીય શ્રેણી : આંકડાશાસ્ત્રમાં ત્રણ પ્રકારની શ્રેણીમાં માહિતીને ગોઠવી શકાય છે.

વ્યક્તિગત શ્રેણી : આ પ્રકારની શ્રેણીમાં વસ્તુઓને તેના અનુરૂપ મૂલ્યના આધારે વ્યક્તિગત રૂપે ગોઠવવામાં આવે છે. દરેક વસ્તુને તેનું અલગ અને વ્યક્તિગત અસ્તિત્વ હોય છે. પોતાના મૂળ રૂપમાં રહેલી જથ્થાબંધ માહિતીને કાચી માહિતી અથવા અવ્યવસ્થિત માહિતી કહેવામાં આવે છે. પણ જ્યારે તેના વિસ્તારને ચ–તા કે ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે ત્યારે તેને હારમાળા કહેવામાં આવે છે.





ધારોકે, કોઇ શોધ કર્તા કોઇ એક સ્કૂલના 20 વિદ્યાર્થીઓ કે જેમણે અર્થશાસ્ત્રમાં 100 માંથી કેટલા માર્ક્સ મેળવ્યા છે તેની જાણકારી મેળવે છે.

કોષ્ટક 17.5

અર્થશાસ્ત્રમાં 100 માંથી 20 માર્ક્સ મેળવેલ વિદ્યાર્થીઓ

| | | | | |
|---|---|---|---|---|
| 40 | 50 | 35 | 40 | 48 |
| 50 | 80 | 70 | 75 | 47 |
| 45 | 75 | 90 | 60 | 57 |
| 60 | 50 | 80 | 55 | 73 |

ઉપર આપેલ કાચી ચડતા ક્રમમાં ગોઠવી શકાય કે જે સૌથી નાના આંકડાથી શરુ કરીને સૌથી મોટા આંકડા સુધી જાય છે જે નીચેના કોષ્ટકમાં દશાર્વાયું છે.

કોષ્ટક 17.6

ચડતા ક્રમમાં ગોઠવણી

| | | | | |
|---|---|---|---|---|
| 35 | 47 | 50 | 60 | 75 |
| 40 | 48 | 55 | 70 | 80 |
| 40 | 50 | 57 | 73 | 80 |
| 45 | 50 | 60 | 75 | 90 |

ઉપરની માહિતીને ઉતરતા ક્રમમાં પણ ગોઠવી શકાય. દા.ત. સૌથી મોટા આંકડાથી શરુ કરીને સૌથી નાના આંકડા સુધી નીચેના કોષ્ટકમાં દશાર્વ્યા પ્રમાણે.

કોષ્ટક 17.7 ઉતરતા ક્રમમાં ગોઠવણી

| | | | | |
|---|---|---|---|---|
| 90 | 75 | 60 | 50 | 45 |
| 80 | 73 | 57 | 50 | 40 |
| 80 | 70 | 55 | 48 | 40 |
| 75 | 60 | 50 | 47 | 35 |

વિભાજીત શ્રેણી–આ શ્રેણીની રચના આવૃત્તિ સાથેના ચલ વચ્ચે ચોક્કસ ગાળો રહે તે રીતે કરવામાં આવે છે. આવૃત્તિનો અર્થ વસ્તુના મૂલ્યનું કેટલી વખત પુનરાવર્તન થાય છે તે દર્શાવે છે. જો કોઇ ચોક્કસ કિંમત (X) એ માહિતી (X)માં ચાર વખત આવતી હોય તો ચાર ને તે માહિતીની આવૃત્તિ કહેવાય છે. સૈદ્ધાંતિક રીતે આ પ્રકારની શ્રેણી માત્ર વિભાગીય ચલ માટે થાય છે. જોકે વ્યવહારમાં સતત અને વિભાગીય ચલ એકબીજાને બદલે વાપરી શકાય છે. નીચે આપેલ ઉદા. વિભાજીત શ્રેણી માટે છે.

કોષ્ટક **17.8**

| ગુણ | 30 | 40 | 50 | 60 | 70 | 80 | 90 | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીની સંખ્યા (f) | 4 | 6 | 10 | 20 | 10 | 6 | 4 | 60 |

સતત શ્રેણી–આ પ્રકારની શ્રેણીમાં આવૃત્તિઓને તેના અનુરૂપ ચલના સમૂહમાં મૂકવામાં આવે છે. અને તે વર્ગીકૃત સમૂહમાં નીચે મુજબ લખાય છે.

કોષ્ટક 17.9

| X | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 |
|---|---|---|---|---|---|
| f | 7 | 13 | 20 | 13 | 7 |

આ પ્રકારની શ્રેણીની રચના સમાવિષ્ટ પ્રકાર અને બિનસમાવિષ્ટ પ્રકારે થાય છે. ઉપરનું ઉદા. બિનસમાવિષ્ટ શ્રેણીનું છે. સમાવિષ્ટ શ્રેણીના કિસ્સામાં સમૂહની ઉપરની હદને અનુરૂપ આવૃત્તિ તે જ સમૂહમાં લેવામાં આવે છે. જ્યારે, બિનસમાવિષ્ટ શ્રેણીમાં આ કિંમત તેના પછીના સમૂહમાંથી કાઢી નાખવામાં આવે છે.

### પાઠના પ્રશ્નો 17.2

1) નીચેનાં પદો ચલ છે કે તે નક્કી કરો.
   i. વિદ્યાર્થીની ઉંચાઇ
   ii. છોકરીની સુંદરતા
   iii. છોકરીની કુશળતાનું સ્તર
   iv. ગાડીએ કાપેલ અંતર દર
   v. મિ. X નું વજન

### 17.4.2 કોષ્ટકીકરણ

માહિતીને એકઠી અને વર્ગીકૃત કર્યા બાદ તેને કોષ્ટકમાં હાર અને સ્તંભમાં ગોઠવવી ઉપયોગી છે. આંકડાકીય કોષ્ટક સાદું કે જટિલ હોઇ શકે . તેનો આધાર તેમાં સંકળાયેલા ચલની સંખ્યા પર છે. નીચે આપેલ એ સાદા આંકડાકીય કોષ્ટકનું સ્વરૂપ છે.

કોષ્ટક 17.10

| સબ હેડિંગ | | (શીષક) કેપ્શન | |
|---|---|---|---|
| | સ્તંભ<br>૧ ૨ | | સ્તંભ<br>૧ ૨ |
| હાર<br>હાર<br>હાર<br>સ્ત્રોત | | <br><br><br>નોંધ | |



નોંધ

આ કોષ્ટક એક રીતનું, બે રીતનું કે અનેક રીતનું હોઇ શકે. નીચે આપેલ પ્રકારો કોષ્ટકીકરણના સાદા ઉદાહરણો છે.

ઉદાહરણ – **1**2010 – 11 માં ત્રણ વિદ્યાશાખામાં વાણિજ્ય શાખામાં 840 વિદ્યાર્થીઓ, વિજ્ઞાન શાખામાં 660 વિદ્યાર્થીઓ અને મેનેજમેન્ટ શાખામાં 50 વિદ્યાર્થીઓ હતા ઉપરની વિદ્યાશાખાઓમાં પુરુષ વિદ્યાર્થીઓની ટકાવારી અનુક્રમે 40%, 25% અને 20% છે. આ માહિતીનું કોષ્ટક નીચે પ્રમાણે બનાવી શકાય.

**કોષ્ટક 17.11**

| વિદ્યાશાખા | વિદ્યાર્થીઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | |
| વાણિજ્ય | 336 | 504 | 840 |
| વિજ્ઞાન | 165 | 495 | 660 |
| મેનેજમેન્ટ | 100 | 400 | 500 |
| કુલ | 601 | 1399 | 2000 |

**17.4.3 અર્થશાસ્ત્રમાં માહિતીનું ચિત્રાત્મક અને આલેખિય રીતે નિરૂપણ**

બે ચલ સંબંધી માહિતીને સાદા આલેખની મદદથી દશાવી શકાય. સામાન્ય રીતે તે રેખા કે વક્રના સ્વરૂપે હોય છે. સમય કે આવૃત્તિ વિતરણને સંબંધિત માહિતીને સરળ તાથી માહિતીના રૂપમાં દશાવી શકાય.

આકૃતિ નિરૂપણ એ માહિતીનું ભૌમિતિક સ્વરૂપ છે. આકૃતિ હકીકતને એવી રીતે દશાર્વે છે કે, તેના પર નજર ફેરવવાથી અતિ જટિલ માહિતીનો કોઇને પણ ખ્યાલ આવી જાય છે. આકૃતિ એક પરિમાણીય, દ્વી–પરિમાણીય કે ત્રણ–પરિમાણીય પણ હોઇ શકે છે. બાર ગ્રાફ સામાન્ય રીતે એક પરિમાણીય હોય છે. જેમાં માત્ર ઉંચાઇ જ અગત્યની હોય છે. પણ પહોળાઇ અગત્યની નથી હોતી.

અહીં આપણે માત્ર એક–પરિમાણીય આકૃતિની ચચાર્ કરીશું.

એક પરિમાણીય આકૃતિઓ :

એક પરિમાણીય આકૃતિઓને બાર ડાયાગ્રામ (આકૃતિ) પણ કહેવામાં આવે છે. જેનો વ્યવહારમાં બહોળો ઉપયોગ થાય છે. બાર ડાયાગ્રામ (આકૃતિ) ઘણા પ્રકારના હોય છે પણ આપણે સાદા બાર ડાયાગ્રામ (આકૃતિ)નો જ અભ્યાસ કરીશું.


સાદા બાર ડાયાગ્રામ : તેમને દશાર્વવાની રીત સાદી છે પણ તેમાં માત્ર એક ચલને જ દશાવી શકાય છે. તેમાં સમક્ષિતિજ કે શિરોલંબ આધાર પર સાદો લંબચોરસ દોરવામાં આવે છે. પણ વ્યવહારમાં સામાન્ય રીતે સમક્ષિતિજ આધાર પર શિરોલંબ

લંબચોરસ દોરવામાં આવે છે. લંબચોરસોની લંબાઇ પહોળાઇ એક સમાન હોવી જોઇએ અને તે સમાન અંતર પર દોરેલા હોવા જોઇએ.

હવે આપણે આપેલ માહિતી પરથી સાદા બાર ડાયાગ્રામ (આકૃતિ) કઇ રીતે દશાવી શકાય તે સમજાવીએ. નીચેના કોષ્ટકમાં વસ્તી ગણતરીની મોજણીમાં જુદા જુદા વર્ષમાં ભારતમાં જન્મદરની માહિતી આવી છે. આ માહિતીને સાદા બાર ડાયાગ્રામ (આકૃતિ)માં નીચે મુજબ દર્શાર્વેલ છે.

કોષ્ટક 17.12

| વર્ષ | 1931-40 | 1941-50 | 1951-60 | 1961-70 | 1971-80 | 1981-90 |
|---|---|---|---|---|---|---|
| જન્મદર | 45 | 35 | 30 | 28 | 24 | 20 |



માહિતીને આલેખ સ્વરૂપે પણ દશાવી શકાય. અથર્શાસ્ત્ર અને આંકડાશાસ્ત્રમાં મૂલ્યો, સમય, સંબંધ, આવૃત્તિ વગેરે સ્વરૂપમાં હોય છે. સમયને લાંબા આલેખમાં X-અક્ષ પર સમય અને Y–અક્ષ પર ચલ દશાર્વવામાં આવે છે. આ પેલ સંપૂણ માહિતીને સમાવી શકાય તે પ્રમાણે દરેક અક્ષ પર અનુકુળતા મુજબ દરેક અક્ષ પર પ્રમાણ માપ નક્કી કરવું જરૂરી છે. બન્ને અક્ષ પર લીધેલા પ્રમાણ માપ જુદા હોઇ શકે.


ઉદાહરણ : 2

કોઇ એક નિશાળમાં પાંચ વર્ષ દરમિયાન વિદ્યાથીર્ઓની સંખ્યા નીચે મુજબ છે.

કોષ્ટક 17.13

| વર્ષ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 |
|---|---|---|---|---|---|
| વિદ્યાથીર્ઓની સંખ્યા | 1000 | 2500 | 3800 | 4500 | 5200 |

આપણે આ માહિતીને આલેખ સ્વરૂપમાં નીચે મુજબ દશાવી શકીએ.




- માહિતી એટલે આવક, વસ્તી, ભાવ વગેરે સંબંધી આંકડાકીય જાણકારી
- આંકડા અને માહિતી એ હકીકતોનું એકત્રીકરણ છે કે જેને કારણોની ગુણાત્મકતા, આંકડાકીય અભિવ્યતિ, ચોક્કસતાના યોગ્ય માધ્યમો, અગાઉથી નિયત કરેલા હેતુઓ માટે એકત્ર કરેલા અને પરસ્પર સંબંધ પ્રમાણે ગોઠવેલા હોય છે.
- રાષ્ટ્રીય આવક નિર્ધારિત કરવા, જાહેર નાણાંકીય અને નાણાંકીય નીતિઓ નિમાર્ણ કરવા અને દેશની મધ્યસ્થ બેન્કને મદદ કરવાના સંદભર્માં અથર્તંત્રનું આયોજન કરવા માહિતી અગત્યની છે.
- પહેલી વાર મૂળભૂત રીતે મોજણી માટે એકત્રિત કરેલ માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય છે.
- જો આપણે બીજા દ્વારા અગાઉ એકત્રિત કરેલ માહિતીનો ઉપયોગ કરીએ તો તે માહિતીને ગૌણ માહિતી કહેવાય છે.
- પ્રાથમિક માહિતી નીચે મુજબ એકઠી કરી શકાય. 1) સીધી જાત તપાસ 2) આડકતરી તપાસ 3) ખબરપત્રી દ્વારા 4) ટપાલ પ્રશ્નાવલી દ્વારા 5) નોંધ પત્રક દ્વારા.
- ગૌણ માહિતીના સ્ત્રોત પ્રકાશિત કે અપ્રકાશિત માહિતીના રૂપમાં હોય શકે.
- માહિતીને વગીર્કૃત, લાક્ષણીક શ્રેણી, વિભાગીય શ્રેણી, સ્થળ શ્રેણી અને આલેખ તથા રેખાકૃત દ્વારા દશાવી શકાય છે.
- માહિતીને સાદી લંબ રેખાકૃતિના રૂપમાં પણ દશાવી શકાય છે.

## સત્રાંત પ્રશ્નાવલી

1. માહિતીની વ્યાખ્યા આપો. પ્રાથમિક માહિતી કઇ રીતે એકઠી કરી શકાય છે ?
2. પ્રાથમિક અને ગૌણ માહિતી વચ્ચે શું તફાવત છે ?
3. ચલ અને લક્ષણ વચ્ચેનો ભેદ લખો.
4. નીચેના પદો સમજાવો (1) વગીર્કરણ

5. માહિતી દશાર્વવાની નીચેની રીતો સમજાવો.
   (a)કોષ્ટક પધ્ધતિ (b) રેખાકૃતિ
6. નીચેની માહિતી પરથી સાદી લંબ રેખાકૃતિ દોરો

| રાજ્ય | મેનેજમેન્ટ કોલેજની સંખ્યા |
|---|---|
| રાજસ્થાન | 200 |
| પંજાબ | 400 |
| ગુજરાત | 150 |

## પાઠના પ્રશ્નોના જવાબ 17.1

i. ના
ii. ના
iii. ના
iv. હા

**પાઠના પ્રશ્નો 17.2**

i. ચ લ
ii. લાક્ષણિકતા
iii. લાક્ષણિકતા
iv. ચ લ
v. ચ લ

# 18

# માહિતીનું પૃથક્કરણ

અથર્તંત્રને લગતી માહિતીનો આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી અભ્યાસ થાય છે. આંકડાશાસ્ત્રનું વિજ્ઞાન એ સંખ્યાકીય તથ્યો માટે સંગ્રહ, વગીર્કરણ અને કોષ્ટકીકરણ છે જે ઘટનાઓ વણર્વવા, સમજવા અને સરખામણી કરવામાં મદદ કરે છે.

સ્પષ્ટ છે કે અનોખી સમજણમાં આંકડાશાસ્ત્ર એ વૈજ્ઞાનિક વિષય છે જે વણર્નાત્મક અને નિણાર્યક છે. વણર્નાત્મક આંકડાશાસ્ત્રમાં આપણે સંપૂણર્ વૈજ્ઞાનિક તપાસનો સમાવેશ કરીએ છીએ. બધા જ પ્રકારની આંકડાશાસ્ત્રીય તપાસમાં પ્રથમ પગથિયું જુદી જુદી રેખાઓથી તથ્યો મેળવવાનું છે. પ્રથમ જુદા જુદા સ્ત્રોતોમાંથી મળેલ તથ્યોનું સંપાદન થાય છે. સંખ્યાકીય માહિતીનું આંકડાશાસ્ત્રીય રીતે પૃથક્કરણ થાય છે. પ્રતિનિધિ આંકડાઓનો જેના સંદભર્માં અભ્યાસ કરવાનો છે તેમાં સમજાવાય છે.

## હેતુઓ

આ પાઠ પૂરો કયાર્ પછી તમે

> મધ્યમાન વલણનો અથર્ સમજી શકશો.
> તમારા રોજબરોજના જીવનમાં મધ્યકના ખ્યાલનો ઉપયોગ કરી શકશો.
> જુદી જુદી શ્રેણીઓના સમાંતર મધ્યકોની ગણતરી કરી શકશો.
> સમાંતર મધ્યક ગણતરી કરવાની અન્ય રેખાનો ઉપયોગ કરી શકશો.

## મધ્યમાન વલણનો અથર્

માહિતી એકઠી કરાય, સંગઠીત કરાય અને નિદશિર્ત કરાય ત્યારબાદ તેનું પૃથક્કરણ કરાય તે જરૂરી છે. પૃથક્કરણ એ કાયર્ પદ્ધતિ છે જેના દ્વારા આંકડાકીય માહિતીમાંથી સૂચક

તથ્યો તારવી શકાય. આંકડાકીય પૃથક્કરણના ખૂબજ અગત્યના હેતુઓમાંનો એક સંપૂર્ણ માહિતીની લાક્ષણિકતાઓને વર્ણવતું એક મૂલ્ય મેળવવાનો છે.

આંકડાશાસ્ત્રમાં આપણે કોઇ ચોક્કસ કોયડાઓ સાથે વ્યવહાર કરીએ છીએ જે ઉદ્દેશ્યોનો બહુવિધતાને મોટે પાયે અસર કરે છે. જે પણ તારણો આપણે કાઢીએ છીએ તે ભિન્ન કારણોની સામૂહિક અસર પર આધારિત છે અને આ બધાં કારણોનો અલગ રીતે પ્રત્યાઘાત તારવવો ખૂબ જ મુશ્કેલ છે. આટલા માટે માહિતીના પૃથક્કરણમાં પ્રથમ પગથિયું મૂળભૂત માહિતીમાંથી પ્રતિનિધિ મૂલ્ય નક્કી કરવું એ છે. તેને સરેરાશ કે મધ્યમાન વલણનું માપ કહેવાય છે.

મૂળભૂત માહિતીનું પ્રથમ સંગઠન કરી તેનું આવૃત્તિ વિતરણમાં રૂપાંતર કરાય છે. વર્ણનાત્મક આંકડાશાસ્ત્રના મૂળભૂત હેતુઓમાનો એક માહિતીમાંથી ખૂબ જ પ્રતિનિધિત્વ કરતું મૂલ્ય શોધી કાઢવાનું છે. આ પ્રતિનિધિત્વ ધરાવતા મૂલ્યને સરેરાશ અથવા મધ્યક કહે છે. આ એક મૂલ્ય કે એકાંકી આંક છે. જે બધા માટે લાક્ષણિક છે. તેને મધ્યમાન વલણનું માપ પણ કહે છે. આમ સરેરાશો વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર છે જે મધ્યમાન વલણના નામે ઓળખાતા વલણનું માપ છે. સારી રીતે પ્રસ્થાપિત થયું છે કે માહિતી કોઇ ચોક્કસ દિશામાં જવાનું વલણ ધરાવે છે.

મધ્યમાન સ્થાન અથવા મૂલ્ય તરફ જમા થવાની માહિતીના આ વલણને મધ્યમાન વલણ કહેવાય છે.

માહિતીના જથ્થા માટે સરેરાશ મૂલ્ય ગણી કા—વાનો ઉદ્દેશ્ય બધીજ વિગતોનું પ્રતિનિધિ મૂલ્ય શોધવાનું છે જે આપણું મગજ સરળતાથી અને ઝડપથી સમજી શકે. આ એકાકી મૂલ્ય એક એવું બિંદુ છે જેની આસપાસ વ્યક્તિગત માહિતીઓ એકઠી થયેલી છે.

આપણે રોજબરોજની ચર્ચામાં સરેરાશનો વખતો વખત ઉપયોગ કરીએ છીએ. કોઇ દાવો કરે કે તેના 6 વિષયોમાં 100 માંથી 76 ગુણ આવ્યા છે. તે દર્શાવે છે કે તે કુલ ગુણ 456 દા.ત. 76 x 06 મેળવવામાં સફળ રહ્યો છે. ઉદાહરણ તરીકે જો સચીન દ્વારા શ્રેણીની પાંચ ઇનીગ્સમાં બનાવેલ ખરા રન 59, 78, 100, 50 અને 63 હોય તો તેણે બનાવેલ કુલ રનની સંખ્યા ક્યારેય ખરેખર 70 નથી. આમ છતાં સરેરાશ રીતે આ આંકડો પાંચ ઇનીગમાં બનાવેલ રનને સારી રીતે પ્રદર્શિત કરે છે.

અવલોકનોના સમૂહ માટે સરેરાશ મૂલ્ય ગણી કા—વાનો હેતુ, બધી જ વિગતો માટે પ્રતિનિધિ ચોક્કસ મૂલ્ય મેળવવાનો છે જે આપણું મગજ સરળ અને ઝડપથી સ્વીકારી શકે.

## સરેરાશનો ઉદ્દેશ્ય અને કાર્ય :

> એકઠી કરલ જાણકારી અને મૂળભૂત માહિતીને સંક્ષેપમાં પરિવતર્ન કરવું.

> બે અથવા વધારે સમૂહોની સરખામણી કરવામાં મદદરૂપ થવું.

> મૂળભૂત માહિતીનું પ્રતિનિધિ મૂલ્ય દર્શાવવું.

> ભવિષ્ય માટે કાર્યનિતી અને કાર્યક્રમ માટે મદદરૂપ થવું.

## 18.3 મધ્યમાન વલણના મૂલ્ય તરીકે સમાંતર મધ્યક.

મધ્યમાન વલણનું માપ શોધવા ઘણાબધા માપ છે. સમાંતર મધ્યક એ તેમાનું એક છે. વિગતોના સરવાળાને વિગતોની સંખ્યા વડે ભાગવાથી સમાંતર મધ્યક મળે.

ગણની ભાષામાં કહીએ તો

$$X = \frac{\Sigma X}{N}$$

કે જ્યાં, X – વિગત

$\Sigma X$ = *વિગતનો સરવાળો*

N = *વિગતોની સંખ્યા*

X = સમાંતર મધ્યક

સમાંતર મધ્યકને સામાન્ય ભાષામાં પ્રચલિત રીતે સરેરાશ કહેવાય છે. તેની ગણતરી કરવી એ ખૂબ જ સરળ છે. ધારો કે એક વર્ગમાં 10 વિદ્યાર્થીઓ છે. તેમણે અર્થશાસ્ત્રમાં 10 માંથી મેળવેલ ગુણ નીચે મુજબ છે.

| વિદ્યાર્થી | A | B | C | D | E | F | G | H | I | J |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ | 2 | 7 | 10 | 8 | 6 | 3 | 5 | 4 | 5 | 0 |

અહીં X એ અર્થશાસ્ત્રમાં ગુણ છે. ચાલો આપણે 2+7+10+8+6+3+5+4+0=50 એ સરવાળાથી શરૂઆત કરીએ. સ્પષ્ટ છે કે 10 વિદ્યાર્થીઓએ મેળવેલા કુલ ગુણ 50 () છે. વિદ્યાર્થીઓની સંખ્યા (N) એ 10 છે. આથી 10 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણથી સરેરાશ = 5 થાય. બીજા શબ્દોમાં...

X = = = 5

### પાઠને લગતા પ્રશ્નો 18.1

1. મધ્યમાન વલણનું એક ઉદાહરણ આપો.
2. સમાંતર મધ્યક શોધવાનું પાયાનું સૂત્ર આપો.
3. જો વિગતોનો સરવાળો 40 હોય અને સમાંતર મધ્યક 4 હોય તો “N” વિગતોની સંખ્યા શોધો.



નોંધ



4. શ્રી રાજાનો અઠવાડિક ખાંડનો વપરાશ 35kg છે તો તેનો દરરોજનો સરેરાશ વપરાશ કેટલો હશે ?

5. 10 વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ 50 છે. જો આ સમૂહમાં એક વિદ્યાર્થી ઉમેરાય કે જેણે 5 ગુણ મેળવ્યા છે. તો નવી સરેરાશ શોધો.

## 18.4 જુદી જુદી શ્રેણીઓમાં સમાંતર મધ્યકની ગણતરી.

પ્રકરણ 17માં આપ્યા મુજબ માહિતીનું જુદી જુદી શ્રેણીઓમાં સંગઠન કરી શકાય. તે વ્યક્તિગત શ્રેણીઓ, અલગ શ્રેણીઓ અને સરળ શ્રેણીઓ છે.

માહિતીની જુદી જુદી શ્રેણીઓના સમાંતર મધ્યકની ગણતરી નીચે મુજબ છે.

A.વ્યક્તિગત શ્રેણીઓ : સમાંતર મધ્યક અથવા મધ્યક શોધવાનું ઉપરનું સૂત્ર બધાજ સંજોગોમાં પ્રમાણભૂત છે. જો કે જટિલ માહિતી માટે ટૂંકી રીત વાપરવી હોય તો ઉપરના સૂત્રમાં નીચે મુજબનો ફેરફાર કરવો પડે.

$$X = A + \frac{\Sigma dx}{N}$$

અહીં A ધારેલો મધ્યક છે. dx એ ધારેલા મધ્યકનું અંતર છે અને N એ વલણોની સંખ્યા છે.

ઉદાહરણ 1. 10 વિદ્યાર્થીઓએ 30 માંથી મેળવેલા ગુણ નીચે મુજબ છે. તો તેના સમાંતર મધ્યકની ગણતરી કરો.

X : 4, 3, 8, 9, 12, 10, 25, 10, 21, 20

X : Marks (ગુણ)

ઉકેલ

(a) સીધી રીત

: 4 + 3 + 8 + 9 + 12 + 10 + 25 + 10 + 21 + 20 = 122

$$X = \frac{\Sigma X}{N} = \frac{122}{10} = 12.2$$

(b)ટૂંકી રીત

| X ગુણ | Dx = xA<br>A=12=xv12 |
|---|---|
| 4 | -8 |
| 3 | -9 |
| 8 | -4 |
| 9 | -3 |
| 12 | 0 |
| 10 | -2 |
| 25 | +13 |



નોંધ

| | |
|---|---|
| 10 | -2 |
| 21 | +9 |
| 20 | +8 |
| Σdx=122 | Σdx-2 |

ચાલો આપણે 12 ને ધારેલો મધ્યક (A) લઇએ

$X = A + \frac{\Sigma dx}{N} = 12 + \frac{2}{10}$

$X = 12 + 0.2 = 12.2$

B.અલગ શ્રેણીઓ : અલગ શ્રેણીઓના સમાંતર મધ્યક શોધવા નીચેનાં સૂત્રો વાપરી શકાય.

(a) સીધી રીત

$X = \frac{\Sigma fdx}{N}$

જ્યાં N = આવૃત્તિઓનો સરવાળો

(b) ટૂંકી રીત.

$X = A + \frac{\Sigma fdx}{N}$

ઉદાહરણ 2 નીચે આપેલ માહિતી પરથી સમાંતર મધ્યકની ગણતરી કરો.

| કુટુંબદીઠ બાળકોની સંખ્યા | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|---|---|
| કુટુંબની સંખ્યા | 13 | 17 | 20 | 40 | 20 | 17 | 13 |

ઉકેલ

(a) સીધી રીત

x = બાળકોની સંખ્યા

f = કુટુંબોની સંખ્યા

| x | f | Fx |
|---|---|---|
| 0 | 13 | 0 |
| 1 | 17 | 17 |
| 2 | 20 | 40 |
| 3 | 40 | 120 |
| 4 | 20 | 80 |
| 5 | 17 | 85 |
| 6 | 13 | 78 |
| | 140 | 420 |



નોંધ



$X = A + \frac{\Sigma fx}{N} + \frac{420}{140} = 3$

આમ સરેરાશ 3 છે. જે દર્શાવે છે કે દરેક કુટુંબ દીઠ સરેરાશ બાળકોની સંખ્યા 3 છે.

(b) ટૂંકી રીત

| x | f | dx=(x-A) A=2 | Fdx |
|---|---|---|---|
| 0 | 13 | -2 | -26 |
| 1 | 17 | -1 | -17 |
| 2 | 20 | 0 | 0 |
| 3 | 40 | +1 | 40 |
| 4 | 20 | +2 | 40 |
| 5 | 17 | +3 | 51 |
| 6 | 13 | +4 | 52 |
| | 140 | | +183 |
| | | | -43 |
| | | | 140 |

$X = A + \frac{\Sigma fdx}{N} = 2 + \frac{140}{140} = 3$

(C) સતત શ્રેણીઓ સતત શ્રેણીઓમાં સમાંતર મધ્યક શોધવાની નીચે મુજબની ત્રણ રીતો છે.

(a) સીધી રીત

$X = \frac{\Sigma fx}{N}$

(b) ક્રમશ : વિભાજન વિનાની ટૂંકી રીત.

X = વગની મધ્યસ્થ મૂલ્ય

$X = A + \frac{\Sigma fdx}{N}$

(c) ક્રમશ :વિભાજન સાથેની ટૂંકી રીત.

$X = A + \frac{\Sigma fdx}{N} \times c$

અહીં C = સામાન્ય અવયવ.

દાખલાની મદદથી સતત શ્રેણીઓ માટે સમાંતર મધ્યકની ગણતરી વિસ્તાર પૂર્વક સમજાવેલી છે.

ઉદાહરણ 3. એક શાળામાં 300 વિદ્યાથીર્ઓએ મેળવેલ ગુણ નીચે મુજબ છે.

| X (ગુણ) | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 | 60-70 |
|---|---|---|---|---|---|---|---|
| f(વિદ્યાથીર્ઓની સંખ્યા) | 23 | 27 | 40 | 120 | 40 | 27 | 23 |

ઉકેલ : ચાલો આપણે પહેલાં દરેક વર્ગની મધ્યકિંમત મેળવીએ. તે દરેક વર્ગની અધઃ અને ઉધ્વર્ સીમાઓના સરવાળાને 2 વડે ભાગીને મેળવાય છે.

$$X = \frac{L_1+L_2}{2}, \frac{0+10}{2}, \frac{10+20}{2}, \frac{20+30}{2}, \frac{30+40}{2}, \frac{40+50}{2}, \frac{50+60}{2}, \frac{60+70}{2}$$

i.e. 5, 15, 25, 35, 45, 55, 65

અહીં $L_1$ એ અધઃ સીમા છે જ્યારે $L_2$ એ ઉધ્વર્ સીમા છે.

(a) સીધી રીત

| X | X- $\frac{L_1+L_2}{2}$ | f | fx |
|---|---|---|---|
| 0-10 | 5 | 23 | 115 |
| 10-20 | 15 | 27 | 405 |
| 20-30 | 25 | 40 | 1000 |
| 30-40 | 35 | 120 | 4200 |
| 40-50 | 45 | 40 | 1800 |
| 50-60 | 55 | 27 | 1485 |
| 60-70 | 65 | 23 | 1495 |
| | | 300 | 10500 |

$$X = \frac{\Sigma fx}{N} = \frac{10500}{300} = 35$$

(a) ટૂંકી રીત

1) ક્રમશઃ વિભાજન વિના

| x | f | M-(x) | dx(x-A) 25 | fdx |
|---|---|---|---|---|
| 0-10 | 23 | 5 | -20 | -460 |
| 10-20 | 27 | 15 | -10 | -270 |
| 20-30 | 40 | 25 | 0 | 0 |
| 30-40 | 120 | 35 | +10 | 12000 |


નોંધ



| | | | | |
|---|---|---|---|---|
| 40-50 | 40 | 45 | +20 | 800 |
| 50-60 | 27 | 55 | +30 | 810 |
| 60-70 | 23 | 65 | +40 | 920 |
| | 300 | | | 3000 |

$X = A + \frac{\Sigma fdx}{N} = 25 + \frac{3000}{300} = 25 + 10 = 35$

(c) ક્રમશઃ વિભાજન સાથેની ટૂંકી રીત.

| x | M-(x) | f | dx(x-A) 25 | 35DxL1=1= (dx/10) | fdx |
|---|---|---|---|---|---|
| 0-10 | 5 | 23 | -20 | -2 | -46 |
| 10-20 | 15 | 27 | -10 | -1 | -27 |
| 20-30 | 25 | 40 | 0 | 0 | 0 |
| 30-40 | 35 | 120 | +10 | 1 | 120 |
| 40-50 | 45 | 40 | +20 | -2 | 80 |
| 50-60 | 55 | 27 | +30 | 3 | 81 |
| 60-70 | 65 | 23 | +40 | 4 | 92 |
| | | 300 | | | 300 |

$X = A + \frac{\Sigma fdx}{N} \times C = 25 + \frac{300}{300} \times 10 = 35$

## 18.6 સમાંતર મધ્યકનો ઉપયોગ કરવાની

1. એ નોંધવુ અગત્યનું છે કે સમાંતર મધ્યક એ સૈદ્ધાંતિક મૂલ્ય છે જે વાસ્તવિક તથ્યોનું પ્રતિનિધિત્વ ન પણ કરી શકે. ધારો કે ઉદાહરણ તરીકે 10 કુટુંબોમાં કુલ બાળકોની સંખ્યા 27 છે. દરેક કુટુંબદીઠ સરેરાશ રીતે બાળકોની સંખ્યા 2.7 (27/10). જે અવાસ્તવિક છે. દરેક કુટુંબદીઠ બાળકોની સંખ્યા 2 અથવા 3 હોઇ શકે પણ 2.7 ન હોઇ શકે.
2. સમાંતર મધ્યક ગુણાત્મક ન હોઇ શકે જેમકે પ્રામાણિકતા, બહાદુરી, વફાદારી, સૌંદય વગેરે..

### પાઠને લગતા પ્રશ્નો 18.2

1. નીચેની માહિતી માટે સમાંતર મધ્યક શોધો. 4, 6, 3, 7, 8, 2, અને 5 નીચેની માહિતી પરથી સમાંતર મધ્યક શોધો.

| 5 માંથી મેળવેલા ગુણ | 0 | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 3 | 7 | 8 | 5 | 3 | 4 |

1. ધારો કે 10 ના સમૂહમાં ધારેલ મધ્યકથી ગણેલ ગુણાંકનો સરવાળો +50 છે અને ધારેલ મધ્યક 20 છે તો તેનો સાચો મધ્યક શોધો.

## તમે શું શીખ્યા

- મધ્યમાન સ્થાન અથવા મૂલ્ય તરફ એકઠા થવાની માહિતીના વલણને મધ્યમાન વલણ કહેવાય છે.
- સરેરાશ એ માહિતીના જથ્થાનું પ્રતિનિધિત્વ કરતું મૂલ્ય છે.
- સમાંતર મધ્યક એ ગાણિતીય સરેરાશ છે અને તેનો મધ્યસ્થ વલણના માપ તરીકે સામાન્ય ઉપયોગ થાય છે.
- સરવાળાને વસ્તુઓની સંખ્યા વડે ભાગવાથી સમાંતર મધ્યક મળે છે.

ગણિતની ભાષામાં કહીએ તો :

$X = \frac{\Sigma X}{N}$

કે જ્યાં, X = વિગત

$\Sigma X$ = *વિગતનો સરવાળો*

N = *વિગતોની સંખ્યા*

X = સમાંતર મધ્યક

> વ્યક્તિગત શ્રેણીઓ, અલગ શ્રેણીઓ અને સતત શ્રેણીઓ માટે જુદા જુદા સૂત્રોનો ઉપયોગ કરી સમાંતર મધ્યક શોધી શકાય છે.

## સત્રાંત પરીક્ષા

1. માહિતીના પૃથક્કરણનો તમે શું અથ´કાઢો છો ?
2. વણર્નાત્મક પૃથક્કરણનો અથ´શું છે ?
3. મધ્યમાન વલણના ખ્યાલની ચચા´કરો.
4. સમાંતર મધ્યકનો તમે શો અથ´કરો છો ? તે કેવી રીતે ગણી શકાય.



નોંધ



5. સમાંતર મધ્યકની વ્યાખ્યા આપો. તે શું દર્શાવે છે ?

6. મધ્યમાન વલણનો તમે શું અથ ર્કરો છો ? સમાંતર મધ્યક તેને કઇ રીતે પ્રતિબિંબિત કરે છે?

7. નીચેની માહિતી પરથી સમાંતર મધ્યક શોધો.

7, 4, 17, 19, 11, 16, 15, 14, 9 અને 11

8. જો ઉપરના ઉદાહરણમાં નીચેની સંખ્યા ઉમેરીએ તો મળતો નવો સમાંતર મધ્યક શોધો.

18, 14, 14, 8, 10 અને 21

9. નીચેની માહિતી પરથી સમાંતર મધ્યક શોધો.

| x | F |
|---|---|
| 0 | 1 |
| 1 | 13 |
| 2 | 20 |
| 3 | 40 |
| 4 | 40 |
| 5 | 13 |
| 6 | 7 |

10. નીચેની માહિતી પરથી સમાંતર મધ્યક શોધો.

| x | F |
|---|---|
| 0-10 | 5 |
| 10-20 | 15 |
| 20-30 | 20 |
| 30-40 | 25 |
| 40-50 | 20 |
| 50-60 | 15 |
| 60-70 | 5 |

11. નીચેની માહિતી પરથી સમાંતર મધ્યક શોધો.

| x | f |
|---|---|
| 20-40 | 2 |
| 40-60 | 7 |
| 60-80 | 9 |
| 80-100 | 24 |
| 100-120 | 9 |
| 120-140 | 7 |
| 140-160 | 2 |

## પાઠને લગતા પ્રશ્નોના જવાબ.

**પાઠને લગતા પ્રશ્નો 18.1**

1. 1 2. $X = \frac{\Sigma x}{N}$ **3**. 45.9 **4**. 7 kg **5**. 5

**પાઠને લગતા પ્રશ્નો 18.2**

5 **2**. 2.33 **3**. 18 **4**. 25

# મોડ્યુલ – 7

## ભારતીય અર્થતંત્ર

19. ભારતીય અર્થતંત્રનું મૂલ્યાંકન
20. ભારતીય અર્થતંત્રનું વિભાગીય માળખું
21. ભારતીય અર્થતંત્ર સામેનાં પડકારો
22. વૈશ્વિક સ્તરે ભારતીય અર્થતંત્ર




નોંધ

# 19

# ભારતીય અર્થતંત્રની રૂપરેખા

ભારતના નાગરિક તરીકે ભારતના અર્થતંત્ર વિષે જાણવું તમારા માટે ખૂબજ અગત્યનું છે. તમે ઇતિહાસ પરથી એ પણ જાણો છો કે ભારત 15 ઓગસ્ટ 1947માં સ્વતંત્ર રાષ્ટ્ર થયું. તે પહેલા ભારત બ્રિટિશ હકુમત હેઠળ લગભગ બે સદીઓ સુધી પેટાખંડ હતું. તે સમય રાષ્ટ્રના દરેક પાસાને પૂરતા પ્રમાણમાં ખૂબ જ લાંબા ગાળા માટે અસરકર્તા હતો જેમકે રાજકારણ, સંસ્કૃતિ, સામાજિક વ્યવસ્થા, અર્થતંત્ર વગેરે. આપણે અહીં ભારતના અર્થતંત્રના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરીશું.



## હેતુ

આ પાઠ પૂરો કર્યા પછી તમને એટલું જાણવા મળશે કે,

- બે સદીઓ સુધી બ્રિટિશ હકુમત હેઠળ રહ્યા બાદ સ્વતંત્રતા મેળવતી વખતે ભારતની હાલત કેવી થઈ.
- સ્વતંત્રતા મેળવ્યા પછી ભારતના અર્થતંત્રના લક્ષણમાં કેવા ફેરફારો થયા.
- અર્થતંત્રના સુધારાઓની સમજણ.

## 19.1 સ્વતંત્રતા મળ્યાના સમયે ભારતના અર્થતંત્રની સ્થિતિ.

ભારતને બ્રિટિશ પાસેથી એ અર્થતંત્ર વારસામાં મળ્યું કે જેના દ્વારા બ્રિટિશર પોતાના લાભ માટે આ રાષ્ટ્ર પર રાજ્ય કરતા હતા. બ્રિટિશે ક્યારેય પણ ભારત કે તેના નાગરિકોના વિકાસ માટે રસ દાખવ્યો નહોતો. તેમનું ધ્યેય ભારતની સાધન સંપત્તિનું શોષણ કરવાનો અને જેટલું શક્ય હોય તેટલું ઈંગ્લેન્ડ લઇ જવાનું હતું. આ કારણને લીધે જ રેલ્વેના પાટાઓ નાખવામાં આવ્યા જેથી વસ્તુઓ બંદર વિસ્તારમાં લઇ જઇ ઈંગ્લેન્ડ લઈ જવા માટે વહાણ ઉપર ચડાવી શકાય. રેલ્વેનું બાંધકામ ભારત માટે સકારાત્મક પ્રદાન હોય તો પણ તેનો ઉપયોગ બ્રિટિશ હેતુઓ માટે થયો હતો.

બ્રિટિશના સમયગાળાને અંતે નોંધપાત્ર અર્થતંત્રને લગતા લક્ષણો નીચે મુજબ હતા.

i. હસ્તકલા ઉદ્યોગની પડતી.

ii. રોકડિયા પાકોનું ઉત્પાદન.

iii. દુષ્કાળ અને ખોરાકની અછત

iv. કૃષિક્ષેત્રમાં વચોટિયાઓની વૃદ્ધિ.

હવે આપણે આ મુદ્દાઓની એક પછી એક ચર્ચા કરીએ.

નોંધ

**19.1.1 હસ્તકલા ઉદ્યોગની પડતી.**

બ્રિટિશર ભારતમાં આવ્યા તે પહેલા સમ્રાટો અને રાજાઓ આ ભુમિ પર રાજ્ય કરતા હતા. તેઓ સ્થાનિક શિલ્પીઓ, સુથારો, કલાકારો, વણકરો વગેરેના હિતને પ્રોત્સાહન આપતા હતા. સુંદર રંગકામ બનાવવા, દિવાલો સુશોભિત કરવા, વણાટકામ અને ઝવેરાતની રચના કરવામાં, કપડાની સિલાઇ કરવામાં, ઘરનું રાચરચીલું, રમકડાં, પત્થરની અને ધાતુની મૂર્તિઓ બનાવવામાં કારીગરો ખૂબ જ પાવરધા હતા. આ લોકો આ વસ્તુઓ બનાવવામાં તેમના પરિશ્રમ અને સ્થાનિય આવડતોનો ઉપયોગ કરતા હતા. આવી વસ્તુઓ બનાવવામાં ખૂબ જ એકાગ્રતા અને લાંબા સમયની જરૂર પડતી. દેશના જુદા–જુદા સ્થળોએ રાજાઓની કચેરીઓ જુદી–જુદી સામગ્રીમાંથી બનાવેલ કલાત્મક વસ્તુઓથી ભરેલી હતી. પણ જ્યારે અંગ્રેજો આવ્યા ત્યારે તેમણે રાજાઓને હરાવી અને તેમના રજવાડા આંચકી લીધા. કસ્બાઓનો વિનાશ કરવામાં આવ્યો અને તેની સાથે હસ્તકલા ઉદ્યોગ બંધ થયા.

કાપડ વણાટ ઉદ્યોગ એ ભારતીય હસ્તકલાનો ખૂબ જ અગત્યનો ભાગ હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડમાં ઉત્પાદન ક્ષેત્રમાં ફેરફારો થવા લાગ્યા. વસ્તુઓના ઉત્પાદનમાં યંત્રો માનવશ્રમનું સ્થાન લેવા લાગ્યા. વસ્તુઓનું મોટા પાયા પર ઉત્પાદન સરળ બન્યું. વધુ ઔદ્યોગિક એકમો ઉભરી આવ્યા. અંગ્રેજો તેમના યંત્રોમાં બનાવેલ કાપડ સસ્તા દરે અને મોટા જથ્થામાં વેચવા લાવી શક્યા. અંગ્રેજ સરકારે માત્ર અંગ્રેજ ઉત્પાદકોને લાભ થાય તેવી નીતિઓ ઘડી. આથી ભારતના હસ્તકલા ઉદ્યોગને સહન કરવું પડ્યું.

**પાઠના પ્રશ્નો 19.1**

ભારતીય અને અંગ્રેજોના કાપડ ઉત્પાદનની પદ્ધતિઓની સરખામણી કરો.

**પ્રવૃત્તિ**

સંગ્રહાલય કે ઐતિહાસિક સ્થળની મુલાકાત લો અને તે સમયના હસ્તકલા ઉદ્યોગોનો અભ્યાસ કરો.

19.1.2 રોકડિયા પાકનું ઉત્પાદન

ઉપર જણાવ્યા મુજબ ઈંગ્લેન્ડ ઔદ્યોગિકરણના સંદભર્માં ફેરફારો અનુભવી રહ્યું હતું તેથી ત્યાંના ઔદ્યોગિક એકમોને વસ્તુઓ બનાવવામાં કાચા માલસામાનની જરૂરિયાત હતી. કાપડ બનાવવા માટે કપાસની જરૂર હતી તેવી જ રીતે કાપડ પર છાપકામ કરવા માટે ગળીની જરૂરિયાત ઉંચી હોય છે. આ બધું ત્યાનાં ઔદ્યોગિક એકમો માટે જરૂરી હતું.

આ બધાની ભારતમાં ખેતી થતી હતી. તેથી અંગ્રેજોએ ભારતના ગરીબ ખેડૂતોને આ બધા પાક ઉગાડવા પૈસાની તત્પરતા દાખવી જેથી તે આ વસ્તુઓ ઈંગ્લેન્ડ મોકલી શકે. આ પાક અને વસ્તુઓ અન્ય ઉત્પાદનના ઔદ્યોગિક એકમોમાં કાચા માલ સામાન તરીકે ઉપયોગમાં લેવાય છે તેથી તેને રોકડિઓ પાક કહેવાય છે.

પૈસાથી આકષાઈને ભારતના ખેડૂતો અંગ્રેજો માટે આ પાક ઉગાડવા માંડ્યા. તેમણે આ પાક ઈંગ્લેન્ડના ઔદ્યોગિક એકમને પૂરો પાડ્યો. ઔદ્યોગિક એકમોમાં બનેલ માલ ભારતના બજારોમાં વેચવા માટે મોકલાયો. આમ, અંગ્રેજોએ આ વસ્તુઓ ભારતના લોકોને વેચી અને તેમાંથી નફો મેળવ્યો.

### 19.1.3 દુષ્કાળ અને ખોરાકની તંગી

વારંવાર દુષ્કાળના બનાવો એ અંગ્રેજોના ભારતમાં શાસનકાળનો સૌથી ખરાબ ભાગ હતો. દુષ્કાળ એ એવી પરિસ્થિતિ છે જેમાં ઘણા લોકોને ખાવા માટે અનાજ નથી મળ તું અને ભૂખમરા તથા રોગોથી તે મૃત્યુ પામે છે. અંગ્રેજોના શાસનકાળના સમગ્ર સમયમાં આશરે 33 દુષ્કાળો આવ્યા. 1943માં પડેલ બંગાળનો દુષ્કાળ સૌથી વધુ પાયમાલી કરતો દુષ્કાળ હતો જે આઝાદી પ્રાપ્તિના માત્ર ચાર વષ િઅગાઉ જ હતો. આ વખતે અનાજના અભાવમાં 1.5 લાખ કરતાં વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. દુષ્કાળના બનાવો માટે નીચે મુજબ થોડા કારણો આપેલા છે.

i. સિંચાઇ સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે અનાજના ઉત્પાદનને અસ્ત–વ્યસ્ત કરી નાખતો અપૂરતો વરસાદ. કૃષિક્ષેત્ર વરસાદ ઉપર આધારિત હતું.

ii. ખાદ્ય અનાજની સ્થાનિક જરૂરિયાત હોવા છતાં અંગ્રેજ સરકાર આ વસ્તુઓને પોતાના વતન ઈંગ્લેન્ડમાં અને અન્ય સ્થળોએ નિકાસ કરતી રહી હતી. અંગ્રેજ સરકારને અન્ય દેશોમાં અનાજની નિકાસ કરી માત્ર પોતાના માટે જ ઉપજ કરવામાં રસ હતો. વિ વના અન્ય ભાગમાં લડતા સૈનિકોને ખવડાવવા માટે પણ અનાજનો ઉપયોગ કયો.િ તમે જાણો છો કે અંગ્રેજોએ માત્ર ભારતને જ નહી પણ વિ વના અનેક દેશોને કબજે કયા િહતા. અન્ય સરહદો કબજે કરવા આ દેશોમાં લડતા પોતાના સૈનિકો માટે પણ તેઓ ભારતમાંથી અનાજ મોકલતા હતા.

iii. ગરીબ માણસો પાસે બજારમાંથી અનાજ ખરીદવા પૂરતા નાણાં નહોતા.

iv. ઉપર દર્શાવ્યા મુજબ ભારતના ખેડૂતોને તેમના ખેતરમાં રોકડિયા પાકનું ઉત્પાદન કરવા પ્રોત્સાહિત કરતા હતા. આથી અનાજના ઉત્પાદનમાં ઘટાડો થયો કારણકે તેથી ખેતી લાયક જગ્યા ઓછી થઇ ગઇ.

### પાઠના પ્રશ્નો 19.2

1. દુષ્કાળનો અથ િસમજાવો.
2. અંગ્રેજ સરકાર અનાજની નિકાસ શા માટે કરતી હતી

નોંધ



**પ્રવૃત્તિ**

રોકડિયા પાક અને અનાજની યાદી બનાવો.

### 19.1.4 કૃષિક્ષેત્રમાં વચોટિયાઓ.

અંગ્રેજ હકુમત દરમિયાન ભારતના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. 70% કરતા વધુ વસ્તી ખેતી પર નિભર્ર હતી. આથી તે સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત હતો. અંગ્રેજોએ બે પ્રકારની જમીન ઉપજ બનાવી જેમ કે

i. કાયમી વ્યવસ્થા – જેમાં એકઠી કરાતી જમીનની ઉપજ કાયમી નક્કી કરેલી રહેતી.

ii. હંગામી વ્યવસ્થા – જેમાં જમીનની ઉપજ 25-30 વર્ષના સમયગાળા બાદ બદલાતી.

જમીનની ઉપજ એકઠી કરવા અંગ્રેજોએ ભારતના પૂર્વભાગમાં જમીનદાર, પશ્ચિમ ભાગમાં મહાલવારી અને દક્ષિણ ભારતમા રૈયતવારી નીમ્યા, તે લોકો વચોટીયા કહેવાતા કારણકે તેમણે અંગ્રેજ સરકાર અને સામાન્ય લોકો વચ્ચે કામ કરવાનુ રહેતું. તેમનુ કામ ગ્રામીણો ખેડૂતો, અન્ય રહેવાસીઓ પાસેથી ભાડુ, કરવેરા ઇત્યાદિ રૂપમાં લઇ તે ઉપજ સરકારમાં જમા કરવાનું રહેતું. વર્ષો બાદ આ લોકો સામાન્ય માણસોના શોષણખોર બની ગયા કારણ કે લોકોની ગરીબ સ્થિતિની દરકાર કયા વિના ક્રૂરતાથી સરકારી ઉપજ એકઠી કરતા. તેવી જ રીતે અનાવૃષ્ટિ કે પૂરના કારણે થયેલ ઓછા પાકની પરિસ્થિતિમાં પણ લોકોની દયા રાખવામાં ન આવતી. ગ્રામવાસીઓ પાસેથી એકઠી કરેલ સરકારી ઉપજમાંથી આ વચોટીયા તેમાંથી થોડો ભાગ અંગ્રેજ સરકારમાં જમા કરાવતી વખતે પોતાની પાસે રાખી લેતા. સરકારી ઉપજ એકઠી કરવા ઉપરાંત અંગ્રેજ સરકાર રાજ વહીવટ ચલાવવામાં પણ તેના પર આધાર રાખતી. આ રીતે જમીનદાર મહાલવારી અને રૈયતવારી તેમના પોતાના વિસ્તારમાં નાના શાસનકર્તા બની ગયા. તેઓ જે લોકો રાજની ઉપજ ન ભરી શકે તે લોકો પાસેથી તેમની અંગત મિલકત બળપૂર્વક જપ્ત કરતા. આ રીતે આ વચોટીયાઓ સામાન્ય માણસોના ભોગે અને અંગ્રેજ સરકારના આશીવાર્દ હેઠળ ધનવાન અને શક્તિશાળી બની ગયા.

**પાઠ ના પ્રશ્નો 19.3**

1 કાયમી અને હંગામી મિલકત વચ્ચેનો ભેદ લખો.

2 જમીનદાર વિષે ત્રણ વાક્યો લખો.

## 19.2 અંગ્રેજ હકુમતનો હકારાત્મક ફાળો.

અંગ્રેજોના સમયમાં કેટલીક હકારત્મક વસ્તુઓ બની. આજે તમે જે રેલગાડી જુઓ છો તેની સૌપ્રથમ રજુઆત અંગ્રેજ સરકારે 1850માં કરેલી. 1850-1855 વચ્ચે પ્રથમ શણમીલ, પ્રથમ કાપડમીલ અને પ્રથમ કોલસાની ખાણની સ્થાપના કરવામાં આવી હતી. પછીના વર્ષોમાં રેલગાડીની લંબાઇ અને ઉપરોક્ત મીલોની સંખ્યામાં સતત વધારો થયો. અંગ્રેજ સરકારે સંદેશાવ્યવહાર, ટેલીગ્રાફ, પોસ્ટ ઓફિસની દેશમાં સ્થાપના કરી હતી.

## 19.3 સ્વતંત્રતા બાદ ભારતના અર્થતંત્રના લક્ષણોમાં ફેરફારો.

પોતાની સ્વતંત્રતા બાદ ભારતનાં ઈતિહાસમાં નવા યુગનો પ્રારંભ થયો. તે સ્પષ્ટ છે કે ભારતનું સંચાલન તેમના લોકોએ કરવાની જવાબદારી કારણભૂત બની. અંગ્રેજ સરકારથી વિપરીત ભારતસરકારનું ધ્યેય ભારતને વિકાસના ઉંચા સ્તરે લઇ જવાનું હતુ અને તેના બધા જ નાગરિકોનું કલ્યાણ હાંસલ કરવાનું હતું. 2010 વર્ષ સુધીમાં ભારત સરકારે ભારતનું સંચાલન કરવામાં 60 કરતા વધુ વર્ષ પૂરા કર્યા. આ સમયગાળો મૂલ્યાંકન કરવા માટે અને તે મુજબ ભારતીય અર્થતંત્રના મુખ્ય લક્ષણોનું અથવા (આકારણી) કરવા માટે પૂરતો લાંબો છે. જે નીચે મુજબ છે.

માથાદીઠ ઓછી આવકનું સ્તર, માથાદીઠ આવકમાં ધીમો વધારો, વસ્તીનું ઉંચું ભારણ, ગરીબાઇનું અસ્તિત્વ અને વિકાસની યોજના પર અવલંબન.

હવે આપણે એક પછી એક નીચે મુજબ ચર્ચા કરીએ.

1) માથાદીઠ ઓછી આવકનું સ્તર.

રાષ્ટ્રીય આવકને તેની વસ્તી વડે ભાગવાથી માથાદીઠ આવકની ગણતરી થાય છે. વ્યક્તિની આવક એ તે / તેણીના જીવનના સ્તરનો માપદંડ છે. માથાદીઠ આવક વર્ષ દરમિયાનના અર્થતંત્રમાં દરેક વ્યક્તિએ એકંદરે મેળવેલી આવકનો ખ્યાલ આપે છે. ભારતની માથાદીઠ આવક 2009-2010 વર્ષ માટે રૂ. 33731 હતી. તે લગભગ રૂ. 2811 પ્રતિમાસ થાય છે. (એટલે કે 33731/12=2811) આ આંકડો સારૂં જીવન જીવવા માટે ખૂબ જ ઓછો છે. પ્રત્યેક વ્યક્તિને રહેવા માટે ઘર, પહેરવા માટે કપડાં અને પહેરવેશ અને ખાવા માટે ખોરાકની જરૂર પડે છે. આ બધી વસ્તુઓ તેની કિંમત ચૂકવીને બજારમાંથી ખરીદવી પડે છે. વ્યક્તિને રહેવા માટે બજારમાંથી કપડાં અને ખાદ્ય સામગ્રી ખરીદવી પડે છે. અનાજ, શાકભાજી, કપડાં વગેરેની...કિંમત ઉંચી હોવાથી તમે માનો છો કે, રૂ. 2811 આ ખર્ચને પહોંચી વળવા પૂરતી છે?

### પ્રવૃત્તિ

બજારમાં જાઓ અને ચોખા, ઘઉંનો લોટ, બટાટા અને ડુંગળીના ભાવ શોધી કાઢો. ગયા મહિને આ વસ્તુઓનો કેટલો જથ્થો વપરાયો તેનો અંદાજ મેળવો. ત્યારબાદ આ વસ્તુઓ પાછળ કેટલો ખર્ચ થયો તે શોધી કાઢો. તેજ રીતે તમારા કુટુંબને આ વસ્તુઓ

નોંધ

પાછળ કેટલો ખર્ચ કરવો પડયો તે શોધી કાઢો. ત્યારબાદ આ ખર્ચને પહોંચી વળવા કેટલી આવક જોઇએ તેનો વિચાર કરો.

2) માથાદીઠ આવકનો ધીમો વૃદ્ધિદર.

ભારતની માથાદીઠ આવક માત્ર ઓછી નથી પણ ખૂબજ ધીમી ગતિએ વૃદ્ધિ પામે છે. વૃદ્ધિ સમય સાથે વધારાનો નિર્દેશ કરે છે. આપણે શા માટે દરેક વર્ષ આવક વધારવાનું ઇચ્છિએ છીએ ? તેના માટે થોડા કારણો છે.

પ્રથમ – સમય સાથે આપણી વૃદ્ધિ થાય તો આપણી જરૂરિયાતો વધે છે. વધારાની જરૂરિયાતોને સંતોષવા માટે આપણને વધારે આવક જોઇએ. તમારો પોતાનો જ દાખલો લો. સિનેમાગૃહમાં તમને સિનેમા જોવાની ઇચ્છા ન થાય તો, તમને સારા કપડાં પહેરવાની ઇચ્છા ન થાય, ઉપહારગૃહમાં ભોજન લેવાની ઇચ્છા ન થાય, સ્ટેડિયમમાં IPL ક્રિકેટ મેચ જોવાની ઇચ્છા ન થાય, કોલેજમાં ભણવાની ઇચ્છા ન થાય, તમારા માટે મોબાઇલ ફોન હોય પણ તેમ ન ઇચ્છો વગેરે... યાદી અનંત સુધી થાય. પણ આ બધી વસ્તુઓ વિના મૂલ્યે મળતી નથી. આથી આ ઇચ્છાઓ સંતોષવા અગાઉ કરતાં તમારે વધુ આવકની જરૂર પડે.

બીજું, વધારે આવક મેળવવાનું અન્ય કારણ એ પણ છે કે બજારમાંથી જે વસ્તુઓ તમે ખરીદો છો તેની કિંમત પણ વધતી જાય છે. આથી તમે જે માલ–સામાન તથા સેવાઓનો ઉપયોગ કરો છો તેજ વસ્તુઓ માટે તમારી વધુ નાણાં ચૂકવવા પડે છે. હમણા જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. દિલ્હીમાં લીટર દીઠ લગભગ રૂપિયા 5નોવધારો થયો છે. ધારો કે કોઇ વ્યક્તિ પગરખાં દિલ્હીથી સીમલા લઇ આવવા ટ્રક ચલાવે છે. તે સીમલાની બજારમાં જોડી દીઠ 300 રૂપિયામાં વેચે છે. અગાઉ તેને ફેરા દીઠ ડીઝલ પર રૂપિયા 3100 ખર્ચ થયો હતો. પણ ભાવ વધારાને લીધે તેનો ડીઝલ ખર્ચ પણ વધ્યો અને ધારો કે તે રૂપિયા 3700 થયો. તે આ વધારાના રૂપિયા 600 ની વ્યવસ્થા કઇ રીતે કરશે ? તેનો એક રસ્તો પગરખાંની જોડીની કિંમત રૂપિયા 300થી વધારી ધારો કે 325 કરવી. જો તમે સિમલામાં રહેતા હો અને તમારે પગરખાં ખરીદવા હોય તો તમારે અગાઉ કરતાં જોડી દીઠ રૂપિયા 25 વધારે ચૂકવવા પડે. તમે આ વધારાના 25 રૂપિયા ક્યાંથી મેળવશો ? તમારી આવક આ વધારાના ખર્ચની મેળ બેસાડવા વધારવી પડે. તમે આવીજ અન્ય વસ્તુઓ પાછળ ખર્ચ કરો છો અને આ અન્ય વસ્તુઓની કિંમત પણ આ જ પદ્ધતિથી વધે છે. તેથી તમારી આવક હજુ વધારે દરથી વધવી જોઇએ.

પણ કડવા સત્ય તરીકે ભારતમાં માથાદીઠ આવક દેખીતી રીતે વધી નથી. હમણાં જ આપણે કહ્યું કે 2009-2010માંભારતની માથાદીઠ આવક રૂપિયા 33,731 હતી. તમે જાણો છો કે આ આંકડો તેના આગળના વર્ષ 2008-2009 માં રૂપિયા 31,801 હતો. તેનો અર્થ એ થયો કે વ્યક્તિદીઠ આવક ફક્ત રૂપિયા 1930 વધી. તો પછી પ્રતિમાસ વધારો કેટલો થયો ? આ વધારો પ્રતિમાસ 160 રૂપિયા હતો. શું આ વધારો જુદી જુદી વસ્તુઓના ભાવવધારાને પહોંચી વળવા પૂરતો છે? યાદ રાખો કે તમારે માત્ર પગરખાં ખરીદવા વધારાના રૂપિયા 25 ચૂકવવા પડ્યા. તમારે બીજી ઘણી વસ્તુઓની જરૂરિયાત છે. જેના માટે તમારે વધુ રૂપિયા ચૂકવવા પડે છે. આથી રૂપિયા 160 નો વધારો તમારી

અત્યારની જરૂરિયાતો સંતોષવા પૂરતી નથી તો અન્ય વધારાની જરૂરિયાતોની વાત જ શી કરવી ? આપણે અથર્તંત્રના સવેર્માં આપેલ માથાદીઠ આવકની માહિતીને કોષ્ટકના સ્વરૂપમાં નીચે મુજબ રજૂ કરીએ છીએ.

કોષ્ટક 19.1 ભારતની માથાદીઠ આવક

માથાદીઠ આવક (રૂપિયામાં)

| વષ ર્ | માથાદીઠ આવક (રૂપિયામાં) | વૃદ્ધિ (રૂપિયામાં) |
|---|---|---|
| 2008-2009 | 31801 | —— |
| 2009-2010 | 33731 | 160 |

ત્રીજું, અંતે આપણે આપણી આવકની વૃદ્ધિ થાય તેવું ઇચ્છીએ છીએ જેથી જરૂરિયાતના સમયમાં એકબીજાને મદદરૂપ થઇ શકીએ અથવા એકબીજાને ખુશ રાખી શકીએ. આપણે ભૂલી ન જવું જોઇએ કે આપણે આપણા સગાંઓ, મિત્રો અને બીજાઓ જોડે સમાજમાં જીવીએ છીએ. આપણને દરેક સમયે એકબીજાની મદદ અને સહકારની જરૂર છે. તમે ક્યારેય તમારા મિત્રને જરૂરીયાતના સમયમાં મદદ કરી છે ? તમને ઇચ્છા થતી હશે કે ખાવાનું ન મળતું હોય તેવા ગરીબ માણસને મદદ કરવી જોઈએ. તમને જરૂરીયાતમંદ મિત્ર માટે પુસ્તક ખરીદવાની ઇચ્છા થતી હશે. તમને તમારા નાના ભાઇ બહેન માટે ચોકલેટ ખરીદવાની ઇચ્છા થતી હશે. આ બધા જ કિસ્સામાં તમારી જરૂરીયાત પૂરી કયા ર્પછી વધારે પૈસાની જરૂર પડે. પણ જો આપણે આપણી વધતી જતી જરૂરીયાતને સંતોષવા આપણે વધુ આવક ન મેળવી શકીએ તો આપણી ઇચ્છા હોવા છતાં બીજાને કેવી રીતે મદદ કરી શકીએ?

## પાઠના પ્રશ્નો 19.4

1. 2008-2009 કરતાં 2009-2010 માં ઉપરના કોષ્ટક –1 માંથી વધારાની આવકના ટકા શોધો. (તમારી ગણિતની આવડતનો ઉપયોગ કરો.)
2. માથાદીઠ આવકની વ્યાખ્યા આપો.
3. 2009v2010 માં ભારતની માથાદીઠ આવક કેટલી હતી ?
4. વસ્તીનું ભારે દબાણ.

ભારતના અથર્તંત્રમાં વસ્તી વધારો ખૂબ છે. તે છેલ્લા 60 વષર્માં ત્રણ ગણી વધી છે. સ્વતંત્રતા સમયે 1947માં વસ્તી 35 કરોડ હતી. 2011 માં થયેલી વસ્તી ગણતરી મુજબ ભારતની વસ્તી 1.21 અબજ છે. તે વિ વમાં ચીન પછી બીજા ક્રમે આવે છે. અને તે ભવિષ્યમાં ચીનથી આગળ નીકળી જઇ શકે. આપણે વધુ વસ્તીની શા માટે ચિંતા કરવી જોઇએ ? ખૂબ જ સાદુ છે. વધારે લોકો એટલે ખાવા માટે વધારે મોઢાં. તે સૂચવે છે કે વધારે

નોંધ

અનાજનું ઉત્પાદન કરવું. દર વર્ષે વસ્તીમાં વધારો થાય છે તેથી દર વર્ષે વધારે અનાજનું ઉત્પાદન કરવું પડે છે. આ સહેલું કામ નથી. કારણકે ખેતીકામ માટેની જમીન પ્રમાણસર વધતી નથી. આથી જો અન્ન ઉત્પાદન વસ્તી વધારાને અનુરૂપ ન હોય તો પ્રત્યેક વ્યક્તિદીઠ અથવા માથાદીઠ અનાજના પૂરવઠાની પ્રાપ્યતાઘટી જશે. અખિલ ભારતને એક કુટુંબ તરીકે લઇએ તેનો અર્થ એ થાય કે કુટંબના દરેક સભ્યને ખાવા માટે ઓછું અન્ન મળે. શું આ ભય સૂચક નથી ?અનાજ ઉપરાંત વધુ વસ્તી એટલે વધુ વસ્ત્રો, ભણતર અને આરોગ્ય સેવા માટે વધુ ખર્ચ, વધારે આવાસસ્થાનો. આ બધી સવલતો પૂરી પાડવા માટે પૂરતા સ્ત્રોતો આપણી સરકારને બક્ષીસ તરીકે અપાયેલ છે. પણ એવું નથી. નહી તો શહેરોમાં ઝૂંપડપટ્ટી ન હોય અને ગલીઓમાં ભિખારીઓ ન હોય. ભારતની વસ્તીનું જમા પાસુ એ છે કે વિશ્વના બીજા દેશોની સરખામણીમાં ભારત પાસે ખૂબ જ વધુ યુવાધન છે. ભારતની વસ્તીનો લગભગ અર્ધો ભાગ 0 થી 25 વર્ષની વય જૂથમાં છે. 121 કરોડ લોકોમાં આશરે 78.5 કરોડ લોકો 35 વર્ષથી નીચેના છે. તેનો અર્થ શું થયો ? યુવાનો શક્તિ અને ઉત્સાહથી ભરેલા હોય છે અને તેની કામ કરવાની ક્ષમતા વધુ હોવાથી તેમની પાસેથી વધારે સારા પરિણામની આશા રાખી શકાય. તે પરાવલંબી ગુણોત્તર ઓછો હોવાનું સૂચવે છે. તમે જાણો છો કે ભારતમાં કયા ત્રણ રાજ્યો સૌથી વધુ ગીચ વસ્તીવાળા છે ? તે ઉત્તરપ્રદેશ પછી મહારાષ્ટ્ર અને ત્યાર બાદ બિહાર. તે જાણવું રસપ્રદ નીવડશે કે ઉત્તરપ્રદેશની વસ્તી લગભગ બ્રાઝિલ જેટલી છે જે વિશ્વના સૌથી વધુ જમીન વિસ્તાર ધરાવતા દેશોમાંનો એક છે. જ્યારે મહારાષ્ટ્રની વસ્તી મેક્સિકોની જેટલી છે. આની સ્પષ્ટતા કરવા નીચેનું કોષ્ટક 2 જુઓ.

હકીકતમાં ભારતની કુલ વસ્તી લગભગ અમેરિકા, જાપાન, ઇન્ડોનેશિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશની સંયુક્ત વસ્તી જેટલી છે.

કોષ્ટક 19.2, 2011ની વસ્તી ગણતરી મુજબ ભારત અને રાજ્યોની વસ્તી. (કરોડમાં)

| | |
|---|---|
| ઉત્તરપ્રદેશ – 19.9 | બ્રાઝીલ – 19.07 |
| મહારાષ્ટ્ર – 11.2 | મેક્સિકો – 11.2 |
| ભારત – 121 | |

ગરીબાઇનું અસ્તિત્વ

દુનિયાના લગભગ એક તૃતિયાંશ લોકો ભારતમાં રહે છે. શેરીઓમાં ભિખારીઓ, કસ્બા અને શહેરોમાં ઝૂંપડપટ્ટી, ખેતરો અથવા રસ્તાની બાજુઓ પર આવેલા ધાબા અથવા ઘર અને કારખાનાઓમાં કામ કરતા વગેરે બાળકો જુઓ. આ દેશમાં ગરીબીના દર્ષ્ટાંતો છે. નીચેનું કોષ્ટક – 3 જુઓ. ભારતની વસ્તીમાં 30 કરોડ કરતા વધુ લોકો ગરીબીથી પીડાય છે. જે કુલ વસ્તીના 27.5 ટકા થાય છે. તેમાંના 22 કરોડ કરતાં વધુ લોકો ગ્રામીણ વિસ્તારમાં રહે છે. બાકીના કસ્બા અને નગરો એટલે કે શહેરી વિસ્તારમાં રહે છે.

ભારતના જુદા જુદા રાજ્યોમાં ઓરિસ્સા ગરીબાઇથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. કારણકે તેની કુલ વસ્તીના 46 ટકા ગરીબ લોકો છે જે બધા રાજ્ય કરતાં સૌથી વધુ છે. ત્યાર બાદ છત્તીસગ– અને પછી બિહાર છે. સંખ્યાની દર્ષ્ટિએ ગરીબ લોકોમાં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ સંખ્યામાં ગરીબ લોકો છે. પંજાબ, હરિયાણા અને આંધ્રપ્રદેશ તરફ દર્ષ્ટિ પણ કરો. તે

ગરીબાઇથી સૌથી ઓછા અસરગ્રસ્તોમાંના છે. કારણકે ઓરિસ્સા, બિહાર અને ઉત્તરપ્રદેશની સરખામણીમાં આ રાજ્યોમાં ગરીબ લોકોની ટકાવારી ઓછી છે.

કોષ્ટક 19.3, ભારતમાં થોડા રાજ્યોમાં ગરીબાઇની પરિસ્થિતિ.

| રાજ્ય | ગરીબ લોકોની ટકાવારી | ગરીબ લોકોની સંખ્યા(લાખમાં) |
|---|---|---|
| ઓરિસ્સા | 46 | 179 |
| છત્તીસગઢ | 41 | 91 |
| બિહાર | 41 | 369 |
| ઉત્તરપ્રદેશ | 35 | 590 |
| આંધ્રપ્રદેશ | 16 | 126 |
| હરિયાણા | 14 | 32 |
| પંજાબ | 08 | 22 |
| સમગ્ર ભારત | 27.5 | 3017 |

સ્ત્રોત : આર્થિક સર્વેક્ષણથી સંકલન કરેલું

જ્યારે તમે કોષ્ટક 20.3 નો અભ્યાસ કર્યો ત્યારે તમે શું તારણ કાઢ્યું ? ગરીબ લોકોની ટકાવારી એ 100માંથી કેટલા ગરીબ લોકો છે તે કહે છે. જ્યારે ગરીબ લોકોની કુલ સંખ્યા એ નિરપેક્ષ સંખ્યા છે. જુઓ ઓરિસ્સામાં 179 લાખ ગરીબ લોકો છે જે ઉત્તરપ્રદેશના 590 લાખ ગરીબો કરતાં ખૂબજ ઓછા છે. પણ ઓરિસ્સામાં પ્રત્યેક 100 લોકોમાંથી લગભગ 46 ગરીબ છે જ્યારે ઉત્તરપ્રદેશમાં પ્રત્યેક 100 લોકોમાંથી 35 ગરીબ છે. કારણકે ઉત્તરપ્રદેશની કુલ વસ્તી ઓરિસ્સા કરતાં વધુ છે. તેથી ઉત્તરપ્રદેશમાં ગરીબ લોકોની નિરપેક્ષ સંખ્યા ઓરિસ્સા કરતાં વધુ છે. ઉંચી ટકાવારીને કારણે ઓરિસ્સા એ ઉત્તરપ્રદેશ કરતાં ગરીબીમાં વધુ અસરગ્રસ્ત છે.

ગરીબાઇ એ માનવજાત માટે અભિશાપ છે. ગરીબ માણસને તેની રોજબરોજની અનિવાર્ય અને જરૂરી વસ્તુઓ બજારમાંથી ખરીદવી ન પરવડે. તે રોજના બે ટંક સરખું ભોજન ન લઇ શકે કે કાચુ મકાન ન હોય. તેના માટે ભણતર, આરોગ્ય સંભાળ વગેરે મેળવવા કઠીન થઇ પડે છે. આમ શા માટે થાય છે ? તેના અનેક કારણો હોઇ શકે.

પ્રથમ, ગરીબીથી અસરગ્રસ્ત માણસ બેરોજગાર હોય અથવા તે વર્તમાન વ્યવસાયમાંથી ખૂબજ ઓછી આવક મેળવતા હોય જે તેમની પાયાની જરૂરિયાતો પૂરી પાડવામાં અપૂરતી હોય છે.

બીજું, બીજા લોકો દ્વારા તેની જ્ઞાતિ, ધર્મ અથવા જાતિના આધારે શોષણનો ભોગ બન્યા હોય છે.

ત્રીજું, માણસ ગરીબ થઇ ગયો હોય કારણકે, તેની પાસે જમીન અથવા ઘર સ્વરૂપે મિલકત વગેરે નથી હોતી. જેમને બાપદાદાની મિલકત વારસામાં મળી હોય તે બીજાઓ કે જેમની પાસે મિલકત નથી તેમના કરતાં વધુ ફાયદાઓ ભોગવી શકે છે.

નોંધ

ચોથું, કદાચ સરકારના પ્રયત્નો અસરકારક ન હોય. સરકારમાં લાંચ રૂ વત અને નિર્ણયો લેવામાં ધીમી ગતિ એ ગરીબાઇ દૂર કરવામાં અવરોધકારક છે. જો કે ગરીબાઇનું અસ્તિત્વ માત્ર સરકારની નિષ્ફળતા જ નથી. પણ મોટા પાયે લોકો અને સમાજની નિષ્ફળતા છે. એકબીજાને મદદ કરવી જોઇએ, બધા સારી રીતે જીંદગી જીવી શકે તેવો સહકાર આપવો જોઇએ.

(આપણે ગરીબાઇનો ખ્યાલ અને સરકાર દ્વારા ગરીબાઇ દૂર કરવાના સરકારના પગલાંની ચર્ચા કરીશું.)

## પાઠના પ્રશ્નો 19.5

1.શું તમે જાણો છો કે, ગરીબાઇ અને બેરોજગારી આંતરિક રીતે સંકળાયેલા છે ?

2.કોષ્ટક 20.3 માં આપેલ ઓરિસ્સા અને પંજાબના આંકડાઓની સરખામણી કરો. પ્રવૃત્તિ કોષ્ટક 3 માં આપેલ માહિતી પરથી રાજ્યોની વસ્તીની ગણતરી કરો. તમારા ગાણિતીય જ્ઞાનનો ઉપયોગ કરો.

### 5. કૃષિક્ષેત્ર પર અવલંબન

અર્થતંત્રમાં લોકો પોતાનું જીવનનિર્વાહ મેળવવા અનેક પ્રવૃત્તિઓને અનુસરે છે. જેમ કે કૃષિક્ષેત્ર, ઔદ્યોગિકક્ષેત્ર અને સેવા ક્ષેત્ર. (આપણે તેનો એકમ – માં ઉંડાણપૂર્વક અભ્યાસ કરીશું.) ભારતીય અર્થતંત્ર પરંપરાગત કૃષિક્ષેત્ર પર આધારિત છે. 1951માં પ્રથમ યોજનાની શરૂઆતમાં 70 ટકાથી વધારે વસ્તી કૃષિક્ષેત્ર અને તેને અનુરૂપ પ્રવૃત્તિમાં રોકાયેલ હતી. જો તેનું પ્રમાણ નીચું ગયું હોય તો પણ અત્યારે આશરે 60 ટકા વસ્તી 21મી સદીની શરૂઆત એટલે કે 2001 માં કૃષિક્ષેત્ર પર અવલંબે છે.

### 6. વિકાસનું આયોજન

સ્વતંત્રતા પછી ભારતના અર્થતંત્રનું મુખ્ય લક્ષણ અર્થતંત્રના આયોજનની પ્રક્રિયા મારફત વિકાસ હાંસલ કરવા માટે સખત પ્રયાસો કરવાનું છે.

આ છેલ્લા 60 વર્ષથી ચાલી આવતી ખૂબ હકારાત્મક ઘટના છે.

ભારત સરકારે પંચવર્ષીય યોજનાઓ અપનાવી છે જેમાની પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆત 1951માં થઇ. આ યોજનાનો ગાળો 1951 થી 1956નો હતો. તદનુસાર બીજી પંચવર્ષીય યોજના 1956માં શરૂ થઇ અને 1961માં પૂર્ણ થઇ અને ત્યાર બાદ આગળ ચાલ્યું. ભારતની જુદી–જુદી યોજનાઓનો સમયગાળો જાણવા નીચેનું કોષ્ટક – 4 જુઓ.



નોંધ

કોષ્ટક –19.4

| યોજના | ભારતમાં યોજનાનો સમયગાળો |
|---|---|
| પ્રથમ | 1951-1956 |
| બીજી | 1956-1961 |
| ત્રીજી | 1961-1966 |
| વાર્ષિક યોજના | 1966-67, 1967-68, 1968-69 |
| ચોથી | 1969-1974 |
| પાંચમી | 1974-1979 |
| વાર્ષિક યોજના | 1979-1980 |
| છઠી | 1980-1985 |
| સાતમી | 1985-1990 |
| વાર્ષિક યોજના | 1990-91 અને 1991-92 |
| આઠમી | 1992-1997 |
| નવમી | 1997-2002 |
| દસમી | 2002-2007 |
| અગિયારમી | 2007-2012 |

તમે યોજનાનો અર્થ શું કરો છો? યોજનાનો અર્થ ભવિષ્યમાં કંઇ પણ કરવાની તૈયારી કરવી. તેનો અર્થ તમે નિર્ધારિત કરેલ લક્ષ્ય હાંસલ કરવાના કોયડાને ઉકેલવો એમ કરી શકો.

તમે તમારું પોતાનું ઉદાહરણ લઇ શકો. ધારો કે તમારે આવતા વર્ષે ધોરણ દસની પરીક્ષા આપવી છે. ધારો કે તમારી પાસે આજથી દસ મહિનાનો સમય છે. તમે તેના માટે કઇ રીતે આગળ વધશો? સ્પષ્ટ છે કે તમે તમારૂ લક્ષ્ય હાંસલ કરવા માટે યોજનાબદ્ધ રીતે તૈયારી કરશો. એટલે કે પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે અને તે પણ સારા ગુણ સાથે. તે સમજવા માટે તમારી તૈયારી નીચેની બાબતોને સમાવશે.

i. પુસ્તકો ખરીદવા માટે પૈસાની સગવડ કરવી.
ii. દરરોજ અભ્યાસ અને અન્ય કાર્યો માટે સમયની ફાળવણી.
iii. દરેક વિષય માટે દરરોજ સમયની ફાળવણી. જેમકે અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જીવવિજ્ઞાન, હિંદી, ઇન્ગ્લીશ વગેરે.
iv. ધારો કે દરેક મહિના કે દરેક બે કે ત્રણ મહિના પછી તમારી તૈયારીનું મુલ્યાંકન કરવું.

તે જ પ્રમાણે ભારત સરકાર તેના અર્થતંત્ર તેમજ બીજા ઘણા ક્ષેત્રની સમસ્યાઓનો ઉકેલ મેળવવા આયોજન કરતી આવે છે. આયોજન જરૂરી છે કારણકે સમસ્યાઓનો ઉકેલ એક કે બે દિવસમાં લાવવો સરળ નથી. ઉદાહરણ તરીકે અનાજનું ઉત્પાદન વધારવાની સમસ્યા

નોંધ

લો. તેને માનવશતિ, કાચો માલસામાન, યંત્રો, પૈસા ઇત્યાદિના સ્વરૂપમાં સાધનોની ફાળવણી જરૂરી છે. જેનો યોગ્ય રીતે ઉપાયોગ થવો જ જોઇએ જેથી સૌથી ઓછો બગાડ, થાય. તે જ પ્રકારે બીજી ઘણી સમસ્યાઓ પણ છે. જેમકે દર વર્ષે ઘણા યુવાન લોકોને નોકરી કે કામધંધો આપવાની સમસ્યા, ગરીબ માણસોના જીવનનું સ્તર સુધારવાની સમસ્યા, ગ્રામીણ લોકોને ચોખ્ખું પીવાનું પાણી પૂરૂં પાડવું, ભારતના જુદા જુદા ગામડાઓ અને કસબાઓને જોડતા રસ્તાઓ બાંધવા વગેરે. તમે આવી હજારો સમસ્યાઓ ગણાવી શકો.

ભારતે પંચવર્ષીય યોજનાઓ અપનાવી છે તેથી તે વિશેષ યોજનાની શરૂઆતમાં આવતા પાંચ વર્ષમાં કઇ સમસ્યાઓને હલ કરવી તે જાહેર કરે છે. અને સત્ર સમાપ્તિ સમયે સમગ્ર પરિસ્થિતિ અને તે દિશામાં કેટલી પ્રગતિ થઇ તેની સમીક્ષા કરે છે. ઉપરના કોષ્ટક–4 માં પંચવર્ષીય યોજનાઓના સમયગાળા આપેલા છે. આપણે દશ પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ કરેલ છે. અગિયારમી યોજના 2012માં સમાપ્ત થશે. તમે જોઇ શકશો કે 1966-1969 ના સમયગાળામાં કોઇ પંચવર્ષીય યોજના નહોતી. પણ ફક્ત વાર્ષિક યોજનાઓ હતી. પંચવર્ષીય યોજનાનો અમલ કરવા નાણાકીય અને અન્ય સ્ત્રોતના અભાવના કારણસર આમ બનેલું. આમ શા માટે થયું? આમ બનવાનું કારણ એ હતું કે ભારત 1962માં ચીન સામે અને 1965માં પાકિસ્તાન સામે લડ્યું હતું જેના કારણે સરકારે આ લડાઇ લડવા માટે સ્ત્રોતોને તે દિશામાં વાળવા પડ્યા. ભારતે અનાવૃષ્ટિની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. જેથી આ સમયગાળામાં કૃષિ ઉત્પાદન ઓછું થયેલ આથી પંચવર્ષીય યોજના તરફ આગળ વધવું મુશ્કેલ હતું અને ભારતને વાર્ષિક યોજનાઓની વ્યવસ્થા કરવી પડી. જ્યારે પરિસ્થિતિ સુધરી ત્યારે તેણે 1969માં ચોથી પંચવર્ષીય યોજના ફરી શરૂ કરી.

1979માં કેન્દ્રમાં સરકારનો ફેરફાર થયો. તેથી છઠ્ઠી પંચવર્ષીય યોજના 1980માં શરૂ થઇ. અને 1979-80 નો સમયગાળો વાર્ષિક યોજનામાં પરિવતિર્ત થયો.

યોજનાઓના ખર્ચ.

પ્રત્યેક યોજનામાં સરકાર જુદા જુદા ક્ષેત્રો માટે સ્ત્રોતોની ફાળવણી કરે છે. જેમકે, કૃષિક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર, શિક્ષણ, પરિવહન, સંદેશા વ્યવહાર, સદ્ભાવના વિકાસ અને સામાજિક ક્ષેત્રો. તેનું ધ્યેય આપેલ સ્ત્રોતોને નક્કી કરેલ ક્ષેત્રોના વિકાસ માટે ઉપયોગમાં લેવાનું છે. જેના લક્ષ્ય સરકારે જે તે સમયગાળા માટે નિર્ધારિત કરેલ હોય છે. ઉદાહરણ તરીકે કૃષિક્ષેત્ર માટેના સ્ત્રોતોનો ઉપયોગ જમીનની ઉત્પાદન ક્ષમતા વધારવા, સિંચાઇ સવલતોનો વિસ્તાર વગેરે માટે કરી શકાય. તે જ પ્રમાણે શિક્ષણ માટેના સ્ત્રોતોનો ઉપયોગ નિશાળના મકાનો બાંધવા, લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરવા ઇત્યાદિમાં કરી શકાય. આપણે સ્ત્રોતોને રૂપિયાના સ્વરૂપમાં દર્શાવી શકીએ. પ્રથમ પંચવર્ષીય યોજનામાં જુદા જુદા ક્ષેત્રોમાં ખર્ચને પહોંચી વળવા કુલ આંકડો રૂપિયા 36,44,718 કરોડનો સૂચવાયો છે. પ્રથમ યોજનાથી અગિયારમી યોજના

સુધીમાં ખર્ચમાં થયેલ અનેકગણા વધારાના કારણો નીચે મુજબ છે. (a) વસ્તી વધારો (b) જરૂરિયાતોનો વધારો (c) બજારમાં કિંમતનો વધારો.

## પ્રવૃત્તિ

તમે ધારો કે એક એકર જમીનમાં આ વર્ષે થયેલ 5 ક્વિંટલ ઘઉંમાંથી આવતા વર્ષે 8 ક્વિંટલ ઘઉંનું ઉત્પાદન કરવા ઇચ્છો છો. તમે આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા શું આયોજન કરશો ?

## તમે શું શીખ્યા.

- ભારતીય અર્થતંત્રના વિકાસના બે ભિન્ન પાસાં છે. પ્રથમ અંગ્રેજોના સમય દરમિયાન અર્થતંત્ર અને બીજું સ્વતંત્રતા બાદનું અર્થતંત્ર.
- અંગ્રેજોના સમય દરમ્યાન પોતાના લાભ માટે અંગ્રેજોએ ભારતના અર્થતંત્રનું શોષણ કરેલું. તેના પરિણામે અર્થતંત્રે દુષ્કાળ અને વચેટિયાઓ દ્વારા થયેલ શોષણનો ભોગ બનવું પડેલ. તેના પરિણામે સ્વતંત્રતા સમયે ભારતમાં મોટા પાયે ગરીબાઇ હતી.
- સ્વતંત્રતા બાદ તેના લોકોની આશાઓને અનુરૂપ પરિસ્થિતિમાં ફેરફાર ન થયો. ભારત અત્યારે પણ માથાદીઠ ઓછી આવક અને સમયાનુસાર તેના ધીમા વધારા, ગરીબાઈ, ગીચ વસ્તીના દબાણ ઇત્યાદિ માટે જાણીતું છે.
- પણ ભારતને તેની પંચવર્ષીય યોજનાઓ મારફત આશાઓ છે જે નિશ્ચિત લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવાનું નક્કી કરે છે.

## સત્રાંત મૂલ્યાંકન

1. હંગામી સમજૂતીનો તમે શું અથ ર્કરો છો?
2. અંગ્રેજો રોકડિયા પાકની ખેતી થાય તેમ કેમ ઇચ્છતા હતા?
3. ભારતમાં દુષ્કાળના બનાવો માટેના બે કારણો આપો.
4. ભારતની ગીચ વસ્તીનું એક જમા પાસું આપો.
5. માથાદીઠ આવકની વ્યાખ્યા પરથી તમે તેના ધીમા વધારા માટેનું એક કારણ આપો.
6. અંગ્રેજોના સમય દરમ્યાન દુષ્કાળનો ટૂંકમાં અહેવાલ આપો. આવા દુષ્કાળો પડવાના કારણો આપો.
7. વચેટિયાઓ કોણ હતા? તેમણે ભજવેલ ભાગ વર્ણવો.
8. ભારત સરકારે આયોજનનું શા માટે અનુકરણ ક્યું.
9. તમે માનો છો કે ભારત ગરીબ દેશ છે? તમારા કારણના જવાબ આપો.

નોંધ

## પાઠના પ્રશ્નોના જવાબો

**પાઠને લગતા પ્રશ્નો 19.1**

1. ઉત્પાદન માટે ભારત કાપડ ઉદ્યોગમાં માનવશ્રમનો ઉપયોગ કરતી હતી, જ્યારે અંગ્રેજ તેમા યંત્રોનો ઉપયોગ કરતી હતી.

**પાઠને લગતા પ્રશ્નો 19.2**

1. દુષ્કાળ એ ખોરાકની તંગીની પરિસ્થિતિનો નિદેર્શ કરે છે જે ઘણા લોકોના ભૂખમરા અને મૃત્યુ તરફ દોરી જાય છે.
2. અંગ્રેજો સરકારી આવક કમાવા માટે અનાજની નિકાસ કરતા હતા.

**પાઠના પ્રશ્નો 19.3**

1. જમીન પર સરકારી કર કાયમ ખાતે નક્કી કરવા તેને કાયમી સમજૂતી કહે છે. દર 25-30 વર્ષે જમીન પરના સરકારી કરની ફેર તપાસણી કરવી તેને હંગામી સમજૂતી કહેવાય છે.
2. ભારતના પૂર્વ પ્રાંતોમાં અંગ્રેજોએ જમીનદાર નીમેલા હતા. તેમનું કામ લોકો પાસેથી સરકારી કરની વસુલાત કરવી. તેઓ સ્થાનિક વહીવટ કરવા માટે પણ જવાબદાર હતા.

**પાઠના પ્રશ્નો 19.4**

1. 6.06
2. માથાદીઠ આવક = $\frac{\text{રાષ્ટ્રીય આવક}}{\text{વસ્તી}}$
3. રૂ. 33,731

**પાઠના પ્રશ્નો 19.5**

1. Yes
2. ઓરિસ્સાની 46 ટકા વસ્તી ગરીબ છે. જ્યારે પંજાબની 8 ટકા વસ્તી ગરીબ છે. તેથી પંજાબ, ઓરિસ્સા કરતાં ધનીક છે.




નોંધ

# 20

# ભારતીય અર્થતંત્રના વિભાગીય દ્રષ્ટિકોણ

આપણે જુદી જુદી વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કરીએ છીએ તેમનું બે પ્રકારમાં વર્ગીકરણ કરી શકાય. (1) ખાદ્ય વસ્તુઓ અને (2) બિન ખાદ્ય વસ્તુઓ. ખોરાક બનાવવા આપણને ખાદ્ય અનાઝ, ફળો, શાકભાજી તથા ખાદ્ય તેલ વગેરેની જરૂર પડે છે. આ વસ્તુઓ ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો દ્વારા ઉત્તપન્ન કરાય છે. બિન ખાદ્ય અસંખ્ય વસ્તુઓનો પણ આપણે ઉપયોગ કરીએ છીએ જેમકે કપડાં, બુટ, ઘરનું રાચરચીલું, વાસણો, વાહનો, પેન, કાગળ, ચોપડી વગેરે...આ વસ્તુઓ કસ્બા અને શહેરોમાં ઉદ્યોગો દ્વારા બનાવવામાં આવે છે. ખાદ્ય અનાજનું ઉત્પાદન અને બિન ખાદ્ય વસ્તુઓનું ઉત્પાદન જુદી જુદી પરિસ્થિતિમાં થાય છે તેથી આપણે તેમનું અર્થતંત્રના જુદા જુદા વિભાગમાં વર્ગીકરણ કરીએ છીએ.



## હેતું :

આ પાઠ પૂરો કર્યા બાદ તમે જાણશો કે,

- ભારતીય અર્થતંત્રના ત્રણ મુખ્ય ભાગ છે જે દરેક કૌટુંબિક માણસો જીવન નિવાર્હ માટે અનુસરે છે.
- અર્થતંત્રમાં આ વિભાગોના દરેકનો ફાળો અને અગત્યતા શી છે.
- આ વિભાગને આંતરિક રીતે જોડતી કડીઓ કઇ છે.

## 20.1 ધંધા રોજગારના પ્રકારો જેને લોકો અનુસરે છે.

જીવનનિવાર્હના સાધનો મેળવવા લોકો તેમના જાણકાર, આવડત, કૌટુંબિક રિવાજ વગેરે પ્રમાણે જુદી જુદી પ્રવૃત્તિઓને અનુસરે છે. સામાન્ય રીતે આપણે તેમને અર્થતંત્રના ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કરીએ છીએ, જેમકે [1] પ્રાથમિક વિભાગ [2] દ્વિતિય વિભાગ [3] તૃતિય વિભાગ.

### 20.1.1 પ્રાથમિક વિભાગ

ભારતના ગ્રામીણ વિસ્તારોનું દ્રશ્ય લો. ગામડાઓમાં રહેતા લોકો જીવન નિવાર્હના સાધનો કઇ રીતે ઉપાજિર્ત કરે છે ? તેમાંના ઘણા ખેતરોમાં પાક ઉગાડવામાં કામ કરે છે જેને ખેતી કહેવાય છે. તેમને ખેડૂતો અથવા ખેતી કામના મજૂરો કહેવાય છે અને તે વ્યવસાય ખેતી કહેવાય છે. જુદા જુદા પાકની ખેતી થઇ શકે છે જેમકે ખાદ્ય પદાથો અને બિનખાદ્ય પદાથો. ખાદ્ય પદાથોર્માં અનાજ, તેલીબિયા, ફળો અને શાકભાજી વગેરે અને બિનખાદ્ય પદાથોર્માં કપાસ, શણ વગેરેનો સમાવેશ થાય છે. તેજ રીતે માણસો જંગલમાંથી પણ જીવન નિવાર્હના પદાથો મેળવે છે. જેમાં જંગલમાંથી ઉત્પાદનો એકઠા કરી બજારમાં વેચવાનો સમાવેશ થાય છે. આ વ્યવસાયને જંગલ પર આધારિત વ્યવસાય કહેવાય છે. જંગલમાંથી પ્રાપ્ત ઉત્પાદનોમાં બળતણ લાકડું, વનસ્પતિય ઔષધિઓ વગેરેનો સમાવેશ થાય છે. ઘણા લોકો ખાણ પ્રદેશમાં ખનીજ પ્રાપ્તી કામ કરે છે. ઘણા લોકો મરઘા ઉછેર ઉદ્યોગ જેવા અને પશુપાલન જેવા કાયર્માં જોડાયેલા હોય છે. અંતે મત્સ્ય ઉદ્યોગ અન્ય વ્યવસાય છે. આ બધી પ્રવૃત્તિઓ એટલેકે ખેતી, જંગલ ઉદ્યોગ, ખનીજ ઉદ્યોગ, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ એકબીજાના પૂરક છે. આપણે તેમને પ્રાથમિક ઉત્પાદનમાં વગીર્કૃત કરીએ છીએ અને તેમને પ્રાથમિક વિભાગમાં મૂકીએ છીએ.

આથી આપણા અથર્તંત્રના પ્રાથમિક વિભાગમાં નીચે મુજબનો સમાવેશ થાય છે.

I. ખેતીકામ અને તેને આનુષંગિક પ્રવૃત્તિઓ.

II. મત્સ્ય ઉદ્યોગ

III. જંગલ ઉદ્યોગ

IV. ખનીજ ઉદ્યોગ અને પથ્થર ખોદકામ ઉદ્યોગ.

ભારતમાં ગામડાઓ પુરાતન કાળથી અસ્તિત્વ ધરાવે છે અને ખેતી તથા તેને આનુષંગિક પ્રવૃત્તિઓ એ લોકોનો ખૂબજ પરંપરાગત વ્યવસાય છે. તે તેમના માટે કુદરતી જ છે કારણકે ખોરાક જે ખેતીમાંથી મેળવાય છે તે જાવનની પ્રાથમિક જરૂરિયાત છે. પણ સમયની આગેકુચ સાથે માનવ વસાહતો ગામડાઓની મયાર્દા બહાર વિસ્તરી. કસ્બા અને શહેરો પ્રગતિની પ્રક્રિયામાં અસ્તિત્વમાં આવ્યા. તેમને શહેરી વિસ્તારો કહેવાય છે. જયપુર, અમદાવાદ, પૂના, ભૂવને વર વગેરે ભારતના શહેરોના ઉદાહરણ છે. દિલ્હી, ચેન્નઈ, કોલકાટા મહાનગરો કહેવાય છે કારણકે તે મોટા મોટાં શહેરો છે. આ શહેરી વિસ્તારો તેમની બિન–ખેતી વ્યવસાય માટે જાણીતા છે. આપણે બિન–ખેતી કાયર્ક્ષેત્રને બે વિભાગોમાં વહેંચી શકીએ .

I. દ્વિતિય ક્ષેત્ર

II. તૃતિય ક્ષેત્ર

### 20.1.2 દ્વિતિય ક્ષેત્ર

આ ક્ષેત્ર નીચે મુજબના ઉત્પાદન કાર્યક્ષેત્રોને સમાવે છે.

a) ઉત્પાદન

b) બાંધકામ

c) ગેસ, પાણી અને વિદ્યુત પૂરવઠો

**ઉત્પાદન**

આ કાચો માલ–સામાન કારખાના અને ઉદ્યોગોના નામે ઓળખાતા ઉત્પાદક એકમોમાં વાપરી વસ્તુઓનું ઉત્પાદન કરવાનું સૂચવે છે. કદ અને રોકાણના આધારે તેમને લઘુ ઉદ્યોગ કે મોટા ઉદ્યોગ કહેવામાં આવે છે. પગરખાં બનાવવાનું કારખાનું, કાપડ બનાવવાનું કારખાનું, છાપખાનું, કાચ બનાવવાનું કારખાનું, ઘરનું રાચ–રચીલું બનાવવાનું કારખાનું વગેરે લઘુ ઉદ્યોગોના ઉદાહરણો છે. મોટા પાયા પર ઉત્પાદન કરતાં કારખાનામાં લોખંડ, સ્વયંસંચાલિત સાધનો, એલ્યુમિનિયમ બનાવવાના કારખાનાનો સમાવેશ થાય છે. કાર્યકુશળ માણસો ઉત્પાદન ક્ષેત્રમાં કામ કરે છે.

**બાંધકામ**

આ કાર્યક્ષેત્ર રહેણાંકવાળા અને બિન–રહેણાંકવાળા મકાનો, રસ્તાઓ, વિરામ સ્થાનો, પુલ, કૃત્રિમ તળાવ, વિમાનઘર, જાહેરવાહનો ઉભા રાખવાની જગ્યા વગેરેના બાંધકામોને સમાવે છે. આ શહેરી વિસ્તારોમાં જોવા મળતી સામાન્ય પ્રવૃત્તિઓ છે.

ગેસ, પાણી અને વિદ્યુતનો પૂરવઠો એ બીજો વ્યવસાય છે જેને લોકો અનુસરે છે. તે આવશ્યક સેવાઓ છે.

**પ્રવૃત્તિ.**

I. મરઘા ઉછેર કેન્દ્રની મુલાકાત લો અને તે ક્યા ઉત્પાદનો વેચે છે તેની નોંધ લો.

II. પાંચ જંગલમાંથી મળતા ઉત્પાદનોની યાદી બનાવો અને તેમની કિંમતો નોંધો.

### 20.1.3 તૃતિય વિભાગ

ઘણા લોકો જુદી જુદી લાક્ષણિકતાઓ ધરાવતા તૃતિત વિભાગના કાર્યક્ષેત્રો સાથે જોડાયેલા હોય છે.

આ વિભાગને સેવા વિભાગ કહેવાય છે જેમાં નીચે પ્રમાણેની સેવાઓ ઉપલબ્ધ કરાય છે.

નોંધ

i. વેપાર, વિશ્રામગૃહ, ઉપાહારગૃહ.
ii. પરિવહન, સંગ્રહ અને માહિતી વ્યવહાર.
iii. બેન્કને લગતી સેવાઓ, વીમો વગેરે જેવી નાણાંકીય સેવાઓ.
iv. સ્થાવર મિલકતોને લગતી અને ધંધાકીય સેવાઓ.
v. જાહેર જનતાનું સાહસ.
vi. અન્ય સેવાઓ.

કોષ્ટક 20.1 એ 2009-10 ના વર્ષમાં જુદા–જુદા ઉપર જણાવ્યા મુજબના ૯ વિભાગોમાં કામ કરતાં લોક સમુદાયોની ટકાવારી દર્શાવે છે.

2009-10 વષ દરમિયાન ભારતમાં કામ કરતાં લોક સમુદાયોનું વ્યવસાયિક વિતરણ દર્શાવતુ કોષ્ટક.

| | |
|---|---|
| i. કૃષિક્ષેત્ર | 50.19 |
| ii. ખનીજ અને પથ્થરની ખાણ | 0.61 |
| iii. ઉત્પાદન | 13.33 |
| iv. વિદ્યુત, પાણી વગેરે | 0.33 |
| v. બાંધકામ | 6.10 |
| vi. વેપાર, વિશ્રામગૃહ વગેરે | 13.18 |
| vii. પરિવહન, સંગ્રહ વગેરે | 5.00 |
| viii. નાણાંકીય, વ્યાવસાયિક સેવાઓ વગેરે | 2.22 |
| ix. અન્ય સેવાઓ વગેરે | 8.97 |

સ્ત્રોતત : અર્થતંત્રને લગતું સવેર્ક્ષણ.

## વિષયને લગતાં પ્રશ્નો 20.1

1) નીચેનામાંથી કોણ પ્રાથમિક વિભાગનો ભાગ છે.

(a) મત્સ્ય ઉદ્યોગ (b) વિદ્યુત (c) બેન્કને લગતા કામકાજ.

2) ભારતમાં કાયર્કરતા લોક સમુદાયનો સૌથી મોટા હિસ્સાની દ્રષ્ટિએ સૌથી મોટો વિભાગ કયો છે.

## પ્રવૃત્તિ

તમારા પડોશમાં રહેતા ત્રણ માણસોની મુલાકાત લો અને તેમના વ્યવસાય અંગે પ્રશ્ન પૂછો. ત્યારબાદ તેમના વ્યવસાયને જુદા જુદા વિભાગોમાં વહેંચો.



નોંધ

ઉપર જણાવેલ વિભાગોમાંથી લોકો જુદા જુદા કાયર્ક્ષેત્રમાં કામ કરે છે અને તેમની આવક મેળવે છે તેથી આપણે આ વિભાગોનો રાષ્ટ્રીય ઉત્પાદનમાં ફાળાનું અને તેમના અથર્તંત્રમાં હિસ્સાનું વિશ્લેષણ કરી શકીએ.

## 20.2 પ્રાથમિક વિભાગોનો ફાળો તથા તેમની અગત્યતા.

પ્રાથમિક વિભાગમાં કૃષિઉદ્યોગ પ્રમુખ વ્યવસાય છે અને તેનો રાષ્ટ્રીય આવકમાં સૌથી મોટો ફાળો છે. આથી આપણે ભારતીય અથર્તંત્રમાં કૃષિઉદ્યોગનો ફાળો અને રોજગારી, ખાદ્ય પદાથ ર્અને કાચો માલસામાન પૂરો પાડતી રાષ્ટ્રીય આવકના સંદભર્માં તેનો હિસ્સો અને અગત્યતા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીએ.

હવે આપણે તેને એક પછી એક સમજીએ.

1. રાષ્ટ્રીય આવકમાં ફાળો.

સ્વતંત્રતા પ્રાપ્તિના સમયમાં કૃષિક્ષેત્ર રાષ્ટ્રીય આવકમાં 50% કરતા પણ વધુ ફાળો આપતું હતું. હાલના વષર્માં તેનો ફાળો નીચે ગયો છે. 2009-10 માં કૃષિક્ષેત્રએ રાષ્ટ્રીય આવકમાં 15%ની આસપાસ ફાળો આપ્યો હતો.

2. લોકોને મોટા પ્રમાણમાં રોજગારી પૂરી પાડવી.

કૃષિક્ષેત્ર ભારતના અથર્તંત્રની કરોડરજ્જુ છે. તે ભારતની જનસંખ્યાના સૌથી મોટા વિભાગનો વ્યવસાય છે. સ્વતંત્રતા પ્રાપ્તિના સમયમાં આપણા દેશની આશરે 70% વસ્તી પોતાના જીવનનિવાર્હ માટે કૃષિક્ષેત્ર અને આનુષંગિક વ્યવસાય પર અવલંબતી હતી. ઉત્પાદન અને સેવા વિભાગના વિકાસ સાથે કૃષિક્ષેત્ર પર અવલંબન થોડું ઓછું થયુ. 2009-10ના ગાળા દરમિયાન ભારતની આશરે 50% વસ્તી કૃષિક્ષેત્રમાં કામ કરતી હતી.

3. લાખો લોકોના ખોરાકની પૂતિર્.

ખોરાક એ જીવનની ખૂબજ મૂળભૂત જરૂરિયાત છે. કૃષિક્ષેત્ર સિવાય ખાદ્ય સામગ્રીનું ઉત્પાદન અને પૂરવઠાનું અસ્તિત્વ શક્ય નથી. ભારતની ખાદ્ય સામગ્રીની જરૂરિયાત ફક્ત ખૂબ ઉંચી જ નથી પરંતુ દર વષેર્ તે વધતી જ જાય છે. વસ્તી વધારાની સાથે તેની માંગ પણ વધતી જાય છે. 2008-09 દરમિયાન ભારતમાં કુલ અન્ન ઉત્પાદન આશરે 23.4 કરોડ ટન હતું. તેમાં ઘઉ, ચોખા અને તેલીબિયાનો સમાવેશ થાય છે.

4. ઉદ્યોગોને કાચો માલ સામાન પૂરો પાડવો.

ખાંડ, શણ, કાપડ ઉદ્યોગ વનસ્પતિ વગેરે ઉદ્યોગો પોતાનો કાચો માલસામાન કૃષિક્ષેત્રમાંથી મેળવે છે. કાગળ કઇ રીતે બને છે તે તમે જાણો છો ? તેમાં ખાસ પ્રકારના ઘાસ, વાંસ વગેરેની જરૂર પડે છે. કૃષિક્ષેત્ર સિવાય કાગળનું ઉત્પાદન શક્ય નથી. ખાદ્ય પદાથો ર્બનાવતા ઉદ્યોગો તરફ નજર કરો, જે અથાણાં, ફળોના જામ, રસ, બિસ્કીટ, બ્રેડ, અધર્ તૈયાર કરેલ ખાદ્ય પદાથો ર્વગેરે જેવા અનેક પ્રકારના ખાદ્ય પદાથો ર્બનાવી બજારમાં ખાદ્ય સામગ્રી પૂરી પાડે છે. કૃષિક્ષેત્રને લીધે જ ખાદ્ય પદાથો ર્તૈયાર કરતા ઉદ્યોગો ચાલે છે.

નોંધ

## પાઠને લગતા પ્રશ્નો 20.2

I. ભારતમાં 2008-09માં ખાદ્ય અનાજનું ઉત્પાદન કેટલું હતું ?

II. ખાદ્ય પદાથો બનાવતા ઉદ્યોગો દ્વારા બનાવેલ કોઇ ત્રણ ઉત્પાદનોના નામ લખો.

III. ભારતની આઝાદી સમયે રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો કેટલો ફાળો હતો ?

IV. 2009-10માં ભારતની આવકમાં કૃષિક્ષેત્રનો કેટલો ફાળો હતો ?

## 20.3 દ્વિતિય વિભાગનો ફાળો તથા અગત્યતા

દ્વિતિય વિભાગમાં ઉત્પાદન કરતા ઉદ્યોગો મુખ્ય ભાગ ભજવે છે. આ ઉદ્યોગોને લઘુઉદ્યોગ અને મોટા ઉદ્યોગમાં વગીર્કૃત કરી શકાય છે.

લઘુઉદ્યોગ એ શું છે ? જે ઉદ્યોગે સાધન સામગ્રી અને યંત્રો પાછળ ઓછામાં ઓછા 25 લાખ રૂપિયાનું રોકાણ ક્યું હોય તેને લઘુઉદ્યોગ કહેવામાં આવે છે. આવા ઉદ્યોગો મોટા ભાગે શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે. એટલે કે આવા ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં શ્રમનો ઉપયોગ થાય છે. બીજી બાજુ મોટા પાયાના ઉદ્યોગોને સાધન સામગ્રી તથા યંત્રો પાછળ જંગી મૂડીરોકાણ કરવું પડે છે. તે વિસ્તારની દ્રષ્ટિએ પણ મોટા વિસ્તારમાં પથરાયેલ હોય છે તેમજ મોટા પ્રમાણમાં રોજગારીની તકો પૂરી પાડે છે. તે મોટા પ્રમાણમાં યાંત્રીકરણનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે લોખંડ અને સ્ટીલ ઔદ્યોગિક એકમ લો. "ટાટા આયન એન્ડ સ્ટીલ"નો ઉદ્યોગ આપણા દેશમાં સૌથી જૂનો છે. તે આશરે 37.71 ચોરસ કિલોમીટર વિસ્તારમાં જમશેદપુરમાં આવેલ છે.

લઘુ ઉદ્યોગ અને મોટા ઉદ્યોગ બન્નેની અગત્યતા ભારતની સ્વતંત્રતા પછી વધતી ગઇ છે. હવે આપણે તેમની ક્રમશઃ ચચા કરીએ.

I. રાષ્ટ્રીય આવકમાં ફાળો.

સ્વતંત્રતા પછીના સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો કમશઃ વધતો ગયો છે. 2009-10ના સમયમાં ભારતના સ્વદેશી ઉત્પાદનનો ફાળો 28 ટકા હતો. સ્વતંત્રતા પ્રાપ્ત થઇ ત્યારે તે માત્ર 14 ટકા હતો. આ વધારો ઉત્પાદન કરતા એકમોમાં થયેલ વધારા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં થયેલા વધારાને કારણે હતો.

II. રોજગારીનું સર્જન.

ભારતની વસ્તીને રોજગારીની તકો પૂરી પાડવામાં પણ ઔદ્યોગિક એકમોનો મોટો ફાળો છે. લઘુ ઉદ્યોગ અને મોટા પાયાના ઉદ્યોગમાં કુલ આશરે 3 કરોડ 30લાખ માણસો કાયર્રત છે. તેમાંથી લઘુ ઉદ્યોગ લગભગ 3 કરોડ 12 લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે.

III. બાંધકામ માળખાનું સર્જન

રસ્તાઓ, ધોરી માર્ગો, રેલમાર્ગ અને હવાઇ માર્ગોના વિકાસને કારણે આજે દૂરના સ્થાને પ્રવાસ કરવો પણ સરળ બન્યો છે. હીરાકુંડ અને ભાખરા–નાંગલ જેવા બંધોની યોજનાઓનો વિચાર કરો જે વિદ્યુત અને ખેત સિંચાઇ પૂરા પાડે છે. કાર્યાલયો, ખરીદી કેન્દ્રો, કારખાનાઓ, સંસ્થાઓ વગેરેની સવલતો પૂરી પાડતા મોટા મકાનો અને રહેણાંક વિસ્તારના મકાનો તરફ નજર કરો. રેડિયો અને ટેલીફોન ટાવર તરફ પણ નજર કરો જે સંદેશા વ્યવહારની સવલતો પૂરી પાડે છે. આ બધુંજ બાંધકામ માળખાનો એક ભાગ છે. આજે આ બધી સવલતો વિના કેવી રીતે જીવી શકાય તેનો વિચાર કરો ? મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમોને લીધે બાંધકામ માળખાના મકાનો બનાવવા શક્ય બન્યા છે. કારણ કે તે માળખાકીય મકાનો બાંધવામાં જરૂરી સાધનો અને યંત્રો બનાવે છે.

IV. જીવન જરૂરિયાત વસ્તુઓનો પૂરવઠો

તમે જે કપડાં પહેરો છો, પેન ટુથબ્રશ સાબુ, પગરખાં, સાયકલ, સ્કુટર, ગાડી વગેરે વાપરો છો તે બધુ જ ઔદ્યોગિક એકમો દ્વારા ઉત્પાદિત કરાયેલ છે. આજે તમારી પસંદગીની વસ્તુઓથી બજાર ઉભરાય છે. આ બધુ જ ઔદ્યોગિકરણને કારણે શક્ય બન્યું છે.

### પાઠને લગતા પ્રશ્નો 20.3

1. લઘુ ઉદ્યોગની વ્યાખ્યા આપો.
2. 2009-10માં રાષ્ટ્રીય આવકમાં ઔદ્યોગિક એકમોનો કેટલો ફાળો હતો ?
3. કોઇ પણ બે ઔદ્યોગિક બાંધકામના ઉદાહરણ આપો.

## 20.4 સેવાક્ષેત્રનો ફાળો અને અગત્યતા.

ભારતમાં સેવાક્ષેત્ર ખૂબજ ઝડપથી વિસ્તાર અને વિકાસ પામી રહ્યુ છે. આજુબાજુ નજર કરતા જોઇ શકાય છે કે માણસોનું તથા માલસામાનનું પરિવહન કરતી રેલ્વેની ટ્રેનો નોંધપાત્ર રીતે વધી ગઇ છે. માર્ગો પર એક જગ્યાએથી બીજી જગ્યાએ જતી ગાડીઓ, બસ અને ખટારાઓ તમે જોઇ શકશો. તેનો અર્થ એ કે સમય જતાં વાહનવ્યવહારની સેવાઓ વિકસી રહી છે. મોટા ભાગના લોકોની પાસે મોબાઇલ ફોન અને ટેલીફોન છે. શિક્ષણ પૂરૂ પાડવા માટે દેશમાં વધુ શાળાઓ બંધાઇ છે. જાહેર સેવા હેઠળ શિક્ષણ કેન્દ્રોની સંખ્યામાં વધારો થયો છે જેથી વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓને લાભ મળી શકે. લોકોને આરોગ્યની સગવડ પૂરી પાડતા દવાખાનાઓ તથા આરોગ્ય કેન્દ્રો પણ જોઇ શકીએ છીએ. બેન્કોની શાખામાં પણ વધારો થયો છે જેથી મોટા ભાગના લોકો તેમાં ખાતુ ખોલાવી શકે તેમને જોઇતા નાણાં ઉપાડી શકે તથા ઘર, સ્કુટર, ગાડી વગેરે ખરીદવા ધિરાણ લઇ શકે. લોકોને આહર પૂરો પાડવા લગભગ બધીજ જાહેર જગ્યાઓએ વિશ્રામગૃહ અને ઉપહારગૃહો આવેલા છે. આ બધાં જુદી જુદી સેવાઓ માટેનાં ઉદાહરણો છે. સેવાઓના અર્થતંત્રમાં જીવનની કલ્પના મુશ્કેલ છે. તેથી

નોંધ

સેવા વિભાગનો ફાળો અને અગત્યતા જાણવી જરૂરી છે. જેની આપણે નીચેના વાક્ય ઉપર ચર્ચા કરીશું.

i. રાષ્ટ્રીય આવકમાં સેવાક્ષેત્રનો ફાળો.

ii. રોજગારી પૂરી પાડવામાં સેવાક્ષેત્રનો ફાળો.

iii. વિદેશો પાસેથી રોકાણનું આકર્ષણ કરવામાં ફાળો.

iv. નિકાસમાં સેવાક્ષેત્રનો ફાળો.

**પ્રવૃત્તિ**

આશરે 200 શબ્દોમાં તમારી સ્થાનિક “વાહન વ્યવહાર સેવા” પર એક અહેવાલ બનાવો.

## 20.5 સેવાક્ષેત્રનો ફાળો.

i. રાષ્ટ્રીય આવકમાં ફાળો.

કૃષિક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર આ ત્રણે ક્ષેત્રમાં સેવા ક્ષેત્રએ જ ભારતની રાષ્ટ્રીય આવકમાં સૌથી વધુ ફાળો આપ્યો છે. ભારતની આવક 100 લઇએ તો 2009-10 ના વર્ષમાં સેવા ક્ષેત્રએ 55.20%નો ફાળો આપ્યો છે. જે કુલ ફાળાના અર્ધા કરતા પણ વધુ છે. નીચેના કોષ્ટક 20.2 માં જુદી જુદી સેવાઓનો ફાળો દર્શાવેલ છે.

કોષ્ટક 20.2 GDP (2009-10) માં સેવા ક્ષેત્રનો ફાળો.

| | |
|---|---|
| વ્યવસાય, વિશ્રામગૃહ વગેરે | 16.3 |
| વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહાર | 7.8 |
| નાણાંકીય વહીવટ, સ્થાવર મિલકત, વ્યવસાય | 16.7 |
| વર્ગસમૂહ, સામાજિક અને અન્ય | 14.4 |
| કુલ સેવા વિભાગ | 55.2 |

સ્ત્રોતતઃ– અર્થતંત્રીય અવલોકન (ઇકોનોમિક સર્વે)

તમે જોઇ શકશો કે નાણાંકીય, સ્થાવર મિલકત અને ધંધાકીય એકમોનો ફાળો, કુલ ફાળો 55.2 માં 16.7 ટકા હતો. નાણાંકીય સેવાઓમાં બેંકની સેવાઓ અને વીમાની સેવાઓનો સમાવેશ થાય છે. વ્યવસાય અને વિશ્રામગૃહની સેવાઓનો ફાળો 16.3 ટકા હતો. જાહેર અને સામાજિક સેવાઓનો ફાળો 14.4 ટકા હતો જેમાં જાહેર વહીવટ, સંરક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારનો રાષ્ટ્રીય આવકમાં ફાળો 7.8 ટકા હતો.

ii. રોજગારીમાં ફાળો.

હાલના સમયમાં મોટા ભાગના લોકો સેવા ક્ષેત્રમાં રોજગારી મેળવે છે. 2009-10 માં આ ક્ષેત્રએ દેશની કુલ રોજગારીની તકોમાંથી 29.4 ટકા લોકોને આ ક્ષેત્રમાં સમાવ્યા છે. આગામી સમયમાં આ આંકડો આગળ વધવાનો છે. તેઓ જુદા જુદા ક્ષેત્રોમાં આવેલા છે જેમકે સ્કુલ સુધી ભણેલા તથા વાણિજ્ય, વિજ્ઞાન અને વિનયન તકનીકી, વૈદ્યકિય અને બીજા વ્યાવસાયિક અને ધંધાકીય ક્ષેત્રના અનુસ્નાતકો. સેવા ક્ષેત્રને આ લોકોની જરૂર છે. મહેનતાણા અને પગારના સંદભર્માં સેવા ક્ષેત્ર એ કૃષિ ક્ષેત્ર કરતા વધારે ખચર્ કરે છે. કૃષિક્ષેત્રની સરખામણીમાં સેવા ક્ષેત્ર રોજગારીની વધુ તકો પૂરી પાડે છે. આખા વષર્ દરમિયાન સતત પૂરી પાડતી અનેક પ્રકારની સેવાઓનું અસ્તિત્વ ધરાવે છે. પણ કૃષિક્ષેત્રમાં થોડી મોસમી પ્રક્રિયાઓ હોય છે. તેથી સેવા ક્ષેત્રમાં રોજગારીની તકો વધતી જાય છે.

iii. વિદેશી રોકાણનું આકષર્ણ.

ભારતમાં સેવા ક્ષેત્રની વૃદ્ધિ જોઇને વિદેશના લોકો આ ક્ષેત્રમાં રોકાણ કરી વધુ વળતર મેળવવા માટે વધુ રસ દાખવવા માંડ્યા છે. બેન્ક, વીમો, વ્યવસાય, વાહનવ્યવહાર, વિશ્રામગૃહ સેવાઓએ કુલ મળીને સીધા રોકાણના સ્વરૂપમાં 1 લાખ 18 હજાર કરોડ રૂપિયાથી વધુ પરદેશોમાંથી મેળવ્યા છે. હાલ ભારતમાં કોમ્પ્યુટર સેવાઓ અનેક ગણી વૃદ્ધિ પામી છે. તેમાં વિદેશી રાષ્ટ્રો પાસેથી 7 હજાર કરોડ રૂપિયા મેળવ્યા છે. જો રોકાણ થાય તો વધારે રોજગારીની તકો પેદા થાય જે દેશ માટે લાભદાયક છે.

iv. સેવા ક્ષેત્રનો નિકાસમાં ફાળો.

નિકાસનો અથર્ એ કે ડોલર, યુરો, યેન, પાઉન્ડ વગેરેના સ્વરૂપમાં વિદેશી ચલણ વિદેશના લોકોને માલસામાન વેચીને મેળવવાનો છે. હાલમાં નિકાસ દ્વારા ભારતના સેવાક્ષેત્રે નિકાસ દ્વારા દેશ માટે વિદેશી હૂંડિયામણે મોટે પાયે ફાળો આપ્યો છે. IT, પરામશર્, કાયદાકીય સેવાઓ વગેરે જેવી આપણી વ્યાવસાયિક સેવાઓ વિ વ પ્રમાણિત બની છે.2009-10 વષર્ દરમિયાન ભારતે આશરે 4.35 લાખ કરોડ રૂપિયા સેવા નિકાસ દ્વારા કમાણી કરી છે.

### પાઠને લગતા પ્રશ્નો 20.4

1. 2009-10 માં સેવા ક્ષેત્રનો રોજગારીમાં કેટલો ફાળો હતો ?

2. 2009-10 માં ભારતની રાષ્ટ્રીય આવકમાં સેવા ક્ષેત્રનો કેટલો ફાળો હતો ?

## 20.6 અર્થતંત્રના ત્રણેય ક્ષેત્રો વચ્ચેની કડીઓ.

ત્રણેય ક્ષેત્રો એક બીજા સાથે જોડાયેલા છે. વાસ્તવમાં તે એક બીજાના સહાયક અને પૂરક છે. આપણે તેને નીચેની વાતાર્ પરથી સમજીએ.

હરિ સીંઘ એક ખેડૂત છે જે રામપુર નામના ગામમાં તેના ખેતરમાં ઘઉં ઉગાડે છે. ગયા વર્ષે સારા વરસાદને લીધે તેને સારો પાક મળ્યો. તેથી તેણે 10 ક્વિંટલ ઘઉં સ્થાનિક બજારમાં વેચ્યા અને બાકીના 10 ક્વિંટલ ઘઉં પોતાના ઘર વપરાશ માટે રાખ્યા. આ વર્ષે યોગ્ય વરસાદ ન થયો અને તે સ્થળે સિંચાઇની વ્યવસ્થા ન હતી. તો પછી ઘઉંના પાકને પાણી કઇ રીતે પૂરૂ પાડવું ? હરિ સીંઘે જમીનમાં પાણી સીંચવાનું નક્કી કર્યું. પણ તે માટે તેને ડીઝલ પંપ સેટની જરૂર પડે. કોણ ડીઝલ પંપ સેટ આપે ? તે રવિ મેન્યુફેક્ચરર નામની ઉત્પાદક કંપની બનાવે છે જે 200 કિલોમીટર દૂર આવેલા કરીમનગર નામના ઔદ્યોગિક સ્થળે બનાવાય છે. હવે આટલે દૂર આવેલા સ્થળે જવું મુશ્કેલ હતું. હરિ સીંઘના મિત્ર ગંગાસીંઘે કહ્યું કે ચિંતા કરવની જરૂર નથી. તે હરિ સીંઘને ખૂબજ નજદીક આવેલ શહેરી બજારમાં આવેલ શિવમંડી તરીકે ઓળખાતા સ્થળે લઇ ગયો. આ બજાર પરિસરમાં પપ્પુ નામનો તેનો સાળો ''પપ્પુ હાડર્વેર શોપ'' નામની દેકાન ચલાવે છે. અને તે પમ્પ વેચે છે. જ્યારે હરિ સીંઘે પમ્પ માટે પૂછપરછ કરી ત્યારે પપ્પુ તેમને બે કલાક રાહ જોવાનું કહે છે કારણકે તેટલા સમયમાં કરીમ નગરથી 50 રવિ પમ્પના એકમો અને ટ્રેકટર માટેના કેટલાક વધારાના ભાગ લઇને આવતી ટ્રક તેની દુકાને પહોંચશે. આ બાબતની ચોક્કસાઇ કરવા પપ્પુએ ''રવિ'' પમ્પના માલિક રવિ ખેત્રપાલ સાથે પોતાના મોબાઇલ ફોન દ્વારા વાત પણ કરી. તે સમયના ગાળામાં ગંગા અને હરિએ ચા ની દુકાનમાં ચા અને નાસ્તો કર્યો પછી હરીની નાની દિકરી માટે પ્રાથમિક શાળામાં પ્રવેશની તપાસ માટે ગયા અને ગંગાના દિકરાને તાવ આવ્યો હતો તેના માટે સ્વાસ્થ્ય કેન્દ્રમાંથી દવા લેતા આવ્યા. બે કલાક બાદ જ્યારે તે પપ્પુની દુકાને પાછા આવ્યા ત્યારે તેમણે મજૂરોને પમ્પ ઉતારતા જોયા. પપ્પુએ તેમને કહ્યું કે તેણે કરીમ–નગરના કારખાનેથી 50 પમ્પ મંગાવ્યા હતા. ગાડીઓ અને ટ્રેકટરના ભાગ વેચતી તેજ વિસ્તારમાં આવેલી બીજી દુકાને ટ્રક તેને લગતા વધારાના ભાગો પહોંચાડશે. હરિએ જોયું કે પપ્પુએ ટ્રક ચાલકને રૂપિયા 100,000 નો ચેક આપ્યો જેણે તે રવિ ખેત્રપાલના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યો. પપ્પુએ કહ્યું કે રકમ મોટી હોવાથી રોકડા રૂપિયા આપવા સલામત નથી. ચેક એ વધુ સારો વિકલ્પ છે. ખેત્રપાલ એ ચેક બેન્કમાં જમાં કરાવી પૈસા મેળવી લેશે. પપ્પુએ વધારામાં કહ્યું કે આ ચૂકવણી અગાઉની કોઇ ચૂકવણીની પતાવટ માટે હતી. પમ્પના પૈસાની ચૂકવણી તે પમ્પ ગ્રાહકોને વેચ્યા બાદ આજ રીતે કરશે. હરિ સીંઘે પપ્પુને રૂપિયા 7000 ચૂકવ્યા અને એક પમ્પ ખરીદ્યો. પપ્પુએ વિશ્વાસપૂર્વક કહ્યું કે ''આ વર્ષે ખરાબ ચોમાસાને લીધે પમ્પની ઘણી માંગ છે અને તે જલ્દીથી વેચાઇ જશે.'' ગંગાસીંઘ સાથે ગામ પરત ફરતાં હરિ સીંઘે પૂછ્યું કે ''હવે ટ્રક માટે શું કરીશું?'' ગંગાએ જવાબ આપ્યો કે, ''હવે ટ્રક બજારમાંથી ઘઉં અને શાકભાજી લઇ જશે અને કરીમનગરના ઔદ્યોગિક વિસ્તાર અને શહેરી વિસ્તારમાં રહેતા લોકોને વેચશે.''

ઉપરની વાર્તા પરથી ખેતી, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્ર વચ્ચેની કડી પ્રસ્થાપિત કરી શકશો. હરિ સીંઘ જેવા કૃષિક્ષેત્રમાં કામ કરતાં કેટલાય ખેડૂતો છે કે જેમને તેમની જમીનની સિંચાઇ માટે પમ્પની જરૂરિયાત છે. ખેતીકામમાં પમ્પ ઉપરાંત કેટલીયે બીજી જરૂરિયાતો છે જેમકે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, હળ, ટ્રેકટર વગેરે. વાર્તામાં આવતા પમ્પની જેમ ઔદ્યોગિક એકમો આ વસ્તુઓ પૂરી પાડે છે. જે રીતે હરિ સીંઘે પોતાના વધારાના ઘઉં

નોંધ

બજારમાં વેચ્યા હતા તે રીતે ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્રમાં કામ કરતા માણસો આ વસ્તુઓ પોતાના વળતર રૂપે ખરીદે છે. તો પછી સેવા ક્ષેત્રનો ફાળો શો છે ? તેનો ફાળો કૃષિક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચેના વિનિમયને મદદરૂપ અને શક્ય બનાવવાનો છે. ઉપરની વાતામાં પમ્પ અને વધારાના ખચા કિરીમનગરથી શિવબજાર વળતા પ્રવાસમાં ખાદ્ય પદાથો લઇ જતી ટ્રક એ સેવા ક્ષેત્રનો એક ભાગ છે. વધી મુજબનું કામ થાય છે કે નહી તેનો ખ્યાલ રાખવા થયેલ મોબાઇલ ફોન એ સંદેશાવ્યવહારનો એક ભાગ છે. બેન્કમાં ચેક જમા કરવવો એ એક નાણાંકીય સેવાનો ભાગ છે. પપ્પુની દુકાને વસ્તુઓ પહોંચતી કરવી એ ધંધાકીય વ્યવસાય પૂરો પાડે છે. ખાસ નોંધો કે આ પ્રક્રિયાઓ નાણાં પ્રવાહના પીઠબળ અને સહાયતાથી થાય છે. અહી વાતામાં હરિ સીધે ઘઉં વેચ્યા અને પૈસા મેળવ્યા. પપ્પુએ હરિ સીંઘ પાસેથી પૈસા મેળવ્યા અને પોતાનો નફો રાખી લઇને પૈસા પમ્પ પૂરો પાડનારને આપ્યા. પૈસા મેળવ્યા બાદ પમ્પ પૂરો પાડનાર ટ્રક ચાલકને તેના લેણા પૈસા ચૂકવશે તથા કારખાનામાં કામ કરતાં લોકોને પગાર આપશે. આ માણસો ટ્રક દ્વારા સ્થાનિક બજારમાં લવાયેલ ખાદ્ય સામગ્રી ખરીદવા પૈસા વાપરશે .

આ સાદી વાતામાંથી તમે કલ્પના કરી શકશો કે આખું અથર્તંત્ર આંતરિક રીતે કઇ રીતે સંકળાયેલ અને જોડાયેલ છે.

## પાઠના પ્રશ્નો 20.5

1. ચેકથી પૈસાની ચુકવણી કરવાનો એક ફાયદો લખો.
2. “ખાદ્ય અનાજોનું પરિવહન” એ કયાં ક્ષેત્રનો ભાગ છે.

(a) કૃષિ (b) ઔદ્યોગિક (c) સેવા

## પ્રવૃત્તિઓ

તમારા નજીકના બજારની મુલાકાત લો અને ત્યાંથી મળતી સેવાઓની યાદી બનાવો. ત્યાં તમે જોયેલી પાંચ કૃષિ અને ઔદ્યોગિક બનાવટોની યાદી બનાવો તેમજ તેનું ઉત્પત્તિસ્થાન શોધી કાઢો.

## તમે શું શીખ્યા.

* અથર્તંત્રમાં ત્રણ વિભાગો છે જેમકે પ્રાથમિક (કૃષિ અને તેને આનુષંગિક પ્રવૃત્તિ), દ્વિતિય (ઉત્પાદન વગેરે) અને તૃતિય (સેવાઓ).



નોંધ

* આ ત્રણેય વિભાગો છે રાષ્ટ્રીય આવકના ઉત્પાદન અને વૃધ્ધિ, રોજગારીની તકોનું સર્જન, માલ–સામાન અને સેવાઓની પૂર્તિ અને માળખાકીય બાંધકામના સર્જનમાં ફાળો આપે છે.

* આ ત્રણેય વિભાગો એકબીજાના પૂરક અને સહાયક બની આંતરિક રીતે સંકળાયેલા છે.

## સત્રાંત સ્વાધ્યાય.

> પ્રાથમિક વિભાગના પેટા વિભાગોના નામ આપો.

> દ્વિતિય વિભાગના પેટા વિભાગોના નામ આપો.

> તૃતિય વિભાગના પેટા વિભાગોના નામ આપો.

> પ્રાથમિક વિભાગનો ફળો અને અગત્યતા સમજાવો.

> પ્રાથમિક વિભાગનો ફળો અને અગત્યતા સમજાવો.

> પ્રાથમિક વિભાગનો ફળો અને અગત્યતા સમજાવો.

> અથર્તંત્રના ત્રણેય વિભાગો કઇ રીતે આંતરિક રીતથી સંકળાતેલ છે.

## પાઠને લગતા પ્રશ્નોના જવાબો

1. (અ) 2. ખેતી

**પાઠને લગતા પ્રશ્નો 20.2**

< 23.4 કરોડ ટન.

< બ્રેડ, ફળોનો છુંદો અને અથાણાં.

< 50 ટકા કરતા વધુ.

< 15 ટકા.

**પાઠને લગતા પ્રશ્નો 20.3**

<જે ઉદ્યોગ મકાન અને યંત્રો પાછળ ઓછામાં ઓછા 25 લાખ રૂપિયાનો ખચ કરી સ્થાપવામાં આવે તેને લઘુ ઉદ્યોગ કહેવાય છે.

< 28 ટકા. <ટેલીફોન ટાવર, હીરાકુંડ, બંધ.

**પાઠને લગતા પ્રશ્નો 20.4**

< 29.4 ટકા. < 55.2 ટકા.

**પાઠને લગતા પ્રશ્નો 20.5**

< સલામતી (બેન્કના ખાતા દ્વારા માણસ સુધી પહોંચે છે.)

<સેવા.

# 21

# ભારતીય અથર્તંત્રના પડકાર

દેશના દરેક નાગરિકને આદરણીય જીવન જીવવાનો હક્ક છે. દરેક વ્યક્તિ તેની ન્યૂનતમ જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ હોવો જોઇએ જેમકે ખોરાક, આરોગ્ય સંભાળ, રહેઠાણ, પાયાનું શિક્ષણ વગેરે. છતાં પણ ભારત એક ગરીબ દેશ છે જેમાં મોટા ભાગની વસ્તીને આ બધું પાલવતું નથી. આપણી અથર્વ્યવસ્થા ગરીબ માણસો નોકરી મેળવી શકે અને આવક કમાઇ શકે તેવી પૂરતી વ્યવસાયની તકો પૂરી પાડી શકતી નથી તે સત્ય પરિસ્થિતિને વધારે કફોડી બનાવે છે. આથી અથર્વ્યવસ્થા સામે ગરીબી અને બેરોજગારીનું નિકંદન કાઢવું એ મોટો પડકાર છે. તે જ રીતે યોગ્ય શિક્ષણ, આરોગ્ય સંભાળની સવલતો દ્વારા ઉચ્ચ કક્ષાની જીંદગી મેળવી શકાય. વસ્તીના સંદભર્માં ભારત ખૂબ જ મોટો દેશ હોવાથી સરકારે તેના બધાજ નાગરિકોને શિક્ષણ અને આરોગ્ય સંભાળ પૂરી પાડવી એ મુખ્ય પડકાર છે.

સરકાર સામે બીજો અગત્યનો ચિંતાનો વિષય બજારમાં ચીજવસ્તુઓના ભાવમાં થતો વધારો છે. ભાવવધારો ગરીબ અને મધ્યમ વગર્ના લોકોને ખૂબ ખરાબ રીતે ફટકો મારે છે. તેથી જ્યારે પણ બને ત્યારે ભાવની સપાટી કાબુમાં રાખવી એ મોટી સમસ્યા સાથે કામ પાર પાડવા જેવું છે. અંતે રાષ્ટ્રની આવક પણ વસ્તી વધારા અને તેની જરૂરિયાતો સાથે વધવી જરૂરી છે કે જેથી વિકાસની પ્રક્રિયા ચાલુ રહે છે. તેથી દરેક વષેર્ આથિર્ક વધારો પ્રાપ્ત કરવો એ પણ અથર્તંત્ર સમક્ષ મોટો પડકાર છે.

## હેતુ

આ પાઠ પૂરો કયાર્ પછી તમે

- ગરીબાઇનો અથર્ અને સરકાર દ્વારા ગરીબાઇ નાબૂદ કરવાના અને નોકરીનું સજર્ન કરવાના કાયર્ક્રમ અમલમાં મૂકવાના પ્રયાસો સમજશો.
- સરકાર દ્વારા શિક્ષણ અને આરોગ્ય સંભાળની સુવિધા પુરી પાડવા માટેના લેવાયેલા પગલા જાણશો.
- ભાવ વધારો અથવા ફુગાવો નાથવાની રીતો સમજશો.
- ઉંચો આથિર્ક વધારો પ્રાપ્ત કરવાની સરકારની વ્યુહરચના સમજશો.

## 21.1 ગરીબાઇ અને બેરોજગારીને નાથવી.

ભારતમાં ગરીબ કોણ છે ? ભારત સરકારના પ્લાનિંગ કમીશન મુજબ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી કો. પણ વ્યક્તિ જે ખોરાક દ્વારા દરરોજ 2400 કિલો કેલરી [kcl] અને શહેરી વિસ્તારમાં રહેતી કોઇપણ વ્યક્તિ દરરોજ ખોરાક દ્વારા 2100 કિલો કેલરી ન મેળવી શકે તેને ગરીબ કહેવાય આપણે ભારતમાં આ માપને ગરીબીની રેખા કહીએ છીએ. આ ગરીબીની રેખાને કઇ રીતે સમજાવવી ? તમે જાણો છો કે આપણા અસ્તિત્વ માટે ખોરાક અતિ જરૂરી છે. આપણે આપણા શરીરમાં શક્તિ માટે ખોરાક લઇએ છીએ કે જેથી આપણે અમુક પ્રવૃત્તિઓ કરી શકીએ. શક્તિ કઇ રીતે મપાય ? આપણને પ્રત્યેક દિવસે લઘુત્તમ શક્તિની જરૂરિયાત કેટલી છે?

શક્તિ કિલો કેલરીના પદમાં મપાય છે. ગ્રામ્ય વિસ્તારમાં લોકો રોજીરોટી કમાવા સખત પરિશ્રમ કરે છે. નિષ્ણાતોના મત મુજબ આવા કામ કરવા ગ્રામ્ય વિસ્તારમાં લઘુત્તમ 2400 કિલો કેલરીની જરૂર પડે અને શહેરી વિસ્તારમાં 2100 કિલો કેલરીની જરૂર પડે. આ શક્તિ મેળવવા વ્યક્તિને અનાજ, કઠોળ, શાકભાજી વગેરેની ખાદ્ય પદાર્થોની યોગ્ય માત્રામાં જરૂર પડે. આ ખાદ્ય સામગ્રી ખરીદવા વ્યક્તિ પાસે યોગ્ય પ્રમાણમાં પૈસા હોવા જોઇએ. આ સૂચવે છે કે કામ કરવા માટે જરૂરી શક્તિ મેળવવા વ્યક્તિ જરૂરી ખાદ્ય સામગ્રી ખરીદી ન શકે તો તે માણસ ગરીબાઇની રેખા નીચે અથવા સાદી રીતે ગરીબ કહેવાય.

આના આધાર પરથી શોધાયું છે કે 2004-05 ના વર્ષ દરમિયાન ભારતમાં 27.5 પ્રતિશત લોકો ગરીબ હતા જેની સંખ્યા લગભગ 27 કરોડ હતી. પણ તમે માનો છો કે લઇ શકતા ખોરાકમાં જ ગરીબી માપી શકાવી જોઇએ ? બીજી જરૂરી વસ્તુઓ જેવી કે કપડાં, પગરખાં ઇત્યાદિ પણ ન્યુનતમ જરૂરિયાત હેઠળ આવે છે. આનો અર્થ એ થયો કે આ બધી વસ્તુઓ ખરીદવા હજુ વધારે પૈસાની જરૂર પડે. ભારત સરકાર અનુસાર ખોરાક, કપડાં, પગરખાં અને અન્ય બિન–ખાદ્ય વસ્તુઓ સાથે લઇએ તો ભારતની કુલ વસ્તીના 37 પ્રતિશત એટલે કે 37 કરોડથી વધુ લોકો ગરીબ હતા.

તે જ રીતે નોકરીની બાબતમાં પણ ભારત સારો દેખાવ નથી કરતું. ગરીબાઇનું એક મુખ્ય કારણ કામ કરવા ઇચ્છતા લોકોમાં બેરોજગારી પ્રવર્તે છે. ભારતમાં બેરોજગારીના મુખ્ય કારણોમાં ઔદ્યોગિક એકમો, શિક્ષણ અને તાલીમનો ધીમો વિકાસ છે. ઋતુ પ્રમાણે આપણું કૃષિક્ષેત્ર પણ અગાઉથી જ વસ્તી અને બેરોજગારીના ભાર તળે દબાયેલ છે. લણણી પૂરી થાય ત્યાર બાદ કૃષિક્ષેત્રના કામદારો અને ખેડૂતો બેરોજગાર બને છે. 2010ના વર્ષમાં ભારતમાં 43 કરોડ કરતા વધુ શ્રમશક્તિ લાયક હતી. શ્રમશક્તિ એટલે 15 થી 59 વર્ષના લોકો જે કામ કરી શકે છે. પ્રતિદિન પર આધારિત આશરે 3 થી 4 કરોડ લોકો એટલે કે શ્રમશક્તિ દળના 8 પ્રતિશત કોઇ પણ જાતની નોકરી મેળવી શકતા નથી.

## 21.2 નોકરીનું સર્જન અથવા ગરીબાઇમાં ઘટાડાની યોજનાઓ.



નોંધ

સરકાર પોતાના નાગરિકો માટે ગરીબાઇ દૂર કરવા અને નોકરીની તકોનું સર્જન કરવા શું કરે છે ? આ ગંભીર સમસ્યાઓને હલ કરવા ભારત સરકાર સ્વતંત્રતાના સમય બાદ કાર્યનીતિઓ બનાવે છે અને પુષ્કળ પૈસા ખર્ચે છે. આ કારણને લીધે સમય જતાં ગરીબીની રેખાની નીચેના લોકોની સંખ્યા ઘટે છે. જો કે ધીમી ગતિએ તેજ રીતે બેરોજગારીનો દર અંકુશ બહાર વધવા દેવાયો નથી. આ બધુ સરકાર દ્વારા લાગુ પડાયેલ નીચે મુજબની યોજનાઓ દ્વારા શક્ય બન્યું.

1. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ (MGNREGS).

MGNREGS નો ઉદ્દેશ્ય ગ્રામ્ય લોકોમાં વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા એકસો દિવસ વેતન સાથેની નોકરી પૂરી પાડવાનો છે. કામનો પ્રકાર બિનકુશળ માનવકાર્ય છે. આ યોજના ભારતના 200 જિલ્લાઓમાં 2006 માં શરૂ કરાઇ હતી. ત્યાર બાદ સંપૂર્ણ દેશ માટે 2008 માં જાહેર કરાઇ હતી. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી કોઇપણ વ્યક્તિ આજીવિકા માટે વર્ષ દરમિયાન દૈનિક મહેનતાણાના આધાર પર સો દિવસ શારિરીક શ્રમનું કાર્ય કરી શકે છે. 2010માં ડિસેમ્બર મહિના સુધીમાં 4.1 કરોડ કુટુંબોને આ યોજનાનો લાભ મળ્યો. 2010-11 માં સરકારે આ યોજના ચાલુ રાખવા રૂપિયા 40,100 કરોડ ફાળવ્યા હતા.

2. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના(SGSY)

SGSY નો પ્રારંભ 1999માં થયેલો. આ યોજનાનો હેતુ ગ્રામીણ ગરીબને સ્વરોજગાર દ્વારા આવકનું સર્જન કરવાની ક્ષમતા વધારવા મદદ કરવાનો છે. આ યોજનાનો મુખ્ય હેતુ SC અને ST લોકો તેમજ સ્ત્રીઓ છે. પણ અન્ય લોકો તેનો લાભ લઇ શકે છે. આ યોજના અંતગર્ત ગરીબ માણસોને તાલીમ, બેંક ધિરાણ અને અન્ય સવલતો આપવામાં આવે છે જેથી તેઓ ગરીબાઇને દૂર કરવાની તેમની ક્ષમતાઓનું નિમાર્ણ કરી શકે. જે માણસો પોતાની રીતે કામ કરી શકે તેને જાત નોકરિયાત કે સ્વરોજગારી કહેવાય છે. આ યોજના આ સ્વરોજગારીઓ માટે ખાસ બનાવેલી છે. ગરીબ કુટુંબોમાં વસ્તા લોકોને તાલીમ આપવા સરકારે આ યોજના હેઠળ દરેક જિલ્લામાં ગ્રામીણ સ્વરોજગારી તાલીમ સંસ્થાઓ (RSETI) સ્થાપેલી છે. આશરે 77000 ગ્રામીણ યુવાનોએ ડિસેમ્બર 2010 સુધીમાં RSETI પાસેથી તાલીમ લીધી છે.

1. સ્વર્ણ જયંતિ સ્વ રોજગાર યોજના (SJSRY)

SJSRY નો હેતુ દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ કુટુંબોને નોકરી પૂરી પાડવાનો છે. તેનો સૌ પ્રથમ પ્રારંભ 1997માં થયો હતો. ત્યારબાદ તેમાં 2009માં નવા તબક્કાઓ ઉમેરાયા જેનો નીચેનામાં સમાવેશ થાય છે.

i. સ્વરોજગારનું નિમાર્ણ કરવાની યોજના.
ii. શહેરી વિસ્તારની સ્ત્રીઓ માટેની યોજના.
iii. શહેરી ગરીબ માણસને તાલીમ.
iv. સામાજિક વિકાસની યોજના.
v. મહેનતાણુ આપતા રોજગારની યોજના.

સરકારે SJSRY માટે 2010-11ના વર્ષ માટે રૂપિયા 590 કરોડ ફાળવ્યા છે. ડિસેમ્બર 2010 સુધીમાં આ યોજના હેઠળ કુલ 6 લાખ 50 હજાર ઉપરાંત કુટુંબોને લાભ થયો છે.

નોંધ

### પાઠને લગતા પ્રશ્નો 21.1

1. ગ્રામીણ વિસ્તારની ગરીબીની રેખા કઈ છે ?
2. ભારતમાં શ્રમિક બળની વસ્તી કેટલી છે ?
3. શહેરી ગરીબાઈ સાથે કામ પાર પાડવાની યોજનાનું નામ આપો.

## 21.3 શિક્ષણ પૂરું પાડવું

આપણા દેશ સમક્ષ બધાજ નાગરિકોને શિક્ષિત કરવાનો બીજો પડકાર છે. 2011ની વસ્તી ગણતરી મુજબ પુરુષો માટે શિક્ષણનો દર 82.14 ટકા, સ્ત્રીઓ માટે 65.46 ટકા અને બધાજ પુખ્ત વયના માટે 74.04 ટકા છે.

ભારત સરકારે બધાને શિક્ષણ પૂરું પાડવા નીચેના પગલાં લીધા છે.

1.બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણના હક્નો 2009નો કાયદો.

ભારત સરકારે 2009માં "6 થી 14 વર્ષની ઉંમરના બધાજ બાળકોને મફત શિક્ષણ" ને મૂળભૂત અધિકાર બનાવ્યો. આ કાયદો એપ્રિલ 2010 થી અસરકતા બનાવ્યો. હવે 6-14 વર્ષની ઉંમરના બાળકો મફત શિક્ષણનો દાવો કરી શકે અને સરકાર તે પૂરો પાડવા ફરજથી બંધાયેલી છે. તે પ્રમાણે સરકાર વધુ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક નિશાળો ખોલશે અને શિખવવા માટે વધુ શિક્ષકોની નિમણૂંક કરશે.

2. પ્રાથમિક અને ઉચ્ચતર શિક્ષણ માટેની યોજનાઓ.

પ્રાથમિક અને ઉચ્ચતર શિક્ષણ વિકસાવવા માટે થોડી અગત્યની યોજનાઓ નીચે મુજબ છે.

A. સવ શિક્ષા અભિયાન (SSA)

SSA નો અમલ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારની ભાગીદારીમાં 6-14 વર્ષની ઉંમરના ગાળામાં આવતા બાળકોને શિક્ષણ પૂરું પાડવા માટે કર્યો છે. શિક્ષણના હક્કનો કાયદો જે પાછળથી આવ્યો તેને ધ્યાનમાં રાખી SSAની યોજનામાં તદ્નુસાર ફેરફાર કરવામાં આવ્યા છે. આ યોજનાના ધ્યેય નીચે મુજબ છે.

a. બધા જ બાળકોની નિશાળમાં ભરતી.
b. બાળકોને ઉચ્ચ પ્રાથમિક સ્તર સુધી નિશાળમાં જાળવી રાખવા.
c. "ફરી પાછા સ્કુલના પ્રાંગણમાં" સ્વાગત કરવું.
d. શિક્ષણની બાંહેધરી કેન્દ્ર બાંધવા.
e. શિક્ષણ આપવામાં જ્ઞાતિ, જાતિ ઇત્યાદિથી ઉત્પન્ન થયેલી ખાઇ પૂરવી.

સપ્ટેમ્બર 2010 સુધીમાં 309727 નવી નિશાળો ખુલી અને 11 લાખથી વધુ શિક્ષકોની નિમણૂકો થઇ. આશરે 9 કરોડ બાળકોને પાઠ્યપુસ્તકો એનાયત થયા. બાળકિશોરીને શિક્ષણ પૂરું પાડવા SSA પાસે પ્રાથમિક કક્ષાએ છોકરીઓ માટે શિક્ષણ માટેની રાષ્ટ્રીય યોજના (NPEGEL) નામનો અગત્યનો વિભાગ છે. આ યોજના હેઠળ છોકરીઓને શિક્ષણ આપવા માટે પ્રત્યેક સમૂહમાં "આદશ નિશાળો" સ્થાપવામાં આવી. છોકરીઓને ગણવેશ અને શિક્ષણ સાહિત્ય ઇત્યાદિ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને



નોંધ

ભણાવવા શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવે છે. SSA હેઠળ છોકરીઓ માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો (KBVS) આવેલી છે. KBVS માં દાખલ કરાયેલી વિદ્યાર્થીનીઓના 75 ટકા SC, ST, OBC અને લઘુમતી કોમોમાંથી આવેલ છે. બાકીના 25 ટકા ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોમાંથી આવેલા છે. માચ 2010 સુધીમાં 2 લાખ કરતાં વધારે છોકરીઓ નોંધાયેલ છે.

B. નિશાળોમાં મધ્યાહ્ન ભોજનની યોજના.

નિશાળોમાં બાળકોને આકર્ષવા અને જાળવી રાખવા સરકારે મધ્યાહ્ન ભોજનની યોજના શરૂ કરી છે. તેનો હેતુ બાળકોને સારો ખોરાક આપી તંદુરસ્ત આહાર પૂરો પાડવાનો છે. સમાજના જુદા જુદા ભાગમાં રહેતા બાળકોને મધ્યાહ્ન ભોજન સાથે લાવે છે અને એકબીજા સાથે રહેવાની ભાવના ઉત્પન્ન કરે છે. 2009-10 માં 14 કરોડ કરતાં વધારે બાળકોને લાભ મળેલ છે.

C. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA)

માધ્યમિક તબક્કામાં નોંધણીનો ગુણોત્તર વધારવા RMSA નો 2009 માં પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કુલ ખચર્ના 75 ટકા કેન્દ્ર સરકાર તરફથી મળે છે જ્યારે રાજ્ય સરકાર 25 ટકા પૂરૂ પાડે છે. ઉત્તરીય પૂવ વિભાગમાં આ ગુણોત્તર 90:10 છે.

D. માધ્યમિક તબક્કે અપંગ માટે સમાવિષ્ટ શિક્ષણ (IEDSS) ખાસ પ્રકારની જરૂરિયાત વાળા બાળકોને મદદ કરવા સરકારે 2009-10 થી અસરકતા IEDSS યોજના સરકારે અમલમાં મૂકી છે. તેનો હેતુ ધોરણ 9-12 ના તબક્કે અભ્યાસ કરતાં અપંગ બાળકોને 100 ટકા કેન્દ્રીય સહાય પૂરો પાડવાનો છે.

E. સાક્ષર ભારત

15 વષની ઉંમર કરતાં વધુ મોટા પુખ્તોમાં શિક્ષણ અને અક્ષરજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે સરકારે સાક્ષર ભારતના નામની રાષ્ટ્રીય અક્ષરજ્ઞાન અભિયાન ફરી ઘડી છે. આ અનુમતિનું ખાસ કેન્દ્ર સ્ત્રીઓ છે.

3.ઉચ્ચ અને તકનીકી શિક્ષણ માટેની યોજના.

નિશાળમાંથી ઉત્તીણ થઇ કોલેજ શિક્ષણ સાથે ઉચ્ચ શિક્ષણની શરૂઆત થાય છે. ઉચ્ચ અને તકનીકી શિક્ષણમાં વિનયન, સમાજ વિજ્ઞાન, વિજ્ઞાન, ઇજનેરી, તબીબી, માહિતી તકનીકી વગેરેનો સમાવેશ થાય છે. દેશ જો જ્ઞાની સમાજ ઇચ્છતો હોય તો તેણે ઉચ્ચ અને તકનીકી શિક્ષણના સ્તરને સુધારવું જોઇએ. ભારત સરકારે ઉચ્ચ અને તકનીકી શિક્ષણનો વિકાસ કરવા નીચે મુજબના પગલાં લીધા છે.

1) અગિયારમી યોજના સમય દરમિયાન કેન્દ્ર સરકારે રાજ્ય સરકારના સહયોગમાં 8 નવી યુનિવસિટીઓ અને 10 નવી ઇજનેરી કોલેજો સ્થાપવાનું ધ્યેય રાખ્યું છે.
2) દેશના શૈક્ષણિક રીતે પછાત જીલ્લાઓમાં નવી આદશ કોલેજો ખોલવામાં આવશે.
3) IT શિક્ષણને પ્રોત્સાહિત કરવા 20 નવી ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફમેર્શન ટેકનોલોજી (IIT) ની સ્થાપના કરવામાં આવશે.

નોંધ

4) રાષ્ટ્રીય તકનીકી સંસ્થાઓ (NITS) ના સ્વરૂપમાં વધારે ઇજનેરી કોલેજો બાંધવામાં આવશે 2011-12 માં ભારતના જુદા–જુદા ભાગમાં કાર્યરત થશે.
5) વિજ્ઞાનમાં પ્રોત્સાહન આપવા માટે સરકારે દેશના જુદા–જુદા ભાગમાં પાંચ ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એજ્યુકેશન અને રીસર્ચ (IISER) ની સ્થાપના કરી છે.
6) છેલ્લે અગિયારમી યોજનામાં પાંચ નવી ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેંટ (IIMS) કાર્યરત થઇ છે અને 2011-12માં બે વધુ  કાર્યરત થશે.

## પાઠને લગતા પ્રશ્નો 21.2

1. સર્વ શિક્ષા અભિયાનના ત્રણ ધ્યેય જણાવો.
2. બાલકિશોરીને શિક્ષણ પૂરૂ પાડવાના સૂચનો આપો.
3. મધ્યાહ્ન ભોજન યોજનાનો એક લાભ આપો.

## 21.4 આરોગ્ય સંભાળ પૂરી પાડવી

પોતાના લોકોને સારી આરોગ્ય સવલતો પૂરી પાડવી એ દેશ સમક્ષ બીજો મુખ્ય પડકાર છે. યોગ્ય આરોગ્ય સંભાળના અભાવમાં પ્રત્યેક 100,000 પૈકી 254 સ્ત્રીઓ બાળકોને જન્મ આપતાં મૃત્યુ પામે છે તેને માતૃ મૃત્યુદર (MMR) કહેવાય છે. 1000 પૈકી 50 બાળકો જન્મ સમયે મ ત્યુ પામે છે. જેને બચપણ મ ત્યુદર (IMR) કહેવાય છે. 1000 પૈકી 15 બાળકો 4 વર્ષ ની ઉંમર થાય તે પહેલાં  મૃત્યુ પામે છે. તેને બાળ મ ત્યુદર કહેવાય છે. હકિકતમાં આ માહિતી પ્રોત્સાહન જનક નથી. પણ કસબા અને શહેરોથી વિપરિત આ ક્ષેત્રોમાં પૂરતા પ્રમાણમાં આરોગ્ય કેન્દ્રો અથવા દવાખાના નથી અને ત્યાંના લોકોની સમસ્યાઓ તરફ ધ્યાન આપી શકે તેવા તબીબો નથી.

2010-11માં સરકારે આરોગ્ય સેવાના ખર્ચના માત્ર પાંચ ટકા જ ખર્ચ્યા છે જે રાષ્ટ્રીય આવકના માત્ર 1.27 ટકા. આપણા પાડોશી શ્રીલંકાએ પણ માથા દીઠ આરોગ્ય સેવા પાછળ ભારત કરતા વધુ ખર્ચ કરેલ છે.

i. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાન (NRHM)

2005માં ગ્રામીણ લોકોને પોસાય તેવી ગુણાત્મક સેવાઓ પૂરી પાડવા 2005માં NRHMની શરૂઆત કરવામાં આવી. તેનું ધ્યેય આરોગ્ય અને કુટુંબના કલ્યાણની યોજનાને મજબૂત કરવાનું, મેલેરિયા, કાલાઝાર, અંધાપો અને આયોડીનની ઉણપ, ટી.બી., ફાયલેરીયા(હાથીપગુ),  કોઢ ઇત્યાદિ રોગોને જાહેર આરોગ્ય વહેંચણી પદ્ધતિના સુધારણા દ્વારા દૂર કરવાનું છે. સપ્ટેમ્બર 2010 સુધીમાં આશરે 8 લાખ આરોગ્ય કર્મચારીઓને આરોગ્ય સંભાળ માટે  તાલીમ અપાઇ છે, અને 9 હજાર તબીબો અને 26 હજાર નર્સોને ગ્રામીણ લોકોને આરોગ્ય સેવા આપવા કરારના આધારે નિમવામાં આવ્યા છે. NRHM ઘણા ચાલતા તબીબી એકમો (MMUS) ચલાવે છે જે ઘર આંગણે આરોગ્ય સંભાળ પૂરી પાડવા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે.

ii. જનની સુરક્ષા યોજના (JSY)

પ્રસુતિના સમયે માતાની જીંદગી બચાવવા માટે સરકારે જનની સુરક્ષા યોજના શરૂ કરી છે.

iii. પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY)

ભારતમાં આરોગ્ય સંભાળ સવલતો સમાન રીતે મળતી નથી. કેટલાંક રાજ્યો પાસે તબીબી સંસ્થાઓ / કોલેજો અને હોસ્પિટલોના રૂપમાં ઘણાં સારા આરોગ્ય માળખાઓ છે જ્યારે અન્ય રાજ્યો પાસે આ સવલતો નથી. તેણે આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવામાં અસંતુલન પેદા કર્યું છે અને જ્યાં આ સવલતો ઉપલબ્ધ છે તેવી ચોક્કસ જગ્યાઓએ ભારે ભીડ ઉભી કરી છે. ઉદા. તરીકે ઓલ ઇન્ડીયા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ (AIIMS) દિલ્હીમાં આવેલી છે અને વિ વ સ્તરે સંસ્થાઓ અને હોસ્પિટલ છે. બીજા રાજ્યો પાસે આવી સવલત ન હોવાથી બીજા રાજ્યોમાંથી લોકો AIIMS માં સારવાર લેવા દિલ્હી આવે છે. તેના પરિણામે સારવાર માટે લાંબી પ્રતિક્ષા યાદી સાથે ભારી ભીડવાળું બની ગયું છે. આ સમસ્યાઓ દૂર કરવા ભારત સરકારે PMSSY જેવી છ નવી સંસ્થાઓ બાંધવામાં આવશે. તેનું ધ્યેય 12 હયાત સરકારી તબીબી કોલેજોને સુધારવાનું છે.

iv. રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ (AIDS)

AIDS (Acquired Immune Deficiency Syndrome) એક જોખમકારક આરોગ્ય વ્યવસ્થા છે જે HIV ચેપથી પીડાતા લોકોને અસર કરે છે. ભારતમાં આશરે 24 લાખ લોકો 2009માં HIV થી અસરગ્રસ્ત હતાં જે આંકડો વિ વમાં સૌથી વધુમાનો એક છે. એક વખત HIV નામના ચેપી જંતુઓ માનવ શરીર પર હુમલો કરે પછી વ્યક્તિ રોગ સામે લડવાની શક્તિ ગુમાવે છે અને તેની રોગ પ્રતિકારક શકિત સમય સાથે મંદ પડતી જાય છે. આ સંજોગો હેઠળ વ્યક્તિ કોઇ પણ રોગથી પીડાય ત્યારે ફરી રોગ મુક્ત થઇ શકે નહિ. એઇડ્સે સમગ્ર વિ વના લોકોને ભયભીત કરેલ છે. ભારત સરકારે એઇડ્સ અટકાવવાની સભાનતા જાગ્રત કરવાના અને આ ઝેરી જીવાણુંથી અસરગ્રસ્ત લોકોની સારવાર કરવાના કેન્દ્રો સ્થાપ્યા છે.

### 21.3 પાઠને લગતા પ્રશ્નો

- રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાનના હેતુઓ લખો.

## 21.5 ભાવવધારાનું નિયંત્રણ

લોકો બજારમાંથી ભિન્ન ઉપયોગી ચીજવસ્તુઓ ખરીદવા કિંમત ચૂકવે છે. જો કિંમતો વધે તો તે જ પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓ ખરીદવી મુશ્કેલ બને. તેના પરિણામે વ્યક્તિગત સંતોષનું સ્તર નીચું જાય. જ્યારે તમે વધારે કિંમત ચૂકવો ત્યારે તમારી અગાઉ કરતાં હાલની આવક ઓછી લાગે કારણકે તમારે ઓછી ચીજવસ્તુઓ ખરીદવા વધારે પૈસા ચૂકવવા પડે છે. આમ ખરીદનારને ખરાબ રીતે ફટકો મારે છે. શા માટે ભાવ વધે છે? સૌથી સામાન્ય

કારણ એ છે કે જો લોકો બજારમાં વાસ્તવમાં જે વસ્તુ પ્રાપ્ય હોય તેનાં કરતાં વધુ ખરીદી કરવા ઇચ્છે તો તે ચોક્કસ વસ્તુની અછત ઉભી થાય તેના પરિણામે તે વસ્તુની કિંમતમાં વધારો થાય.

જો યોગ્ય વસ્તુનું યોગ્ય પ્રમાણમાં ઉત્પાદન ન થાય તો પણ અછત ઉભી થાય. ઉદાહરણ તરીકે જો અનાવૃષ્ટિની પરિસ્થિતિ ઉભી થાય તો અન્ન ઉત્પાદન ઘટે. અછતનું બીજું કારણ યોગ્ય સંગ્રહ, સવલતના અભાવે વસ્તુનો બગાડ હોઇ શકે. છેલ્લે વેચાણકાર વસ્તુઓને વેચ્યા વગર તેનો સંગ્રહ કરે તો અછત ઉભી થાય અને તેથી માનવ સજીર્ત અછત ઉભી થાય. વેચાણકાર વસ્તુની વધુ કિંમત વસુલ કરવા આવુ ઇરાદાપૂર્વક કરે છે. સંગ્રહખોરી આવશ્યક ચીજવસ્તુઓમાં ઘણીવાર થાય છે જેમ કે ડુંગળી, ચોખા, દવાઓ ઇત્યાદિ.

સરકાર ભાવ નિયંત્રણ કરવામાં નીચે મુજબ ભાગ ભજવે છે.

- ખેડૂતોને ઘણીરીતે મદદ કરીને કે જેથી અનાજની નિપજને સહન કરવું ન પડે. એક ઉદાહરણ તરીકે સરકાર ખેડૂતોને બીયારણ, ખાતર ઇત્યાદિ ઓછા ભાવે ખરીદવા દે.
- અનાજ અને શાકભાજી યોગ્ય રીતે સાચવવા ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ બાંધીને કે જેથી આવી ચીજવસ્તુઓ પ્રાપ્ત કરવામાં કોઇ અકરોધ ન આવે.
- જરૂરી ચીજવસ્તુઓની સંગ્રહખોરી પર કડક દેખરેખ રાખીને અને ગુનેગારને સજા કરીને. કારણકે સંગ્રહખોરી એ ગુનો બને છે.

## 21.6 ઉચ્ચ આર્થિક વૃદ્ધિ મેળવીને.

સાદી ભાષામાં સમજાવીએ તો આર્થિક વિકાસ એ આપણા દેશની કુલ આવક અને માથાદીઠ આવક છે. આ શક્ય છે જો ભારતનું કૃષિ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદન વધે અને સાથે સાથે સેવા વિભાગનું ધાયા મુજબ વિસ્તરણ થાય. સરકારે આ દિશામાં લીધેલા થોડા પગલાં નીચે મુજબ છે.

- ભારતે બીજી યોજના પછી એટલે કે 1956 પછી નાના પાયે, મોટા પાયે અને ભારે ઔદ્યોગિક એકમો સ્થાપવામાં પ્રોત્સાહન આપ્યું છે. આ ઔદ્યોગિક એકમો લોકો યંત્રો અને માળખું બાંધવામાં ઉપયોગી સાધનો બનાવવાની વસ્તુઓનું ઉત્પાદન કરે છે અને સેવા ક્ષેત્રને વિસ્તરણ કરવામાં મદદ કરે છે. ઔદ્યોગિક એકમો ઘણી નોકરીઓ અને ઉંચા પગાર ધોરણ પૂરા પાડે છે.
- સરકાર અનાજનું ઉત્પાદન સુધારવા સારાં બિયારણ, ખાતર ઇત્યાદિના સ્વરૂપમાં વપરાશ માટે પ્રોત્સાહિત કરી રહી છે.
- રસ્તાઓ, રેલગાડી, વિમાન મથક, સંદેશા વ્યવહારના ટાવર, વિદ્યુત વગેરેના સારા માળખાથી ભારતનું સેવાક્ષેત્ર ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે.

આર્થિક વ દ્ધિના વેગને જાળવી રાખવા સરકારે કાયદાઓ અને ધારાધોરણમાં ફેરફાર કરેલા છે જેથી લોકો સહેલાઇથી વિકાસની પ્રક્રિયામાં ભાગ લઇ શકે. આ પગલાંઓને આર્થિક સુધારણા કહેવાય છે.

## પાઠને લગતા પ્રશ્નો 21.4

1. ખરીદનાર માટે કિંમતમાં વધારો શા માટે ખરાબ છે ?
2. સટ્ટાખોરીનો અથ િઆપો.
3. આર્થિક વિકાસની વ્યાખ્યા આપો.

## તમે શું શીખ્યા.

- નોકરીની તકોનું સર્જન કરવા માટે અને ગરીબાઇ હળવી કરવા માટે સરકારે અમલમાં મૂકેલ યોજનાઓ – મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેંટ ગેરેંટી સ્કીમ (MGNREGS), સ્વણર્જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) અને સ્વણ િજયંતિ રોજગાર યોજના (SJSRY).
- શિક્ષણ પૂરૂ પાડવા ઘણી યોજનાઓ અમલમાં મૂકાઇ છે જેમકે મધ્યાહ્ન ભોજન, સાક્ષર ભારત, સવ િશિક્ષા અભિયાન ઇત્યાદિ.
- સારી સ્વાસ્થ્ય સંભાળ માટે રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન, એઇડ્સ નિયંત્રણ યોજના ઇત્યાદિ ચલાવવામાં આવે છે.
- ભાવ વધારો અટકાવવો અને આર્થિક વિકાસ પ્રાપ્ત કરવો એ સરકાર સામેના પડકારો છે જેને અન્ય ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કરી હલ કરાયા છે.

## સત્રાંત સ્વાધ્યાય.

1. ગરીબાઇ હળવી કરવાની યોજનાઓ શું છે? કોઇ પણ એક સમજાવો.
2. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરૂ પાડવાની કોઇપણ બે યોજનાઓનું વણર્ન કરો.
3. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાન પર ટૂંકનોંધ લખો.
4. ભાવ વધારાની સમસ્યાનો હલ શોધવાના થોડા પગલાં આપો.
5. સરકાર આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા શું કરી રહી છે?

## પાઠને લગતા પ્રશ્નોના જવાબ.

પાઠને લગતા પ્રશ્નો 21.1

1. પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિદિન 2400 કિલોકેલરી.
2. 43 કરોડ
3. સ્વણ િજયંતિ સ્વરોજગાર યોજના

પાઠને લગતા પ્રશ્નો 21.2



નોંધ



1. a) બધા જ બાળકોની નિશાળમાં નોંધણી કરવી.
   b) શિક્ષણ બાંહેધરી કેન્દ્રો બાંધવા.
   c) "ફરી પાછા નિશાળમાં" પડાવ ઉભા કરીને.
2 i) દરેક સમૂહમાં છોકરીઓ માટે આદર્શ નિશાળ ઉભી કરવી.
   ii) છોકરીઓને ગણવેશ તથા શિક્ષણ સાહિત્ય પૂરૂં પાડવું.
   iii) વિદ્યાર્થીઓને ભણાવવા શિક્ષકોને તાલીમ આપવી.
3 મધ્યાહ્ન ભોજન યોજના સમાજના જુદા–જુદા વિભાગમાંથી આવતા બાળકોને સાથે ભોજન કરાવે છે અને એકબીજાના પડોશી પણાનો ભાવ વિકસાવે છે.

પાઠને લગતા પ્રશ્નો 21.3

1 (i) આરોગ્ય અને કુટુંબ કલ્યાણની યોજના મજબૂત કરવા.
   (ii) મેલેરીયા, કાલાઆઝાર, અંધાપો, આયોડીનની ઉણપ, T.B., ફાયલેરીયા (હાથીપગુ) અને કોઢ જેવા રોગોને દૂર કરવા

પાઠને લગતા પ્રશ્નો 21.4

a. પોતાને મળેલ આવકમાંથી અગાઉ કરતાં વધારે ચૂકવવું પડે છે.
b. છુપી રીતે ચીજવસ્તુઓનો સંગ્રહ કરી અછત ઉભી કરવી તેને સંગ્રહખોરી કહેવાય.

આર્થિક વિકાસનો રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં વધારો કરવો તે છે.

# 22

# વિશ્વના સંદભર્માં ભારતનું અથર્તંત્ર

તમે જાણો છો કે ભારત વિ વના દેશોમાનો એક દેશ છે. દેશો એકબીજા સાથે આંતરક્રિયા કરે છે અને જુદા જુદા હિતોના ક્ષેત્રોમાં પરસ્પર સંબંધો રાખે છે. એક દેશના નાગરિકો બીજા દેશમાં જાય છે જેમકે પ્રવાસી તરીકે, નોકરી શોધવા, વ્યાપાર કરવા, અભ્યાસ કરવા, દાન કરવા અને અમુક સરકારી કામ કરવા વગેરે...

આ પ્રકરણનો હેતુ ભારત અને બાકીના વિ વ વચ્ચે આથિર્ક સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

## વિષયવસ્તુ.

આ પાઠને પૂરો કયા ર્બાદ તમે.

* દેશો વચ્ચેના આથિર્ક સંબંધોનો અથ ર્સમજી શકશો.
* વ્યવસાયની અગત્યતા સમજી શકશો.
* ભારત દ્વારા પૂરી પડાતી માલસામાન અને સેવાઓની આયાત અને નિકાસ જાણી શકશો.
* વૈશ્વિકરણનો અથ ર્સમજી શકશો.
* USA અને ચીન એ બે ખૂબ અગત્યના અથર્તંત્રનો સંક્ષેપમાં આછો ખ્યાલ જાણી શકશો કે જેથી તમને ભારતની વિ વને સાપેક્ષ તુલનાત્મક સ્થિતિનો ખ્યાલ આવી શકે.

## 22.1 દેશો વચ્ચેના અથર્તંત્રને લગતા સંબંધોનો અથર્.

જો તમારે પૈસાની જરૂર હોય તો તમે મિત્ર પાસેથી કે બેન્ક પાસેથી ઉધાર લઇ શકો. જો તમારે પુસ્તક ખરીદવું હોય તો તમારી આસપાસ આવેલ પુસ્તકની દુકાને જઇ પૈસા આપીને પુસ્તક મેળવી શકો છો. જો તમે લેખન સામગ્રી, વસ્ત્રો અથવા પગરખાં વગેરેના વેચાણકાર

હો તો તમે ઉપયોગકતા ને વેચી શકો જે તમને પૈસા ચૂકવી શકે. જો તમારે કોઇ માલસામાન બનાવવો હોય તો તમે થોડા પૈસાનું રોકાણ કરી કારખાનું શરૂ કરો અને પરિશ્રમ કરી શકે તેવા લોકોને રોજગાર આપી શકો. આ બધા તમારા દેશમાં આથિર્ક પ્રવૃત્તિઓ કરી શકો તેના દાખલાઓ છે જેમાં તમારા દેશના લોકો ભાગ લઇ શકે. પણ જ્યારે આવી પ્રવૃત્તિઓ બે કે વધુ દેશોના નાગરિકો વચ્ચે થાય ત્યારે આપણે તેને આ દેશો વચ્ચેના અથર્તંત્રને લગતા સંબંધો કહીએ છીએ. ભારતનું ઉદાહરણ લો. આપણે ભારતના નાગરિક છીએ તેથી આપણે ભારતને સ્વદેશ કહીએ છીએ બાકીનું વિ વ પરદેશ બને છે. તેથી ભારત અને અન્ય દેશો વચ્ચે અથર્તંત્રને લગતા સંબંધો છે તેનો અથ એ કે ભારતના નાગરિકો વિદેશના નાગરિક સાથે માલસામાન અને સેવાઓ (બન્નેની ખરીદી કે વેચાણ) નો વિનિમય કરે છે અને વિદેશમાં નોકરી કે વ્યવસાય કરવા જાય છે. તેવી જ રીતે વિદેશી નાગરિકો નોકરી અને વ્યવસાય કરવા ભારત આવે છે. તદ્અનુસાર અથર્તંત્રને લગતા સંબંધોના થોડા ઉદાહરણો નીચે મુજબ આપી શકાય.

a. સ્વદેશી નાગરિકો દ્વારા વિદેશી નાગરિકો પાસેથી માલસામાન અને સેવાઓનું વેચાણ. તેને નિકાસ કહેવાય છે.

b. સ્વદેશી નાગરિકો દ્વારા વિદેશી નાગરિકો પાસેથી માલસામાન અને સેવાઓની ખરીદી તેને આયાત કહેવાય છે.

c. વિદેશમાં કોઇને ભેટ મોકલવી અને તે પરદેશી દેશો પાસેથી મેળવવી.

d. વિદેશોમાં પૈસા મોકલવા કે ત્યાંથી મેળવવા.

e. પ્રવાસીઓ, વ્યાવસાયિક માણસો કે સરકારી પ્રતિનિધિઓની મુલાકાત. જો કોઇ દેશને અન્ય દેશો સાથે અથર્તંત્રને લગતા સંબંધો હોય તો તેને જાહેર દેશ કહેવાય છે.

## 22.2 વ્યવસાયની અગત્યતા.

ઉપરના (1) અને (2) ઉદાહરણો “વ્યવસાય” નો એક ભાગ છે. લોકો દેશની અંદર આવેલા બજાર દ્વારા માલસામાન અને સેવાઓ ખરીદે છે અને વેચે છે. જ્યારે તેજ વસ્તુઓ જુદા જુદા દેશોના નાગરિકો વચ્ચે થાય છે તો તેને આંતરરાષ્ટ્રીય વ્યસાય કહેવાય છે.
આયાત અને નિકાસ માલસામાન અને સેવાઓમાં આંતરરાષ્ટ્રીય વ્યવસાય કહેવાય છે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓ અથર્તંત્રનો અખંડ ભાગ છે. અથર્તંત્રમાં વ્યવસાય વિના જીવનમાં જીવવું એ ખૂબ મુશ્કેલ છે. દેશની અંદર રેલગાડી, ટ્રક વગેરેથી માલસામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ પરિવહન કરાવાય છે. તે જ રીતે હવાઇ જહાંજ, વહાણ દેશો વચ્ચે માલસામાન પરિવહન કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.
જે વ્યક્તિ કિંમત ચૂકવવા તૈયાર હોય તે વ્યક્તિને માલસામાન અને સેવા પૂરી પાડવાનું ધ્યેય હોય છે પછી ખરીદનાર વ્યક્તિ કોઇપણ જગ્યાએ રહેતો હોય તે અગત્યનું નથી. તેનો અથ એ થયો કે માલસામાન અને સેવાનું વિતરણ વ્યવસાયને લીધે શક્ય બન્યું છે.

આ કારણને લીધે વ્યવસાય આટલો અગત્યનો છે. આ સિવાય વ્યવસાયના બીજા ઘણા બધા લાભ છે જે નીચે મુજબ આપેલા છે.

* વ્યવસાયને લીધે લોકો ઘણી બધી પ્રકારના માલસામાન અને સેવાઓ મેળવી શકે છે. ઉનાળા દરમિયાન તમે હંમેશા ઠંડું પીણું પસંદ કરો છો. કોકા કોલા, પેપ્સી કોલા વગેરે કેટલાક ઠંડા પીણા બજારમાં મળે છે. તમે જાણો છો કે સૌ પ્રથમ કોકા કોલા કયાંથી ભારતમાં આવ્યું ? તેની બનાવટ USA માં થયેલી છે જે ભારતથી ઘણે દૂર આવેલ છે. અલબત્ત હવે કોકા કોલા બનાવવાના કેન્દ્રો ભારતમાં પણ સ્થાપવામાં આવ્યા છે. અત્યારે પણ તે પરદેશી કંપની છે. તે જ રીતે ભારતીય અથાણાંઓ ભારતીય વેપારીઓ દ્વારા બહારના દેશોમાં વેચવામાં આવે છે. એવા કેટલાય ઉદાહરણો છે જેમાં જરૂરિયાત સંતોષવા ભારતીય વસ્તુઓ બહારના લોકો અને બહારની વસ્તુઓ ભારતીયો વાપરે છે.

* વ્યવસાય નવી વસ્તુઓ અને સેવાઓ ઉત્પન્ન કરવા પ્રોત્સાહન આપે છે. વ્યવસાય મારફત વેચાણકાર અને ખરીદનાર એકબીજા સાથે પ્રતિક્રિયા કરે છે. આથી વેચાણકાર એ ખરીદનારની પસંદગી અને અગ્રીમતા જાણે છે અને તે પ્રમાણે વપરાશ માટે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે.

* જુદા જુદા દેશના લોકો વ્યવસાય દ્વારા એકબીજાને મળે છે અને પ્રતિક્રિયા કરે છે. તદ્નુસાર એક દેશના લોકો બીજા દેશના લોકોની સંસ્કૃતિ, પ્રણાલી, ભાષા વગેરે જાણે છે.

* આંતરરાષ્ટ્રીય વ્યવસાયને લીધે માલસામાન ઉત્પાદન કરવું વધુ કાયર્ક્ષમ બન્યું છે. કારણકે તે નિષ્ણાતતા તરફ દોરી જાય છે. આનો અથ ́એ થાય કે માલસામાન ઓછી કિંમતે ઉત્પાદિત કરી શકાય અને લોકોને પણ તે ઓછી કિંમતે મળી શકે છે. કઇ રીતે ? માલસામાન એક કરતાં વધુ દેશમાં બનાવી શકાય. પણ કોઇ દેશ પાસે વધુ સારો કાચો માલસામાન અને તેનું ઉત્પાદન કરવાની સારી ટેકનોલોજી હોય. ઉદાહરણ તરીકે ભારત લો. ભારતમાં આબોહવા અને ખેડાણ જમીનની અનુકુળતા મુજબ કપાસ અને તેજાના વગેરે પાકની ખેતી સહેલાઇથી થાય છે. પણ તેની સમૃદ્ધ રીત, પ્રણાલી અને પરંપરાને કારણે ભારતનો હસ્તઉદ્યોગ વિ વપ્રખ્યાત છે. આથી તેનું ઓછી કિંમતે ભારતમાં સહેલાઇથી ઉત્પાદન થાય છે. તદ્નુસાર ભારત આ માલસામાનનું ઉત્પાદન કરવામાં નિપુણ બની શકે. આથી બીજા દેશો આ માલસામાન ભારતમાંથી ઓછી કિંમતે ખરીદી શકે. તે જ રીતે દક્ષિણ આફ્રિકામાં હીરા સહેલાઇથી મળી શકે કારણકે ત્યાં હીરાની ખાણો અસ્તિત્વમાં છે. તમને આવા કેટલાય ઉદાહરણો મળી શકે. મુખ્ય વાત એ છે કે જો કોઇ દેશ કોઇ માલસામાન સારી ગુણવત્તા અને ઓછી કિંમતમાં ઉત્પાદન કરી શકે તો તે દેશ તે માલસામાનના ઉત્પાદનમાં કાયર્ક્ષમ બની શકે અને તે માલ બીજા દેશોમાં નિકાસ કરી વધુ લાભ મેળવી શકે.

## પાઠને લગતા પ્રશ્નો 22.1

1. આંતરરાષ્ટ્રીય વ્યવસાયનો એક લાભ જણાવો.

નોંધ

2. નિકાસનો અર્થ શું છે ?

3. આયાતની વ્યાખ્યા આપો.

## 22.3 ભારત દ્વારા આયાત અને નિકાસ.

ભારત વિ વના અનેક દેશો સાથે અર્થતંત્રને લગતા સંબંધો ધરાવે છે. તેને પરિણામે ભારત ઘણી વ્યાપારી ચીજવસ્તુઓ વિદેશમાં નિકાસ કરે છે અને ઘણી વ્યાપારી ચીજવસ્તુઓ વિદેશથી આયાત કરે છે. જે દેશો સાથે ભારત આયાત અને નિકાસમાં સંકળાયેલ છે તેમને ભારતના વ્યાવસાયિક ભાગીદાર કહેવાય છે.

* ભારતની નિકાસ.

ભારત અન્ય દેશોમાં જે વસ્તુઓ નિકાસ કરે છે તેમાં ઇજનેરી વસ્તુઓ, હસ્તકલાત્મક કૃતિઓ, રસાયણ અને તેને લગતા ઉત્પાદનો, તૈયાર કપડાઓ, સૂત્તર, લોખંડ, ખનીજ, ચામડું, માછલી, ચોખા, ફળો, શાકભાજી વગેરેનો સમાવેશ થાય છે. ભારતની નિકાસ જ્યાં પહોંચે છે તે પૈકી થોડા દેશો ફ્રાન્સ, જર્મની, યુ.કે., યુ.એસ.એ., ઇરાન, યુ.એ.ઇ., ચીન, હોંગકોંગ, સીંગાપુર અને થોડા આફ્રિકા અને લેટીન અમેરિકા વગેરે છે.

* ભારતની આયાત.

ભારતની ખૂબ અગત્યની વસ્તુઓ પેટ્રોલ અને ઉંજણતેલ છે જે ઇરાન, યુ.એ.ઇ. અને દક્ષિણ આરબ વગેરે જેવા તેલ અને પેટ્રોલ નિકાસ કરતા દેશો (OPEC) પાસેથી આયાત કરે છે. ભારત બિન–લોહ ધાતુઓ, મૂડીદાર વસ્તુઓ અને ખાતરની પણ, આયાત કરે છે. મૂડીદાર વસ્તુઓમાં વિદ્યુત અને બિન વિદ્યુત યંત્રો અને પરિવહન સાધનોનો સમાવેશ થાય છે. ભારત જે દેશમાં તેનો માલસામાન અને સેવાઓનો નિકાસ કરે છે તેમાંના મોટા ભાગના દેશોમાંથી આયાત કરે છે.

## 22.2પાઠને લગતા પ્રશ્નો

1. ભારતની મુખ્ય બે નિકાસી વસ્તુઓનાં નામ આપો.

2. ભારતની મુખ્ય બે આયાતી વસ્તુઓનાં નામ આપો.

3. ભારતના બે મોટા વ્યાવસાયિક ભાગીદારનાં નામ આપો.

## 22.4વૈશ્વિકરણનો અર્થ

અત્યારના સમયમાં વૈશ્વિકરણ શબ્દ બહોળા પ્રમાણમાં વપરાય છે. તેનું કારણ દેખીતું છે. અત્યારે ટેલીવીઝન, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોન સરળતાથી પ્રાપ્ત થાય છે. દૂરના પ્રદેશોમાં રહેતા લોકો અત્યારે મોબાઇલ ફોન દ્વારા વાતચીત કરી શકે છે અને એકબીજાના સંપર્કમાં રહી શકે છે. અત્યારે આપણે ભારત વેસ્ટ–ઈંડીઝ વચ્ચે રમાતી



નોંધ

ક્રિકેટ મેચ ટેલીવીઝન પર જીવંત જોઇ શકીએ છીએ. આપણે યુ.એસ.એ. અથવા યુરોપમાં તમારા મિત્ર સાથે મોબાઇલ ફોન દ્વારા વાત કરી શકીએ છીએ. તમારે કંઇક વિસ્તાર પૂવર્ક કહેવું હોય તો પત્ર મોકલવાની જરૂર નથી. ભારતમાંથી અમેરિકામાં પત્ર મેળવવામાં ઓછામાં ઓછા 3 થી 7 દિવસ જાય છે. પણ ઇન્ટરનેટ દ્વારા તમે ઇ–મેઇલ મોકલી શકો છો જે તમારા મિત્રને સેંકડોમાં મળી જાય છે.

તમે જમની કે જાપાનમાં ઉત્પાદિત થયેલ નવા માલની માંગ ઇન્ટરનેટ દ્વારા મૂકો જે તમારી પાસે ભારતમાં પહોંચી જશે. આ બધાને કારણે આપણે વિચારીએ છીએ કે વિ વ ખૂબ નાનું થઇ ગયું છે અને ઘણા પ્રકારના કુટુંબો એક જ ગામમાં વસે છે. આપણે ભૂલવું ન જોઇએ કે આ વિકાસ કંઇ થોડા દિવસોમાં જ નથી થઇ ગયો. આ પ્રક્રિયા લાંબા સમયથી ચાલતી આવી છે. અગાઉના દિવસોમાં વ્યક્તિ અથવા જૂથ માલસામાન અને સેવાઓનો વ્યવસાય કરવા જુદા જુદા દેશોમાં દરિયાઇ માગેર્ જતા. હવાઇ જહાજ અને મોટાં વહાણોની શોધને લીધે પ્રવાસ કરવો અને માલસામાન મોકલવો સહેલું થઇ ગયું છે. કોઇ પણ અડચણ ઓછી ઉભી થાય તે માટે જુદા જુદા દેશોની સરકારો એકબીજા સાથે આંતરક્રિયાઓ કરવાનું શરૂ કર્યું કે જેથી બધા દેશોના નાગરિકો કોઇ પણ મુશ્કેલી વગર વસ્તુઓનો વિનિમય કરી શકે. આજે તમે જોઇ શકો છો તે પરિવહન અને સંદેશા વ્યવહાર ક્ષેત્રમાં ટેકનોલોજી અને વૈજ્ઞાનિક વિકાસે જુદા જુદા દેશના લોકો વચ્ચે આંતરક્રિયાની આ પ્રક્રિયાને હવે સરળ બનાવી છે. જો આપણે જુદા જુદા દેશોમાં જુદી જુદી જગ્યાએ રહેતા હોઇએ તો પણ વિ વમાં આપણે કદી આપણને જુદા પાડી શકીએ નહીં. તેના કરતાં વ્યવસાય, પરિવહન અને સંદેશા વ્યવહારની મદદથી હવે માણસો એકબીજાની વધારે નજદીક આવ્યા છે. લોકો સ્થાનિક અને વિદેશી એમ બન્ને જાતની વસ્તુઓનો ઉપયોગ કરી શકે છે. નોકરી ધંધો કરવા પરદેશ જઇ શકે છે અને વિદેશી નાગરિકો સાથે વિચાર વિનિમય કરી શકે છે. જુદા જુદા દેશોમાં માલ અને સેવાઓનો નિકાસ કરી શકે છે વગેરે.

વિશ્વના જુદા જુદા દેશો નજદીક આવતા લાગે છે. સાદી પરિભાષામાં આ પ્રક્રિયાને વૈશ્વિકરણ કહેવાય છે.

## 22.5 ભારત, ચીન અને યુ.એસ.એ.માં અથર્તંત્રના વિકાસની સરખામણી.

યુ.એસ.એ. એ સૌથી વધુ વિકસિત અથર્તંત્રમાંનું એક છે. ભારત અને યુ.એસ.એ.વચ્ચે સામ્યતા એ છે કે તે વિશ્વની બે સૌથી મોટી લોકશાહીઓ છે. એટલે કે બન્ને દેશોમાં લોકો દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓનું શાસન છે. ભારત અને ચીનમાં સામ્યતા એ છે કે બન્ને એશિયા ખંડના ભાગ છે. અને એકબીજાના પડોશી છે. થોડા સમય પહેલા ભારત અને ચીનમાં અથર્તંત્રના સ્તરનો વિકાસ લગભગ સમાન હતો. બન્ને વિકાસ પામતા દેશો હતા. પણ છેલ્લા થોડા વષોર્ દરમિયાન ચીનનું અથર્તંત્ર ખૂબ ઝડપથી વિસ્તરી રહ્યું છે. આથી આ અથર્તંત્રોની સરખામણી કરવી મહત્વની છે. હવે આપણે અનુક્રમે યુ.એસ.એ. અને ચીનના અથર્તંત્રનું વિહંગાવલોકન કરીએ.

### 22.5.1 યુ.એસ.એ. અર્થતંત્રનો ટૂંકો અહેવાલ.

યુ.એસ.એ.અર્થતંત્રના ખૂબજ અગત્યના લક્ષણોમાંથી એક એ છે કે માલસામાન અને સેવાઓના ઉત્પાદનમાં ખાનગી વિભાગ મોટો ભાગ ભજવે છે. સરકાર વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વધારે દખલ કરતી નથી. યુ.એસ.એ. માં 3 કરોડ નાના વ્યવસાય છે. વિ વની સૌથી મોટી 500 પેઢી પૈકી 139 યુ.એસ.એ. માં છે. વિ વના સૌથી વધુ ધનવાનોમાં લગભગ 40% યુ.એસ.એ.માં વસે છે. અમેરિકન વ્યવસાયકારો અને કંપનીઓની પહોંચ અને હાજરી આખા વિ વ પર છે. ફોર્ડ મોટર્સ, જનરલ ઇલેક્ટ્રીક, કોકા કોલા, વોલમાર્ટ વગેરે જેવી બહુ વિધ દેશો જેવી કંપનીઓ યુ.એસ.એ. માંથી દેખાવા પામી છે. યુ.એસ.એ. નું કૃષિતંત્ર પણ ખૂબજ આગળ પડતું છે. તે ઘઉં, મકાઇ જેવા અનાજ, ફળો અને શાકભાજી જેવી ખાદ્યસામગ્રીના સૌથી મોટા નિકાસકારોમાંનો એક છે. ઉત્પાદનના સંદર્ભમાં યુ.એસ.એ. ની ઉત્પાદન ક્ષમતા ચીન, ભારત અને બ્રાઝિલની કુલ ઉત્પાદન ક્ષમતા કરતાં વધુ હતી. ફક્ત હમણાં એટલે કે 2010 માં કહેવાય છે કે ચીન યુ.એસ.એ.કરતાં આગળ નીકળી ગયું છે. પેટ્રોલ પેદાશો, લોખંડ, ગાડીઓ, બાધકામ, યોગ સામગ્રી અને કૃષિક્ષેત્રની યંત્ર સામગ્રી એ યુ.એસ.એ. ના થોડા ઉત્પાદક ઉદ્યોગો છે.

શિક્ષણ અને સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ યુ.એસ.એ. માં ઉત્તમ ગુણવત્તાવાળી હોય છે. ભારતમાં 15 ટકા સામે યુ.એસ.એ.માં 85 ટકા બાળકો સરકારી શાળામાં દાખલ થાય છે.

યુ.એસ.એ. વિશ્વમાં સૌથી વધુ માલ અને સેવાઓના નિકાસકારો પૈકી એક છે અને બાકીના દેશોમાંથી આયાત કરતો સૌથી મોટો આયાતકાર છે. બધા જ જાણે છે કે યુ.એસ. ડોલર તરીકે ઓળખાય છે. જે આંતરરાષ્ટ્રીય ચલણ છે અને તેયુ.એસ.એ.ના વિશ્વ વ્યવસાય પર અંકુશ હોવાથી લગભગ દરેક જગ્યાએ ચાલે છે. તેની સમૃદ્ધિ હોવા છતાં યુ.એસ.એ. માં ગરીબાઇ અને બેરોજગારી છે. 2008 માં આશરે 16 ટકા વસ્તીને સારો ખોરાક નહોતો મળ્યો. તેનો બેરોજગારી દર 2010 માં 9.9 ટકા હતો.

### 22.5.2 ચીનનું અર્થતંત્ર.

કહેવાય છે કે વિ વમાં યુ.એસ.એ. પછી સૌથી મોટું દ્વિતિય અર્થતંત્ર હવે ચીનનું અર્થતંત્ર છે. 1980 સુધી ચીન અર્થતંત્રની શક્તિના અર્થમાં બહુ અગત્યતા ધરાવતું નહોતું. તેનું સ્થાન ભારતના સ્થાન જેટલું જ હતું. પણ 1980 પછી ચીનનું અર્થતંત્ર ખૂબ ઝડપથી વિકસ્યું કારણકે તેણે અર્થતંત્રના સુધારાઓને આગળ ધપાવ્યા. તમે જાણો છો કે ચીનમાં ભારત કે યુ.એસ.એ.જેવી લોકશાહી કે લોકોનું શાસન નથી. ચીનમાં એક જ પક્ષ શાસન ચલાવે છે અને લોકો અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય માણી શકતા નથી. પણ

ચીનની સરકારે ધીમે ધીમે ખાનગી સાહસોને વેપાર સ્થાપવા અને મોટા પ્રમાણમાં માલસામાન અને સેવાઓનું ઉત્પાદન કરવાની છૂટ આપી. તેને પરિણામે ચીન મોટા પ્રમાણમાં જુદા જુદા દેશોમાં નિકાસ કરવા લાગ્યું અને મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણ કમાવા લાગ્યું.

ભારતની જેમ ચીને પણ પંચવર્ષીય યોજનાની વ્યુહરચના અપનાવી. તેની બારમી પંચવર્ષીય યોજના હમણાં જ શરૂ થઇ અને તેનો ગાળો 2011-2015 છે. ચીનની સૌ પ્રથમ યોજનાનો ગાળો 1953-1957 હતો. યોજનાઓ અને અર્થતંત્રને લગતા સુધારાઓના ચુસ્ત અમલ દ્વારા ચીને ઝડપથી અર્થતંત્રની પ્રગતિ પ્રાપ્ત કરી રહ્યું છે. હાલમાં ચીનની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક ભારત કરતા ખૂબ ઝડપથી વધી રહી છે. 2010ના પ્રથમ અર્ધમાં વિ વની કુલ નિકાસમાં ચીનનો ફાળો 10 ટકા હતો જ્યારે તેની સરખામણીમાં ભારતનો માત્ર 1.4 ટકા હતો. વસ્તી નિયંત્રણના ક્ષેત્રમાં ચીન એ ભારત કરતા વધુ સારી રીતે કામગીરી બજાવી રહ્યું છે. એમ કહેવાય છે કે ભવિષ્યમાં ચીન કરતા વસ્તીની દ્રષ્ટિએ ભારત આગળ નીકળી જશે. તેની વધુ સારી અર્થતંત્રને લગતી પરિસ્થિતિને કારણે ચીન એ ભારત કરતા પોતાના ઔદ્યોગિકરણ અને સેવાઓના વિકાસ માટે વિદેશો પાસેથી વધારે પૈસા આકર્ષી રહ્યું છે. આજે ચીનનું જીવનધોરણ એટલું બધું સુધરી ગયું છે કે તેનો ગરીબીનો ગુણોત્તર 2005માં 2.5 ટકા થઇ ગયો જે 1981માં 51 ટકા હતો. જ્યારે ભારતમાં તે સમયે 27.5 ટકા લોકો ગરીબ હતા.

## 22.3પાઠને લગતા પ્રશ્નો.

1. ભારત અને ચીનનું એક સામાન્ય અર્થતંત્રને લગતું લક્ષણ કહો.
2. ભારત, ચીન અને યુ.એસ.એ. ની ગરીબીના સંદર્ભમાં સરખામણી કરો.

## તમે શું શીખ્યા.

1. અર્થતંત્રને લગતા સંબંધોનો અર્થ અને દેશો વચ્ચેના આંતર રાષ્ટ્રીય વ્યવસાયના ફાયદાઓ.
2. ભારત કઇ ચીજ–વસ્તુઓની આયાત અને નિકાસ કરે છે.
3. પ્રાથમિક તબક્કે વૈશ્વિકરણનો અર્થ.

4. અનુક્રમેયુ.એસ.એ. અને ચીનના અર્થતંત્રના દરજ્જા કે જેથી તમે તેમના અગાઉના પ્રકરણોમાં આપેલ ભારત સાથે સરખામણી કરી શકો.

## સત્રાંત સ્વઅધ્યયન.

1. આંતરરાષ્ટ્રીય વ્યાપારના ફાયદાઓ સામજાવો.

2. ભારતના વ્યાવસાયિક ભાગીદારોના ઉદાહરણો અને તે કઇ ચીજવસ્તુઓનું વિનિમય કરે છે. તેના થોડા નામ આપો.

3. યુ.એસ.એ. અર્થતંત્ર પર ટૂંક નોંધ લખો

.4. ચીનના અર્થતંત્ર પર ટૂંક નોંધ લખો.

## પાઠને લગતા પ્રશ્નોના જવાબો. 22.1

1. આંતરરાષ્ટ્રીય વ્યાપાર માલસામાન અને સેવાઓના ઉત્પાદનમાં નિપુણતા અને કાયર્ક્ષમતા તરફ દોરી જાય છે.

2. બાકીના વિશ્વને માલસામાન અને સેવાઓના વેચાણને નિકાસ કહેવાય છે.3. બાકીના વિ વ પાસેથી માલસામાન અને સેવાઓની ખરીદીને આયાત કહેવાય છે.પ

ાઠને લગતા પ્રશ્નો 22.2

1. ઈજનેરી માલસામાન, હસ્તકલા ઉત્પાદન.

2. પેટ્રોલિયમ, વિદ્યુતને લગતા યંત્રો.

3. યુ.એસ.એ., યુ.એ.ઈ.

પાઠને લગતા પ્રશ્નો 22.3

1. પંચવષીર્ય યોજના.

2. 2005માં ભારતનો ગરીબી ગુણોત્તર 27.5 ટકા હતો જ્યારે ચીનનો ફક્ત 2.5 ટકા હતો. યુ.એસ.એ. માં 2008 દરમિયાન 16 ટકા લોકો ખાદ્ય સામગ્રી પ્રાપ્ત નહોતા કરી શક્યા.

# મોડયુલ – 8

## સમકાલીન અર્થતંત્રના મુદ્દા

23 પર્યાવરણ અને ટકાઉ વિકાસ
24 ગ્રાહકની જાગૃકતા

# 23

# પર્યાવરણ અને ટકાઉ વિકાસ

અગાઉના પાઠમાં તમે આર્થિક વિકાસ અને તે કઇ રીતે લોકોના જીવનની ગુણવત્તા સુધારે તે વિષે શીખ્યા. માલ–સામાન સેવાઓનું માનવ જરૂરિયાતો સંતોષવા ઉત્પાદન કરાય છે. જુદી–જુદી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવા માનવ સર્જિત અને કુદરતી એમ બન્ને સ્ત્રોતો જરૂરી છે. જેમ વધુ માલસામાન ઉત્પાદિત થાય તેમ વધુ સ્ત્રોતો વપરાય છે. ઉત્પાદનની પ્રક્રિયા માત્ર સ્ત્રોતોનો ઉપયોગ જ નથી કરતી પણ નવી સમસ્યાઓ પણ પેદા કરે છે. ઉદાહરણ તરીકે જ્યારે કારખાનામાં માલ સામાનનું ઉત્પાદન થાય છે ત્યારે કારખાનાઓ ધુમાડો ફેંકે છે જે આપણે હવા  વાસમાં લઇએ છીએ તેને પ્રદુષણ કહે છે. તે જ રીતે નદીમાં છોડેલું પાણી આપણા પીવાના પાણીને પ્રદુષિત કરે છે. જેમ માલ સામાન અને સેવાઓની માંગ વધતી જાય છે તેમ સ્ત્રોતોની માંગ પણ વધતી જાય છે. તેને પરિણામે સ્ત્રોતો વપરાતા જાય છે અને તેમને સુધારી ન શકાય તેટલું નુકશાન થતુ જાય છે. આપણે જેમ જેમ જંગલો કાપતા જઇએ છીએ તેમ તેમ હવા અને નદીઓને પ્રદુષિત કરતા જઇએ છીએ. જમીનમાંથી ખનીજો ખોદતા જઇએ તેમ તેમ આપણે કુદરતનો નાશ કરીએ છીએ. આમ કુદરતનો વિનાશ માનવ જીવનને પ્રતિકુળ રીતે અસર કરે છે.

## હેતુ

આ પાઠ પૂરો કયા બાદ તમે

- પર્યાવરણની વ્યાખ્યા અને મહત્વ સમજી શકશો
- જુદી જુદી પયાર્વરણની સમસ્યાઓ સમજી શકશો જેમકે પ્રદુષણ, અધ:પતન, સ્ત્રોતોનો ઘટાડો.
- જાળવી શકાય તેવા વિકાસનો અથ સમજી શકશો.
- જાળવી શકાય તેવા વિકાસના રસ્તાઓ કઇ રીતે પ્રાપ્ત કરી શકાય તે કહી શકશો.

## 23.1 પયાર્વરણ, વ્યાખ્યા અને મહત્વ

વિ વમાં કે તેના કોઇ ભાગમાં કુદરતી રીતે બનતી સજીવ કે નિર્જીવ વસ્તુઓને આવરી લે છે. તે બધીજ જૈવિક અને અજૈવિક ઘટનાઓને આવરી લે છે. જે કુદરતમાં એકબીજાને અસર કરે છે. બધાજ સજીવ તત્વો જેવા કે પક્ષીઓ, પશુઓ, વૃક્ષો, જંગલો ઇત્યાદિ જૈવિક તત્વો છે. બીજી બાજુ બધુ નિર્જીવ જેમકે હવા, પાણી, પત્થર, સૂયર્ ઇત્યાદિ પયાર્વરણના અજૈવિક ભાગના ઉદાહરણો છે.

પયાર્વરણનું મહત્વ.

1. પયાર્વરણ માણસને પુનર્જીવિત કરી શકાય અને પુનર્જીવિત ન કરી શકાય તેવા બન્ને જુદા જુદા સ્ત્રોતો પૂરા પાડે છે. પુનર્જીવિત કરી શકાય તેવા તેવા સ્ત્રોતોની સહેલાઇથી સમય સાથે ફરથી પૂતિર્ કરી શકાય છે અને તેથી સ્ત્રોત ઘટશે કે નાશ પામશે તેની શક્યતાનો વિચાર કયાર્ સિવાય ઉપયોગ કરી શકાય છે. પુનર્જીવિત કરી શકાય તેવા સ્ત્રોતો જંગલના વૃક્ષો, સમુદ્રમાંની માછલીઓ ઇત્યાદિ છે. બીજી બાજુ પુનર્જીવિત ન કરી શકાય તેવા સ્ત્રોતો વપરાશ થતાં સમય જતા ઓછા થતાં જાય છે અથવા નાશ પામે છે. પુનજીવીત ન કરી શકાય તેવા સ્ત્રોતોના ઉદહરણમાં પેટ્રોલિયમ, પ્રાકૃતિક વાયુ બળતણ, કોલસો ઈત્યાદિનો સમાવેશ થાય છે. ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ સ્ત્રોતોનો ઉપયોગ સાવધાની પૂવર્ક કરવો જોઈએ

> તમે જાણો છો ?
>
> હાલના ચિત્રના આધારે આશરે 50-75 વષર્ દરમિયાન સંપૂણર્ વિ વનો કોલસો, તેલ, કુદરતી બળતણ, વાયુ અને યુરેનિયમ– 235ની અનામતનો મેળવી શકાતો જથ્થો એટલે કે આપણા હાલના ઉજાર્સ્ત્રોતો વપરાઈ ગયા છે.

2. પયાર્વરણ એ હાનિકારક કચરા અને ઉપપેદાશોનું શોષણ કરે છે એટલે કે તે ઉત્પાદિત કચરાને પચાવી લે છે. ચીમનીઓ અને વાહનોમાંથી નીકળતો ધૂમાડો, કસ્બા અને શહેરોની ગટરોનું પાણી, ઔદ્યોગિક એકમોનું પાણી વગેરેનું પયાર્વરણ શોષણ કરે છે. આ નુકશાનકારક કચરો અને ઉપપેદાશો શોષાય છે. સ્વચ્છ થાય છે અને કેટલીય કુદરતી પ્રક્રિયાઓથી તે ફરી ઘટમાળમાં ગોઠવાઇ જાય છે.

3. પયાર્વરણ જૈવિક વિભિન્નતા પૂરી પાડી જીવનને નિભાવે છે. જુદા જુદા જીવો પર પયાર્વરણે ઉભા કરેલા દબાણોને લીધે જુદા જુદા વંશની ભિન્નતા ઉત્પન્ન થઇ છે જેથી તે જીવનના રૂપો અનુસરણ કરી શકે, વિકસી શકે અને વંશીય ફેરફારો સજીર્ શકે જે કઠિન પયાર્વરણમાં સામનો કરી શકે તેથી પયાર્વરણ જુદી જુદી જાતના જીવિત સ્વરૂપો અને અજૈવિક ઘટકો વચ્ચે સંબંધ સજીર્ અને જાળવી શકે છે તેમજ જીવનને શક્ય બનાવે છે. આથી પયાર્વરણ જાળવી ને જીવિત રૂપોને સાચવી રાખવું જરૂરી છે.

4. પયાર્વરણની જૈવિક અગત્યતા સિવાય પયાર્વરણ સૌન્દયર્લક્ષી મુદ્દે પણ અગત્યનું છે. તે આપણને સૃષ્ટિ, સૌંદયર્ અને કુદરતી દ્રશ્યો પૂરા પાડે છે. જે આપણા માટે અમૂલ્ય છે અને તે વિ વમાં માનવીય સંસ્કૃતિમાં અગત્યનો ભાગ ભજવે છે.

## પાઠને લગતા પ્રશ્નો 23.1

a. "પયાર્વરણ" દ્વારા શી સમજણ મળે છે ?

b. પયાર્વરણના બે ઘટકોના નામ આપો.

c. બે પુન:સર્જિત અને બે બિનપુન:સર્જિત  હોય તેવા સ્ત્રોતોના નામ આપો.

## 23.2 પયાર્વરણને લગતી સમસ્યાઓ.

માનવ સભ્યતાની આગેકુચ સાથે માનવીય જરૂરિયાતો વધી રહી છે અને વિવિધ પ્રકારની થઇ છે. તે કુદરતી સ્ત્રોતોના ઝડપી ઘટાડા તરફ દોરી જાય છે. ઘણા સ્ત્રોતો ઝડપથી વધવા માંડ્યા છે જેને લીધે ઘણા સ્ત્રોતોનો વધુ પડતો ઉપયોગ તથા ઘટાડા થયા છે. સ્ત્રોતોના ઝડપી ઉપયોગથી ઘણી પયાર્વરણને લગતી સમસ્યાઓ સર્જાઈ છે. તેમાં હવાનું પ્રદુષણ, જમીન અને જંગલ જેવા કુદરતી સ્ત્રોતોનું અધ:પતન અને જમીનના પેટાળમાં રહેલા બળતણ અને ખનીજ જેવા પુન:સજીર્ત ન કરી શકાય તેવા સ્ત્રોતોનો વિનાશ વગેરેનો સમાવેશ થાય છે. નીચે આપેલ વિભાગમાં તમે આ પયાર્વરણની સમસ્યાઓ વાંચી શકશો અને અથર્તંત્ર તેમજ પૃથ્વીગ્રહ પર તેના પ્રત્યાઘાતની અગત્યતા સમજી શકશો.

### 23.2.1 પ્રદુષણ

પ્રદુષણ રાશિ કુદરતી સ્ત્રોતો અથવા કુદરતી પયાર્વરણના અનિચ્છનીય સમય પછી નુકશાનકતાર્ છે. આમ પ્રદુષણ સજીવોના આરોગ્યને અસર કરે છે. પ્રદુષણ એ પ્રદુષકોના કારણે થાય છે. પ્રદુષક એ નિરૂપયોગી પદાથર્ અથવા વસ્તુ છે જે કુદરતી સ્ત્રોત અથવા પયાર્વરણમાં અનિચ્છનીય ફેરફાર કરે છે. વાતાવરણમાં ધુમાડો, રજ અને ઝેરી વાયુઓ અને ઔદ્યોગિક રાસાયણિક અને શહેરોમાંથી ગટરોનું પાણી પ્રદુષકોના થોડા ઉદાહરણો છે. વિશેષમાં માનવીય પ્રવૃત્તિઓ પણ ઉષ્મા ઉત્તપન્ન કરે છે અને ઘોંઘાટ  પેદા કરે છે તેમજ બીજા અનેક રસ્તાઓથી સજીવોને નુકશાન કરે છે.

#### 23.2.1.1 હવાનું પ્રદુષણ

હવાનું પ્રદુષણ એટલે દાખલ થયેલ રસાયણો, દ્રવ્યના કણો અને જૈવિક દ્રવ્ય જે મનુષ્યોને તેમજ બીજા સજીવોને હાનિ અથવા અસુવિધા પેદા કરે છે. તેમજ કુદરતી પયાર્વરણ અને વાતાવરણમાં સ્થાપિત પયાર્વરણને નુકસાન કરે છે. હવાના પ્રદુષકોમાં સલ્ફર ડાયોક્સાઇડ,

નાઇટ્રોજન ઓક્સાઇડ, કાબર્ન મોનોક્સાઇડ, કાબર્ન ડાયોક્સાઇડ જે મુખ્ય ગ્રીન હાઉસ વાયુ છે. ઝેરી ધાતુઓ અને દ્રવ્યના કણોનો સમાવેશ થાય છે.

નોંધ

| |
|---|
| તમે જાણો છો ? |
| વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન જણાવે છે કે 24 લાખ લોકો દર વર્ષે સીધા હવાના પ્રદુષણને કારણે મૃત્યુ પામે છે. વિ વભરમાં વાહનોના અકસ્માતો કરતાં વધારે મૃત્યુ હવાના પ્રદુષણ સાથે સંકળાયેલા છે. |

હવાના પ્રદુષણની અસરો.

હવાના પ્રદુષણથી આરોગ્ય પર થતી અસરોમાં વાસ લેવામાં તકલીફ, સસણી, ઉધરસ, વસન અને હૃદયની સ્થિતિમાં તકલીફ હોય તો તેમાં વધારો વગેરેનો સમાવેશ થાય છે. આ અસરોનું પરિણામ દવાઓ, તબીબ અથવા તાત્કાલિક સારવારની મુલાકાત, વધુ ઇસ્પિતાલમાં ભરતી અને અકાળ મૃત્યુ વગેરે થઇ શકે છે.

હવાના પ્રદુષણોના સ્ત્રોતો.

હવાના પ્રદુષણના મોટાભાગના સ્ત્રોતો (માનવજાતે સર્જેલા)માં નીચેનાનો સમાવેશ થાય છે.

- ઉર્જા ઉત્પાદક મથકો, કારખાનાઓ, કચરો બાળવાની ભઠ્ઠીઓ, ધાતુઓ ઓગાળવાની ભઠ્ઠીઓ ઇત્યાદિમાંથી છોડાતો ધુમાડો.
- ગાડીઓ, બસો, દ્વિચક્રી વાહનો, હવા જહાજ, વહાણ ઇત્યાદિ દ્વારા બહાર ફેંકાતો બળી ગયેલ વાયુ.
- જંતુનાશક અને ખાતર જેવા રસાયણો તેમજ ખેતીવાડી અને ખેતીવાડીને લગતી ક્રિયાઓ.
- કલરકામ, વાળ માટેનો ફુવારો, વાનીર્શ, સુગંધ માટેના ફુવારા અને બીજા અન્ય દ્રાવણોથી થતો ધુમાડો.
- જમીન પર એકત્રિત થતો કચરો જે મિથેન ઉત્તપન્ન કરે છે અને વૈશ્વિક ગરમીમાં ફાળો આપે છે.

પ્રદુષણના મુખ્ય સ્ત્રોતો નીચેનાને સમાવે છે.

- કુદરતી સ્ત્રોતોમાંથી મળતી ધૂળ જેમકે ઉજ્જડ પ્રદેશ.
- પશુઓએ પચાવેલ ખોરકમાંથી છોડાયેલ મિથેન ઉદાહરણ તરીકે ગાયો અને ભેંસો.
- દાવાનળમાંથી મળતા ધુમાડા, દ્રવ્યકણો, કાબર્ન મોનોક્સાઇડ
- જ્વાળામુખીની ક્રિયાઓ જે સલ્ફર, ક્લોરીન અને રાખના કણો ઉત્તપન્ન કરે છે.

### 23.2.1.2 જળ પ્રદુષણ.

જળ સ્થાનો (જેવા કે તળાવો, નદીઓ, સમુદ્રો ભૂગભર્જળ)ને દુષિત કરવા એ જળ પ્રદુષણ છે જેમાં નુકશાનકારક મિશ્રિત થયેલા તત્વોને પૂરતી પ્રક્રિયા દ્વારા દૂર કર્યા સિવાય સીધી કે આડકતરી રીતે છોડાતા પાણીના પ્રદુષકો હોય છે. જળ પ્રદુષણના મુખ્ય સ્ત્રોતોમાં

ઔદ્યોગિક રસાયણો અને રસાયણ યુક્ત પ્રવાહી, આહારનો કચરો, દુરૂપયોગી પાણી, ગટરનું પાણી વગેરેનો સમાવેશ થાય છે.

જળ પ્રદુષણની અસરો.

પ્રદુષિત જળમાં રહેલા જીવાણુઓને લીધે કોલેરા, ટાઇફોઇડ, અતિસાર ઇત્યાદિ પાણી સજીર્ત અનેક રોગો ઉત્તપન્ન થાય છે જે માનવજાત અને પશુઓને સમાન રીતે અસર કરે છે. પ્રદુષણ પાણીના રસાયણશાસ્ત્રને અસર કરે છે. ઝેરી તત્વો સહિતના પ્રદુષકો પાણીની અમ્લતા, વાહક્તા અને તાપમાન બદલી શકે છે. જલ આધારિત પયાર્વરણમાં નિવાસ કરતા જીવોને પણ તે મારી નાખે છે. જેમકે માછલીઓ, પક્ષીઓ, વનસ્પતિ ઇત્યાદિ જેનાથી ભોજન શૃંખલામાં ભંગ પડે છે જે પયાર્વરણમાં અસંતુલન પેદા કરે છે.

જલ પ્રદુષણના સ્ત્રોતો.

જલ પ્રદુષણના મુખ્યત્વે સ્ત્રોતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- ગટરના પાણીનું શુદ્ધિકરણ કરતા એકમો તથા કસ્બા અને શહેરમાંથી આવતી ગટરોમાંનો નિકાલ.
- કારખાના દ્વારા જલ સ્થાનોમાં છોડાતું ઔદ્યોગિક કચરાવાળું પાણી.
- કૃષિક્ષેત્રના ખેતરોમાંથી આવતા રસાયણો અને જંતુનાશક દવાઓ જે ખેતરોમાંથી આવતા પદાથોર્ છે.
- શહેરોના વરસાદી પાણીના નિકાલમાંથી આવતું દુષિત વરસાદી પાણી.
- જલ સ્થાનોમાં વિદ્યુત મથકો દ્વારા ગરમ અથવા રેડિયો વિકિરણ વાળું છોડાતું પાણી.
- તેલ લઇ જતા જહાજો તેમજ તેલ મેળવવા રખાતી યંત્ર વ્યવસ્થામાંથી ઢોળાતું અને છિદ્રોમાંથી વહી જતું તેલ.
- જલ સ્થાનોમાં લીલની વૃદ્ધિ.

23.2.1.3 અવાજનું પ્રદુષણ

અવાજનું પ્રદુષણ એ વધુ પડતા અને અણગમાવાળું અવાજનું પયાર્વરણ છે જે માનવ તેમજ પશુજીવનની પ્રક્રિયાઓ અને સંતુલનને ખોરવી નાખે છે.

અવાજના પ્રદુષણની અસરો

અનિચ્છનીય ધ્વનિના રૂપમાં અવાજનું પ્રદુષણ સામાજિક અને માનસિક સ્વાસ્થ્યને નુકશાન કરી શકે છે. અવાજનું પ્રદુષણ અકળામણ અને આક્રમકતા, લોહીનું ઉચું દબાણ, ઉંચા દબાણનું સ્તર, બહેરાશ, નિંદ્રાની ખલેલ અને બીજી નુકસાનકારક અસરનું કારણ બને છે.





અવાજના સતત સંપકથી અવાજને લીધે બહેરાશ આવી શકે છે. વ્યાવસાયિક અવાજના નોંધપાત્ર સંપકર્માં રહેતા માણસોની સાંભળવાની સંવેદના, આવા સંપકર્માં ન રહેતા માણસો કરતાં ઓછી દશાર્વે છે. ઉંચા અને મધ્યમ ઉંચા અવાજનું સ્તર હૃદયતંત્ર પરની અસર, ઉંચા લોહીના દબાણ અને તાણના વધારામાં ફાળો આપી શકે છે તેમજ આમ લોકોની શારિરીક અને માનસિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે.

ધ્વનિના પ્રદુષણના સ્ત્રોતો.

ધ્વનિ પ્રદુષણના મુખ્ય સ્ત્રોતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- વાહનોની અવર–જવર જેમકે ગાડીઓ, બસો, હવાઇ જહાજો, રેલગાડીઓ વગેરે.
- પત્થર તોડવા, લોખંડના પતરા બનાવવા, કરવતથી કાપવા, છાપકામ વગેરે ઔદ્યોગિક પ્રક્રિયાઓ.
- રસ્તાઓ, પુલો, મકાનો વગેરેના બાંધકામો.
- સ્ટીરીયો, ટેલિવિઝન વગેરેના ઘરમાંથી આવતા ભાતભાતના અવાજો.
- વાતાનુકુલિત યંત્ર, રેફ્રીજરેટર વગેરે જેવી ગૃહોપયોગી વસ્તુઓમાંથી

ઉપરના વિભાગમાં તમે જુદી જુદી જાતના પ્રદુષણો, તેમના ઉદ્‌ગમસ્થાનો અને અસરો વિષે વાંચ્યું. જુદી જુદી જાતના પ્રદુષણોનો વિચાર કરો જે તમને અને તમારા કુટુંબને અસર કરે છે તેની એક યાદી બનાવો. પ્રદુષણની હાનીકારક અસરો ઘટાડવા તમે, તમારુ કુટુંબ અને સમાજ કયા પગલાં લઇ શકે?

## પાઠને લગતા પ્રશ્નો 23.2

1. પ્રદુષણ શું છે ?
2. હવાના પ્રદુષણના કોઇ પણ બે ઉદ્‌ગમસ્થાનોનાં નામ આપો.
3. જળપ્રદુષણની બે હાનીકારક અસરોના નામ આપો.
4. ધ્વનિ પ્રદુષણ એટલે શું ?

### 23.2.2 અધ:પતન

જમીનનું અધ:પતન એ અનિચ્છનીય અથવા વિઘાતક ફેરફાર અથવા જમીનની ગુણવત્તામાં ખલેલ સૂચવે છે. તે આપેલ ક્ષેત્ર માટે વનસ્પતિ અને પ્રાણીઓના વગર્ના ફેરફાર તરફ દોરી જાય છે તેમજ તે ક્ષેત્રની ગુણવત્તા અને ઉત્પાદકતાના નુકશાન તરફ ઇશારો કરે છે. જમીન

પોતાના પોષક તત્વો, ખનીજો અને પ્રાણી કે વનસ્પતિનું દ્રવ્ય (સેન્દ્રીય તરીકે ઓળખાતું ) ગુમાવે છે. તે સ્થાનિક પર્યાવરણના પ્રાકૃતિક સંતુલનને છિન્નભિન્ન કરી નાખે છે તેથી જમીન વનસ્પતિ કે પાક ઉગાડવા માટે અયોગ્ય અથવા બિન ઉપયોગી બને છે.

જમીનના અધઃપતનના કારણો.

જમીનના અધઃપતનના મુખ્ય કારણો નીચેની બાબતોને સમાવે છે.

- રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ જે જમીનનું અમલીકરણ કરે છે. જમીનની ક્ષારતા અને બેઝીનતા વધારે છે. સેન્દ્રીય પદાર્થોને ઓછા કરે છે અને સેન્દ્રીય પ્રદુષકો, ઝેરી તત્વો અને ભારે ધાતુઓ (કેડમીયમ, સીસું વગેરે)નું સ્તર વધારે છે.
- વધારે પડતી સિંચાઇ અને પછી ખેતરમાંથી પાણીના નિકાલની નિષ્ફળતાથી થયેલ પાણીનો ભરાવો જમીનમાં ક્ષારનું પ્રમાણ વધારે છે જે જમીનને વનસ્પતિ ઉગાડવા માટે અયોગ્ય બનાવે છે તથા મચ્છરોના ઉત્પત્તિ સ્થાન તરીકે કામ લાગે છે.
- ખેતરમાં પ્રાણીઓ દ્વારા થતું વધારે ચરાણ જે વનસ્પતિ માટેનું પડ ઘટાડે છે અને જમીનને ખવાણ માટે દોરી જાય છે.

**તમે જાણો છો ?**

વિ વમાં જમીનના ખવાણને લીધે થયેલ વાર્ષિક નુકશાન 400 અબજ ડોલર અંદાજાયેલ છે (આશરે વાર્ષિક 20 લાખ કરોડ રૂપિયા) છેલ્લા 40 વર્ષના ખવાણને કારણે વિ વની ખેતીલાયક જમીનના 30 ટકા જમીન બિન ઉત્પાદક બની જાય છે.

જમીનના અધઃપતનની અસરો.

જમીનનું અધઃપતન પાક ઉગાડવા માટે ઉત્પાદન ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટાડે છે. જમીનમાં પ્રદુષકોની હાજરી ભૂગર્ભ જળના પ્રદુષણ તરફ પણ દોરી જાય છે જેમાં પોષક તત્વોનું ઉંચું સ્તર, સેન્દ્રીય ઝેરી તત્વો અને ભારે ધાતુઓ હોય છે વળી જમીનનું અધઃપતન જમીનને તેનું હરિયાળું સ્તર ગુમાવવા માટે કારણભૂત છે. તેથી તે વિસ્તારમાં જૈવિક વિવિધતા ઘટે છે કારણકે તે ક્ષેત્રમાં પશુઓને ટકી રહેવા અને અન્નની સાકળને યોગ્ય રીતે ચલાવવા વનસ્પતિનો વિકાસ જરૂરી છે. તે વનસ્પતિ અને પશુઓની જાતિઓના નિકંદન તરફ દોરી જાય છે. જમીનનું અધઃપતન રણ સર્જન તરફ પણ દોરી જાય છે. એટલે કે ભૂમિ ધીમે ધીમે રણમાં ફેરવાય જાય છે જે રહેઠાણ માટે અને ખેતી માટે અયોગ્ય બનતી જાય છે.

### 23.2.2.2 રહેઠાણ અધઃપતન

રહેઠાણ અધઃપતન એ પ્રક્રિયાનો નિર્દેશ કરે છે કે જેમાં માનવીય સક્રિયતાને લીધે રહેવાસીઓ તેમના પ્રાકૃતિક જીવનને સમર્થન આપતી સહજ કર્તવ્યતા તથા ગુણવત્તા ગુમાવે છે. રહેઠાણ

અધ:પતન એ પ્રદેશની વહન ક્ષમતાના ઘટાડા તરફ દોરી જાય છે. જે તે પ્રદેશના ખાસ પ્રકારના પશુઓ અને વનસ્પતિને પાલવે છે. તે પ્રદેશમાં જુદા જુદા વગર્ સમૂહોની સંખ્યાના ઘટાડા તરફ દોરી જાય છે. જે કુદરતી ભોજનકડી અને પયાર્વરણના અસંતુલન તરફ ક્રમશઃ દોરી જાય છે. આ અસંતુલન આપણા ગ્રહ પર ઘણી વનસ્પતિ અને પશુઓની આખી જાતિની નાબૂદી તરફ દોરી શકે.

રહેઠાણ અધ:પતનના કારણો.

રહેઠાણ અધ:પતનના કારણો નીચે મુજબ છે.

- ઇમારતી લાકડાના ઔદ્યોગિક એકમો માટે જંગલોની કપાત અને લાકડું મેળવવાની પ્રક્રિયા.
- જંગલની જમીનનું ખેતીની જમીનમાં રૂપાંતર.
- કુદરતી રહેઠાણોમાં શહેરનું વિસ્તરીકરણ.
- જમીનનું ધોવાણ અને રણસજર્ન જે બધાજ જંગલોની રણમાં ફેરવવાની અધોગતિ તરફ દોરી જાય છે.
- કાપો અથવા કાપો અને બાળો જેથી કૃષિ પદ્ધતિ જેમાં જંગલોને બાળી નાખવામાં આવે છે અને ઉત્પન્ન થયેલ રાખનો ખાતર તરીકે ઉપયોગ કરી પાક ઉગાડવામાં આવે છે.

રહેઠાણ અધ:પતનની અસરો

રહેઠાણોનો નાશ એ પ્રદેશની કુદરતી આફતો સામેની પ્રતિકાર શક્તિનો અભાવ વધારે છે જેમકે પૂર અને અનાવૃષ્ટિપાકની નિષ્ફળતા, રોગોનો ફેલાવો અને જળ પ્રદુષણ. ખેતીલાયક જમીનને પણ ચોતરફના સૃષ્ટિ સૌદયની નાશ સહન કરવો પડે છે.

છેલ્લા 50 વષોર્માં ખેતીલાયક જમીન ફરતે રહેઠાણના વિનાશના કારણે વૈિવક સ્તરે ખવાણ, પોષક તત્વોનો ઘટાડો, પ્રદુષણ ઇત્યાદિ દ્વારા ખેતીલાયક જમીન આશરે 40 ટકા નકામી થઇ ગઇ છે. રહેઠાણ અધ:પતન ઘણી કિંમતી પયાર્વરણ સેવાઓના નુકશાન તરફ દોરી જાય છે. જેમકે નાઇટ્રોજન, ફોસ્ફરસ, સલ્ફર અને કાબર્ન ચક્ર જેણે બદલામાં તેજાબના વાદળ, શેવાળની વૃદ્ધિ, નદી અને સમુદ્રમાં માછલીઓના વિનાશની ઘટનાક્રમ અને તિવ્રતામાં વધારો કયોર્ છે. વૈિવક આબોહવાના ફેરફારમાં પ્રચંડ ફાળો આપ્યો છે. તે જૈવિક વિવિધતાના નુકશાન અને પ્રાણીઓની જાતિની નાબૂદી તરફ દોરી જાય છે. જેને કારણે કુદરતી સંતુલન અસ્તવ્યસ્ત થઇ જાય છે અને પયાર્વરણમાં ફેરફાર થઇ શકે છે. સૌન્દયર્લક્ષી ઉપયોગ જેવા કે પક્ષી નિરીક્ષણ, મનોરંજન ઉપયોગ જેમકે શિકાર, માછલી પકડવી તેમજ પયાર્વરણલક્ષી પયર્ટનો પર રહેઠાણ અધ:પતનની ઉલટી અસર પડે છે. કારણકે તેમાંની મોટા ભાગની પ્રવૃત્તિઓ વાસ્તવિક રીતે ખલેલરહિત રહેઠાણો પર આધાર રાખે છે.

**શું તમે જાણો છો ?**

**જો હાલનો વિકૃતિનો દર ચાલુ રહેશે તો વિ વના માત્ર 10 ટકા જ કુદરતી જંગલો 2030 સુધીમાં બાકી રહેશે અને બીજા 10 ટકા અધઃપતનની સ્થિતિમાં હશે.**

### 23.2.3 સ્ત્રોતોનો ઘટાડો

સ્ત્રોતોનો ઘટાડો એ ક્ષેત્ર કે વિસ્તારમાં કાચા માલ સામાન ખાલી થઇ જવાને લગતી અથર્તંત્રની સંજ્ઞા છે. સ્ત્રોતોનો ઘટાડો એ અતિસામાન્ય રીતે ખેતી, મત્સ્ય ઉદ્યોગ અને પાણીનું ખોદકામના સંદભર્માં વપરાય છે. આજનું અથર્તંત્ર મોટા પાયે ભૂસ્તરીય બળતણ, ખનીજો અને તેલ પર આધારિત છે. સમય જતાં સ્ત્રોતોનું મૂલ્ય વધતું ગયું કેમકે તેમની માંગ ઝડપથી વધતી ગઇ જ્યારે તેજ સમયે વધુ પડતા શોષણને કારણે આ સ્ત્રોતોનો પુરવઠો નોંધપાત્ર રીતે ઘટી ગયો.

આપણા જીવનમાં ઘણા સ્ત્રોતો ખૂબજ અગત્યના છે. ઉદાહરણ તરીકે પેટ્રોલ, કુદરતી વાયુ, કોલસો, યુરેનિયમ–235 અને સોનું તે શોધવાનું ઘણું કઠીન બની ગયુ છે. છેલ્લા 100-150 વષર્માં ઘણાં કુદરતી સ્ત્રોતોના ભંડારો ખચાર્ળ છે અને ઘણી વખત નવી ખાણોમાંથી ઉત્પાદન મળતું નથી. પૃથ્વી ઝડપથી સ્ત્રોતો રહિત બની રહી છે. કારણકે વધુ પડતી વસ્તીને કારણે આપણે તેના પર વધુ પડતો બોજો મૂકી રહયા છીએ.

સ્ત્રોતોના ઘટાડાની સાથે સાથે ખનીજોના સ્ત્રોતોના વધુ પડતા શોષણ દ્વારા ઘણી પયાર્વરણની અસરો પણ ઉત્પન્ન થાય છે. વૈ વિક તાપમાનમાં વધારો, હવા, પાણી અને જમીનના પ્રદુષણ, જૈવિક વિવિધતાનું નુકશાન, ખનીજોના ખોદકામ અને શારકામની યોજનાઓ આ સ્ત્રોતોના નિષ્કાસન અને વિશુદ્ધિકરણ સાથે સંકળાયેલા છે.

સ્ત્રોતોના ઘટાડા અને બીજી પયાર્વરણ સમસ્યાઓની નુકશાનકારક અસરો બંધ કરવા આપણે સ્ત્રોતોના વપરાશનો ધ્યાન પૂવર્ક નિયમન કરવું જોઇએ અને સ્ત્રોતોના ઘટાડાની પયાર્વરણ પર અસરને અંકુશમાં રાખવી જોઇએ. આખા વિ વમાં UNEP (યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ), EPA (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એજન્સી), PCC (ઇન્ટર ગવનર્મેન્ટ પેનલ ઓફ ક્લાઇમેટ ચેન્જ) અને ભારતમાં MEF (મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ) કચેરીઓ અને તેની સાથે વિ વભરમાં NGO સક્રીય રીતે આખા વિ વમાં પયાર્વરણના રક્ષણની હિમાયત કરે છે. પયાર્વરણનું રક્ષણ કરવા ધારા અને કાયદા બનાવવાની અને સ્ત્રોતો પર વધુ પડતો ઘસારો અટકાવવાની હિમાયત કરે છે. માનવજાત માટે ઉપલબ્ધ મયાર્દિત સ્ત્રોતોના સંભાળ પૂવર્ક ઉપયોગ જેની હવે દુનિયાભરમાં પયાર્વરણના કટોકટીના જરૂરી ઉકેલ તરીકે હિમાયત થાય છે અને જે આપણા જરૂરી અસ્તિત્વને ધમકીરૂપ છે તેનો સમથ વિકાસ તરીકે પણ ઉલ્લેખ થાય છે. આ વિભાગમાં નીચે પ્રમાણેના પાનામાં તેના હેતુને વિસ્તારપૂવર્ક સમજાવવામાં આવેલ છે.

## પાઠને લગતા પ્રશ્નો 23.3

1. જમીનના અધઃપતનનો શો અર્થ થાય છે.
2. પર્યાવરણમાં બે જુદી જુદી પ્રકારના અધઃપતન કયા પ્રકારના છે.

## 23.3 ટકાઉ વિકાસ

ટકાઉ વિકાસ એ સ્ત્રોતોના વિકાસની એવી જાળ છે જે પર્યાવરણની જાળવણી કરવાની સાથે માનવ જરૂરિયાતો પૂરી પાડે છે જેથી આ જરૂરિયાતો માત્ર વર્તમાનમા જ નહિ પણ આવતી ભાવિ પેઢી માટે પણ પૂરી પાડી શકે. ટકાઉ વિકાસની વ્યાખ્યા ઘણી રીતે થઇ શકે છે. પણ સૌથી વધુ અવાર–નવાર આપવામાં આવેલી વ્યાખ્યા આપણું સામાન્ય ભવિષ્ય જેને બ્રુન્ડલેન્ડ રીપોર્ટ કહેવાય છે તેમાંથી છે. આ વ્યાખ્યા પ્રમાણે "ટકાઉ વિકાસ એ ભવિષ્યની પેઢીને તેની પોતાની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતા સાથે બાંધછોડ કર્યા સિવાય વર્તમાનની જરૂરિયાતો પૂરી પાડે છે. આ વ્યાખ્યા બે અગત્યની બાબતો પર ભાર મૂકે છે. એક, તે પ્રાકૃતિક સ્ત્રોતો આપણા પ્રત્યેક માટે ખૂબ જ અગત્યના છે. ભવિષ્યની નહિ જન્મેલી પેઢી માટે પણ. બીજું, તે એક લાંબા ગાળાનો ખ્યાલ છે. તે માત્ર મર્યાદિત રીતે વર્તમાન અર્થતંત્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત નથી કરતું પણ તે ભવિષ્યના અર્થતંત્રના વિકાસને પણ ગણતરીમાં લે છે.

ઉપરના વિભાગમાં તમે હવા, પાણી, ખનીજો વગેરે જેવાં જુદા જુદા સ્ત્રોતો વિષે વાંચ્યું જે આપણી જરૂરિયાતો પૂરી પાડવા જરૂરી છે. જો આપણે હવા અને પાણીના સ્ત્રોતોને પ્રદુષિત કરીએ અને કોલસો, પેટ્રોલ, કુદરતી વાયુ વગેરે જેવા બિન પુનઃસર્જીત સ્ત્રોતોને ઘટાડી નાખીએ તો ભવિષ્યની પેઢીને સહન કરવું પડે. આથી ટકાઉ વિકાસનો ખ્યાલ ભારપૂર્વક જણાવે છે કે આપણને ભાવિ પેઢીના જીવનના હક્કનો ઇનકાર કરવાનો અધિકાર નથી. વિશ્વના સ્ત્રોતોનો જથ્થો માત્ર આપણા માટે જ નથી પણ ભવિષ્યની પેઢી માટે પણ છે.

તે કારણસર આજે આપણી જરૂરિયાતોને પૂરી કરવા પર્યાવરણનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો તે આપણી જવાબદારી છે અને ત્યારબાદ તેને આપણા પુત્રો અને પૌત્રો (ભવિષ્યની પેઢી) માટે વસિયતમાં મૂકી જવી જોઇએ કે જેથી તેઓ પણ તેમની પોતાની જરૂરિયાતો સંતોષી શકે.

તેથી ટકાઉ વિકાસ એ એવા પ્રકારનો વિકાસ છે જે અર્થતંત્ર અને પર્યાવરણની કોઇ પણ પાસા સાથે બાંધછોડ કર્યા સિવાય જરૂરિયાતોને લક્ષમાં લે છે. જો આર્થિક વિકાસ ટકાઉ હોય તો કુદરતી સ્ત્રોતોનો હાલમાં થતો ઉપયોગ આપણને તેના ભવિષ્યના ઉપયોગ માટે મર્યાદા નહિ લાવી શકે. આમ ટકાઉ વિકાસ કહે છે કે વિકાસ એવા પ્રકારનો જ હોવો જોઇએ જે આપણી

જરૂરિયાતો અને ભવિષ્યની પેઢીની જરૂરિયાતોની દરકાર રાખી શકે. તે તેના લાંબા ગાળાનો ખ્યાલ કરે છે.

## 23.4 આપણે ટકાઉ વિકાસ કેવી રીતે સાધી શકીએ ?

આ પ્રકરણમાં આપણે શીખ્યા કે વસ્તી વધારો, માનવજાતનો આર્થિક વિકાસ અને સારી ગુણવત્તાવાળી જીંદગી જીવવાની તૃષ્ણાએ છેલ્લી બે સદીમાં આપણા પયાર્વરણ અને પૃથ્વીગ્રહમાં ઘણી સમસ્યા ઉત્તપન્ન કરી છે. જે સમસ્યાઓ પર આપણે ધ્યાન કેન્દ્રિત કર્યું તે સ્ત્રોતોનું પ્રદુષણ, અધઃપતન અને ઘટાડો હતો.

આપણે ટકાઉ વિકાસનો અર્થ અને ભવિષ્યની પેઢીનો વિકાસ તેમજ સમૃદ્ધિ ધ્યાનમાં રાખવી કેટલી અગત્યની છે તે શીખ્યા. પણ આપણે ટકાઉ વિકાસ કઇ રીતે પ્રાપ્ત કરી શકીએ ? પયાર્વરણની જે કટોકટીનો આપણે સામનો કરીએ છીએ તે ગંભીર અને મહત્વશીલ છે, આમ છતાં ઝડપી અને નિણર્યાત્મક પગલાં લઇ આપણે તે કટોકટીને પાર કરી શકીએ.

ટકાઉ વિકાસની બધી વ્યાખ્યાઓ માટે આવશ્યક છે કે આપણે વિશ્વને વ્યાપક સ્વરૂપે જોવું જોઇએ. તમે અત્યાર સુધીમાં સમજ્યા કે ટકાઉ વિકાસનો ખ્યાલ લાંબા ગાળાનો છે કે જે ભવિષ્યની પેઢીના વિકાસને પણ સમાન મહત્વ આપે છે. ટકાઉ વિકાસ ભારપૂર્વક જણાવે છે કે વિશ્વના એક ભાગમાં લીધેલ પગલાં અને અંદાજ વિ વના બીજા ભાગના લોકોને પણ અસરકર્તા છે. જો વિકાસ ટકાવી રાખવો હોય તો આપણે માત્ર આપણો સમાજ, ગામ અથવા દેશનો જ નહિ પણ આખા વિશ્વનો સમગ્ર પણે વિચાર કરવો જોઇએ. ઉદાહરણ આપીએ તો ઉત્તર અમેરિકામાં આવેલ કારખાના ધુમાડો બહાર ફેંકે તો તે વાયુ પ્રદુષણ ઉત્તર અમેરિકાથી એશિયાની હવાની ગુણવત્તાને અસર કરે છે. તે જ રીતે બાંગ્લાદેશમાં છાંટેલ જંતુનાશક દવા પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે માછલીઓને નુકશાન કરી શકે તેથી ટકાઉ વિકાસના પગલાં માટે સમગ્ર વિ વમાં સમાન કાયનીતિ અપનાવાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. તે પૈકી કેટલીક કાયનીતિ જુદા જુદા દેશોની પોતાની સરકારના સ્તરે લાગુ પડાય છે જ્યારે બીજી માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સરકાર જરૂરી છે.

ટકાઉ વિકાસમાં આપણે ફાળો નોંધાવી શકીએ તેવા થોડા રસ્તાઓના ઉદાહરણો નીચે મુજબ આપેલા છે.

- સ્ત્રોતો – બિન પુનનવીકરણ સ્ત્રોતો માટેના અવેજો શોધીને અને પુનનવીકરણ કરી શકાય તેવા સ્ત્રોતોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને સૂર્યઉર્જા, પવનઉર્જા, જળઉર્જા, તરંગઉર્જા, અને જૈવિક બળતણ (ગોબર ગેસ) જેવા સ્ત્રોતોના બહોળા અને ઝડપી અને વિકલ્પ તરીકે ઉપયોગ થઇ રહ્યો છે. ભારતનાં ઘણા ગામડાઓમાં સૂર્યકુકર, સૂર્યફીનસ અને સૂર્યહીટર જેવા સૌર્ય ઉર્જા પર ચાલતા ઉપકરણો માટે સરકાર પ્રોત્સાહન અને મદદ કરી રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનચક્કીઓ દ્વારા પવનઉર્જાની ઉપયોગ કરી વિદ્યુતઉર્જા ઉત્પન્ન કરાય છે.

- ➢ પુનઃચક્ર – ફરી ઉપયોગ કરવો, ફરી પ્રક્રિયા કરવી. કાગળ બનાવવા આપણને માવો જોઇએ જે વૃક્ષોમાંથી મળે છે. આથી વપરાયેલ કાગળ પર ફરી પ્રક્રિયા કરી આપણે વૃક્ષછેદન બચાવવામાં ફાળો આપી શકીએ. પાણી પણ અછતનો સ્ત્રોત છે છતાં આપણે પાણીનો વિવેકપૂણ ઉપયોગ કરતા નથી. વરસાદના પાણીનો સંગ્રહ કરી આપણે વરસાદી પાણીનો પુનઃઉપયોગ કરી શકીએ.
- ➢ ઘટાડો – વપરાશ ઓછો કરવો અથવા કરકસર કરવી. આપણી પાયાની જરૂરિયાત પૂરી કરવા આપણા વપરાશ પર કાબુ રાખવો જોઇએ. આપણે સ્થાનિક બજારમાં વાહન લઇ જવાને બદલે ચાલતા જઇ શકીએ અને લીફ્ટનો ઉપયોગ કરવાને બદલે પગથિયાં ચઢીને જઇ શકીએ. આપણને જરૂર ન હોય તો લાઇટ, પંખા બંધ રાખવા જોઇએ.

ઉદાહરણ તરીકે તમારા સ્થાનિક વિસ્તારમાં તમે કઇ રીતે ટકાઉ વિકાસને પ્રોત્સાહિત કરી શકો. તમારા સ્થાનિક પયાર્વરણને તમે કઇ રીતે સુધારી શકો ? વિ વના બીજા ભાગમાં પયાર્વરણ અને તેમાં વસ્તા લોકોના જીવન સુધારવામાં મદદરૂપ થવા તમે કયા પગલાં લઇ શકો તે લખો.

## પાઠને લગતા પ્રશ્નો 23.4

1. ટકાઉ વિકાસનો તમે શું અથ કરો છો ?
2. પયાર્વરણના ટકાઉ વિકાસ માટે કોઇ ઉત્પાદનને પુનઃઉપયોગમાં લઇ શકાય તેવું એક ઉદાહરણ આપો.

## તમે શું શીખ્યા.

- કુદરતમાં એકબીજાને અસરકતા જૈવિક અને બિનજૈવિક પરિબળોનો પયાર્વરણમાં સમાવેશ થાય છે.
- સ્ત્રોતો પુનનવીત થાય તેવા હોઇ શકે જેમકે જંગલો અને પુનનવીત ન થાય તેવા હોઇ શકે જેમકે પેટ્રોલ.
- પ્રદુષણ એ કુદરતી સ્ત્રોતો અથવા કુદરતી પયાર્વરણની ગુણવત્તામાં અનિચ્છનીય ફેરફાર છે.

- હવાનું પ્રદુષણ  વાસની તકલીફ, ઉધરસ વગેરેનું કારણ છે. જલ પ્રદુષણ કોલેરા, ટાઇફોઇડ, અતિસાર વગેરે પાણી જન્ય રોગોનું કારણ છે.
- જમીનનું અધ:પતન પાક ઉગાડવા માટેની જમીનની ઉત્પાદન ક્ષમતા ઘટાડે છે.
- સ્ત્રોતોનો ઘટાડો એ આપેલ ક્ષેત્ર કે વિભાગમાં કાચા માલ–સામાનનો ઘટાડાનો નિર્દેશ કરે છે.
- ટકાઉ વિકાસ એ એવો વિકાસ છે જે ભવિષ્યની પેઢીને પોતાની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતા સાથે બાંધછોડ કયા સિવાય હાલની જરૂરિયાતો પૂરી પાડે છે.
- ધ્વનિ પ્રદુષણ તણાવ, સાંભળવાની તકલીફ વગેરેનું કારણ છે.

આપણે ટકાઉ વિકાસમાં નીચે મુજબ ફાળો નોંધાવી શકીએ.

a. પુનનવીત ન કરી શકાય તેવા સ્ત્રોતોનો વિકલ્પ શોધીને અને પુનનવીત કરી શકાય તેવા સ્ત્રોતોનો વિવેકપૂણ ઉપયોગ કરીને

b. વપરાયેલ ઉત્પાદનનો પુન:રુપયોગ કરીને.

આપણા વપરાશ પર નિયંત્રણ મૂકીને.

## પાઠના પ્રશ્નો :

1. પુનર્નવિત અને બિન પુનર્નવિત સ્ત્રોતો વચ્ચેનો તફાવત સમજાવો. ઓછામાં ઓછા બે ઉદાહરણ આપો.
2. માનવ સંસ્ક તિ વિકાસ સાથે પર્યાવરણને લગતી કેટલીય સમસ્યાઓ ઉભી થઈ છે એ વાત સાથે શું તમે સહમત છો ? તમારા જવાબ માટે કારણ આપો.
3. હવાનું પ્રદુષણ એટલે શું ? હવાના પ્રદુષણ માટે જવાબદાર કોઈપણ ત્રણ મોટા સ્ત્રોતોના નામ આપો. તેની નુકસાનકારક અસરો કઈ કઈ છે ?
4. જળ પ્રદુષણ એટલે શું ? જળ પ્રદુષણ માટે જવાબદાર સ્ત્રોતોના નામ આપો. તેની નુકસાનકારક અસરો કઈ કઈ છે ?
5. અવાજનું પ્રદુષણ એટલે શું ? તેના માટે જવાબદાર મોટા સ્ત્રોતોના નામ આપો. તેની નુકસાનકારક અસરો વણવી.
6. જમીનનું અધ:પતન એટલે શું ? તેના માટે જવાબદાર મોટા સ્ત્રોતોના નામ આપો. તેની નુકસાનકારક બે અસરો જણાવો.
7. કુદરતી નિવાસસ્થાનોનું અધ:પતન એટલે શું ? તેના માટે જવાબદાર મુખ્ય ત્રણ કારણો જણાવો. તેની નુકસાનકારક અસરો કઈ કઈ છે ?

8. સ્ત્રોતોનો ઘટાડો એટલે શું ? છેલ્લા 100 – 150 વર્ષોમાં જેના અનામત જથ્થાનો ખૂબ ઝડપથી હ્રાસ થઈ રહ્યો છે એવા મુખ્ય બે સ્ત્રોતોના ઉદાહરણ આપો.
9. ટકાઉ વિકાસ એટલે શું ? આપણે સતત ટકાઉ વિકાસ સાધતા રહીએ તે માટેના બે રસ્તાનું સૂચન કરો.

## પ્રશ્નોના જવાબ આપો.

### પાઠના પ્રશ્નો 23.1

1. પર્યાવરણ આ પૃથ્વી પર રહેલી દરેક સજીવ અને નિર્જીવ વસ્તુ (પદાર્થો)ને કુદરતી રીતે સમગ્રતાથી પોતાનામાં સમાવી લે છે.
2. (i) જૈવિક તત્વો (ii) અજૈવિક તત્વો
3. પુનર્નવિત સ્ત્રોતો : જંગલો, પાણી
   બિનપુનર્નવિત સ્ત્રોતો : પેટ્રોલિયમ, કોલસો

### પાઠના પ્રશ્નો 23.2

1. પ્રદુષકો એ વાતાવરણમાં રહેલા એવા નકામા પદાર્થો છે કે જે જરૂરી કુદરતી સ્ત્રોતો અથવા જીવનવ્યવસ્થામાં અનિચ્છનીય ફેરફારો લાવે છે.
2. (i) કારખાનાનો ધુમાડો
   (ii) વાહનોમાંથી નીકળતો ધુમાડો
3. (i) કોલેરા, ટાઈફોઈડ જેવા રોગોના કારણો
   (ii) જળજીવનને મારવું
4. પર્યાવરણમાં વધુ પડતો અને અરૂચિકર અવાજ જે માનવ અને પ્રાણી જીવનના કાર્યો અને સમતોલપણામાં વિક્ષેપ ઉભો કરે છે તે અવાજનું પ્રદુષણ છે.

### પાઠના પ્રશ્નો 23.3

1. જમીનનું અધ:પતન એટલે જમીનની ગુણવત્તામાં અનિચ્છનીય કે હેતુપૂર્વકના ફેરફારો અથવા ખલેલ.
2. (i) જમીનનું અધ:પતન
   (ii) નિવાસસ્થાનોમાં ઘટાડો

### પાઠના પ્રશ્નો 23.4

1. ટકાઉ વિકાસ માટે સ્ત્રોતોનો ઉપયોગ એ રીતે થવો જોઈએ જે માનવ જરૂરિયાતોને પૂરી કરવાની સાથે પર્યાવરણનું સંરક્ષણ પણ કરે જેનાથી આ જરૂરિયાતો વર્તમાન સમયમાં જ નહી પરંતુ ભવિષ્યમાં આવનારી પેઢી માટે પણ પૂરી પાડી શકાય.
2. વરસાદના પાણીનો સંગ્રહ કરીને આપણે તેનો ફરી વાર ઉપયોગ કરી શકીએ છીએ.

24

# ગ્રાહક સભાનતા

વિભિન્ન જરૂરિયાતો સંતોષવા કિંમત ચૂકવીને લોકો ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદે છે પણ જો ખરીદેલી ચીજ–વસ્તુઓ અને સેવાઓ ગુણવત્તામાં ઉતરતી જણાય, અયોગ્ય કિંમતવાળી હોય અથવા માપમાં ઓછી હોય તો આ બધા કિસ્સામાં શું કરવું? આવા સંજોગોમાં ગ્રાહક સંતોષ મેળ વવાને બદલે જેણે તેને ચીજ–વસ્તુઓ અને સેવાઓ આપી છે તે વેચાણકાર દ્વારા છેતરાયો હોય તેમ અનુભવે છે. તેમને એમ પણ લાગે છે કે નુકશાની માટે યોગ્ય વળતર મળવું જોઇએ. તેથી આવા મુદ્દાઓને ઉકેલવા કોઇ પદ્ધતિ હોવી જોઇએ. બીજી બાજુ ગ્રાહકે પણ જાણવું જોઇએ કે તેમનો પણ માત્ર હક્ક નહિ પણ જવાબદારી છે.

## હેતુઓ

આ પાઠ પૂરો કયા બાદ તમે

- ગ્રાહક ચીજવસ્તુઓ અને સેવાઓ તેમજ ગ્રાહક સભાનતાનો અથ જાણી શકશે.
- ગ્રાહક સભાનતાને જરૂર સમજી શકશો.
- ભારતમાં ગ્રાહક ઉકેલ પદ્ધતિને સમજાવી શકશો.
- ગ્રાહકના હક્કો અને જવાબદારી સમજી શકશો.
- ગ્રાહક કચેરીમાં ફરિયાદ કેમ દાખલ કરવી તેની કાય પદ્ધતિ સમજી શકશો.
- ભારતમાં ગ્રાહકોની ચળવળોના પડકાર જાણી શકશો.

## 24.1 કેટલીક વ્યાખ્યાઓ

પહેલાં ચાલો આપણે ગ્રાહક, ચીજ–વસ્તુઓ, સેવાઓ અને ગ્રાહક સભાનતાનો અથ સમજીએ.





### ગ્રાહક કોણ છે ?

શરૂઆત ખાતર ચાલો આપણે ગ્રાહકની વ્યાખ્યા જાણીએ. ગ્રાહક એ ચીજ–વસ્તુઓ અને સેવાઓનો ખરીદનાર છે. ખરીદનારની સંમતિ સાથે ચીજવસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કરનારને પણ ગ્રાહક ગણી શકાય. પણ ફરી વેચવાના ઇરાદા સાથે ચીજ–વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરનાર વ્યક્તિ ગ્રાહક ન કહેવાય.

### ચીજ–વસ્તુઓ અને સેવાઓ શું છે?

ચીજ–વસ્તુઓ એવા ઉત્પાદનો છે જેનું ઉત્પાદન અથવા બનાવટ થાય છે અને જથ્થાબંધ કે છુટક વેપારી દ્વારા ગ્રાહકને વેચાય છે. સેવાનો અર્થ કોઇપણ જાતની સેવા સેવા. જે સંપત્તિ ગ્રાહકને બેન્ક, આર્થિક વીમો, પરિવહન, વિદ્યુત અથવા બીજી ઉર્જા સંબંધી પૂરવઠો, રહેઠાણ, બાંધકામ, પાણી પૂરવઠો, આરોગ્ય, મનોરંજન, મિજબાની વગેરેની સગવડો પૂરી પાડવાના સંબંધમાં ઉપલબ્ધ કરાય છે. તેમાં વ્યક્તિગત સેવાના કરાર હેઠળ વિના મૂલ્યે અપાતી સેવાનો સમાવેશ થતો નથી.

❖ ગ્રાહક સભાનતા

ગ્રાહક સભાનતા નીચે મુજબના એકીકરણનો નિર્દેશ કરે છે.

- ગ્રાહકે ખરીદેલ માલનું તેની ગુણવત્તાના સ્વરૂપમાં જાણકારી, ઉદાહરણ તરીકે ગ્રાહકે જાણવું જોઇએ કે વસ્તુ આરોગ્ય માટે સારી છે કે નહિ, વસ્તુ પયાર્વરણમાં કોઇ જોખમ ઉત્તપન્ન કરે છે કે નહિ વગેરે...

- ઉત્પાદનના વેચાણ સાથે સંકળાયેલ જુદા જુદા જોખમ અને સમસ્યાઓ વિષેની કેળવણી. ઉદાહરણ તરીકે ઉત્પાદનના વેચાણ માટે છાપું, ટેલીવિઝન વગેરે દ્વારા જાહેરાત કરવી, ગ્રાહકોને જાહેરાતની ખરાબ અસર બાબતની યોગ્ય ખબર હોવી જોઇએ. તેમણે જાહેર ખબરમાં આપેલ માહિતીની ચકાસણી કરવી જોઇએ.

- 'ગ્રાહક હક્કો વિષેની માહિતી Ð તેનો અર્થ એ કે સૌ પ્રથમ ગ્રાહકને ખરા પ્રકારનું ઉત્પાદન મેળવવાનો હક્ક છે તે તેણે જાણવું જોઇએ. બીજું ઉત્પાદન કોઇ પણ રીતે ખામીયુક્ત જણાય તો ગ્રાહક તે પ્રદેશના કાયદા મુજબ વળતરનો દાવો કરવાની માહિતી હોવી જોઇએ.

- ગ્રાહકની જવાબદારી બાબતની માહિતી – તે દર્શાવે છે કે ગ્રાહકોએ બગાડ યુક્ત અને બિન જરૂરિયાત વપરાશ ભોગવણી ન કરવી જોઇએ.

## 24.2 ગ્રાહક સભાનતાની જરૂર.

આજે બજાર મોટી સંખ્યામાં તેમજ વિવિધ પ્રકારની ચીજ–વસ્તુઓ અને અંતિમ વેચાણકારોની સંખ્યા પણ અનેક ગણી થઇ ગઇ છે. આથી કોઇ પ્રાથમિક ઉત્પાદક અથવા વેચાણકાર છે તે જાણવું ખૂબજ અઘરૂં બની ગયું છે. વ્યાવહારિક રીતે ગ્રાહક માટે ઉત્પાદક અથવા વેચાણકાર

સાથે સીધા સંપકર્માં આવવું શક્ય નથી. ઉપરાંત માહિતીતંત્રની પ્રગતિના જમાનામાં ગ્રાહક અને ઉત્પાદક /વેચાણકાર વચ્ચેનું વ્યાવહારિક અંતર પણ વધ્યું છે. કારણકે ગ્રાહક પોતાની જરૂરિયાત ટેલીફોન કે ઇન્ટરનેટ વગેરે દ્વારા નોંધાવી ચીજ–વસ્તુઓ ઘર બેઠા મેળવી શકે છે. તે જ પ્રમાણે ચીજ–વસ્તુઓની વિસ્તૃત વિવિધતાઓમાં કોણ પ્રામાણિક છે તે જાણવું ખૂબજ અઘરૂં બની ગયું છે. લોકો વિચારે છે કે કોઇ જાહેરાતમાં આપેલ ઉત્પાદન સારૂં જ હોય અથવા જાહેરાતમાં આપેલ જાણીતો ઉત્પાદક સારી જ વસ્તુ વેચતો હોવો જોઇએ, પણ હંમેશા સત્ય નથી હોતું. ગ્રાહકને ગેરમાગે દોરવા તે જાહેરાતમાં ઘણી માહિતી ઇરાદાપૂવર્ક છુપાયેલી હોય છે.

ખોરાકના તૈયાર ડબ્બા અને દવાઓમાં સમાપ્તિ તારીખ હોય છે તેનો અથ એ થાય કે તે ઉત્પાદનનો ઉપયોગ તે તારીખ પહેલાં કરી લેવો જોઇએ ત્યાર બાદ બિલકુલ નહિ. આ માહિતી ખૂબજ અગત્યની છે કારણકે તેમાં ગ્રાહકનું આરોગ્ય સમાયેલું છે. ઘણી વખત એવું બને છે કે આવી માહિતી પૂરી પડાયેલી હોતી નથી અથવા વેચાણકારે ઇરાદાપૂવર્ક માહિતી નથી આપી કારણકે ગ્રાહકે તે માટે પૂછતાછ નથી કયું અથવા ઉત્પાદન પરના લખાણ તરફ તેનું ઘ્યાન ગયું નથી.

ઘણી વખત એવું બને છે કે ગ્રાહક કિંમતની યાદી લીધા સિવાય ચીજ–વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે. અથવા વેચાણકાર કિંમતની યાદી પૂરી પાડતો નથી. ઉત્પાદન પર સરકારને ચૂકવાતો કર ટાળવા આમ કરવામાં આવે છે. આ કરને વેલ્યુ એડર્ટ ટેક્સ (VAT) કહેવાય છે. જો આ કરનો સમાવેશ કરવામાં આવે તો આ કરને કારણે ઉત્પાદનની કિંમત પણ વધી જાય અને તે પ્રમાણે કિંમતની યાદી આપવાથી તેની નોંધ પણ લેવાય છે. પણ ગ્રાહકને ઓછા ભાવે દવા વેચી આકષર્વા માટે વેચાણકાર કર બાદ કરે છે અને તેથી તે કિંમતની યાદી આપતો નથી. ઓછી કિંમત હોવાને કારણે જ ગ્રાહક પણ કિંમતની યાદી લેવાની દરકાર નથી કરતો. આ રીતે બે ગંભીર સમસ્યાઓ ઉભી કરે છે. એક તો સરકાર તેના કરની આવકથી વંચિત રહે છે. બીજું જો ઉત્પાદન ખામીયુક્ત હોય તો ગ્રાહકે સહન કરવું પડે છે અને તે ઉત્પાદન પાછુ પણ ન આપી શકે અથવા ફરિયાદ પણ ન નોંધાવી શકે કારણકે ખરીદીની સાબિતી આપવા તેની પાસે કિંમતની યાદી પણ નથી.

બીજો વાદ વિવાદનો મુદ્દો એ છે કે ગ્રાહકો સંગઠીત નથી. ઉત્પાદકો વધુ મજબૂત અને સંગઠીત થયેલા છે કારણકે પોતાના લાભનું રક્ષણ કરવા તેમણે 'ઉત્પાદકો અને વેપારીઓ'ના સંગઠનો બનાવ્યા છે. પણ ખરીદારો હજુ નબળા અને બિન સંગઠીત છે. તેને પરિણામે ખરીદારો મોટા ભાગે ફસાય છે અને છેતરાય છે.

ઉપરોક્ત દલીલોને કારણે વેપારીઓ અને સેવાઓ પૂરી પાડનારની અયોગ્ય વ્યાવસાયિક પદ્ધતિથી પોતાનું રક્ષણ કરવું ગ્રાહકો માટે ખૂબ જરૂરી છે. તેમણે તેમના ગ્રાહક તરીકેના હક્કો માટે જાગૃત રહેવું જોઇએ અને હક્કોનો તાત્કાલિક ઉપયોગ કરવો જોઇએ.

નોંધનીય છે કે ગ્રાહક જાગૃતિ એ માત્ર ગ્રાહકોના હક્ક માટેજ નથી. તે જાણીતું સત્ય છે કે વિશ્વમાં આસપાસ ઘણા ગ્રાહકો છે કે જે પોતાના પૈસાના જોરે બુદ્ધિરહિત અને દુવ્યર્ય વાળી પ્રવૃત્તિ આચરે છે. તેનાથી સમાજ ધનીક વપરાશકાર અને ગરીબમાં વહેંચાઇ ગયો છે. તે જ રીતે ઘણા

વપરાશ કારો વપરાશ પછી બગાડનો સુરક્ષિત નિકાલ કરવા પ્રત્યે પરવા કરતા નથી જે પયાર્વરણમાં પ્રદુષણ પેદા કરે છે. કિંમત યાદીની માંગણી કયા સિવાય ઉત્પાદનની ઓછી કિંમત ચૂકવવા સંમત થઇને ઘણા ગ્રાહકો આડકતરી રીતે વેચાણકારોને સરકારી કર ન ચૂકવવામાં મદદ કરે છે. આથી ગ્રાહક જાગૃતિ માટે ગ્રાહકોને તેમની જવાબદારી વિષે શિક્ષણ આપવું પણ જરૂરી છે. ગ્રાહકોએ વધારે જવાબદારી પૂવર્ક વતર્વુ જોઇએ અને સરકાર સાથે હાથ મિલાવવા જોઇએ.

## પાઠને લગતા પ્રશ્નો 24.1

1. કોણ ગ્રાહક નથી ?
2. ગ્રાહકોએ ઉત્પાદનની ખરીદી માટે કિંમતની યાદી શા માટે લેવી જોઇએ ?
3. V A T શું છે ?

## 24.3 ભારતમાં ગ્રાહક ક્ષતિ નિવારણ તંત્ર.

આપણા દેશમાં ગ્રાહક પ્રશિક્ષણ ક્ષેત્રમાં કામ કરતી કાયદાકીય અને વહીવટી રચના છે તે સમજવું તમારા માટે અગત્યનું છે.

ગ્રાહક ક્ષતિ નિવારણ તંત્ર એ એવું તંત્ર છે જેમાં ગ્રાહકો ગ્રાહક ન્યાયમંદિરમાં ફરિયાદ નોંધાવી શકે અને ન્યાય માંગી શકે. જો તેઓ વેચાણકારો અને ચીજ–વસ્તુઓના ઉત્પાદકો તેમજ તેમજ સેવા પૂરી પાડનારાઓ પાસેથી ખરીદેલ વસ્તુમાં છેતરાયા હોય. તેમાં ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાના કાયદાઓનો અને સંસ્થાઓને ગ્રાહકોના હક્કોનું સમથર્ન કરવાના કાયદાઓ લાગુ પાડવાનો સમાવેશ થાય છે. સરકારનો આભાર કે આપણા દેશમાં ખાસ ગ્રાહક પ્રશિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેના ધારાકિય કાયદાઓ ઘડેલા છે. તેનો હેતુ ગ્રાહક તરીકે લોકો તેમના હક્કો અને ફરજો સમજે તે માટે મદદ કરવાનો છે અને તેમની ફરિયાદો નિવારવાનું છે. અસરગ્રસ્ત ગ્રાહકોની ફરોયાદો સામે કામ પાર પાડવા આપણે ત્યાં સરકારી વિભાગ અને ગ્રાહક ન્યાયમંદિરોના સ્વરૂપમાં સંસ્થાઓ અસ્તિત્વમાં છે. ચાલો આપણે તેમની નીચે મુજબ ચર્ચા કરીએ.

### 24.3.1 સરકારી કાયદાકીય સંસ્થાઓ

ગ્રાહકોના હક્કોનું રક્ષણ કરવા આપણા દેશમાં સ્વતંત્રતા પૂવેર્ પણ કેટલીક સરકારી કાયદાકીય સંસ્થાઓ હતી. પણ ગ્રાહક રક્ષણ ધારો 1986 (CPA) ખૂબજ અગત્યનો છે અને તે તમને ગ્રાહક તરીકે તમારા હકકોના ભંગ સામે બધા પ્રકારનું સમથર્ન અને માગર્દશર્ન આપે છે. CPA ગ્રાહકના હિતોનું રક્ષણ કરવા વિશિષ્ટ રીતે ઘડાયો છે.

સ્વતંત્રતા બાદ બીજા બે – ત્રણ ધારાકિય કાયદાઓ ગ્રાહકોને સુરક્ષા પૂરી પાડવા માટે ઘડાયા છે જેમકે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવાનો ધારો (PEA) 1954, આવશ્યક ચીજ–વસ્તુઓ ધારો (ECA) 1955 અને વજન અને માપના ધારાધોરણ કાયદો(SWMA) 1976.

દેશના લાખો ગ્રાહકોને 'સસ્તો' 'સાદો' અને ઝડપી ન્યાય પૂરો પાડવાના હેતુથી CPA કાયદો ઘડાયો હતો. તે એવા ન્યાયની ખાતરી આપે છે જે ઓછો નિયમાનુસાર હોય, જેમાં ઓછુ કાગળકામ થતું હોય, વિલંબ ઓછો થતો હોય અને ખચાર્ળ ઓછો હોય. CPA બધાના માલ–સામાન અને સેવાઓને લાગુ પડે છે સિવાય કે વિશિષ્ટ માફી અપાયેલ હોય. તે ખાનગી, જાહેર અને સરકારી વિભાગોને આવરી લે છે. તે મારફતે નગરપાલિકા સત્તાને પણ ગ્રાહક ન્યાયમંદિરમાં ઘસડી જવાની પણ સત્તા આપે છે જો તેઓ રસ્તાની લાઇટથી માંડીને પીવાના પાણી અને ગટર તથા આરોગ્ય સુધીની બધીજ સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય.

CPA માં સમાવિષ્ટ અન્ય પગલામાં થોડા નવા પગલાં નીચે મુજબ છે.

- ગ્રાહકોને જ્યાં ક્ષતિ નિવારણની ઇચ્છા હોય ત્યાં નક્કી કરવાની છૂટ છે.
- કામ ચલાવવા માટે કરેલ સંસ્થા તેની પસંદગીના ન્યાયતંત્ર પાસેથી જ કામ ચાલે તેવો આગ્રહ ન રાખી શકે.
- બેન્ક વીમા નિગમ વગેરે જેવી વેચાણકારોને પોતાની માહિતી આપવા બદલ સેવા પૂરી પાડનારાઓ પર પણ ગ્રાહકોને કામ ચલાવવાની છૂટ છે.
- સ્થાવર મિલકત વિકાસકારોનું વગીર્કરણ વેચાણકારોમાં કરેલ છે અને તેઓ પર ગ્રાહક ન્યાયમંદિરમાં કામ ચલાવી શકાય છે.
- ઇન્ટરનેટ અથવા ટેલીફોન વ્યવસાય દ્વારા ચલાવાતી પરદેશી પેઢીઓ જો તેઓ ભારતમાં કાયાર્લય નિભાવતી ન હોય તો તેમનું ઉત્પાદન વેચવાની છૂટ નથી. તેમણે ખરીદી પહેલાં ચીજ–વસ્તુઓની ચકાસણીની વ્યવસ્થા કરવી જોઇએ અથવા ચીજ–વસ્તુઓ 30 દિવસમાં પાછી મોકલવી જોઇએ.
- સત્તાધારી અને સરકારી સંસ્થાઓ જેવી કે ટપાલ અને સંદેશવ્યવહાર જેવી સરકારી સંસ્થાઓ, પાસપોર્ટ કચેરીઓ, મહાનગર પાલિકા સેવાઓ, કેન્દ્ર સરકારી આરોગ્ય સંસ્થા [CGHS] અને રેલ્વે તેમણે કાયદાકીય સ્થિતિનો સામનો કરવો પડે તે બીકથી આ ધારામાંથી મુક્તિ મેળવવાની માંગ કરી રહી છે.

## પાઠને લગતા પ્રશ્નો 24.2

1. CPA, ECA અને SWMAનું વિસ્તૃત રૂપ લખો.
2. પરદેશી પેઢી જેમનો માલ ભારતમાં કઇ રીતે વેચી શકે ?



નોંધ

## 24.3.2 ગ્રાહકોની ફરિયાદો સાથે વ્યવહાર કરતી સંસ્થાઓ.

ભારતીય નાગરિકો માટે રાષ્ટ્રીય, રાજ્ય અને જીલ્લા એમ બધા સ્તરે ફરતું સંસ્થાકીય તંત્ર છે જે ગ્રાહકોની ફરિયાદો સાથે વ્યવહાર કરે છે. અહીં બે પ્રકારની સંસ્થાઓ છે. (1) સરકારી મંડળ અને (2) ગ્રાહક ફરિયાદ કેન્દ્ર. આ ઉપરાંત સરકારી કાયદાઓ હેઠળ નોંધાયેલા બિન–સરકારી સંગઠનો (NGOS) પણ છે જે અસરગ્રસ્ત ગ્રાહકોને ભિન્ન પ્રકારના આધાર પૂરા પાડે છે.

**(1)સરકારી સંસ્થાઓ :**

રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કામ કરતી સરકારી સંસ્થાઓ જાણવા નીચેનો આલેખન ચાર્ટ વાંચો.

સરકારી સ્તર પરનું ગ્રાહક સુરક્ષા તંત્ર

રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા તંત્ર | રાજ્ય ગ્રાહક સુરક્ષા તંત્ર

આલેખન ચાર્ટમાં દશાર્વ્યા મુજબ રાષ્ટ્રીય સ્તરે કેન્દ્ર ગ્રાહક સુરક્ષા સંસ્થા (CCPC) છે જે નવી દિલ્હીમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો સંભાળતા કેન્દ્રિય મંત્રીના નિયંત્રણ હેઠળ ચાલે છે.

**ગ્રાહક ન્યાયાલયો**

રાષ્ટ્રીય, રાજ્ય અને જીલ્લા કક્ષાએ કામ કરતી ગ્રાહક ન્યાયાલયોના પ્રકાર વિષે જાણવા નીચેનો આલેખન ચાર્ટ વાંચો.

ભારતમાં ગ્રાહક ન્યાયાલયો

રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચ (NCDRC) | રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચ (SCDRC) | જીલ્લા ગ્રાહક પંચ અદાલત (DCF)

આલેખન ચાર્ટમાં દશાર્વ્યા મુજબ ભારતમાં ગ્રાહક અદાલતો ત્રિ–સ્તરીય છે. સૌથી નીચે રાજ્યમાં જીલ્લા સ્તરે જીલ્લા ગ્રાહક અદાલત છે. અત્યારે દેશમાં 604 જીલ્લા અદાલતો છે. મધ્ય સ્તરે રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચ (SCDRC) છે. દેશમાં 35 રાજ્યમાં સરકારી ન્યાયતંત્રો છે. સૌથી ઉપર રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ તંત્ર (NCDRC) નામનું સવોર્ચ્ચ માળખું છે જે હાથમાં હાથ મિલાવીને દેશમાં સસ્તી, ઝડપી અને સાદી ગ્રાહક તકરાર નિવારણમાં કામ કરે છે.

ગ્રાહક અદાલત એ અર્ધ ન્યાયિક પ્રકારના છે અને તે સીધા લોકોને જવાબદાર છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો આ અદાલતોના કર્તવ્ય માટેની કાર્યનીતિ નક્કી કરવામાં જવાબદાર છે.

## 24.3.3 ફરિયાદ નિવારણ તંત્ર

હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે ગ્રાહકને તે છેતરાયો છે તેમ લાગે તો ન્યાય અથવા વળતરના રૂપમાં રાહત કઇ રીતે મેળવી શકે ? આ માટે ગ્રાહક પોતે જાતે અથવા વકીલ મારફતે લેખિત ફરિયાદ

નોંધાવી કોઇ પણ ગ્રાહક અદાલત પાસે જઇ શકે. કોઇ ચોક્કસ નિર્ધારિત અદાલત પાસે જ જવું જોઇએ જે ચીજ–વસ્તુની કિંમત પર અવલંબે છે. રૂ. 20 લાખ સુધીની ઉત્પાદિત વસ્તુ અથવા સેવાઓના સંદર્ભની કિસ્સામાં અસરગ્રસ્ત ગ્રાહક જીલ્લા ગ્રાહક અદાલત સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી શકે. જો કિંમત રૂ. 1 કરોડ સુધીની હોય તો ગ્રાહકે રાજ્ય સંગઠન પાસે જવું જોઇએ. અંતમાં રૂ. 1 કરોડ કરતાં વધુ કિંમત માટે મંજૂરી અથવા રાહત માટે રાષ્ટ્રીય મંડળ પાસે જવું જોઇએ. CPA પ્રમાણે રાહત 90-150 દિવસમાં અપાવી દેવી જોઇએ અને જો ગ્રાહકને જીલ્લા અદાલતે આપેલ ચુકાદાથી સંતોષ ન થયો હોય તો ગ્રાહક તેને રાજ્ય મંડળ સમક્ષ પડકારી શકે છે. જો રાજ્ય મંડળના ચુકાદાથી હજુ સંતોષ ન થયો હોય તો ગ્રાહક રાષ્ટ્રીય મંડળ પાસે જઇ શકે છે.

### 24.3.4 તમારે કામ કરવા શાની જરૂર છે? ફરિયાદ કઇ રીતે નોંધાવવી ?

ફરિયાદ નોંધાવવા દુભાયેલ ગ્રાહકે હંમેશા તેણે ખરીદેલી વસ્તુનો રોકડ ચૂકવણી પત્ર અથવા ચૂકવણીની રસીદ પાસે રાખવી જોઇએ. ફરિયાદ નોંધવા માટેનું સ્વરૂપ ગ્રાહક સુરક્ષા દ્વારા પૂરી પડાયેલ પુસ્તિકા પર છાપેલું હોય છે. ત્યાર બાદ વ્યક્તિએ યોગ્ય વર્ગ પસંદ કરવો જોઇએ કે જેમાં તે ફરિયાદ નોંધાવે છે. આ વર્ગો અયોગ્ય વેપાર પદ્ધતિ સેવાઓમાં ખામી વગેરે છે. ત્યારબાદ ફરિયાદનો પ્રકાર સાદા શબ્દોમાં સમજાવવો જોઇએ. ગ્રાહક અપરાધ બાબત અને તેનો ઉપાય તે બાબત શું ઇચ્છે છે તે બાબત સ્પષ્ટ હોવી જોઇએ. જેમકે વસ્તુ બદલી આપવી અથવા પૈસા પરત કરવા કે સેવાની બાબતમા વળતર આપવું. દસ્તાવેજો જેવા કે રસીદ અથવા બીજા પુરાવાઓ ફરિયાદની સાથે જોડવા જ જોઇએ. આખા સેટની ત્રણ કોપી હોવી જ જોઇએ. એક ફરિયાદકાર માટે, બીજી જેની સામે ફરિયાદ થયેલી છે તે પ્રતિપક્ષી માટે અને એક ગ્રાહક ન્યાયાલય માટે. વાદીએ ડિમાન્ડ ડ્રાફ્ટના રૂપમાં થોડો નામનો જ શુલ્ક ન્યાયાલયને ચૂકવવાનો હોય છે.

એ નોંધવું જોઇએ કે, જે તારીખે ભૂલ થઇ હોય તેના બે વર્ષની અંદર ફરિયાદ નોંધાવી દેવી જોઇએ. તે ખરીદીની તારીખ પર આધારિત નથી. અસરગ્રસ્ત ગ્રાહક જાતે હાજર થઇ શકે, પ્રતિનિધિ, વકીલ અને પત્ર પણ મોકલી શકે. વાદી મૃત્યુ પામ્યો હોય તેવા કિસ્સામાં તેનો કાયદેસરનો વારસ ન્યાયાલયમાં જઇ શકે છે. જો નીચલી અદાલતના ચુકાદાથી સંતોષ ન થયો હોય તો વ્યક્તિ નીચલી કોર્ટના ચુકાદાથી 30 દિવસની અંદર જ ઉપલી અદાલતમાં જઇ શકે છે. તેમ છતાં યાદ રાખો કે જો ન્યાયાલયને એમ લાગે કે ગ્રાહકે ક્ષુલ્લક ફરિયાદ નોંધાવી છે તો તે ગ્રાહકને રૂા. **10,000/-** સુધીનો દંડ કરી શકે છે. છેલ્લા બનેલા નિયમો તપાસવા સ્થાનિક ગ્રાહક હક્ક અધિકારીની મુલાકાત લો અથવા વેબ સાઇટ ncare.nic.in અને cone.nic in પર ઇન્ટરનેટ દ્વારા જાણો.

આજના સમયમાં ઇન્ટરનેટ દ્વારા સંદેશાવ્યવહાર એ જીવનનો રસ્તો બની ગયો છે. તેથી વ્યક્તિ ફરિયાદ ઇન્ટરનેટ દ્વારા મોકલી શકે છે. ઉત્પાદિત વસ્તુના ઢાંકણ પર ત્રણ–મેઇલ આઇડી/વેબ સાઇડ છાપેલા હોય છે.



નોંધ

### 24.3.5 NGO'S નો ફાળો

ઉત્પાદક/પેઢી/વેચાણકાર અસરગ્રસ્ત વ્યક્તિને ઠંડો પ્રતિસાદ આપે તેવા કિસ્સામાં બિન સરકારી સંગઠનો એટલે કે NGO'S નો ફાળો ખૂબજ અગત્યનો બની જાય છે. કોઇ પણ વ્યક્તિ કોઇ પણ NGO'S પાસે ફરિયાદ કરી શકે છે જેમકે, કન્ઝુમર ગ્રીવન્સ (www.Consumergrievance.com), કન્ઝુમર ગાઇડન્સ સોસાયટી ઓફ ઇન્ડીયા (www.Cgs.india.org), કોમન કોઝ (www.commoncouse.india.org), અને કન્ઝુમર ફોરમ (www.constemer.org.in). NGO માત્ર ફરિયાદ નોંધાવવામાં જ મદદ નથી કરતી પણ તેઓ કાયદાકીય, માનવશક્તિ અને બીજી મદદ પણ પૂરી પાડે છે. NGO'S ગ્રાહકોને તેના હક્કો અને જવાબદારીઓનું પ્રશિક્ષણ આપવા બીજા ઘણા કાયર્ક્રમો યોજે છે.

કોઇ પણ જાગો ગ્રાહક જાગો ના નામે ઓળખાતા ગ્રાહક મદદ સંગઠનો પાસે પણ જઇ શકે છે. લગભગ દરેક છાપું જાહેરાત દ્વારા તેની સંપૂણ માહિતી પૂરી પાડે છે. ઇન્ટરનેટ પરથી તેની જગ્યાની મુલાકાત લઇ ફરિયાદ માટેનું પત્રક મેળવી શકાય છે.

બીજી કેટલીક બેન્ક, વીમો, કર અને સંદેશાવ્યવહારના સંબંધની સમસ્યાઓ માટે વેબ સાઇટ નીચે મુજબ છે.

- www.banking.ombudsman.rbi.org.in
- www.irdaindia.org
- www.incometexindia.gov.in
- www.tri.goo.in

### 24.3.6 ફરિયાદ નોંધાવાની ભૂમિકા

સેવામાં ઉણપ એ કાયદા હેઠળ ફરિયાદ નોંધાવવાની ભૂમિકાઓ પૈકી એક છે. ઉણપ શબ્દની વ્યાખ્યા કોઇ પણ એક હોઇ શકે જેમકે ગુણવત્તામાં ખામી, અપૂણર્તા, ક્ષતિ અથવા તંત્રી કામગીરીનો સ્વભાવ અથવા રીત કે જે જાળવી રાખવી જરૂરી છે અથવા કરાર કરાવનાર વ્યક્તિએ કામગીરીની જવાબદારી લીધી હોય અથવા સેવાના સંબંધમાં કોઇ ભૂલ હોય. અન્યાય કરનારે તના તેના ભૂલભરેલા અથવા ખામીયુક્ત ચીજ–વસ્તુઓ અથવા સેવા માટે વળતર ચૂકવવું જ પડે છે.

### પાઠને લગતા પ્રશ્નો 24.3

1. રાષ્ટ્ર અને રાજય સ્તરે ગ્રાહકની ફરિયાદ માટે કામ કરતી સરકારી સંસ્થાના નામ આપો.
2. રાષ્ટ્રીય, રાજ્ય અને જીલ્લા સ્તરની ગ્રાહક અદાલતોના નામ આપો.
3. ગ્રાહક અદાલતમાં ફરોયાદ ક્યારે નોંધાવી શકાય ?



નોંધ



## 24.4 ગ્રાહકોના હક્કો

ચીજ–વસ્તુઓ અને સેવાઓની ખરીદી તમને ગ્રાહક તરીકેના હક્કોના અધિકારી બનાવે છે. તે હક્કો નીચે મુજબ છે.

### 24.4.1 માહિતીનો અધિકાર.

આ હક્ક જણાવે છે કે વેચાણકાર અને ઉત્પાદકે કિંમત, વજન, કંપનીનું નામ, ઉત્પાદન અને સમાપ્તિની તારીખ, ગુણવત્તાની ઓળખની નિશાની, ઘટક તત્વો, કંપનીના સંપર્ક માટેની કડી વગેરેની ગ્રાહકને હંમેશા પૂરતી અને સાચી માહિતી પૂરી પાડવી જોઇએ કે જેથી ચીજ–વસ્તુની સમજપૂર્વક અને માહિતી સભર પસંદગી થઇ શકે. સેવા વિભાગનું અહીં એક ઉદાહરણ આપ્યું છે.

| |
|---|
| જ્યારે એક ગ્રાહક દિલ્હીથી બેંગલોર પ્રવાસ માટેનું લઘુત્તમ ભાડું જાણવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે તેની તપાસમાં વિમાન ભાડું રૂ. 1450 અને તેથી વધુ જાણવા મળ્યું. તેણે રૂ. 1500 અને બીજા કર સાથેની સફર પસંદ કરી. તેને કર કેટલી જાતના છે તેનો ખ્યાલ નહોતો. તે નોંધણી કરાવવા આગળ વધ્યો ત્યારે તેને ખબર પડી કે રૂ. 1500 મૂળ ભાડું છે અને તેના પર કર અને બીજા શુલ્ક રૂ. 3445 છે. છેલ્લે ભાડું રૂ. 4995 થાય છે. હવે વિમાની સેવા અને દશર્કપત્ર વધુ પ્રમાણિક અને પારદશર્ક કેમ નથી અને શરૂઆતથી જ ચોખ્ખું ખરૂં ભાડું દશાર્વતા નથી? શા માટે તેણે શરૂઆતમાં ગ્રાહકે જોયેલું હોય તેના કરતાં ત્રણ ગણું ચૂકવવા તેને ગેરમાગે દોરે છે? તમારે સાવધાન રહેવું જોઇએ અને આવી સેવા પૂરી પાડનારા પાસેથી પૂરી માહિતી મેળવવી જોઇએ જે માહિતીનો થોડો ભાગ છુપાવે છે અને તે આધાર પર ગ્રાહકને પાછળથી હેરાન કરે છે. |

### 24.4.2 પસંદગીનો અધિકાર

ગ્રાહકને શું ખરીદવું અને શું ન ખરીદવું તેના સંબંધમાં પસંદગીનો અધિકાર છે. ઘણી વખત તમને સેવા અથવા ચીજ–વસ્તુઓ એવી મળે છે કે જે તમે માંગેલ ન હોય પણ તમે ન ઇચ્છેલી વસ્તુ ખરીદવા તમારા પર દબાણ કરવામાં આવ્યું હોય. દુકાનદાર શરત મૂકે છે અને તમને પસંદગીનો અવકાશ રહેતો નથી. તમે તમારો પસંદગીનો અધિકાર ગુમાવો છો. નીચેનો કિસ્સો વાંચો.

| |
|---|
| "જ્યારે સેન્થીલે નવા ગેસ જોડાણ માટે અરજી કરી ત્યારે તેને ખ્યાલ નહોતો કે તે કષ્ટદાયક સફરનું પ્રથમ પગથિયું છે. તે કુમારને ગેસ એજન્સીમાં ભારત ગેસ સીલીન્ડર માટે તેણે રૂા.1500 ચૂકવવા પડશે તે ધારણા સાથે ગયો. પણ તેને જરૂર ન હતી તેવી વસ્તુઓ દબાણ પુવ ક ખરીદી રૂા.7000માં ખંખેરાઈ બહાર આવ્યો. જેમકે પ્રેશર કુકર, ગેસ લાઈટર અને સાબુની પેટી પણ. તેનું કારણ, તે પેઢીએ આગ્રહ રાખ્યો કે નવા ગ્રાહકે આ આખો સામાન લેવો ફરજિયાત છે. સેન્થીલે કન્ઝુમર ઓનલાઈન રીસોસ એન્ડ એમ્પાવરમેન્ટ સેન્ટર (CORE) ને ફરિયાદ કરી જેણે પેઢીને પત્ર મોકલ્યો. એક જ અઠવાડિયામાં તેને આશરે રૂા.5000નું વળતર મળ્યું. સામાન્ય માન્યતાની વિરૂધ્ધ આ ગ્રાહક સાબિતી છે કે ફરિયાદનો ઉકેલ લાંબો અને પૈસાની બરબાદી નથી. "(ઈન્ડીયા ઈમ્ફોલાઈન ન્યુઝ સવિ સ, મુંબઈ, એપ્રિલ 2, 2009) |



નોંધ

### 24.4.3 સુરક્ષાનો હક્ક

આ હક્ક આરોગ્ય અને જીવન માટે અસુરક્ષીત ચીજ–વસ્તુના વેચાણ સામે સુરક્ષા પૂરી પાડે છે, જેમ કે ખાદ્ય પદાર્થ, દવા, ઇલેક્ટ્રોનિક્સ વગેરેમાં ભેળસેળ

### 24.4.4 દાદ માંગવાનો હક્ક

આ હકક નકકી કરે છે કે, ગ્રાહકના હકકની યોગ્ય અદાલતમાં યોગ્ય વિચારણા થશે. આ હકક ભારતીય ગ્રાહકને ખામી યુકત ચીજ વસ્તુઓ અને ગેરમાગે દોરનાર ઉત્પાદકો / પેઢીઓ / વેચાણકારો સામે નિભર્યતાપૂવર્ક ફરિયાદો માટે અવાજ ઉઠાવવાની સત્તા આપે છે.

### 24.4.5 નુકશાનીનું વળતર મેળવવાનો હક્ક

ઉપર સમજાવ્યા મુજબના છેતરાવાના, ઠગાઇના કે બીજા અન્યાયના કિસ્સામાં ગ્રાહક અયોગ્ય અને શોષણ કરનારી વ્યાપારી રીતથી થયેલ નુકશાનના બદલામાં વળતર મેળવી શકે. ક્ષતિનિવારણ અદાલતો પોતાની દરમિયાનગીરીથી ગ્રાહકને ન્યાય મેળવવામાં મદદ કરી શકે.

હવે આપણે થોડા કિસ્સામાં ડોકિયું કરીએ જેમાં છુટક વેચાણકાર ખાસ કરીને લિલામ દરમિયાન ખરીદેલ વસ્તુમાં નુકશાનીનું વળતર મેળવવાના ગ્રાહકના હક્કનો ભંગ કરે છે.

એક વ્યસ્ત તબીબે કોઇ ચોક્કસ વેચાણ સ્થળેથી જાણીતી જાતના વેચાણ પેઢીના લિલામ દરમિયાન રૂ. 2000/- ના એક લેખે 3 જોડી પાટલુન ખરીદ્યા. તેમ છતાં તેના આવય વચ્ચે થોડા વખત ધોયા પહેલાં જ કાપડ ફાટી ગયું. તેની ફરિયાદ સાંભળી પેઢીની દુકાને હાજર માણસે એક જોડી કપડાં પાછા લીધા અને કહ્યું કે તે પેઢીના ગેણવત્તા વિભાગમાં પરીક્ષણ માટે મોકલાશે. એક વષ પસાર થઇ ગયું અને તેને પેઢી તરફથી કોઇ જવાબ પણ ન મળ્યો અને તેનું પાટલુન પણ પાછું ન મળ્યુ.

શું તબીબે પોતાના પૈસા માટે અને પાટલુનની ખરીદી બદલ ભોગવેલ આ બધી અગવડો માટે પણ પૂછવું ન જોઇએ ? તબીબને ગ્રાહક તરીકે નુકશાનીનું વળતર મેળવવાનો હક્ક છે.

### 24.4.6 ગ્રાહક પ્રશિક્ષણનો હક્ક

તેનો અથ એ થાય કે ગ્રાહકોને ખરીદી પહેલાં અને પછી સારા નિણયો લેવામાં મદદ કરે તેવા કાયર્ક્રમો અને માહિતી મેળવવામાં સાનુકુળતા હોવી જોઇએ. ગ્રાહકો માટે સૂચનાઓ અને માગર્દશર્ન સરકારી વિભાગ અને NGO'S દ્વારા પ્રગટ કરાય છે. આ ગ્રાહકને ચીજ–વસ્તુ ખરીદવાની બાબતમાં સાચો નિણર્ય લેવામાં મદદ કરે છે. વ્યાપાર ચિન્હો, કંપની ચિન્હો અને આધારભૂત ચિન્હો જેમકે ISI, ARK, BIS જેવા નામ લખવામાં અને અન્ય પ્રશિક્ષણ શિખરો જનતાના હિતનાં યોજે છે.

નોંધ

## પાઠને લગતાં પ્રશ્નો 24.4

નીચેના સંદભર્માં ફરિયાદ નોંધવા યોગ્ય ગ્રાહક હક્કનું નામ લખો.

1. પડીકામાં બંધ કરેલ ખાદ્ય સામગ્રી ખાધા પછી વ્યક્તિ બિમાર પડી જાય છે.
2. વેચાણકાર ચોક્કસ છાપનો માલ ખરીદવા ખરીદનારને દબાણ કરે છે અને બીજી જાતનો માલ બતાવતો નથી.
3. સમીર કોમ્પ્યુટર ખરીદવા માંગે છે અને વેચાણકાર પાસેથી તેની સંપૂણ ર્રૂપરેખા જાણવા માંગે છે.
4. રેખા વેચાણકાર દ્વારા છેતરાય છે અને ફરિયાદ નોંધાવા માંગે છે.
5. રેશ્મા સ્થાનિક દવાખાના વિરૂદ્ધ ખોટા નિદાન માટે કે જેને લીધે તેને બિન જરૂરી રૂ. બે લાખનો ખચ ર્થયો છે તેનું વળતર મેળવવા જીલ્લા ગ્રાહક અદાલત પાસે જાય છે.
6. તમે દિલ્હી સરકારના સંબંધિત વિભાગને ગ્રાહક સુરક્ષા ધારાની પુસ્તિકા માટે વિનંતિ કરી છે.

## 24.5 ગ્રાહકોની જવાબદારીઓ.

ગ્રાહક પ્રશિક્ષણ હંમેશા ગ્રાહકોના હક્કો માટે જ નથી પણ જવાબદારીઓ માટે પણ છે જે તેમણે સચ્ચાઇ અને નિખાલસતાથી નિભાવવાની છે. હવે આપણે અહીં તે બાબતના થોડા મુદ્દાને પ્રકાશમાં લાવીએ.

### 24.5.1 જાહેરખબર સાથે વ્યવહાર કરીને

જાહેરાત એ આપણા જીવનનો એક ભાગ અને પોટલું બની ગઇ છે અને જો આપણે પ્રયત્ન કરીએ તો પણ તેને અવગણી ન શકીએ. પેઢીઓ આકષર્ક દ્રશ્ય શ્રાવ્ય ઉપકરણો દ્વારા તેમના ઉત્પાદનનું વેચાણ કરવા પ્રયત્ન કરે છે જેમાં માત્ર નયનરમ્ય ભાગજ પ્રકાશિત થાય છે અને બીજી ખૂબ જ અગત્યની માહિતીને છૂપાવે છે વગેરે...ગ્રાહકોએ આવી છેતરામણી જાહેરાતોથી સાવધાન રહેવું જોઇએ. તેમને યોગ્ય રીતે દોરવણી આપવી જોઇએ.

### 24.5.2 ગુણવત્તા પ્રમાણિત ઉત્પાદનો ખરીદીને.

ઘણા ઉત્પાદનો સ્વીકૃત કચેરીઓ દ્વારા ઉપયોગમાં લેવા માટે સુરક્ષિત અને ઇન્સ્ટીટ્યુટ (ISI) ઘણી ખાદ્ય સામગ્રીની ગુણવત્તાની કસોટી કરે છે. જો ઉત્પાદન યોગ્ય હોય તો તેના પર ISI છાપ લગાડી શકાય છે. ઘણા ખાદ્ય પદાથો ર્માટે ગુણવત્તાની ખાતરી AGMARK નામની છાપથી પ્રકાશિત થાય છે. ગ્રાહકોએ ISI અને AGMARK છાપ વાળા ઉત્પાદનો પસંદ કરવા જોઇએ.

ખાદ્ય સામગ્રી અને દવાઓ ખરીદતા પહેલા ગ્રાહકે તેની સમાપ્તિની તારીખ જોઇ લેવી ખૂબ જ અગત્યની છે.

### 24.5.3 ખરીદીનું ભાવ પત્રક માંગીને

દરેક ગ્રાહકે ચીજ–વસ્તુઓ કે સેવાઓ ખરીદ્યા બાદ ભાવ પત્રકની માંગણી કરવી જ જોઇએ. ભાવ પત્રક એ ખરીની સાબિતિ છે અને જો ગ્રાહકને ચીજ–વસ્તુ ખરીદ્યા બાદ છેયરાયાની લાગણી થાય તો તેને ન્યાય માંગવા માટે ઉપયોગમાં લઇ શકાય. ભાવ પત્રક મારફતે ગ્રાહકને ખાતરી થાય છે કે સરકારને પણ તે ઉત્પાદન પરનો કર મળે છે કારણકે વેચાણકારે ભાવ પત્રક પર કરની રકમ દશાર્વવી ફરજિયાત છે. આવા કામથી ગ્રાહક તેને દેશનો જવાબદાર નાગરિક બનાવે છે.

### 24.5.4 કુદરત પ્રેમી ગ્રાહક બનીને

ગ્રાહકે તેવાં જ ઉત્પાદનોનો ઉપયોગ કરવો જોઇએ જે આપણા પયાર્વરણને નુકશાન ન કરે. પ્લાસ્ટીકની કોથળી એક ઉદાહરણ છે જે આપણા પયાર્વરણને ગંભીર નુકશાન કરે છે. લોકોએ જૈવિક રીતે નાશ કરી શકાય તેવા ઉત્પાદનોનો ઉપયોગ કરવો જોઇએ કે જે ફેંકી દીધા બાદ તે જમીન અને પાણીમાં સરળતાથી ભળી જાય છે. તે જ રીતે લોકોએ વિજળી, ગેસ વગેરેનો વિવેકપૂણ ઉપયોગ કરવો જોઇએ. ગ્રાહકો કસ્બા અને શહેરોમાં વાહન પ્રદુષણ માટે પણ જવાબદાર છે. તેમણે જાહેર પરિવહન તંત્રનો અને પયાર્વરણ પ્રેમી વાહનોનો ઉપયોગ કરવો જો ઇએ .

### 24.5.5 વ્યવસ્થાપક તરીકે ગ્રાહકો

ગ્રાહકો એક સાથે સંગઠીત થઇ શકે અને તેમણે વિસ્તૃત રીતે સ્થાનિક અથવા ગામને થોડી પાયાની જરૂરિયાતો જેમકે પાણી પૂરવઠો, આરોગ્ય, શિક્ષણ વગેરે પૂરા પાડી શકે.

સરકાર સેવાઓ પૂરી પાડવા વ્યવસ્થાપક તરીકે ફરજ બજાવે છે. પણ સરકારી તંત્ર પર આવી સેવાઓની બિન કાયર્ક્ષમ અને અનિ િવત વહેંચણી માટે મોટે ભાગે આરોપ મૂકવામાં આવે છે. નીચેની વાતા ંવાંચો.

**વ્યવસ્થાપક તરીકે ગ્રાહકો.(ગુજરાતમાંથી સાચી વાતા)**

ગુજરાતમાં 13000 કરતાં વધુ ગામોમાં 'પાણી સમિતિઓ' છે જે ગામના સ્તરે સેવાઓની વહેંચણીના વ્યવસ્થાપકો તરીકે કામ કરે છે. ગામ 'પાણી સમિતિઓ' ગ્રાહકો દ્વારા ગ્રામ સભામાં રચાય છે. તેઓ તેમના ગામ પૂરતી ઘરના ભાગ સુધીની માલિકીપણાની તીવ્ર ભાવના સાથે પાણી પૂરવઠાની પદ્ધતિની વ્યવસ્થા કરે છે. તેઓ પાણીની ગુણવત્તા પણ ચકાસે છે અને ગ્રાહક સ્તર સુધી ગુણવત્તાની ખાતરી પૂરી પાડે છે.

લોકોને વ્યવસ્થાપક બનાવવાની સમાજની પ્રવૃત્તિથી નીચેના પરિણામ મળ્યા છે. વહેંચણીના મૂલ્યમાં ઘટાડો, સમયસર અને કાયર્ક્ષમ પાણીની વહેંચણી, પાણી પૂરવઠા તંત્રનું કાયર્ક્ષમ સમારકામ, પાણીના સ્ત્રોતોનો કાયર્ક્ષમ વપરાશ, પાણીના સ્ત્રોતોને જાળવી રાખવા નવા

ફેરફાર વાળા કરના તંત્રના પગલાં લેવા જેમકે 'ચેકડેમ' નો વિકાસ, ભૂસ્તર જળને પુનર્નવિત કરવા તળાવો બાંધવા જેથી તે વિસ્તારમાં પાણીના સ્ત્રોતો સચવાઇ રહે.

ભારત જેવા મોટા દેશમાં સરકારની સાથે ઉભા રહેવાની લોકોની જવાબદારી છે. તમે પણ તમારો રચનાત્મક ફાળો આપી શકો જેમકે સ્થાનિક સમવાય તંત્ર જે તમારા વિસ્તારમાં આવતું હોય અથવા તમારા ગામની ગ્રામ સભા દ્વારા તમારા સ્થાનિક પાણી, વીજળી, સાફસફાઇ સમિતિઓમાં જોડાઇ તમારો રચનાત્મક ફાળો આપી શકો.

## 24.6 ભારતમાં ગ્રાહક ચળવળની મહત્વની બાબતો.

સફળ ગ્રાહક ચળવળ માટે લોકોને પ્રશિક્ષણ આપવું જરૂરી છે. ભારત માત્ર વધુ વસ્તી વાળું જ નથી પણ સંસ્કૃતિમાં પણ વિભિન્ન છે અને મોટા ભાગના લોકો અભણ છે. આથી ગ્રાહક જાગૃતિ લાવવી તે મોટું કામ છે. તે ધીમે ધીમે આગળ વધતુ જાય છે અને આ બાબતમાં ઘણુ કરવાનું બાકી છે. જે બે મોટી બાબતો નીચે મુજબ છે. (1) ભારતના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રાહક જાગૃતિ પ્રસરાવવી (2) ન્યાયની સમયસર ચૂકવણી.

હવે આપણે તેમની સંક્ષિપ્તમાં ચર્ચા કરીએ.

### 24.6.1 ભારતના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રાહક જાગૃતિ.

વૈશ્વિકરણ અને ઉદારીકરણને લીધે મધ્યમ આવક અને ઉંચી આવક વાળા લોકોની સંખ્યા ગામડાઓમાં વધતાં ગામડાના બજારો પણ વિસ્તરતા જાય છે આથી પેઢીઓ તેમની ઉત્પાદનો સાથે ગ્રામ બજારોમાં પણ પહોંચી ગઇ છે. પણ ભારતમાં ગ્રામ્ય ગ્રાહકો એકંદરે અજાણ અને અભણ છે. આથી ઉત્પાદકો, વેપારીઓ અને સેવા પૂરી પાડનારાઓ વડે તેમનું શોષણ થાય છે. ગ્રામ્ય ગ્રાહકોને સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેમકે બનાવટી જાત, નકલી ઉત્પાદન, ખાતરી અને બાંહેધરીનો અભાવ, નકલી માલ, ગેર વ્યાજબી કિંમત, વિવિધતાનો અભાવ વગેરે... ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહક જાગૃતિ વધુ ગંભીરતાથી ફેલાવવાની જરૂર છે.

### 24.6.2 સમયસર ન્યાયની પ્રાપ્તિ.

તમે જાણો છો કે વિલંબિત ન્યાય એ ન્યાય નકારવો છે. દિવાની અદાલતોથી વિપરીત ગ્રાહક અદાલતો અર્ધન્યાય સત્યોનું માળખું છે. જે સાદા તાત્કાલિક ફરિયાદ નિરાકરણ માટે સંક્ષિપ્ત કાર્યપદ્ધતિવાળા કિસ્સાઓ સંભાળે છે. આ ઉપરાંત વારંવાર મોકૂફી, ન્યાયાધીશોની જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી વિલંબ અને બિન જરૂરિયાત ઔપચારિકતાઓ ગ્રાહકો માટે ન્યાયની પ્રક્રિયા ધીમી પાડે છે. વિલંબ ઘણી વખત ન્યાયનું સત્વ નિચોવી નાખે છે. નીચેનો કિસ્સો વાંચો જે આ સ્થિતિ બિંદુઓ સમજાવે છે.



નોંધ

ખામીયુક્ત વર્ણસંકર કપાસિયાના વેચાણને લીધે 1993ની વાવેતરની ઋતુમાં ઉત્પાદનમાં નુકશાન થવાને લીધે મહારાષ્ટ્રમાંથી 130 ખેડૂતોએ વળતર માંગતો વિશિષ્ટ પગલાંનો દાવો દાખલ ર્ક્યો. અંતે તેઓ દાઓ જીતી ગયા પણ તેને 14 વર્ષ લાગ્યા જે સમયગાળામાં 10 ખેડૂતો મરી ગયા હતા.

આવા પ્રકારના વિલંબ નિવારવા સરકારે CPA માં 2003માં સુધારો ર્ક્યો. તે પ્રમાણે ગ્રાહક અદાલતો બિલકુલ મોકુફી ન આપી શકે. અનિવાર્ય સંજોગોમાં જો તે આપવામાં આવે તો અદાલતે તે કારણોની લેખિત નોંધ લેવી જોઇએ અને તેનું વ્યાજબીપણું પુરવાર કરવું જોઇએ.

## પાઠને લગતાં પ્રશ્નો 24.5

1. તમે એક જવાબદાર ગ્રાહક હો તો નીચેના કિસ્સામાં તમારે શું કરવું જોઇએ ?

a. ઘણી જાતની મળતી જાતોમાંથી એક ઇલેક્ટ્રીક ઇસ્ત્રી ખરીદવી છે.

b. તમે બ્રેડ અને ફળોનો છુંદો ખરીદતા હો.

c. તમને વેચાણકાર વસ્તુઓ પ્લાસ્ટીકની થેલીમાં આપે.

2. ગ્રાહકના અસંતોષના સંદભર્માં મળતા ન્યાયના વિલંબના બે કારણો આપો.

## તમે શું શીખ્યા.

- ગ્રાહક સભાનતા ખરીદેલ ઉત્પાદનની તેની આરોગ્ય અને પર્યાવરણ પરની અસર સહિત જાણકારી અને ગ્રાહકોના હક્કો અને જવાબદારીઓનો સમાવેશ કરે છે.
- ગ્રાહક સભાનતા કેટલાક કારણોને લીધે ઉભી થાય છે. જેમ કે વેચેલી વસ્તુ અને સેવાઓની ખરાબ ગુણવત્તા, ભાવ પત્રક આપ્યા સિવાય વેચાણ કરવું, ગેરમાર્ગે દોરનારી જાહેરાતો, ઉત્પાદનના ઉત્પાદમ / વેચાણકારની આ બાબતમાં સંપૂર્ણ માહિતીનો અભાવ, બેદરકારી અને બગાડયુક્ત વપરાશથી થતું પર્યાવરણનું પ્રદુષણ વગેરે...
- ગ્રાહક ક્ષતિ નિવારણ તંત્ર ગ્રાહકોના હિતનું રક્ષણ કરનારા કાયદાઓનો સમાવેશ કરે છે અને સંસ્થાઓને ગ્રાહકોના હક્કોનું રક્ષણ કરવા દબાણ કરે છે.
- કન્ઝુમર પ્રોટેક્શન એક્ટ 1986 (CPA) ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો સૌથી મહત્વનો ધારો છે.
- સેન્ટ્રલ કન્ઝુમર પ્રોટેક્શન કાઉન્સી, (CCPC) રાષ્ટ્રીય સ્તરે અને સ્ટેટ કન્ઝુમર પ્રોટેકશ (SCPC) રાજ્ય સ્તરે ચાલતી સરકારી સંસ્થાઓ છે જે ગ્રાહકોના વાદ–વિવાદના મુદ્દાઓ સંભાળે છે. NGO'S પણ મદદ પૂરી પાડે છે.

નોંધ

- ફરિયાદોના નિવારણ માટે ભારતમાં ત્રણ સ્તરે ગ્રાહક અદાલતો છે. સૌથી નીચે ડીસ્ટ્રીક્ટ કન્ઝુમર ફોરમ (DCF), મધ્ય સ્તરે સ્ટેટ કન્ઝુમર ડીસ્યુક્ટ રીક્રેસલ કમીસન (SCDRC) છે. સૌથી ઉપર નેશનલ કન્ઝુમર ડીસયુક્ટ રીક્રેસલ કમીસન (NCDRC).
- અસરગ્રસ્ત ગ્રાહક નિશ્ચિત અરજીપત્રકમાં ફરિયાદના પ્રકાર અને ભાવ પત્રક સાથે ખરીદીના બે વષની અંદર જાતે અથવા તેના પ્રતિનિધિ દ્વારા અથવા પત્ર દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે. અદાલતમાં જૂજ રકમ પણ ભરવી પડે છે.
- ભારતમાં ગ્રાહકોના હક્કોમાં નીચેનાનો સમાવેશ થાય છે. માહિતી જાણવાનો હકક, સુરક્ષાનો હકક, પસંદગીનો હકક, ફરિયાદ સાંભળવાનો હકક, ફરિયાદ નિવારણનો હકક, ગ્રાહક પ્રશિક્ષણનો હક્ક.
- ગ્રાહકની જવાબદારીઓમાં નીચેનાનો સમાવેશ થાય છે. હાજેરાત દ્વારા ગેરમાગે ન દોરાવું, સત્તા આપવા માટે પૂણ જાણકારી મેળવવી, સમાપ્તિની તારીખ તપાસવી, ગુણવત્તા દશાર્વતું ઢાંકણ, ભાવ પત્રકની માંગણી કરવી, બગાડપૂવર્ક અને બેદરકારીભયો ઉપયોગ નિવારીને, પયાર્વરણનું રક્ષણ કરીને વગેરે,

## સત્રાંત કસોટી

1. ગ્રાહક સભાનતાની શી જરૂર છે ?
2. અસરગ્રસ્ત ગ્રાહક તરીકે ફરિયાદ નોંધાવવા તમારે શું કરવું જોઇએ ?
3. ભારતમાં ફરિયાદ નિવારણની પદ્ધતિઓ વણવી.
4. ગ્રાહક સુરક્ષા ધારાની જોગવાઇઓ આપો.
5. ભારતમાં ગ્રાહકના હક્કો વિષે સંક્ષિપ્તમાં લખો.
6. તમારે જવાબદાર ગ્રાહક તરીકે શું કરવું જોઇએ ?
7. ભારતમાં ગ્રાહક ચળવળનો સામનો કરવો પડે તેવા બે મુખ્ય પડકાર સમજાવો.

પાઠને લગતા પ્રશ્નો 24.1

1. ફરી વેચાણ માટે ચીજ–વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરતી વ્યક્તિ ગ્રાહક ન કહેવાય.

2. કારણ કે કોઈ પણ ઉત્પાદનની ફરિયાદ કરવા માટે ગ્રાહકે કન્ઝ્યુમર કોટ સામે બિલ રજુ કરવું જરૂરી છે. બિલ એ વાતની સાબિતી આપે છે કે ગ્રાહકે તે ઉત્પાદન પર સરકારને કર ચૂકવેલ છે.

3. વેલ્યુ અુડેડ ટેક્સ

પાઠને લગતા પ્રશ્નો 24.2

C.P.A. - ગ્રાહક સુરક્ષા ધારો

ECA - આવશ્યક ચીજવસ્તુ ધારો

SWMA - માપતોલ ધારો



નોંધ

2. ભારતમાં ઓફિસ ખોલીને

**પાઠને લગતા પ્રશ્નો 24.3**

1. રાષ્ટ્ર કક્ષાએ કેન્દ્રિય ગ્રાહક સુરક્ષા સમિતિ (CCPC) અને રાજયકક્ષાએ રાજય ગ્રાહક સુરક્ષા ધારો (SCPC)
2. રાષ્ટ્ર કક્ષાએ રાષ્ટ્ર ગ્રાહક તકરાર નિવારક સમિતિ (NCDRC) રાજય ગ્રાહક તકરાર નિવારક સમિતિ (SCDRC) અને જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રાહકમંડળ (DCF)
3. ઉત્પાદનની ખરીદ તારીખના 2 વર્ષની અંદર

**પાઠને લગતા પ્રશ્નો 24.4**

1. સુરક્ષાનો અધિકાર
2. પસંદગીનો અધિકાર
3. જાણકારીનો અધિકાર
4. વ્યકત કરવાનો અધિકાર
5. ગ્રાહક શિક્ષણ અધિકાર

**પાઠને લગતા પ્રશ્નો 24.5**

1. (a) ગુણવત્તાની ખાતરી માટે ISI જેવા માકાની જરૂરિયાત
   (b) ખરીદતા પહેલા એકસપાયરી ડેટ ચકાસવી
   (c) પ્લાસ્ટીક બેગને બદલે કપડાની અથવા શણની થેલીઓ માગવી.
2. સરકાર દ્વારા ન્યાયધીશની વારંવાર કરાતી બદલીઓ અને વિલંબિત નિમણુંક

# પ્રશ્ન પેપર ડિઝાઈન

વિષય : અર્થશાસ્ત્ર વર્ગ : માધ્યમિક **મહતમ ગુણ:100**

**સમય : 3 કલાક**

## 1. હેતુ આધારિત ગુણભાર

| હેતુ | ગુણ | % |
|---|---|---|
| જાણકારી | 30 | 30% |
| સમજણ | 50 | 50% |
| લાગુ પડતુ | 20 | 20% |
| કુલ | **100** | **100** |

## 2. પ્રશ્ન આધારિત ગુણભાર

| પ્રશ્નના પ્રકારો | કુલ પ્રશ્નો | પ્રશ્નદીઠ ગુણ | કુલ ગુણ | અંદાજિત સમય |
|---|---|---|---|---|
| નિબંધ પ્રકારના પ્રશ્નો | 4 | 6 | 24 | 48 mts. |
| ટૂંકા જવાબો વાળા પ્રશ્નો | 12 | 4 | 48 | 84 mts. |
| અતિ ટૂંકા જવાબોવાળા પ્રશ્નો | 10 | 2 | 20 | 30 mts. |
| બહુવિકલ્પી પ્રશ્નો | 8 | 1 | 8 | 10 mts. |
| કુલ | **34** | | **100** | **172+8 (for Rev.) =180 mts.** |

## 3. સમાવિષ્ટ મુદા આધારિત ગુણભાર

| ક્રમાંક | એકમ / પેટા એકમ | Marks |
|---|---|---|
| 1. | અર્થશાસ્ત્રની જાણકારી | 7 |
| 2. | અર્થતંત્ર વિશે | 8 |
| 3. | માલનું ઉત્પાદન અને સેવાનું વિતરણ | 10 |
| 4. | સામાન અને સેવાનું વિતરણ | 15 |
| 5. | નાણું, બેંકિંગ અને વીમો | 10 |
| 6. | અર્થશાસ્ત્રમાં માહિતીની રજૂઆત અને મૂલ્યાંકન | 15 |
| 7. | ભારતીય અર્થશાસ્ત્ર | 20 |
| 8. | સમકાલીન અર્થતંત્રના મુદા | 15 |
| | કુલ | **100** |

# બ્લ્યૂ પ્રિન્ટ
## અર્થશાસ્ત્ર

વિષય : અર્થશાસ્ત્ર　　　　　　　　　　　　　　　　　　　　વર્ગ : માધ્યમિક

| | મોડયુલ | જાણકારી | | | | સમજૂતી | | | | લાગુ પડતું | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | E | SA | VSA | MCQ | E | SA | VSA | MCQ | E | SA | VSA | MCQ | |
| 1 | અર્થશાસ્ત્રની જાણકારી | | 4 (1) | | | | | | 1 (1) | | | 2 (1) | | 7 |
| 2 | અર્થતંત્ર વિશે | | | 2 (1) | 1 (1) | | 4 (1) | | 1 (1) | | | | | 8 |
| 3 | માલનું ઉત્પાદન અને સેવાઓ | | | | 1 (1) | | 4 (1) | 2 (1) | 1 (1) | | | 2 (1) | | 10 |
| 4 | સામાન અને સેવાનો વિતરણ | | 4 (1) | | | 6 (1) | | 2 (1) | 1 (1) | | | 2 (1) | | 15 |
| 5 | નાણું, બેંકિંગ અને વીમો | | | | | | 4 (1) | 2 (1) | | | 4 (1) | | | 10 |
| 6 | અર્થશાસ્ત્ર માહિતીની રજૂઆત અને મૂલ્યાંકન | | 4 (1) | | | | 4 (1) | 2 (1) | 1 (1) | | 4 (1) | | | 15 |
| 7 | ભારતીય અર્થશાસ્ત્ર | 6 (1) | | | | 6 (1) | 4 (1) | | | | 4 (1) | | | 20 |
| 8 | સમકાલીન અર્થતંત્રના મુદા | 6 (1) | | 2 (1) | | | 4 (1) | | 1 (1) | | | 2 (1) | | 15 |
| | કુલ (પેટા) | 12 (2) | 12 (3) | 4 (2) | 2 (2) | 12 (2) | 24 (6) | 8 (4) | 6 (6) | | 12 (3) | 8 (4) | | 100 (34) |
| | કુલ ટોટલ | | | | **30** | | | | **50** | | | | **20** | **100** |

| પ્રશ્નના પ્રકારો | કુલ પ્રશ્નો | પ્રશ્નદીઠ ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| નિબંધ પ્રકારના પ્રશ્નો | 4 | 6 | 24 |
| ટૂંકા જવાબો વાળા પ્રશ્નો | 12 | 4 | 48 |
| અતિ ટુંકા જવાબોવાળા પ્રશ્નો | 10 | 2 | 20 |
| બહુવિકલ્પી પ્રશ્નો | 8 | 1 | 8 |
| કુલ | **34** | | **100** |

# નમૂનાનો પ્રશ્ન પેપર

## વર્ગ : માધ્યમિક

## અર્થશાસ્ત્ર

**મહતમ ગુણ: 100** **સમય: 3 કલાક**

## સુચના

1. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2. દરેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલ છે.

નોંધ : 1 થી 8 પ્રશ્નના ચાર વિકલ્પો A,B C અને D છે જેમાંથી કોઈ એક સાચો છે. સાચા જવાબને પસંદ કરીને તમારી ઉત્તરવહીમાં પ્રશ્નના નંબર સામે લખો.

1. ગ્રાહક સામાન એટલે (1)

   [A] જેને બજારમાં ન લાવી શકાય.

   [B] જેને જરૂરિયાતો સંતોષવા સીધો જ ઉપયોગ કરી શકાય

   [C] જે ઉત્પાદનમાં વપરાય છે.

   [D] જેનો માત્ર એક જ વાર ઉપયોગ કરી શકાય છે.

2. નીચેનામાંથી કઈ ઉદ્યોગ સાહસિકોની આવક છે ? (1)

   [A] નફો [B] ભાડુ

   [C] રોજી [D] વ્યાજ

3. નીચેનામાંથી જમીનની લાક્ષણિકતા કઈ છે ? (1)

   [A] ગતિશીલ [B] માણસે બનાવેલ

   [C] અમર્યાદિત જથ્થો [D] કુદરતની ભેટ

4. નીચેનામાંથી નિયત કિંમત કઈ છે ? (1)

   [A] કામચલાઉ કામદારોની રોજી [B] કાચા માલ પરનો ખર્ચ

   [C] જમીનનું ભાડુ [D] વીજળીનો ખર્ચ

5. કોઈ સહકારી મંડળીમાં ઓછામાં ઓછા સભ્યોની સંખ્યા (1)

   [A] 20 [B] 15

   [C] 10 [D] 5

6. ચીજવસ્તુ પૂરી પાડવીનો સંદર્ભ (1)

   [A] ચીજવસ્તુનો જથ્થો અલગ અલગ કિંમતે વેચવો

   [B] ચીજવસ્તુનો જથ્થો અલગ અલગ કિંમતે સમયના એકમે વેચવો.

   [C] ચીજવસ્તુનો જથ્થો સમયના એકમે વેચવો.

   [D] ચીજવસ્તુનો જથ્થો પેઢી દ્વારા ઉત્પન્ન કરવો.

7. એક બેટસમેને 20, 102, 0 અને 18 રન કર્યા. તેનો સરેરાશ સ્કોર : (1)

   [A] 35 [B] 40

[C] 45 [D] 50

8. ગ્રાહક જાગરૂકતામાં સમાવેશ થાય છે (1)

[A] ગ્રાહકે ખરીદેલા ઉત્પાદનના જથ્થાની જાણકારી

[B] ઉત્પાદનના લે–વેચની સાથે સંકળાયેલી વિવિધ પ્રકારની તકલીફો વિશેની જાણકારી.

[C] ગ્રાહકના હક અને જવાબદારીઓની જાણકારી.

[D] ઉપરના તમામ

9. નીચેના નિવેદનોને ચોકકસ અને પ્રાકૃતિક ક્રમમાં વગીર્કૃત કરો. (2)

(i) ભારત પુષ્કળ પ્રમાણમાં વસ્તી ધરાવતો દેશ છે.

(ii) લોકોને પોસ્ટઓફિસ અને બેંકમાં બચતો કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

10. ત્રણ કેન્દ્રિય સમસ્યાઓ જે 'સ્ત્રોતોની ફાળવણી'ની સમસ્યામાં સમાવિષ્ટ છે. શા માટે તેને અથર્તંત્રની કેન્દ્રિય સમસ્યાઓ કહેવાય છે ? (2)

11. નિયત કિંમત અને ચલ કિંમતનો તફાવત. દરેકનું એક એક ઉદાહરણ આપો. (2)

12. જો કેરીના વેપારીને **10** કિલો કેરી વેચતા રૂ.**400** રેવન્યુ લાગે છે તો સરેરાશ રેવન્યુ કેટલી હોય ? (2)

13. જો બજાર માંગ કરતા ચીજ વસ્તુનો પુરવઠો ઓછો હોય તો ચીજવસ્તુની સમતોલ કિંમતને શું અસર થાય ? (2)

14. ટેકાના ભાવો ખેડૂતોને કઈ રીતે લાભ કરે છે ? (2)

15. ઘરમાં થતી આવક રૂ.**10000** અને તેની બચત રૂ.**1500** છે તો તેની વપરાશની રકમ કેટલી ? (2)

16. કેન્દ્રિય વલણ એટલે શું ? (2)

17. કોઈપણ બે રસ્તા બતાવો કે જેના દ્વારા આપણે ટકાઉ વિકાસમાં ફાળો આપી શકીએ. (2)

18. ગ્રાહકના કોઈપણ બે હકો જણાવો. (2)

19. જરૂરિયાતોની કોઈપણ ચાર લાક્ષણિકતાઓ જણાવો. (4)

20. 'ઉદેશો' અને 'ઉત્પાદનના સાધનોની માલિકી'ના આધારે મૂડીવાદી અને સમાજવાદી અથર્તંત્ર વચ્ચેનો તફાવત બતાવો. (4)

21. ઉત્પાદન આધારિત મજૂરી અને પ્રક્રિયા આધારિત મજૂરી વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સમજાવો. (4)

22. એકાધિકાર બજારના કોઈપણ ચાર વિશેષ લક્ષણ જણાવો. (4)

23. બેંક શાખ કેવી રીતે ઉભી કરે છે ? આંકડાકીય ઉદાહરણ આપી સમજાવો. (4)

24. 'સાટા પધ્ધતિ'ની કોઈપણ ચાર અડચણો જણાવો. (4)

25. નીચે આપેલી માહિતી વડે ગાણિતિક સરેરાશ શોધો. (4)

| ગુણ | 0-20 | 20-40 | 40-60 | 60-80 | 80-100 |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 2 | 15 | 20 | 7 | 6 |

26. 'માહિતી' શબ્દ દ્વારા તમે શું કહેવા માંગો છો ? માહિતીના કોઈપણ ત્રણ મહત્વના સ્વરૂપો જણાવો. (4)

27. પ્રાથમિક અને ગૌણ માહિતી વચ્ચેનો તફાવત સમજાવો. ગૌણ માહિતીના કોઈપણ બે સ્ત્રોતો જણાવો. (4)

28. નીચેના માહિતી ઓરિસ્સા અને ઉત્તરપ્રદેશની ગરીબાઈની સ્થિતિ બતાવે છે.

| રાજય | ગરીબ લોકોની ટકાવારી | કુલ ગરીબ લોકો |
|---|---|---|
| ઓરિસ્સા | 46 | 179 |

| | | |
|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 35 | 590 |

'ઉત્તરપ્રદેશમાં કુલ ગરીબ લોકોની સંખ્યા ઓરિસ્સા કરતા વધુ છે છતાં ઓરિસ્સાને વધુ ગરીબ રાજય માનવામાં આવ્યું છે.' આ વિધાન સાબિત કરો. (4)

29. ભારત અને બીજા રાષ્ટ્રોના એવા ચાર અથર્તાંત્રિક સંબંધો જણાવો કે જેના વડે સાબિત કરી શકાયકે ભારતનું અથર્તંત્રએક ખુલ્લું અથર્તંત્ર છે. (4)

30. તાજેતરમાં કોઈપણ એવા ચાર માપદંડ જણાવો કે જે ભારતના ગ્રાહક સુરક્ષા ધારા **(CPA)**માં ઉમેરવામાં આવ્યા હોય. (4)

31. ચીજવસ્તુ માટેની માંગ પર શેની અસર થાય છે ? (6)

    (i) સંબંધિત માલમાં ભાવનો વધારો.

    (ii) ખરીદનારની આવકમાં ઘટાડો.

32. ભારતીય અથર્તંત્રમાં પ્રાથમિક વિભાગોનો ફાળો. (6)

33. ભારતમાં 'સર્વ શિક્ષા અભિયાન' માટે સરકાર દ્વારા કોઈપણ ત્રણ બદલાયેલા માપદંડોને ટૂંકમાં સમજાવો. (6)

34. 'જમીનના ધોવાણ'ના મુખ્ય કારણો સમજાવો. (6)

# યોજના ચિહ્નિત

## અર્થશાસ્ત્ર

| ક્રમ | અપેક્ષિત મુદા | ગુણ વહેંચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | (B) | | 1 |
| 2. | (A) | | 1 |
| 3. | (D) | | 1 |
| 4. | (C) | | 1 |
| 5. | (C) | | 1 |
| 6. | (B) | | 1 |
| 7. | (A) | | 1 |
| 8. | (D) | | 1 |
| 9. | (i) હકારાત્મક વિધાન | 1 | |
| | (ii) પ્રામાણિક વિધાન | 1 | 2 |
| 10. | (i) શેનું ઉત્પાદન કરવું | ½ | |
| | (ii) ઉત્પાદન કેવી રીતે કરવું | ½ | |
| | (iii) કોના માટે ઉત્પાદન કરવું | ½ | |
| | ઉપરના તમામ કેન્દ્રિય સવાલો છે જેનો દરેક અર્થતંત્ર સામનો કરે છે. | ½ | |
| 11. | નિયત કિંમતનો અર્થ એ નિયત વિભાગોના ભાડા કે ખરીદ કિંમત | 1 | |
| | માટે થતો ખર્ચ છે. કે જે ફરજિયાત છે અને સામાન અને સેવાઓના ઉત્પાદન ખર્ચ સાથે તેને કોઈ નિસ્બત નથી ઉદાહરણ તરીકે, મકાનનું ભાડું | 1 | 2 |
| | ચલ કિંમત એ ચલ વિભાગોનો ખર્ચ છે જેને બદલી શકાય છે. દા.ત. કામદારોની રોજામદારી | | |
| 12. | AR = TR/Q = 400/10 = Rs. 40 per kg | | 2 |
| 13. | ચીજવસ્તુના સમતોલ ભાવમાં વધારો | | 2 |
| 14. | ટેકાના ભાવો ખેડૂતોને તેમના ઉત્પાદનો બદલ પૂરતા નાણા આપવાનું વચન આપે છે કે જેનાથી તેમનો ઉત્પાદન ખર્ચ નીકળી જાય. | | 2 |
| 15. | બચત = આવક - વપરાશ | ½ | |
| | અથવા વપરાશ = આવક – બચત = 10,000 - 1500 | 1 | 2 |
| | = Rs. 18500 | ½ | 2 |
| 16. | જૂથ તરફ માહિતીનું કેંદ્ર તરફી વલણ કે મૂલ્ય કે કેન્દ્રિય વલણ કહેવાય છે. | | 2 |

| ક્રમ | અપેક્ષિત મુદા | ગુણ વહેચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| 17. | (i) બિન પુર્નવિત સ્ત્રોતોનો વિકલ્પ શોધીને ઉદા. ત. સૂર્ય ઉર્જાનો ઉપયોગ કરીને<br>(ii) વપરાયેલી વસ્તુઓને રિસાયકલ કરીને દા.ત. વાપરેલા કાગળને રીસાયકલ કરીને | 1 | 2 |
| 18. | (i) જાણકારીનો હક<br>(ii) પસંદગીનો હક<br>કોઈપણ સુસંગત મુદા (કોઈપણ બે) | 1 × 2 | 2 |
| 19. | (i) જરૂરિયાતો અમર્યાદિત છે.<br>(ii) વ્યકિતગત જરૂરિયાત<br>(iii) કેટલીક જરૂરિયાતો વારંવાર ઉદભવે છે.<br>(iv) જરૂરિયાતો સ્થળ અને વ્યકિતદીઠ બદલાય છે.<br>કોઈપણ સુસંગત મુદા (કોઈપણ ચાર) | 1 × 2 | 2 |
| 20. | મૂડીવાદી અર્થતંત્ર<br>(i) દરેક વ્યકિતને પોતાની મિલકત રાખવાનો હક છે. કોઈપણ વ્યકિતને મિલકત મેળવીને અને તેનો ઉપયોગ પોતાના કુટુંબ માટે કરવાનો હક છે.<br>(ii) ઉદ્યોગપતિઓ માટે સ્વરસ એ માર્ગદર્શક સિધ્ધાંત છે જેના વડે તેઓ નફામાં વધારો મેળવી શકે છે.<br>સમાજવાદી અર્થતંત્ર<br>(i) લોકોના હિતમાં ઉત્પાદનના માધ્યમો સરકાર હસ્તક હોય છે. કોઈપણ વ્યકિતગત રીતે ઉત્પાદન કે સંપત્તિ એકઠી કરી શકતા નથી.<br>(ii) આનો મૂળ હેતુ વ્યકિતગત નફાને બદલે વધુમાં વધુ સામાજિક કલ્યાણ થાય તે હોય છે. | 2 | |
| 21. | ઉત્પાદન આધારિત મજૂરીના ભાગમાં કોઈ એક કારીગર કોઈ એક સામાન કે સેવાના ઉત્પાદનમાં કુશળ હોય છે. દા.ત. નાનો ખેડૂત ઘઉંનો પાક લેવામાં કુશળ હોય છે.<br>પ્રક્રિયા આધારિત મજૂરીમાં કોઈ એક ચીજવસ્તુનું ઉત્પાદન કેટલીય વિવિધ કામગીરીના ભાગોમાં વહેચાયેલું હોય છે. જયારે તેનો કારીગર કોઈ એક કે બે કામગીરીમા્ કુશળ હોય છે. દા.ત. બ્રેડ બનાવવામાં થતી પ્રક્રિયાઓ લોટ બાંધવો, બાંધેલા લોટને ડબ્બાઓમાં મૂકવો, શેકવું અને પેકીંગ કરવું વગેરે... એક કારીગર માત્ર એક કે બે પ્રક્રિયામાં કુશળ હોય છે. | 2 | 4 |
| 22. | (i) ઈજારદારે એ સામાનનો એકમાત્ર ઉત્પાદક છે.<br>(ii) ચીજવસ્તુની નજીકની કોઈ અવેજી નથી.<br>(iii) એકમાત્ર પેઢીનું હોવું એ ભાવ નકકી કરનાર છે.<br>(iv) નવી પેઢીઓનું આગમન એ ખૂબ જ મુશ્કેલ બાબત છે. | 1 × 4 | 4 |
| 23. | બેંક લોકો પાસેથી થાપણ તરીકે નાણા સ્વીકારે છે. સેન્ટ્રલ બેંકે નકકી કર્યા મુજબ દરેક બેંક તેની પાસેની થાપણમાંથી અમુક રકમ રોકડમાં રાખે છે જેને **C.R.R.** કહે છે.અને બાકીની રકમ ઉધાર લેનારને લોન | | |

| ક્રમ | અપેક્ષિત મુદા | ગુણ વહેચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| | આપે છે. આમ શાખ ઉભી કરવાની પ્રક્રિયા થાય છે.દા.ત. **C.R.R. 20%** છે. એક વ્યકિત બેંકમાં **1000** રૂા. જમા કરાવે છે. બેંક તેમાંથી **20%** રાખે છે. **Rs.200** અનામત તરીકે રાખીને બાકીના **Rs.800** લોન તરીકે બીજા ખાતુ ખોલાવનારને અપાય છે. હવે.800 બેંકની નવી થાપણ બને છે. ફરીથી બેંક 20% એટલે કે Rs.160 અનામત તરીકે રાખીને બાકીની Rs.640 ફરી બીજા કોઈ ઉધાર લેનારને લોન તરીકે આપે છે. | 2 | |
| | આ પ્રક્રિયા કુલ અનામત પ્રથમ થાપણ જેટલી **Rs.1000** ના થઈ જાય ત્યાં સુધી ચાલુ રહે છે.<br>આ ઉદાહરણમાં,<br>=1000x1/20%<br>=1000x1/20/100<br>=1000x100/20=Rs. 5000 | 2 | 4 |
| 24. | (i) બેગણા ના થઈ શકવાના કારણે સાટા પધ્ધતિ અઘરી હતી.<br>(ii) કેટલાક સામાનનું વિભાજન શકય ન હોવાના કારણે સામાનની આપલે મુશ્કેલ બને છે.<br>(iii) માપનના સામાન્ય એકમને અભાવે સામાનની આપલે મુશ્કેલ બને છે.<br>(iv) સામાનના રૂપમાં સંપત્તિને સાચવવી મુશ્કેલ છે.<br>કોઈપણ સુસંગત મુદા. (કોઈપણ ચાર) | 1 × 4 | 4 |
| 25. | (see table below) | | |

$\frac{50}{50} \times 20$

| ગુણ | મધ્ય મૂલ્ય (x) | વિદ્યાર્થીની સંખ્યા | Dx (A=30) | Dx | Fdx- |
|---|---|---|---|---|---|
| 0-20 | 10 | 2 | -20 | -1 | -2 |
| 20-40 | 30 | 15 | 0 | 0 | 0 |
| 40-60 | 50 | 20 | 20 | 1 | 20 |
| 60-80 | 70 | 7 | 40 | 2 | 14 |
| 80-100 | 90 | 6 | 60 | 3 | 18 |
| | | N=50 | | | Σfdx = 50 |

| ક્રમ | અપેક્ષિત મુદા | ગુણ વહેચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| | N=50, Σfdx = 50 | 2 | |
| | $X = A + \frac{\Sigma fdx}{N} \times c$ | 1 | |
| | = 30 + | ½ | |
| | = 50 ગુણ | ½ | 4 |
| 26. | હકીકતોને એકત્ર કરીને આંકડાકીય જાણકારીમાં રજૂ કરવાને માહિતી કહેવાય.<br>માહિતીના સ્વરૂપો<br>(i) માહિતીના સ્વરૂપો<br>(ii) માહિતીના આંકડાના રૂપમાં અપાય છે.<br>કોઈપણ સુસંગત મુદા (કોઈપણ બે) | 1 × 2 = 2 | 2 |

| ક્રમ | અપેક્ષિત મુદા | ગુણ વહેંચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| 27. | પહેલીવાર એકત્ર કરવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય છે.<br>જયારે આપણે બીજા દ્વારા એકઠી કરાયેલી માહિતીનો ઉપયોગ કરીએ<br>(i) વર્તમાનપત્રો, **RBI** કે સમયાંતરે પ્રસિધ્ધ થતા રિપોર્ટર્સ<br>(ii) વેપારી મંડળો દ્વારા થતા પ્રકાશનો. | 1 × 2 = 2 | 2 |
| 28. | ઓરિસ્સામાં **179** લાખ ગરીબ લોકો છે. જે ઉત્તરપ્રદેશના **590** લાખ લોકો કરતા ઘણા ઓછા છે. પરંતુ ઓરિસ્સામાં દરેક **100** લોકોમાંથી **46** વ્યકિત ગરીબ છે. ઉત્તરપ્રદેશમાં દર **100** વ્યકિતઓમાંથી **35** વ્યકિત ગરીબ છે. કારણ કે ઉત્તરપ્રદેશની કુલ વસ્તી ઓરિસ્સાની વસ્તી કરતા વધારે છે. તેથી ગરીબ લોકોની પૂર્ણ સંખ્યા પણ ઓરિસ્સા કરતા ઉત્તરપ્રદેશમાં વધુ છે તેમ કહેવાય. ગરીબીની ટકાવારીનો આંક જોતા ઉત્તરપ્રદેશ કરતા ઓરિસ્સા વધુ ગરીબાઈથી પીડાય છે તેમ કહેવાય. | 2 | |
| 29. | ભારત અને બીજા દેશોના નીચે પ્રમાણેના અર્થતાંત્રિક સંબંધો પરથી કહી શકાય કે ભારતીય અર્થતંત્ર એક ખુલ્લુ અર્થતંત્ર છે.<br>(i) ભારતીય નાગરીક દ્વારા વિદેશોમાં બીજા નાગરિકને થતું સામાન અને સેવાના વેચાણ. તેને નિકાસ કહેવાય.<br>(ii) ભારતીય નાગરિક દ્વારા વિદેશી નાગરિક પાસેથી થતી સામાન અને સેવાની ખરીદી. તેને આયાત કહેવાય.<br>(iii) વિદેશી નાગરિકોને મોકલાતી અને વિદેશથી મેળવાતી ભેટો.<br>(iv) વિદેશમાં મોકલાતા અને ત્યાંથી મેળવાતા નાણા.<br>કોઈપણ અન્ય સુસંગત મંદા (ગમે તે ચાર) | 1× 4 | 4 |
| 30 | (I) કોઈપણ કંપની પોતાની પસંદગીના કોર્ટમાં હાજર થવા માટે દબાણ કરી શકતી નથી. તે ગ્રાહકને ફરિયાદ નિવારણ માટે સ્થળ પસંદ કરવા માટે મંજુરી આપે છે.<br>(II) ગ્રાહકને સેવા આપનાર કંપની જો તેની અંગત માહિતી કોઈ બીજા સેલ્સમેનને, કોઈ બેંકને કે વીમા કંપનીને આપે તો તેના બદલ પર કેસ કરવાની અનુમતિ આપવી.<br>(III) મકાન બાંધકામ કરનારને પણ વેપારી ગણવા અને જરૂર પડે ગ્રાહક કોર્ટમાં હાજર કરવા.<br>(IV) ભારતમાં જયાં સુધી એક ઓફિસ ન હોય ત્યાં સુધી કોઈ વિદેશી સંસ્થા દ્વારા ચલાવતી ઈ–કોમર્સ સાઈટસ કે ટેલિ માર્કેટિંગ દ્વારા ચીજવસ્તુઓ ભારતમાં વેચવાની અનુમતિ મળતી નથી. તેમણે સામાન વેચતા પહેલા અને પાછા આવેલા સામાનનું **30** દિવસની અંદર ચેકિંગ કરાવવું પડે છે.<br>કોઈપણ અન્ય સુસંગત મુદા (ગમે તે ચાર) | 1× 4 | 4 |
| 31 | (i) અવેજી વસ્તુના ભાવમાં થતા વધારાની સાથે સંબંધિત સમાન અવેજીની વસ્તુ કે પુરક વસ્તુ બની શકે છે, જયારે બજારમાં વસ્તુની માંગ વધશે. બીજી બાજુ પુરક વસ્તુના ભાવવધારાની સાથે વેપારની વસ્તુની માંગ ઘટશે. | **1½**<br>**1½** | |

| ક્રમ | અપેક્ષિત મુદ્દા | ગુણ વહેંચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| | (ii) ખરીદનારની આવકમાં ઘટાડો થવાથી સામાન્ય ચીજવતુઓની માંગમાં ઘટાડો થાય છે. જયારે બીજી બાજુ ખરીદનારની આવકમાં ઘટાડો થવાથી હલકા પ્રકારની વસ્તુની માંગમાં વધારો થાય છે. | 1½<br>1½ | 6 |
| 32 | (i) રાષ્ટ્રીય આવકમાં યોગદાન : આઝાદીના સમયે ખેતીવાડી દેશની આવકમાં 50% થી વધારેનું યોગદાન હતું. અત્યારના સમયે આ યોગદાન ઘટીને **15%** થઈ ગયું છે.<br>(ii) કુલ વસ્તીના વધુમાં વધુ ભાગને રોજગારી : ભારતની મોટાભાગની વસ્તીનો મુખ્ય રોજગાર ખેતી હતો. આઝાદીના સમયે આપણી વસ્તીના **70&** જેટલા લોકો ખેતી અને તેને લગતા વ્યવસાયો પર નભતા હતા. 2004-2005 ના વર્ષમાં 57% જેટલી ભારતની વસ્તી ખેતીમાં કામ કરતી હતી.<br>(iii) લાખો લોકોને ખાદ્યપદાર્થો પૂરા પાડવા : ખેતી વિના ખાદ્યપદાર્થોનું ઉત્પાદન અને પૂરવઠો શકય બની ન શકે. ભારતની ખાદ્યપદાર્થોની માંગ ખૂબ જ ઉંચી છે એટલું જ નહીં પરંતુ દર વર્ષે સતત વધતી જતી વસ્તીની સાથે સાથે આ માંગ પણ વધતી જાય છે.<br>(iv) ઉદ્યોગો માટે કાચી સામગ્રી પુરી પાડવી : ખાંડ, શણ, સુતરાઉ કાપડ વગેરે જેવા ઉદ્યોગો તેમને જરૂરી કાચી સામગ્રી ખેતીની પેદાશોમાંથી મેળવે છે. | 1½ × 4 | 6<br>6\28. |
| 33 | સરકાર દ્વારા દરેકને શિક્ષણ આપવાના પગલા<br>(i) દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો હક ધારો **2009** : ભારત સરકારે મૂળભૂત હકો **2009** અંતર્ગત **6** થી **14** વર્ષના બાળકો માટે શિક્ષણ મફત બનાવ્યું છે. ઉપરાંત સરકાર વધુને વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખોલશે અને બાળકોને ભણાવવા માટે શિક્ષકોને નિમણુંક કરશે.<br>(ii) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રબંધ : પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને વિકસાવવા માટેના કેટલાક પ્રબંધો જેવા કે : સર્વ શિક્ષ અભિયાન, શાળાઓમાં મધ્યાન્હ ભોજન વગેરે...<br>(iii) ઉચ્ચ અને તકનીકી શિક્ષણ માટેના પ્રબંધ : ઉચ્ચ અને તકનીકી શિક્ષણને વિકસાવવા માટે ભરત સરકારે કેટલાક પગલાઓ લીધા છે. દા.ત. **11**મી યોજનામાં સરકાર **8** નવી યુનિવર્સિટી, **10** નવી એન્જિનીયરીંગ કોલેજો રાજય સરકારના સહયોગથી ખોલશે વગેરે... | | 6 |
| 34 | જમીનના ખરાબ થવા પાછળના કારણો<br>(i) રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગ થાય જે જમીનોને એસિડિક, ખારી, ક્ષરવાળી બનાવે છે જે ઓર્ગેનિક તત્વોનું પ્રમાણ ઘટાડી અને ઓર્ગેનિક પ્રદુષણ, ઝેર અને ભારે ધાતુઓ જેવી કે સીસુ, કેડમિયમ જેવાનું પ્રમાણ વધારે છે. | | |

| ક્રમ | અપેક્ષિત મુદ્દા | ગુણ વહેંચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| | (ii) ખેતરોમાં વધુ પડતા પાણીનો ભરાવો અને સમયાંતરે તેને ખાલી ન કરી શકાય તો તે જમીનની ક્ષારતા વધારે છે જે વનસ્પતિ ઉગાડવા માટે નકામી બની જાય છે. ઉપરાંત આવી જમીનો મચ્છરો માટે વૃદ્ધિની જગ્યા બની જાય છે.<br>(iii) ખેતરોમાં ઢોરને ચરાવવાથી જમીનનું ઉપરનું પડ નુકસાન પામે છે જે જમીનના ધોવાણનું મુખ્ય કારણ બને છે. | $2 \times 3$ | 6 |

# માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર

## અભ્યાસક્રમ વર્ણન

### મોડયુલ ૧ : અર્થશાસ્ત્રની સમજણ

ગુણ : ૭

**અભિગમ**

અર્થશાસ્ત્ર એ શું છે ? શું કોઈ મૂડી બનાવવા માટે છે કે પછી સામાજિક લાભો માટે ? શું તે માનવીજી અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવા માટે ઓછા સ્ત્રોતોના એકત્રતીકરણ દ્વારા થતા પ્રયત્નો છે ? અહીં આ મોઠયુલનો આરંભ આવા પ્રશ્નોને સમજવા અને તેના જવાબો મેળવવા અને તેના દ્વારા અર્થશાસ્ત્રને સમજવાની સાથે તેમાં સંકળાયેલા અન્ય મુદાઓના સવિસ્તાર જવાબો મેળવવા અને અર્થશાસ્ત્રમાં નિર્ણયો કરવાની પ્રક્રિયાને સમજાવવા કરાયો છે. જેમાં આપણે માનવીય જરૂરિયાતો, સામાન અને સેવાઓ કે જે અર્થશાસ્ત્રની પાયાની બાબતો છે તેના પર કેટલીક ચર્ચાઓ કરી છે જે અર્થશાસ્ત્રનો અભ્યાસ જ છે.

**પાઠ 1.1:** અર્થશાસ્ત્ર શું છે

1.1.1 અર્થશાસ્ત્રનો અર્થ

1.1.2 અર્થશાસ્ત્રની મહત્વની શાખાઓ

1.1.3 સકારાત્મક અને આદર્શમૂલક અર્થશાસ્ત્ર

**પાઠ 1.2:** માનવીય જરૂરિયાતો

1.2.1 જરૂરિયાતોનો અર્થ

1.2.2 જરૂરિયાતોનો વધારો

1.2.3 જરૂરિયાતોની લાક્ષણિકતાઓ

1.2.4 જરૂરિયાતોની સંતુષ્ટિ

1.2.5 અર્થતાંત્રિક અને બિન તાંત્રિક જરૂરિયાતો

1.2.6 વિકાસની સાથે જરૂરિયાતોમાં થતો વધારો

1.2.7 જરૂરિયાતોને મર્યાદિત રાખવાની ભારતીય ફિલસુફી

**પાઠ 1.3:** સામાન અને સેવાઓ

1.3.1 સામાન અને સેવાઓ

1.3.2 સામાન અને સેવાઓનું વર્ગીકરણ

1.3.3 અર્થશાસ્ત્રમાં સામાન અને સેવાનો ભાગ અને અર્થપુર્ણતા (મહત્વ)

# મોડયુલ ૨ : અર્થશાસ્ત્ર

ગુણ : ૭

## અભિગમ

'અર્થશાસ્ત્ર' એ ખુબ સામાન્ય રીતે વપરાતો શબ્દ છે. આપણે તેનો ઉપયોગ કોઈપણ રાષ્ટ્રના અર્થતાંત્રિક દરજ્જા માટે કરતા હોઈએ છીએ. આ મોડયુલમાં અર્થતંત્રનો અર્થ અને વિવિધ પ્રકારના અર્થતંત્રને સાદા વિવરણ, માલિકીપણા અને સ્ત્રોતોના નિયંત્રણ અને વિકાસના સ્તરો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અર્થતંત્રના વૃધ્ધિ અને અર્થતંત્રના વિકાસ બન્ને મુદાઓનું સ્પષ્ટીકરણ પણ કરવામાં આવ્યું છે. એ જાણવું ખૂબ જ જરુરી છે કે દરેક અર્થતંત્રને પાયાની કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે અને તેનો ઉકેલ કેવી રીતે લાવવામાં આવે છે. દા.ત. ભાવવધારાનું માળખું અને તેનું આયોજન. અંતે, આ મોડયુલ સમજાવે છે કે સામાન્ય અર્થતાંત્રિક પ્રક્રિયાઓ વપરાશ, ઉત્પાદન, વિતરણ અને ભંડોળ (મૂડી)ની રચના આ બધી જ પ્રક્રિયાઓ એકબીજા સાથે જોડાયેલી છે અને એક વિભાગથી બીજા વિભાગ સુધી મૂલ્ય સ્વરૂપે ગોળાકારે ફરતી રહે છે. – ઉમેરો, આવક અને ખર્ચ

**પાઠ 2.1:** અર્થતંત્ર – તેના અર્થ અને પ્રકારો

2.1.1 અર્થતંત્રનો અર્થ
2.1.2 માલિકીપણાના આધારે અર્થતંત્રના પ્રકારો
2.1.3 વિકાસના આધારે અર્થતંત્રના પ્રકારો.
2.1.4 અર્થતાંત્રિક વૃધ્ધિ અને અર્થતાંત્રિક વિકાસ

**પાઠ 2.2:** અર્થતંત્રની કેન્દ્રિય સમસ્યાઓ

2.2.1 તંગી અને પસંદગી
2.2.2 અર્થતંત્રમાં કેન્દ્રિય સમસ્યાઓ
2.2.3 મૂડીવાદી, સમાજવાદી અને મિશ્ર અર્થતંત્રમાં સ્ત્રોતોની ફાળવણી.
2.2.4 અર્થતંત્રની વૃધ્ધિ અને સ્ત્રોતોની વૃધ્ધિ

**પાઠ 2.3:** પાયાની અર્થતાંત્રિક પ્રક્રિયાઓ

2.3.1 ઉત્પાદન અને ઉત્પાદનના ઘટકો
2.3.2 વપરાશ
2.3.3 મૂડીની રચના
2.3.4 અર્થતાંત્રિક પ્રક્રિયાનું ગોળાકારે વહેવું

# મોડયુલ ૨ : અર્થશાસ્ત્ર

ગુણ : ૧૦

## અભિગમ

ઉત્પાદન એ અર્થતંત્રની પાયાની પ્રક્રિયા છે. અગાઉ જણાવાયું છે તે પ્રમાણે સામાન અને સેવાઓ માનવીય જરૂરિયાતોને સંતોષવા માટે જરૂરી છે. પરંતુ આ સામાન અને સેવાઓનું ઉત્પાદન કેવી રીતે થાય છે ? તેનો ઉત્પાદક કોણ છે ? ઉત્પાદન પ્રક્રિયાની ગોઠવણી કેવી રીતે થાય છે ? ક્યા ક્યા સ્ત્રોતોનો ઉપયોગ થાય છે ? નોંધો કે સ્ત્રોતો એ ઉત્પાદનના ઘટકો પણ કહેવાય છે. આ ઘટકો કેવી રીતે મેળવાય છે ? આ

બધા ખૂબ જ પાયાના પ્રશ્નો છે. તેના જવાબો આ મોડયુલના પાઠ 7 અને 8માં આપવામાં આવ્યા છે. આપણે ઉત્પાદન ધારાના અર્થથી શરૂઆત કરીએ. ત્યાર પછી આપણે ઉત્પાદનના વિવિધ ઘટકો કે જે સામાન કે સેવાના ઉત્પાદન અને ઉત્પાદન પ્રક્રિયાની ગોઠવણી માટે જવાબદાર છે તેની ચર્ચા કરીશું. અંતે ભાવ અને ઉત્પાદન જે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા ખર્ચનું પ્રતિનિધિત્વ કરે છે અને રેવન્યુ જે ઉત્પાદનમાં થતા ખર્ચને ભરપાઈ કરવા માટે ઉત્પાદક સામાનને વેચીને મેળવે છે.

**પાઠ 3.1:** ઉત્પાદન

3.1.1 ઉત્પાદન કાર્ય
3.1.2 ઉત્પાદનના કૌશલ્યો
3.1.3 કુલ ઉત્પાદનની વિભાવના, સરેરાશ ઉત્પાદન અને પૂરતા ઉત્પાદનો
3.1.4 પૂરતા ઉત્પાદનોના ઘટાડા માટેનો ધારો
3.1.5 ઉત્પાદન પ્રક્રિયા અને ઉત્પાદન પ્રવૃત્તિ
3.1.6 પેઢીઓ અને ઉદ્યોગોનો ભાગ અને મહત્વ
3.1.7 વિવિધ પ્રકારના ઉત્પાદકો

**પાઠ 3.2:** ભાવ અને રેવન્યુ

3.2.1 ભાવનો અર્થ
3.2.2 ભાવના પ્રકારો
3.2.3 રેવન્યુ

## મોડયુલ ૪ : સામાન અને સેવાઓનું ઉત્પાદન

ગુણ : ૧૫

### અભિગમ

એકવાર સામાન અને સેવાઓનું ઉત્પાદન થઈ ચુકયા પછી શું તે લોકો દ્વારા વપરાશ માટે વિતરણ પામે છે ? આ વિતરણ મફત હોય છે કે તેના માટે પૈસામાં મૂલ્ય ચૂકવવું પડે છે ? વિતરણ કેવી રીતે કરવામાં આવે છે કયા પ્રકારનું યાંત્રિકીકરણ ઉપયોગમાં લેવાય છે ? આ પ્રશ્નનો એક જવાબ છે 'માર્કેટ' (બજાર). આખી દુનિયામાં સામાનની લે વેચની પ્રક્રિયા માટે સામાન્ય રીતે વપરાતી જગ્યા માટે માર્કેટ (બજાર) શબ્દનો ઉપયોગ થાય છે. માટે આ મોડયુલમાં માર્કેટના વિચારનો પરિચય અપાયો છે. પછી માર્કેટ કેવી રીતે કામ કરે છે તે સમજવા માટે અહીં માંગ અને પુરવઠાના વિચારનો પણ પરિચય આપવામાં આવ્યો છે. અહીં સરકાર પણ લોકોના ફાયદા માટે સુવિધા પૂરી પાડનારનો અને નિયંત્રણ રાખનારનો એક મહત્વનો ભાગ ભજવે છે. તેથી આપણે સરકારની ભૂમિકાની પણ અહીં ચર્ચા કરીશું.

**પાઠ 4.1:** માંગ

4.1.1 માંગ અને જરૂરિયાત
4.1.2 વ્યક્તિગત માંગ અને બજારની માંગ
4.1.3 માંગને અસર કરતા ઘટકો
4.1.4 માંગનો ધારો
4.1.5 માંગનો આલેખ

**પાઠ 4.2:** પૂરવઠો

4.2.1 જથ્થો અને પૂરવઠો
4.2.2 વ્યક્તિગત પૂરવઠો અને બજારનો પૂરવઠો
4.2.3 પૂરવઠાને અસર કરતા ઘટકો
4.2.4 પૂરવઠાનો આંક

**પાઠ 4.3:** ભાવ અને જથ્થો નિશ્ચિત કરવો

4.3.1 ભાવનો અર્થ
4.3.2 ભાવને સમતોલ અને નિશ્ચિત રાખવો
4.3.3 માંગ અને પૂરવઠામાં થતા ફેરફારથી ભાવ અને જથ્થાને સમતોલ રાખવામાં થતી અસર

**પાઠ 4.4:** માર્કેટ (બજાર)

4.4.1 માર્કેટનો અર્થ
4.4.2 હરિફાઈના મુદ્દે માર્કેટનું વર્ગીકરણ
4.4.3 વિતરણ માર્ગના મુદ્દે માર્કેટનું વર્ગીકરણ
4.4.4 ઓનલાઈન માર્કેટ

**પાઠ 4.5:** ભાવ અને જથ્થાને નિશ્ચિત કરવામાં સરકારની ભૂમિકા

4.5.1 સામાન અને સેવાઓના ઉત્પાદન અને વિતરણમાં સરકારન ભૂમિકા
4.5.2 ભાવનિયંત્રણ
4.5.3 ભાવ ટેકો
4.5.4 જાહેર વિતરણ વ્યવસ્થા

## મોડયુલ ૫ : નાણું, બેંકિંગ અને વીમો

ગુણ : ૧૦

### અભિગમ

'નાણું' કોઈપણ અર્થતંત્રમાં અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ પુરાતન કાળમાં સાટા પધ્ધતિમાં આમ નહોતું તેની પોતાની કેટલીક તકલીફો હતી. હવે નાનાએ સાટા પધ્ધતિની જગ્યા લઈ લીધી છે. તમને કોઈ પણ ચીજવસ્તુ ખરીદવા, નવો ધંધો શરૂ કરવા અને મિત્રોને પાર્ટી આપવા માટે પણ નાણાની જરૂર પડે છે. પણ નાણું એટલે શું અને તેના કાર્યો કયા કયા? આ મોડયુલમાં આ પ્રશ્નોના જવાબો મેળવવા પ્રયત્ન કરીશું.
મોટેભાગે લોકો પોતાના બધા જ પૈસા પોતાની પાસે રાખતા નથી. તે બેંકમાં રહે છે. તેને ડિપોઝિટસ (થાપણ) કહેવાય છે. બેંક શું છે? તેના કાર્યો શું છે? લોકો શું કામ તેના પૈસા બેંકમાં રાખે છે? બચત એટલે શું? બેંક એ થાપણોનું શું કરે છે? ક્રેડિટ (શાખ) એટલે શું, બેંક શાખ કેવી રીતે ઉભી કરે છે અને તેનો આપણને શું લાભ થાય છે? આ બધા મહત્વના પ્રશ્નોનો આપણે જવાબ મેળવવા પ્રયત્ન કરીશું. અહી આપણે વીમાનો વિચાર પણ રજૂ કર્યો છે કે જેનાથી તમે સમજી શકશો કે તમારી બચતો તમારા જીવન અને મિલકત માટે કેટલી જરૂરી છે.

**પાઠ 5.1:** નાણું અને તેનો ભાગ

5.1.1 સાટા પધ્ધતિ
5.1.2 નાણાનો અર્થ અને કાર્યો
5.1.3 નાણાના પ્રકારો

**પાઠ 5.2:** બેકિંગ અને શાખ

5.2.1 બેંક અને બેંકિંગ
5.2.2 બેંકના કાર્યો
5.2.3 શાખ ઉભી કરવાની પ્રક્રિયા
5.2.4 ભારતમાં આવેલી વિવિધ પ્રકારની બેંકો

**પાઠ 5.3 :** બચત અને વીમો

5.3.1 બચતનો અર્થ, જરૂરિયાત અને ઉપયોગ
5.3.2 વ્યાજનો દર
5.3.3 વીમો
5.3.4 કેટલાક ચૂંટેલા વીમા ઉત્પાદનો

## મોડયુલ ૬ : અર્થશાસ્ત્રમાં માહિતીની રજૂઆત અને વર્ગીકરણ

ગુણ : ૧૫

### અભિગમ

માહિતી અને અર્થશાસ્ત્રને અલગ પાડી ન શકાય. આપણે આવક અને ખર્ચની, આદ્યપદાર્થોની બનાવટ વગેરેની વાચ કરીએ ત્યારે મોટેભાગે આંકડાઓનો ઉલ્લેખ કરીએ છીએ. પોલિસી બનાવનારાઓ આંકડા અને માહિતીનો ઉપયોગ કરીને કામગીરી, પોલિસી ગેપ્સ અને હેતુઓનું આયોજન કરવા માટે જાણકારી મેળવે છે. માહિતીને અર્થપુર્ણ રીતે કેમ રજૂ કરવી ? તેનો કેવી રીતે ઉપયોગ કરવો અને તેના દ્વારા વિવિધ કોષ્ટક, બાર આલેખ, પાઈ ચાર્ટ વગેરેના ઉપયોગથી સુઆયોજિત રજૂઆત કરીને કોઈ નિર્ણય સુધી પહોંચવું. આ બધી બાબતોની ચર્ચા આ મોડયુલમાં કરવામાં આવી છે.

**પાઠ 6.1:** માહિતીનું એકત્રીકરણ અને રજૂઆત

6.1.1 માહિતીનો અર્થ અને સ્વરૂપ
6.1.2 માહિતીના પ્રકારો
6.1.3 ચલ અને ગુણધર્મો
6.1.4 માહિતીની રજૂઆતી

**પાઠ 6.2:** માહિતીનુ વર્ગીકરણ

**6.2.1** કેન્દ્રિય વલણનો અર્થ

6.2.2 કેન્દ્રિય વલણના માપ તરીકે ગાણિતિક સરેરાશ

## મોડયુલ ૭ : ભારતીય અર્થતંત્ર

ગુણ : ૨૦

### અભિગમ

આ મોડયુલ તમને આઝાદી પછી ભારતીય અર્થતંત્રના વિવિધ વિભાગો કેટલા વિકસ્યા છે એનો પરિચય કરાવશે. વર્ષો પછી, આપણું અર્થતંત્ર વિકાસ પામ્યું છે, ઘણી સમસ્યાઓ જેવી કે, ગરીબી, નિરક્ષરતા, બિમારી અને બેકારી પણ આપણા સમાજમાં પ્રવર્તે છે. ઉંચો અર્થતાંત્રિક વિકાસ સાધવાની સાથે સાથે "આ સમસ્યાઓનો ઉકેલ કેવી રીતે લાવવો" એ આપણી સામેનો મોટામાં મોટો પડકાર છે. વિકાસ પામી રહેલા અર્થતંત્રની સાથે ભારતીય અર્થતંત્ર એ વિશ્વના અર્થતંત્રમાં બહુ મોટો ભાગ ભજવવા જઈ રહયું છે. આપણે આપણા દેશની પરિસ્થિતિને વિશ્વના સંદર્ભે પણ જોવી જોઈએ. આ મોડયુલમાં દુનિયામાં ભારતીય અર્થતંત્રની સ્થિતિ વિષે ચર્ચા કરવામાં આવશે.

**પાઠ 7.1:** ભારતીય અર્થતંત્રનું નિરીક્ષણ

7.1.1 આઝાદીના સમયે ભારતીય અર્થતંત્રની સ્થિતિ

7.1.2 આઝાદી પછી ભારતીય અર્થતંત્રના સ્વરૂપમાં ફેરફારો

**પાઠ 7.2:** ભારતીય અર્થતંત્રનું વિભાગીય રૂપ

7.2.1 લોકોના કામધંધાના પ્રકારો

7.2.2 અર્થતંત્રના વિવિધ વિભાગોનો ભાગ અને મહત્વ

7.2.3 અર્થતંત્રના વિવિધ વિભાગો વચ્ચેની સાંકળ

**પાઠ 7.3:** ભારતીય અર્થતંત્ર સામેના પડકારો

7.3.1 ગરીબી અને બેકારીનો ઉકેલ

7.3.2 શિક્ષણ આપવું

7.3.3 સ્વાસ્થ્ય સુરક્ષા

7.3.4 ભાવ વધારાને અંકુશમાં રાખવાની રીત

7.3.5 ઉંચો અર્થતાંત્રિક વિકાસ સાધવો

**પાઠ 7.4:** વિશ્વના સંદર્ભે ભારતીય અર્થતંત્ર

7.4.1 દેશો વચ્ચેના અર્થતાંત્રિક સંબંધો

7.4.2 વ્યાપારનું મહત્વ

7.4.3 ભારતની આયાતો અને નિકાસો

7.4.4 અમેરિકા અને ચીનનું અર્થશાસ્ત્ર

## મોડયુલ ૮ : સમકાલીન અર્થતંત્રના મુદાઓ

ગુણ : ૧૫

### અભિગમ

હવે અત્યાર સુધી તમને સમજાઈ ગયું હશે કે અર્થશાસ્ત્ર એ એક ખૂબ વિશાળ વિષય છે જેનું અગાઉન મોડયુલ્સમાં સૂચન કરાયું છે. હવે તમને કહેવામાં આવી રહયું છે કે અર્થશાસ્ત્ર એ એનાથી પણ વધુ આગળ જાય છે. આપણે બે મહત્વના મુદાઓ પસંદ કર્યા છે. પહેલો તે એક નૈતિક મુદો. આપણને બધાને સારા અને આરામદાયક જીવન માટે ઉત્પાદન અને વપરાશની જરૂર પડે છે. પરંતુ શું આપણે આપણી આસપાસના વાતાવરણને ચોખ્ખા રાખીએ છીએ ખરા ? શું આપણે આપણા ભવિષ્યની પેઢી માટે ચિંતા કરીએ છીએ કે જેને પણ ઉત્પાદન અને વપરાશ માટે સ્ત્રોતોની જરૂર પડશે ? આ બધાની જ આ મોડયુલમાં ચર્ચા કરવામાં આવી છે. બીજું તે ઉપભોકતાના હક અને જવાબદારી. શું તમે જાણો છો કે એક ઉપભોકતા તરીકે તમે જે ખરીદો છો તે કયા પ્રકારનો સામાન હોય છે ? શું તમે વધુ ભાવ લેનારા કે ખરાબ માલ આપનારા કોઈ વેપારથી છેતરાયા છો ? તમે આ બધા પ્રત્યે જાગરૂક હોવા જોઈએ.

**પાઠ 8.1:** વાતાવરણ અને ટકાઉ વિકાસ

8.1.1 વાતાવરણનો અર્થ અને અર્થપુર્ણતા

8.1.2 વાતાવરણને લગતી સમસ્યાઓ – હવાઈ પ્રદુષણ, જળ પ્રદુષણ, અવાજનું પ્રદુષણ, જમીનનું ધોવાણ, કુદરતી નિવાસસ્થાનોના સ્ત્રોતમાં ઘટાડો અને તેનો નાશ.

8.1.3 ટકાઉ વિકાસ

**પાઠ 8.2:** ઉપભોકતાની જાગરૂકતા

8.2.1 ઉપભોકતામાં જાગરૂકતાની જરૂરિયાત

8.2.2 ભારતમાં ઉપભોકતાની ફરિયાદ નિવારણ પધ્ધતિ

8.2.3 ઉપભોકતાના હક અને જવાબદારીઓ

8.2.4 ઉપભોકતામાં જાગરૂકતા પાછળ સરકારની કાર્યવાહી

8.2.5 ઉપભોકતા અદાલતમાં ફરિયાદ દાખલ કરવા માટેની પ્રક્રિયા